B 3138

# ધર્મોપદેશ

( શ્રી હેમચંદ્રસૂરિ કૃત ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રમાંથી કેટલાક ઉતારા. )

30

પ્રકાશક : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., : વડોદરા

UNIVERSITY LIBRARY
UNIVERSITY OF

# ધર્મોપદેશ

[ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠિ શલાકા પુરુષ
ચરિત્ર"માંથી કેટલાક ઉતારા ]

સંગ્રહ કરનાર :

રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ
બી. એ., એલ એલ. બી.

નાયબ દિવાન ( નિવૃત ), વડોદરા રાજ્ય.

પ્રસિદ્ધ કરનાર :

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ
વડોદરા

સન ૧૯૩૨

કિમ્મત ૦-૧૨-૦

Gift
BK-3138
BL
1350
.H3

આર્ય સુધારક પ્રેસમાં મણિભાઈ મ. ગુપ્તે છાપી
પ્રસિદ્ધ કર્યું. તા. ૧૪ : ૧૧ : ૧૯૩૨

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1350
.H3
BK-3138

# ઉપોદ્‌ઘાત

જૈનધર્મના કેટલાક ગ્રંથો મારા વાંચવામાં આવ્યા તેમાંનો એક શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત **त्रिषष्टि शलाका पुरुष चरित्र** હતો. ગુર્જરનરેશ **सिद्धराज** અને **कुमारपाळ**ના સમયમાં થએલા આ સૂરિ મહારાજે રચેલું **द्वयाश्रय काव्य**, કે જેની શબ્દરચના એવી ખૂબીથી કરેલી છે કે તેમાંથી વ્યાકરણ સંબંધી અને ઇતિહાસ સંબંધી—એ પ્રમાણે બે અર્થ નીકળે છે તેનું ગુજરાતી ભાષાન્તર શ્રીમન્ત મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમણે સદ્‌ગત સાક્ષર મણિલાલ નભુભાઇ પાસે કરાવેલું તે મારા વાંચવામાં આવેલું હતું, તે ઉપરથી એ સૂરિશ્રીની રસમય વાણીનો કંઇ અનુભવ થયેલો હતો. તેથી પ્રથમ "**श्री प्रभावक चरित्र**" માંથી તેમનું ચરિત્ર મેં વાંચ્યું અને પછી તેમણે પોતે બનાવેલું **त्रिषष्टि शलाका पुरुष चरित्र** જેનું ગુજરાતી ભાષાન્તર ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી, ચાર ભાગમાં ઘણી સારી રીતે તૈયાર કરી, પ્રસિદ્ધ થયેલું છે તે વાંચ્યું, અને તેના વાંચનથી મને ગમ્મત સાથે ઘણું જ્ઞાન મળ્યું. જાણે કોઇ કાદંબરી કે નવલકથા વાંચતો હોઉં એવી રીતે વાર્તાઓ, વર્ણનો, દૃષ્ટાન્તો વગેરેથી ભરપૂર, અને રસમય અને મધુરી ભાષામાં લખાએલું આ પુસ્તક વાંચતાં નિશાન કરતો ગયો હતો. જે ભાગ મને ફરી વાંચી મનન કરવા જેવો જણાયો તે નિશાનવાળો ભાગ આવા એક નાનકડા પુસ્તક રૂપે પ્રસિદ્ધ થાય તો જેમને મોટું પુસ્તક વાંચવાને વખત ન હોય તેમને, મને મળ્યો છે તેવો આનંદ સાથે જ્ઞાન મેળવવાનો લાભ મળે અને કદાચ મોટું પુસ્તક આખુંયે વાંચવાનું મન થાય એમ લાગવાથી આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. મૂળગ્રંથનું ભાષાંતર પ્રસિદ્ધ કરનાર ભાવનગર જૈનધર્મ પ્રસારક સભાએ તેમ કરવા પરવાનગી આપી છે તેને માટે આ સ્થળે તેમનો આભાર માનું છું. જો આ સંગ્રહમાંથી જૈન અને જૈનેતર ભાઇઓને કંઈ બોધ મળશે તો તે પ્રસિદ્ધ કરવામાં મારો શ્રમ સફળ થયો ગણીશ.

વડોદરા,
તા. ૧, નવેમ્બર, ૧૯૩૨, } ગોવિંદભાઈ હા. દેસાઈ

## રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ કૃત

# પુસ્તકો.

### ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ માટે

બેન્જામિન ફ્રાંકિલનનું જીવનચરિત્ર .... .... રૂ. ૨- ૦-૦

કલ વિકળ .... .... .... .... ૧- ૦-૦

ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ .... .... ૧- ૦-૦

ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ .... .... ૧- ૦-૦

### વડોદરા રાજ્યના પોલીસ ખાતા માટે

પોલીસ પ્રશ્નોતરી .... .... .... .... ૦- ૪-૦

પોલીસ ડ્રીલ .... .... .... .... ૦- ૪-૦

પોલીસ નિયમ .... .... .... .... ૩- ૦-૦

ગુન્હા કરનારી ભટકતી જાતો .... .... ૦-૧૨-૦

પોલીસ કામની વાતો .... .... .... ૧- ૦-૦

### વડોદરા રાજ્યના ન્યાય ખાતા માટે

અપકૃત્યનો કાયદો.... .... .... .... ૪- ૦-૦

બજાવણી નિબંધ .... .... .... .... ૦- ૪-૦

દીવાની નિયમ .... .... .... .... ૧- ૦-૦

ફોજદારી નિયમ .... .... .... .... ૧- ૦-૦

## વડોદરા રાજ્યના મુલ્કી ખાતા માટે

| | |
|---|---|
| દુષ્કાળશમનનું કામ .... .... .... | ૦–૪–૦ |
| Statistical Atlas of the Baroda State .... | 2– 0–0 |

## વડોદરા રાજ્યના વસ્તીગણત્રી ખાતા માટે

| | |
|---|---|
| Census Report, 1911 .... .... .... | 4– 0–0 |
| Castes and Tribes in the Baroda State.... | 1– 0–0 |

## પરચુરણ

| | |
|---|---|
| × ઘરમાં રમવાની રમતો .... .... .... | ૦–૪–૦ |
| પૂર્વ તરફના દેશોનો પ્રાચીન સુધારો .... .... | ૧–૦–૦ |
| હેલ્પ્સ કૃત નિબંધો .... .... .... | ૧–૦–૦ |
| નીતિશાસ્ત્રનાં મૂળતત્વ ભાગ ૧ લો .... .... | ૦–૪–૦ |
| ,, ભાગ ૨ જો .... .... | ૦–૬–૦ |
| × Forty Years in the Baroda State .... | 1– 8–0 |
| × વડોદરામાં ચાળીસ વર્ષ .... .... .... | ૧–૮–૦ |
| Hindu Families in Gujarat .... .... | 1–13–0 |
| × સારી રીતભાત .... .... .... .... | ૦–૭–૦ |

આ × નિશાનવાળાં પુસ્તકો પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લીમીટેડ, વડોદરા પાસેથી મળશે.

---

## અનુક્રમણિકા.


| વિષય. | પાન. |
|---|---|
| ૧ ધર્મઘોષસૂરિની દેશના ... .... .... | ૧ |
| ૨ શતબળરાજાની વિચારણા .... .... .... | ૬ |
| ૩ મંત્રીઓનો ધાર્મિક વિવાદ .... .... .... | ૯ |
| ૪ વીશ સ્થાનકનું સ્વરૂપ .... .... .... | ૧૯ |
| ૫ ભરતે કરેલી ઋષભદેવની સ્તુતિ .... .... તથા એ ભગવન્તની દેશના .... .... | ૨૧ |
| ૬ પુત્રોની સ્તુતિ અને પ્રભુની તેમને દેશના .... | ૩૦ |
| ૭ ઇંદ્ર તથા ભરત ચક્રીએ કરેલી પ્રભુની સ્તુતિ .... | ૩૪ |
| ૮ વિમલવાહન રાજાની વૈરાગ્યભાવના .... .... | ૩૬ |
| ૯ અરિંદમાચાર્યના વૈરાગ્યનું કારણ .... .... | ૪૦ |
| ૧૦ વિમળવાહને પુત્રને આપેલો બોધ .... .... | ૪૫ |
| ૧૧ સંસારની અસારતા .... .... .... | ૫૨ |
| ૧૨ ઇંદ્રે તથા સગર રાજાએ કરેલી સ્તુતિ .... .... | ૫૬ |
| ૧૩ સગર રાજાએ કરેલી સ્તુતિ .... .... | ૫૮ |
| ૧૫ અજીતસ્વામીનો બોધ .... .... .... | ૬૦ |
| ૧૫ ભગવંતે કહેલ બ્રાહ્મણનું વૃત્તાંત .... .... | ૬૪ |
| ૧૬ વિપુલવાહન રાજાને કરેલો સંસારની .... .... અસારતા વિષે બોધ .... .... .... | ૬૯ |
| ૧૭ શ્રી સંભવનાથની સ્તુતિ તથા તેમનો બોધ .... | ૭૨ |
| ૧૮ શ્રી અભિનંદન સ્વામીની દેશના .... .... | ૭૬ |
| ૧૯ પુરુષસિંહકુમારને થયેલી ચારિત્ર લેવાની ઇચ્છા | ૭૯ |
| ૨૦ શ્રી સુમતિનાથની સ્તુતિ તથા દેશના .... .... | ૮૪ |
| ૨૧ શ્રી પદ્મ પ્રભુની દેશના .... .... .... | ૮૭ |

| | | |
|---|---|---|
| ૨૨ | શ્રી સુપાર્શ્વનાથની ધર્મદેશના .... .... | ૯૭ |
| ૨૩ | શ્રી ચંદ્રપ્રભ પ્રભુની સ્તુતિ તથા દેશના .... | ૯૯ |
| ૨૪ | શ્રી પુષ્પદંત ( સુવિધિનાથ ) ની .... .... સ્તુતિ તથા દેશના .... .... .... .... | ૧૦૨ |
| ૨૫ | શ્રી શીતળનાથની દેશના .... .... .... | ૧૦૯ |
| ૨૬ | શ્રી શ્રેયાંસનાથની દેશના .... .... .... | ૧૧૧ |
| ૨૭ | શ્રી વાસુપૂજ્યની દેશના .... .... .... | ૧૧૪ |
| ૨૮ | શ્રી વિમળનાથની ધર્મદેશના .... .... | ૧૧૯ |
| ૨૯ | શ્રી અનંતનાથની દેશના .... .... .... | ૧૨૧ |
| ૩૦ | શ્રી ધર્મનાથની દેશના .... .... .... | ૧૨૮ |
| ૩૧ | શ્રી શાંતિનાથ પ્રભુની દેશના.... .... .... | ૧૩૯ |
| ૩૨ | શ્રી કુંથુનાથની દેશના .... .... .... | ૧૪૩ |
| ૩૩ | શ્રી અરનાથ પ્રભુની દેશના .... .... .... | ૧૪૫ |
| ૩૪ | શ્રી મલ્લીનાથની દેશના .... .... .... | ૧૪૭ |
| ૩૫ | શ્રી સુવ્રતસ્વામીનો બોધ .... .... .... | ૧૪૯ |
| ૩૬ | શ્રી નમીનાથજીની ધર્મદેશના .... .... | ૧૫૧ |
| ૩૭ | શ્રી નેમીનાથજીની ધર્મદેશના .... .... | ૧૫૪ |
| ૩૮ | શ્રી પાર્શ્વનાથની દેશના .... .... .... | ૧૬૦ |
| ૩૯ | આયુષ્યને અંતે નંદનમુનિની આરાધના .... | ૧૬૪ |
| ૪૦ | જીર્ણશ્રેષ્ઠીનું વૃત્તાંત .... .... .... | ૧૬૭ |
| ૪૧ | શ્રી મહાવીર સ્વામીની દેશના .... .... | ૧૭૦ |
| ૪૨ | નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી .... | ૧૭૧ |
| ૪૩ | યાસાસાસાનું વૃત્તાંત .... .... .... | ૧૭૬ |
| ૪૪ | કઠીયારાની દીક્ષા .... .... .... .... | ૧૮૦ |
| ૪૫ | કપિલનો લોભ .... .... .... .... | ૧૮૨ |


# ધર્મોપદેશ

## ૧

## ધર્મઘોષસૂરિનો દેશના

[ પર્વ ૧ લું, સર્ગ ૧ લો, પાન ૧૨-૧૫ ]

"ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, સ્વર્ગ અને મોક્ષને આપનાર છે અને સંસારરૂપી વનને ઉલ્લંઘન કરવામાં માર્ગદર્શક છે. ધર્મ માતાની પેઠે પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની જેમ પ્રસન્ન કરે છે. બંધુની પેઠે સ્નેહ રાખે છે, ગુરુની પેઠે ઉજ્વળ ગુણોને વિષે ઉચ્ચપણે આરૂઢ કરે છે અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે. તે સુખનો મહા હર્મ્ય છે, શત્રુરૂપ સંકટમાં વર્મ ( બખતર ) છે, શિતથી ઉત્પન્ન થયેલી જડતાને છેદન કરવાને ઉષ્ણતા છે અને પાપના મર્મને જાણનાર છે. ધર્મથી જીવ રાજા થાય છે, ધર્મથી બળદેવ થાય છે, ધર્મથી અર્ધચક્રી (વાસુદેવ) થાય છે, ધર્મથી ચક્રવર્તી થાય છે, ધર્મથી દેવ અને ઇંદ્ર થાય છે, ધર્મથી ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં અહમિંદ્ર દેવપણાને પામે છે અને ધર્મથી તીર્થંકર પદને પણ પ્રાપ્ત થાય છે. જગતમાં ધર્મથી સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે. દુર્ગતિમાં પડતા જંતુઓને

ધારણ કરે છે તેથી તે 'ધર્મ' કહેવાય છે. તે ધર્મ–દાન, શીલ, તપ અને ભાવના ભેદથી-ચાર પ્રકારનો છે. તેમાં જે દાનધર્મ છે તે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન એવા નામથી ત્રણ પ્રકારે કહ્યો છે. ધર્મને નહિ જાણનારા પુરુષોને વાચના અને દેશનાદિકનું દાન આપવું અગર જ્ઞાનના સાધનોનું દાન આપવું તે જ્ઞાનદાન કહેવાય છે. જ્ઞાનદાનવડે પ્રાણી પોતાનું હિતાહિત જાણે છે અને તેથી જીવાદિ તત્ત્વોને જાણી વિરતિને પ્રાપ્ત કરે છે; વળી જ્ઞાનદાનથી પ્રાણી ઉજ્વળ કેવળજ્ઞાન પામી, સર્વ લોકના અનુગ્રહકારી લોકાગ્ર ઉપર આરૂઢ થાય છે એટલે મોક્ષપદને પામે છે.

મન, વચન અને કાયાએ કરીને જીવનો વધ કરવો નહીં અને કરનારની અનુમોદના કરવી નહીં તેનું નામ અભયદાન કહેવાય છે. તે જીવ–સ્થાવર અને ત્રસના ભેદથી–બે પ્રકારના છે; અને તે બંનેના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે પ્રકાર છે. પર્યાપ્તપણાના કારણરૂપ છ પર્યાપ્તિઓ–આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન, એ નામની છે. તે પર્યાપ્તિઓ એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિયને પાંચ અને પંચેંદ્રિય જીવોને છ–એમ અનુક્રમે હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તે એકેંન્દ્રિય સ્થાવરો કહેવાય છે. તેઓમાં પહેલા ચાર છે, તે સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારના છે અને વનસ્પતિ પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદવાળી છે; તેમાં પણ સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. ત્રસ જીવો દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય, એમ ચાર પ્રકારના છે; તેમાં પંચેંદ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદ છે. જેઓ મન અને પ્રાણ પ્રવૃત્ત કરી શિક્ષા, ઉપદેશ અને આલાપને જાણે છે તે સંજ્ઞી કહેવાય છે અને તેઓથી વિપરીત તે અસંજ્ઞી કહેવાય છે. સ્પર્શન, રસન (જીભ્હા), ઘ્રાણ (નાસિકા), ચક્ષુ, અને શ્રોત્ર (કાન)



એ પાંચ ઇંદ્રિયો છે અને તેઓના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ, અને શબ્દ એ વિષયો છે. દ્વીંદ્રિય જીવોમાં કૃમિ, શંખ, ગંડોલા, જળો, કપર્દિકા (કોડીઓ) અને છીપો વિગેરે વિવિધ આકૃતિવાળા પ્રાણીઓ છે; જૂ, માંકણ, મંકોડા અને લીખ વિગેરેને ત્રીંદ્રિય જંતુઓ કહ્યા છે, અને પતંગ, મક્ષિકા (માખી), ભ્રમર અને ડાંસ વિગેરેને ચતુરિંદ્રિય ગણ્યા છે. જળ, સ્થળ અને આકાશચારી તિર્યંચો તેમજ નારકી, મનુષ્ય અને દેવતા એ સર્વેને પંચેંદ્રિય જીવો કહ્યા છે. આ પ્રકારના સર્વ જીવોના પર્યાય (આયુષ્ય) નો ક્ષય કરવો; તેઓને દુઃખ આપવું અને તેઓને કલેશ ઉત્પન્ન કરવો એ ત્રણ પ્રકારે વધ કહેવાય છે. તે ત્રણે પ્રકારના જીવવધનો ત્યાગ કરવો તેનું નામ અભયદાન કહેવાય છે. જે પુરુષ અભયદાન આપે છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ આપે છે; કારણકે વધથી બચાવેલો જીવ જો જીવે છે તો તેને ચારે પુરુષાર્થ પ્રાપ્ત થઇ શકે છે. દરેક પ્રાણીને રાજ્ય, સામ્રાજ્ય અને દેવરાજ્ય કરતાં પણ જીવિતવ્ય વધારે પ્રિય છે અને તેજ કારણથી અશુચિમાં રહેલા કૃમિને અને સ્વર્ગમાં રહેલા ઇંદ્રને પણ પ્રાણાપહારી ભય સરખો છે. માટે સુબુદ્ધિ પુરુષે નિરંતર સર્વ જગતને ઇષ્ટ એવા અભયદાનને વિષે અપ્રમત્ત થઇને પ્રવર્તવું જોઇએ. અભયદાન દેવાથી મનુષ્ય પરભવે મનોહર શરીરવાળો, દીર્ઘાયુષી, આરોગ્યવંત, રૂપવંત, લાવણ્યમાન્ તથા શક્તિમાન્ થાય છે.

ધર્મોપગ્રહ દાનના દાયક શુદ્ધ, ગ્રાહક શુદ્ધ, દેય શુદ્ધ, કાળ શુદ્ધ અને ભાવ શુદ્ધ એવા પાંચ પ્રકાર થાય છે. તેમાં ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, સારી બુદ્ધિવાળો, આશંસા વિનાનો, જ્ઞાનવાન તથા આપીને પશ્ચાતાપ નહિ કરનારો દાન આપે તે દાયક શુદ્ધ દાન કહેવાય છે. આવું ચિત્ત, આવું વિત્ત, અને આવું પાત્ર મને પ્રાપ્ત થયું તેથી હું કૃતાર્થ થયો છું એમ માનનારો તે શુદ્ધ દાયક

કહેવાય છે. સાવદ્ય ( પાપસહિત ) યોગથી વિરક્ત, ત્રણ ગૌરવ (રસ ગૌરવ, ઋદ્ધિ ગૌરવ, સાતા) થી વર્જિત, ત્રણ ગુપ્તિ (મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ ) ધારક, પાંચ સમિતિ ( ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ, પરિષ્ઠાપનિકા સમિતિ ) પાળનાર, રાગદ્વેષથી વર્જિત, નગર-નિવાસ-સ્થાન-શરીર-ઉપકરણાદિકમાં મમતા રહિત, અઢાર સહસ્ર શીલાંગના ધારણ કરનાર, જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયીના ધારણ કરનાર, ધીર, સુવર્ણ અને લોહમાં સમદૃષ્ટિમાન, ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાનમાં સ્થિતિ કરનાર, જિતેંદ્રિય, કુક્ષિસંબલ, ( ઉદર પૂર્તિ જેટલા જ આહારને ગ્રહણ કરનાર ) હમેશાં શક્તિ પ્રમાણે નાના પ્રકારનાં તપ કરનાર, અખંડિતપણે સત્તર પ્રકારના સંયમને પાળનાર, અઢાર પ્રકારનાં બ્રહ્મચર્યને ધારણ કરનાર-એવા ગ્રાહકને દાન દેવું તે ગ્રાહકશુદ્ધ દાન કહેવાય છે. બેંતાળીસ દોષથી રહિત અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય અને વસ્ત્ર સંસ્કારકાદિનું જે દાન તે દેયશુદ્ધ દાન કહેવાય છે. યોગ્ય કાળે પાત્રને દાન આપવું તે કાળશુદ્ધ દાન અને કામના રહિત શ્રદ્ધાથી આપવું તે ભાવશુદ્ધ દાન કહેવાય છે. દેહ વિના ધર્મનું આરાધન થતું નથી અને અન્નાદિક વિના દેહ રહેતો નથી, માટે હમેશાં ધર્મોપગ્રહદાન દેવું. જે માણસ અશન-પાનાદિ ધર્મોપગ્રહ દાન સુપાત્રને આપે છે તે તીર્થનો અવિચ્છેદ કરે છે અને પરમપદને પામે છે.

સાવદ્યયોગનું જે પ્રત્યાખ્યાન કરવું તેને શીલ કહે છે અને તે દેશવિરતિ તથા સર્વવિરતિ એવા બે પ્રકારે છે. તેમાં દેશવિરતિના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એવા બાર પ્રકાર છે. સ્થૂલ અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ એ પાંચ અણુવ્રત જિનેશ્વરે કહ્યા છે. દિગ્વિરતિ, ભોગોપભોગ વિરતિ અને અનર્થદંડ વિરતિ એ ત્રણ ગુણવ્રત કહેવાય છે અને સામાયિક, દેશા-



વગાશિક, પૌષણ તથા અતિથિ સંવિભાગ એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. એ પ્રકારનો દેશવિરતિ ગુણ શુશ્રૂષા (ધર્મ શ્રવણેચ્છા વગેરે) ગુણવાળા, યતિધર્મના અનુરાગી, ધર્મપથ્ય ભોજનને ઇચ્છનારા, શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણ યુક્ત સમકિતને પામેલા મિથ્યાત્વથી નિવૃત્ત થયેલા અને સાનુબંધ ક્રોધના ઉદયથી વર્જિત એવા ગૃહમેધી ( ગૃહસ્થ ) મહાત્માઓને ચારિત્રમોહનીનો નાશ થવાથી ઉત્પન્ન થાય છે. સ્થાવર અને ત્રસજીવોની હિંસાદિકનું સર્વથા વર્જવું તે સર્વ વિરતિ કહેવાય છે અને તે સિદ્ધરૂપી મહેલપર ચડવાને નિઃસરણી રૂપ છે. એ સર્વવિરતિ પ્રકૃતિથી અલ્પ કષાયવાળા, ભવસુખમાં વિરાગી અને વિનયાદિ ગુણોને વિષે રક્ત એવા મહાત્મા મુનિઓને પ્રાપ્ત થાય છે.

જે કર્મને તપાવે તે તપ કહેવાય છે. તેના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. તેમાં અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ; રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ કહેવાય છે. તથા પ્રાયશ્ચિત, વૈયાવૃત્ય સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન એ છ પ્રકારનાં અભ્યંતર તપ કહેવાય છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયીના ધારણ કરનારને વિષે અદ્વિતીય ભક્તિ; તેના કાર્યનું કરવું, શુભની જ ચિંતા અને સંસારની નિંદા કરવી તે ભાવના કહેવાય છે. એ ચાર પ્રકારનો ધર્મ અપાર ફળ ( મોક્ષ ફળ ) ને આપવામાં સાધનરૂપ છે, તેથી ભવભ્રમથી ભય પામેલા મનુષ્યોએ સાવધાન થઇને તે સાધવા યોગ્ય છે. ”

## ૨

# શતબળ રાજાની વિચારણા

[ પર્વ ૧ લું; સર્ગ ૧ લો, પાન ૧૭-૧૮ ]

એક દિવસ સુબુદ્ધિવાન્, પરાક્રમી અને તત્ત્વજ્ઞ વિદ્યાધરપતિ શતબળ રાજા એકાંતે વિચાર કરવા લાગ્યો–'અહો ! આ શરીર સ્વાભાવિક જ અશુચિમય છે તો તેને ઉપસ્કરોથી નવું નવું કરી કેટલા કાળ સુધી ગોપવવું ? અનેક પ્રકારે સત્કાર કર્યા છતાં પણ જો એક વખત સત્કાર ન થાય તો ખળ પુરુષની પેઠે આ દેહ તત્કાળ વિકાર પામે છે. અહો ! બહાર પડેલાં વિષ્ટા, મૂત્ર તથા કફ વિગેરે પદાર્થોથી પ્રાણીઓ દૂણાય છે, પણ શરીરની અંદર તેજ સર્વ પદાર્થો રહેલા છે તેનાથી કેમ દૂણાતા નથી ? જીર્ણ થયેલા વૃક્ષના કોટરમાં જેમ સર્પ વીંછી વિગેરે ક્રૂર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, તેમ આ શરીરમાં પીડા આપનારા અનેક રોગો ઉત્પન્ન થાય છે. શરદ્ઋતુના મેઘની માફક આ કાયા સ્વભાવથી જ નાશવંત છે. યૌવનલક્ષ્મી વિદ્યુત્‌ની પેઠે જોતજોતામાં નાસી જનારી છે. આયુષ્ય પતાકાની પેઠે ચપળ છે, સંપત્તિઓ તરંગના જેવી તરલ છે. ભોગ ભુજંગની ફણા જેવા વિષમ છે અને સંગમ સ્વપ્ન જેવો મિથ્યા છે. શરીરની અંદર રહેલો આત્મા કામક્રોધાદિકના તાપોથી તપાયમાન થઇ પુટપાકની પેઠે રાત્રિ–દિવસ રંધાયા કરે છે. અહો ! આ અતિ દુઃખ પ્રાપ્ત કરાવનારા વિષયોમાં સુખ માનનારા પ્રાણીઓ અશુચિસ્થાનમાંહેના અશુચિ કીડાની પેઠે કાંઇપણ વિરાગ પામતા નથી ! દુરંત વિષયના સ્વાદમાં પરાધીન ચિત્તવાળો મનુષ્ય, અંધ જેમ કુવાને દેખે નહીં તેમ પોતાના પગની આગળ



રહેલા મૃત્યુને દેખતો નથી. વિષની માફક આપાત માત્રમાં જ મધુર એવા વિષયોથી આત્મા મૂર્છા પામી જાય છે અને તેથી પોતાના હિતને માટે કાંઇપણ વિચાર કરી શકતો નથી. ચારે પુરુષાર્થની તૂલ્યતા છતાં પણ આત્મા પાપ રૂપ એવા અર્થ-કામને વિષે પ્રવર્તે છે, પરંતુ ધર્મ અને મોક્ષમાં પ્રવર્તતો નથી. પ્રાણીઓને આ અપાર સંસારરૂપી સમુદ્રમાં અમૂલ્ય રત્નની પેઠે મનુષ્યપણું ઘણું દુર્લભ છે; કદાપિ માનુષ્ય પ્રાપ્ત થયું તથાપિ તેમાં ભગવાન્ અર્હંતદેવ અને સુસાધુ ગુરૂ પુણ્યયોગથી જ પ્રાપ્ત થાય છે. જો આપણે મનુષ્યભવનું ફળ ગ્રહણ ન કરીએ તો વસ્તીવાળા શહેરમાં ચોરોથી લુંટાયા જેવું થાય; માટે કવચધારી મહાબળકુમારને રાજ્યભાર આરોપણ કરીને હું સ્વેચ્છિત કરૂં. એમ વિચારી શતબળરાજાએ તરત પુત્રને બોલાવ્યો અને તે વિનીતકુમારને રાજ્ય ગ્રહણ કરવાનો બોધ કર્યો. પિતાની આજ્ઞાથી તેણે રાજ્યભાર વહન કરવાને કબુલ કર્યું. મહાત્માઓ ગુરૂજનોની આજ્ઞાનો ભંગ કરવામાં ભીરૂ હોય છે. પછી શતબળરાજાએ મહાબળકુમારને સિંહાસન ઉપર બેસાડી–અભિષેક કરી પોતાને હાથે તિલક મંગળ કર્યું. મચકુંદના પુષ્પ જેવી કાંતિવાળા ચંદનના તિલકથી તે નાનો રાજા ચંદ્રવડે જેમ ઉદયાચળ શોભે તેમ શોભવા લાગ્યો. હંસની પાંખ જેવા પોતાના પિતા સંબંધી છત્રવડે, શરદૃઋતુના મેઘથી જેમ ગિરિરાજ શોભે તેમ શોભવા લાગ્યો. નિર્મળ બગલાના જોડાથી જેમ મેઘ શોભે તેમ ચલાયમાન બે સુંદર ચામરોથી તે વિરાજવા લાગ્યો. ચંદ્રના ઉદય સમયે જેમ સમુદ્ર ધ્વનિ કરે તેમ તેના અભિષેક સમયે દિશાઓને ગજાવી મૂકતો મંગળ વાજીંત્રોને ધ્વનિ ગંભીર શબ્દ કરવા લાગ્યો. રૂપાંતરે જાણે બીજો શતબળ રાજા હોય તેમ સામંતો અને મંત્રીઓ તેની પાસે આવી તેને માન્ય કરવા લાગ્યા.

આવી રીતે પુત્રને રાજ્યપદે બેસાડી શતબળ રાજાએ આચાર્યના ચરણ સમીપે જઈ શમસામ્રાજ્ય (ચારિત્ર) ગ્રહણ કર્યું તેણે અસાર વિષયોને છોડી દઇ સાર રૂપ ત્રણ રત્નો (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ધારણ કર્યાં, તથાપિ તેની સમચિત્તતા અખંડ રહી. તે જીતેંદ્રિય પુરુષે કષાયને, નદી જેમ કાંઠાના વૃક્ષને ઉન્મૂલન કરે તેમ મૂળથી ઉન્મૂલન કર્યા, તે મહાત્મા મનને આત્મસ્વરૂપમાં લીન કરી, વાણીને નિયમમાં રાખી અને કાયાથી નિયમિત ચેષ્ટાવંત થઇને મહાસત્વપણે દુઃસહ પરિષહોને સહન કરવા લાગ્યા. મૈત્ર્યાદિક ભાવનાથી જેની ધ્યાનસંતતિ વૃદ્ધિ પામેલી છે એવા તે શતબળરાજર્ષિ જાણે મુક્તિમાં હોય તેમ અમંદ આનંદમાં મગ્ન રહેવા લાગ્યા. ધ્યાન અને તપવડે પોતાના આયુષ્યને લીલામાત્રમાં નિર્ગમન કરી તે મહાત્મા દેવતાઓના સ્થાનને પ્રાપ્ત થયા.

# ૩

## મંત્રીઓનો ધાર્મિક વિવાદ

[ પર્વ ૧ લું, સર્ગ ૧ લો, પાન ૧૮-૨૪ ]

મહાબળકુમાર પણ પોતાના બળવંત વિદ્યાધરોના પરિવારવડે ઇંદ્રની પેઠે અખંડ શાસનથી પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો. હંસ જેમ કમલિનીના ખંડોમાં ક્રીડા કરે તેમ તે રમણીઓની સાથે વીંટાઇ સુંદર આરામપંક્તિઓમાં હર્ષથી ક્રીડા કરવા લાગ્યો. તેના નગરમાં હંમેશાં થતા સંગીતના પ્રતિશબ્દોથી જાણે સંગીતનો અનુવાદ કરતી હોય તેવી વૈતાઢય પર્વતની ગુફાઓ જણાવા લાગી. આગળ, પાર્શ્વ ભાગમાં અને પશ્ચાત્ ભાગમાં સ્ત્રીઓથી વીંટાઇ રહેલો તે જાણે મૂર્તિમાન શૃંગારરસ હોય તેવો દીપવા લાગ્યો. સ્વચ્છંદતાથી વિષયક્રીડામાં આસક્ત થયેલા તેને વિષુવત્‌ની પેઠે રાત્રિદિવસ સરખા થવા લાગ્યા.

એક દિવસ જાણે બીજા મણિસ્તંભો હોય એવા અનેક અમાત્ય સામંતોથી અલંકૃત થયેલી રસભૂમિમાં કુમાર બેઠો હતો અને નમસ્કાર કરીને સર્વ સભાસદો પણ પોતપોતાના યોગ્ય સ્થાન ઉપર બેઠા હતા; તેઓ કુમારને વિષે એકાગ્ર નેત્ર કરી જાણે યોગની લીલા ધારણ કરતા હોય તેવા જણાતા હતા. સ્વયંબુદ્ધિ, સંભિન્નમતિ, શતમતિ અને મહામતિ-એ ચાર મુખ્ય મંત્રીઓ પણ આવીને બેઠા હતા; તેમાં સ્વામીની ભક્તિમાં અમૃતના સિંધુતુલ્ય, બુદ્ધિરૂપી રત્નમાં રોહણાચળ પર્વત સમાન અને સમગ્ દૃષ્ટિ એવો સ્વયંબુદ્ધ મંત્રી તે સમયે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો-

“ અહો ! અમે જોતાં છતાં આ વિષયાસક્ત અમારા સ્વામીનું દુષ્ટ અશ્વોની પેઠે ઇંદ્રિયોથી હરણ થાય છે. તેની ઉપેક્ષા કરનારા અમને ધિક્કાર છે ! આવા વિષયવિનોદમાં વ્યગ્ર થયેલા અમારા સ્વામીનો જન્મ વ્યર્થ જાય છે, એમ જાણીને થોડા જળમાં જેમ મીન ટળવળે તેમ મારૂં મન દુઃખિત થાય છે. અમારા જેવા મંત્રીઓથી જો આ કુમાર ઉચ્ચ પદને પ્રાપ્ત ન થાય તો અમારામાં અને પરિહાસિક મંત્રીઓમાં તફાવત શો ? માટે અમારે આ સ્વામીને વિજ્ઞપ્તિ કરી હિતમાર્ગમાં લાવવા જોઇએ; કારણકે રાજાઓ સારણી (પાણીની નીક)ની પેઠે પ્રધાનો જ્યાં દોરે ત્યાં દોરી શકાય છે, કદાપિ સ્વામીના વ્યસનથી જીવનારા લોકો અપવાદ બોલશે તોપણ અમારે કહેવું જોઇએ; કારણકે હરણોના ભયથી ક્ષેત્રમાં જવ વાવવાનું બંધ રખાતું નથી. ” સ્વયંબુદ્ધ મંત્રી જે સર્વ બુદ્ધિવંતોમાં અગ્રણી હતો તેણે આવી રીતે વિચાર કરી અંજલિ જોડી રાજાને નીચે પ્રમાણે કહ્યું—

“ અરે ! આ સંસાર સમુદ્ર તુલ્ય છે. નદીઓના જળથી જેમ સમુદ્ર તૃપ્તિ પામતો નથી, સમુદ્રના જળથી જેમ વડવાનળ તૃપ્તિ પામતો નથી, જંતુઓથી જેમ યમરાજ તૃપ્તિ પામતો થથી, કાષ્ઠોથી જેમ અગ્નિ તૃપ્તિ પામતો નથી, તેમ સંસારને વિષે આ આત્મા વિષયસુખથી ક્યારે પણ તૃપ્તિ પામતો નથી. નદીના તટની છાયા, દુર્જન, વિષ, વિષય અને સર્પાદિ ઝેરી પ્રાણીઓ અત્યંત સેવ્યાથી વિપત્તિરૂપ થાય છે. સેવન કરેલો કામદેવ તત્કાળ સુખ આપનારો લાગે છે; પરંતુ પરિણામે વિરસ છે, અને તે ખંજવાળેલી દદ્રુ (ધાધર)ની માફક સેવન કરવાથી અત્યંત વૃદ્ધિને પામે છે. કામદેવ નરકનો દૂત છે. વ્યસનનો સાગર છે; વિપત્તિરૂપી લતાનો અંકુર છે અને પાપરૂપી વૃક્ષની નીક છે. મદને (કામદેવે) મદની પેઠે પરવશ કરેલો પુરૂષ સદાચારરૂપી માર્ગથી ભ્રષ્ટ થઇ



ભવરૂપી ખાડામાં પડે છે. ગૃહસ્થના ઘરમાં ઉંદર પ્રવેશ કરે છે તો તે જેમ અનેક સ્થાનકે ખોદી નાંખે છે તેમ કામદેવ માણસના શરીરમાં પ્રવેશ કરે છે તો તે પ્રાણીના અર્થ, ધર્મ અને મોક્ષને ખોદી નાંખે છે. સ્ત્રીઓ વિષવલ્લીની પેઠે દર્શન, સ્પર્શ અને ઉપભોગથી અત્યંત વ્યામોહ ઉત્પન્ન કરે છે. તે કામરૂપી લુબ્ધક ( પારધિ )ની જાળ છે અને તેથી હરિણની માફક પુરૂષોને અનર્થકારક થઈ પડે છે. જેઓ મશ્કરીના મિત્રો છે તેઓ ફક્ત ખાવાપીવાના અને સ્ત્રીવિલાસના મિત્રો છે, તેથી તેઓ પોતાના સ્વામીનું પરલોક સંબંધી હિત ચિંતવતા જ નથી. તેઓ સ્વાર્થતત્પર, નીચ, લંપટ અને ખુશામતીઆ થઇ પોતાના સ્વામીને સ્ત્રીકથા, ગીત, નૃત્ય અને પરિહાસિક વચનોથી મોહ પમાડે છે. બોરડી વૃક્ષના સંસર્ગથી જેમ કદલી વૃક્ષ ક્યારે પણ આનંદ પામતું નથી તેમ કુસંગથી કુળવાન પુરૂષોનો કયારે પણ અભ્યુદય થતો નથી; માટે હે કુળવાન્ સ્વામિન્ ! પ્રસન્ન થાઓ. આપ પોતેજ સુજ્ઞ છો માટે મોહ પામો નહીં અને વ્યસનાસક્તિ છોડી ધર્મમાં મન લગાડો. છાયા વિનાનું વૃક્ષ, જળ રહિત સરોવર, સુગંધ રહિત પુષ્પ, દંતૂશળ વિનાનો હસ્તી, લાવણ્ય રહિત રૂપ, મંત્રી વિનાનું રાજ્ય, દેવમૂર્તિ વિનાનું ચૈત્ય, ચંદ્ર વિનાની રાત્રિ, ચારિત્ર રહિત સાધુ, શસ્ત્ર રહિત સૈન્ય અને નેત્ર વિનાનું મુખ જેમ શોભતું નથી, તેમ ધર્મ વિનાનો પુરૂષ કદી પણ શોભાને પામતો નથી. ચક્રવર્તી રાજા પણ જો અધર્મી થાય છે તો તે પરભવે એવો જન્મ પામે છે કે જ્યાં કુત્સિત અન્ન મળે તે પણ રાજ્ય મળ્યા જેવું કલ્પાય છે. જે માણસ મહાકુળમાં ઉત્પન્ન થયા છતાં પણ ધર્મ ઉપાર્જનથી રહિત હોય તો તે બીજા ભવમાં શ્વાન પેઠે અન્યે ઉચ્છિષ્ટ કરેલા અન્નનું ભોજન કરનારો થાય છે. બ્રાહ્મણ પણ ધર્મહીન હોય તો તે પાપને બાંધે છે અને

પછી બિડાલની પેઠે દુષ્ટ ચેષ્ટાવાળો થઇ મ્લેચ્છ યોનિમાં ઉત્પન્ન થાય છે. ધર્મરહિત ભવી પ્રાણીઓ પણ બિડાલ, સર્પ, સિંહ, બાજ અને ગીધ વિગેરે નીચ યોનિમાં ઘણા ભવ પર્યંત ઉત્પન્ન થાય છે અને ત્યાંથી નરકે જાય છે, ત્યાં જાણે વૈરથી ક્રોધ પામેલા હોય તેવા પરમાધાર્મિક દેવતાઓથી અનેક પ્રકારે કદર્થના પામે છે. સીસાનો પિંડ જેમ અગ્નિમાં ગળે છે તેમ અનેક વ્યસનના આવેગરૂપી અગ્નિની અંદર રહેલા અધર્મી પ્રાણીઓના શરીરો ગળ્યા કરે છે, માટે તેવા અધર્મીઓને ધિક્કાર છે. પરમ બંધુની પેઠે ધર્મથી સુખ મળે છે અને નાવની પેઠે ધર્મવડે આપત્તિરૂપી નદીઓ તરી જવાય છે. જેઓ ધર્મ ઉપાર્જન કરવામાં તત્પર છે તેઓ પુરૂષોને વિષે શિરોમણિ થાય છે અને લતાઓ જેમ વૃક્ષનો આશ્રય કરે છે તેમ સંપત્તિઓ તેમનો આશ્રય કરે છે. ધર્મવડે આધિ વ્યાધિ અને વિરોધ વિગેરે જે પીડા હેતુ છે, તે જળથી જેમ અગ્નિ નાશ પામે તેમ તત્કાળ નાશ પામી જાય છે. પરિપૂર્ણ પરાક્રમથી કરેલો ધર્મ અન્ય જન્મમાં કલ્યાણ સંપત્તિ આપવાને માટે જામીનરૂપ છે. હે સ્વામિન્ ! વધારે શું કહું ? પરંતુ નિસરણીથી જેમ મહેલના અગ્રભાગ પર જવાય છે તેમ પ્રાણીઓ બળવાન ધર્મથી લોકાગ્રને પ્રાપ્ત થાય છે. આપ પણ ધર્મવડે આ વિદ્યાધરોના નરેંદ્રપણાને પામેલા છો, માટે તમે ઉત્કૃષ્ટ લાભને વાસ્તે ધર્મનો આશ્રય કરો. ”

સ્વયંબુદ્ધ મંત્રીએ એ પ્રમાણે કહ્યા પછી અમાવાસ્યાની રાત્રિની પેઠે મિથ્યાત્વરૂપી અંધકારની ખાણરૂપ અને વિષ સરખી વિષય મતિવાળો સંભિન્નમતિ નામનો મંત્રી બોલ્યો—“ અરે ! સ્વયંબુદ્ધ ! તમને સાબાશ છે! તમે પોતાના સ્વામીનું બહુ સારૂં હિત ઇચ્છો છો ! ઓડકારથી જેમ આહારનો અનુભવ થાય છે તેમ તમારી ગિરાવડેજ તમારા ભાવનું અનુમાન થાય છે. હમેશાં સરલ



અને પ્રસન્ન રહેનારા સ્વામીના સુખને માટે તમારા જેવા કુલીન અમાત્યોજ આવી રીતે કહે, બીજા તો કહે નહીં! સ્વાભાવથી કઠિન એવા કયા ઉપાધ્યાયે તમને ભણાવ્યા છે? જેથી અકાળે વજ્રપાત જેવાં વચનો તમે સ્વામીપ્રત્યે કહ્યાં? સેવકો પોતાના ભોગના અર્થને માટે સ્વામીની સેવા કરે છે તો તેઓએ પોતાના સ્વામીને ‘ તમે ભોગ ભોગવો નહીં ’ એવું કેમ કહેવાય? જેઓ આ ભવસંબંધી ભોગને છોડી દઇ પરલોકને માટે યત્ન કરે છે તેઓ હથેલીમાં રહેલ લેહ્ય ( ચાટવા યોગ્ય ) પદાર્થને છોડી કોણી ચાટવા જેવું કરે છે. ધર્મથી પરલોકમાં ફળ મળે છે એમ જે કહેવાય છે તે અસંગત છે; કેમકે પરલોકી જનોનો અભાવ છે તેથી પરલોક પણ નથી જ. જેમ ગોળ, પિષ્ટ અને જળ વિગેરે પદાર્થોથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ પૃથ્વી, અપ્, તેજ અને વાયુથી ચેતના ઉત્પન્ન થાય થાય છે. શરીરથી જુદો કોઇ શરીરધારી પ્રાણી નથી કે જે આ શરીરને છોડી પરલોકમાં જાય. માટે વિષયનું સુખ નિઃશંકપણે ભોગવવું અને પોતાના આત્માને ઠગવો નહીં. કારણ કે સ્વાર્થભ્રંશ કરવો તેજ મૂર્ખતા છે. ધર્મ અને અધર્મની શંકાજ કરવી નહીં, કારણકે સુખાદિકમાં તે વિઘ્નકારક છે અને ધર્મ અધર્મ ખરશૃંગની પેઠે વિદ્યમાનજ નથી. સ્નાન, વિલેપન, પુષ્પ અને વસ્ત્રાભૂષણથી પાષાણની પૂજા કરાય તો તેણે શું પુણ્ય કર્યું અને બીજા પાષાણ ઉપર બેસી માણસો મૂત્રોત્સર્ગ અને વિષ્ટા કરે છે તેણે શું પાપ કર્યું ? જો પ્રાણીઓ કર્મથી ઉત્પન્ન થતા હોય અને મૃત્યુ પામતા હોય તો પાણીના પરપોટા કયા કર્મથી ઉત્પન્ન અને વિપન્ન થાય છે? જ્યાંસુધી ઇચ્છાવડે ચેષ્ટા કરે છે ત્યાંસુધી ચેતન કહેવાય છે અને વિનષ્ટ થયેલા ચેતનનો પુનર્ભવ નથી. જે પ્રાણી મૃત્યુ પામે છે તેજ પુનઃ ઉત્પન્ન થાય છે એવું વાકય સર્વથા યુક્તિરહિત છે, તેથી કહેવામાત્ર જ છે. શિરીષના જેવી કોમળ શય્યામાં, રૂપ-

લાવણ્યથી સુંદર એવી રમણીઓની સાથે આપણા સ્વામી અવિશંકિતપણે ક્રીડા કરો અને અમૃત સમાન ભોજ્ય અને પેય પદાર્થોનું યથારૂચિ આસ્વાદન કરો; તેનો જે નિષેધ કરે તેને સ્વામીનો વૈરી સમજવો. હે સ્વામી! જાણે સૌરભ્યથીજ નિષ્પન્ન થયા હો તેમ કપૂર, અગુરૂ, કસ્તુરી અને ચંદનાદિકથી તમે રાત્રિદિવસ વ્યાપ્ત રહો: હે રાજન્! નેત્રની પ્રીતિને માટે ઉદ્યાન, વાહન, કિલ્લા અને ચિત્રશાળાઓ વિગેરે જે જે શોભિતા પદાર્થો હોય તેને વારંવાર જુઓ. હે સ્વામિન્! વીણા, વેણુ, મૃદંગ વિગેરે વાજિંત્રવડે ગવાતાં ગીતોથી થતા મધુર શબ્દો નિરંતર તમારા કર્ણને રસાયનરૂપ થાઓ. જ્યાંસુધી જીવવું ત્યાંસુધી વિષયના સુખવડે જીવવું અને ધર્મકાર્યને માટે તલખવું નહીં, કારણકે ધર્મ અધર્મનું કાંઇ પણ ફળ નથી.”

સંભિન્નમતિનાં એવાં વચનો સાંભળી સ્વયંબુદ્ધે કહ્યું–“અરે! પોતાના અને પરના શત્રુરૂપ નાસ્તિક લોકોને ધિક્કાર છે કે જેઓ, અંધ માણસ જેમ અંધટોળાને દોરી કુવામાં પાડે તેમ માણસોને, આકર્ષણ કરી અધોગતિને વિષે પાડે છે. જેમ સુખદુ:ખ સ્વસંવેદનમાં બાધનો અભાવ હોવાથી આત્માનો નિષેધ કરવાને કોઇ પણ શકિતમાન્ નથી. ‘હું સુખી છું, હું દુ:ખી છું’ એવી અબાધિત પ્રતીતિ આત્મા સિવાય કોઇને કયારે પણ થઇ શકતી નથી. એ પ્રમાણેના જ્ઞાનથી પોતાના શરીરને વિષે આત્માની સિદ્ધિ થાય છે, તો અનુમાનથી પરશરીરમાં પણ તેની સિદ્ધિ થાય છે. સર્વત્ર બુદ્ધિપૂર્વક ક્રિયાની પ્રાપ્તિ દેખાવાથી પરશરીરને વિષે પણ આત્મા છે એવો નિશ્ચય થાય છે. જે પ્રાણી મૃત્યુ પામે છે તેજ પુન: ઉત્પન્ન થાય છે, તેથી ચેતનનો પરલોક પણ છે એવું સંશય રહિત જણાય છે; જેમ બાલ્યાવસ્થાથી તરૂણાવસ્થા પ્રાપ્ત થાય છે અને તારૂણ્યમાંથી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તેમજ ચેતન એક



જન્મમાંથી બીજા જન્મમાં પણ જાય છે. પૂર્વ ભવની અનુવૃત્તિ સિવાય તરતનો જન્મેલો બાળક પણ શિખવ્યા શિવાય માતાના સ્તન ઉપર પોતાનું મુખ કેમ અર્પણ કરે? આ જગત્માં કારણને અનુરૂપ એવુંજ કાર્ય જોવામાં આવે છે તો તે અચેતન ભુતોથી ચેતન કેમ ઉત્પન્ન થાય? વળી હે સંભિન્નમતિ! હું તને પૂછું છું કે ચેતના પ્રત્યેક ભૂતથી ઉત્પન્ન થાય છે કે સમગ્રના સંયોગથી ઉપજે છે? જો દરેક ભૂતથી ચેતન ઉત્પન્ન થાય એવો પ્રથમ પક્ષ લઇએ તો તેટલીજ ચેતના હોવી જોઇએ અને સર્વ ભૂતની એકત્રતા થવાથીજ ચેતન ઉત્પન્ન થાય એવો બીજો પક્ષ ગ્રહણ કરીએ તો તે ભિન્ન સ્વભાવવાળા ભૂતોથી એક સ્વભાવવાળો ચેતન કેમ ઉત્પન્ન થાય? એ સર્વ વિચારવા જેવું છે. રૂપ–ગંધ–રસ–સ્પર્શ ગુણવાળી પૃથ્વી છે, રૂપ–સ્પર્શ રસાત્મક ગુણવાળું જળ છે, રૂપ અને સ્પર્શ ગુણવાળું તેજ છે અને એક સ્પર્શ ગુણવાળો મરૂત્ છે; એ પ્રમાણે તે ભૂતોની ભિન્ન સ્વભાવતા સર્વના જાણવામાંજ છે. જેમ જળથી વિસદૃશ એવા મોતીની ઉત્પત્તિ જોવામાં આવે છે તેમ અચેતન ભૂતોથી પણ ચેતનની ઉત્પત્તિ થાય એમ તું કહીશ તો તે પણ યુકત નથી. કેમકે મોતી વિગેરેમાં પણ જળ દેખાય છે; તેમ જળ અને મોતી બન્ને પૌદ્ગળિકજ છે, તેથી તેમાં વિસદૃશપણું નથી. પિષ્ટ, ગોળ અને જળ વિગેરેથી થયેલી મદશકિતનું તું દૃષ્ટાંત આપે છે, પણ તે મદશકિત પણ અચેતન છે, તેથી ચેતનમાં તે દૃષ્ટાંત કેમ સંભવે? દેહ અને આ આત્માનું ઐકયપણું કયારે પણ કહી શકાય તેવું નથી; કેમકે તદવસ્થ (મૃત્યુ પામેલા) દેહમાં ચેતન (આત્મા) ઉપલબ્ધ થતો નથી. એક પાષાણ પૂજાય છે અને બીજા પાષાણ ઉપર મૂત્રાદિકનું લેપન થાય છે એ દષ્ટાંત પણ અસત્ છે, કેમકે પાષાણ અચેતન છે તો તેને સુખદુ:ખાદિનો અનુભવજ શેનો હોય? માટે આ દેહથી ભિન્ન

એવો પરલોકમાં જનારો આત્મા છે અને ધર્મ અધર્મ છે કારણ જેનું એવો પરલોક પણ છે એમ સિદ્ધ થાય છે. અગ્નિના તાપથી જેમ માખણ ઓગળી જાય છે તેમ સ્ત્રીના અલિંગનથી મનુષ્યોનો વિવેક સર્વ પ્રકારે નાશ પામે છે. અનર્ગળ અને ઘણા રસવાળા આહાર પુદ્ગળને ભોગવનાર માણસ, ઉન્મત્ત પશુની પેઠે ઉચિત કર્મને જાણતોજ નથી. ચંદન, અગુરૂ, કસ્તુરી અને ઘનસાર વિગેરેની સુંગધીથી સંપાદિકની પેઠે કામદેવ મનુષ્યનું આક્રમણ કરે છે. વાડમાં ભરાયેલા વસ્ત્રના છેડાથી જેમ માણસની ગતિ સ્ખલના પામે છે તેમ સ્ત્રી વિગેરેના રૂપમાં સંલગ્ન થયેલા ચક્ષુથી પુરુષ સ્ખલિત થઇ જાય છે. ધૂર્ત માણસની મૈત્રીની જેમ થોડીવાર સુખ આપવાથી વારંવાર મોહ પમાડતા સંગીત હમેશાં કુશળને માટે થતા નથી, માટે હે સ્વામિન્! પાપના મિત્રો, ધર્મના વિરોધી અને નરકને આકર્ષણ કરવાના પાસરૂપ વિષયોને દૂરથીજ છોડી દો. એક સૈન્ય થાય છે અને એક સેવક થાય છે, એક યાચક થાય છે અને એક દાતા થાય છે, એક વાહન થાય છે અને બીજો તેની ઉપર બેસનાર થાય છે, એક દાતા થાય છે, એક વાહન થાય છે અને બીજો તેની ઉપર બેસનાર થાય છે, એક અભય માગે છે અને એક અભયદાન આપનાર થાય છે-એ વિગેરેથી આ લોકમાં ધર્મ-અધર્મનું મ્હોટું ફળ જણાય છે. તે જોતાં પણ જે માણસ માને નહીં તેવા બુદ્ધિવાનનું કલ્યાણ થાઓ!! વધારે શું કહીએ! હે રાજન્! આપે અસત્ વાણીની પેઠે દુઃખ આપનાર અધર્મનો ત્યાગ કરવો અને સત્ વાણીની પેઠે સુખના અદ્વિતીય કારણ રૂપ ધર્મને ગ્રહણ કરવો."

એવું સાંભળીને શતમતિ નામનો મંત્રી બોલ્યો—'પ્રતિક્ષણભંગુર પદાર્થ વિષયના જ્ઞાન સિવાય જુદો એવો કોઇ આત્મા નથી અને વસ્તુઓમાં સ્થિરપણાની બુદ્ધિ છે તેનું મૂળ કારણ



વાસના છે, માટે પૂર્વ અને અપર ક્ષણોનું વાસનારૂપ એકત્વ વાસ્તવિક છે, ક્ષણોનું એકત્વ વાસ્તવિક નથી.'

સ્વયંબુદ્ધે કહ્યું-'કોઇપણ વસ્તુ અન્વય ( પરંપરા ) રહિત નથી; જેમ જળ અને ઘાસ વિગેરે ગાયોમાં દુધને માટે કલ્પાય છે, તેમ આકાશપુષ્પની પેઠે અને કૂર્મના રોમની પેઠે આલોકમાં કોઈ વસ્તુ અન્વય રહિત નથી, તેથી ક્ષણભંગુરપણાની બુદ્ધિ વૃથા છે. જો વસ્તુ ક્ષણભંગુર હોય તો સંતાનપરંપરા પણ કેમ ક્ષણિક ન કહેવાય? જો સંતાનનું નિત્યપણું માનીએ તો સમસ્ત પદાર્થ ક્ષણિક કેવી રીતે થાય? જો સર્વ પદાર્થો અનિત્ય માનીએ તો થાપણ મૂકેલી પાછી માગવી, પૂર્વ વાતનું સ્મરણ કરવું અને અભિજ્ઞાન કરવું એ સર્વ કેમ ઘટે? જો જન્મ થયા પછી અનંતર ક્ષણમાંજ નાશપણું હોય તો બીજી ક્ષણમાં થયેલો પુત્ર પ્રથમના માતાપતાનો પુત્ર ન કહેવાય અને પુત્રને પ્રથમ ક્ષણમાં થયેલા માતાપિતા તે માતાપિતા ન કહેવાય-તેથી તેમ કહેવું અસંગત છે. જો વિવાહના સમય પછીની ક્ષણે દંપતી ક્ષણનાશવંત હોય તો તે સ્ત્રીનો તે પતિ નહીં અને તે પતિની તે સ્ત્રી નહીં એમ બને, માટે તે અસમંજસ છે. એક ક્ષણમાં જે અશુભ કર્મ કરે તેજ બીજી ક્ષણમાં તેનું ફળ ન ભોગવે અને તેને બીજો ભોગવે તો તેથી કૃતનો નાશ અને અકૃતનો આગમ એવા બે મ્હોટા દોષની પ્રાપ્તિ થાય.'

ત્યાર પછી મહામતિ મંત્રી બોલ્યો-'આ સર્વ માયા છે, તત્ત્વથી કાંઇ નથી. આ સર્વ પદાર્થો જણાય છે તે સ્વપ્ન અને મૃગતૃષ્ણાવત્ મિથ્યા છે. ગુરૂશિષ્ય, પિતાપુત્ર, ધર્મઅધર્મ, પોતાનો અને પારકો—એ સર્વ વ્યવહારથી જોવામાં આવે છે, પણ તત્ત્વથી કાંઇ નથી. જેમ શિયાળ લાવેલું માંસ નદીના તીર ઉપર છોડી માછ-

લાને માટે પાણીમાં દોડયો એટલામાં મીન જળમાં પેસી ગયું અને પેલું માંસ ગીધપક્ષી હરી ગયું, તેમ જેઓ ઐહિક સુખ છોડી પરલોકને માટે દોડે છે તેઓ ઉભયભ્રષ્ટ થઇ પોતાના આત્માને ઠગે છે. પાખંડી લોકોની ખોટી શિખામણો સાંભળી-નરકથી બ્હીને મોહાધીન પ્રાણીઓ વ્રત વિગેરેથી પોતાના દેહને દંડે છે અને લાવક પક્ષી જેમ પૃથ્વી પડી જવાની શંકાથી એક પાદવડે નાચે છે તેમ મનુષ્યો નરકપાતની શંકાથી તપ કરે છે.

સ્વયંબુદ્ધે કહ્યું-“ જો વસ્તુ સત્ય ન હોય તો તેથી પોતપોતાનાં કૃત્યનો કરનાર પોતે કેમ થાય ? આવી જો માયા હોય તો સ્વપ્નમાં પ્રાપ્ત થયેલો હાથી કાર્ય કેમ કરતો નથી ? તમે પદાર્થોનો કાર્ય-કારણભાવ સત્ય માનતા નથી તો પડતા વજ્રની બીક શા માટે રાખો છો ? અને જો એવું હોય તો તમે અને હું-વાચ્ય અને વાચક એવું કાંઇ પણ નથી, ત્યારે વ્યવહારને કરનારી ઇષ્ટની પ્રતિપત્તિ પણ કેમ થાય ? હે દેવ! વિતંડાવાદમાં પંડિત, સારા પરિણામથી પરાઙ્મુખ અને વિષયાભિલાશી એવા આ લોકથી તમે છેતરાઓ છો, માટે વિવેકનું અવલંબન કરીને વિષયોનો ત્યાગ કરો અને આલોકપરલોકના સુખને માટે ધર્મનો આશ્રય કરો ”.

## ૪

## વીશ સ્થાનકનું સ્વરૂપ

[ પર્વ ૧લું, સર્ગ ૧લો, પાન ૪૮-૪૯ ]

વજ્રનાભ સ્વામીએ વીશ સ્થાનકના આરાધનવડે તીર્થંકર નામ-ગોત્રકર્મ દઢ રીતે ઉપાર્જન કર્યું. તે વીશ સ્થાનકમાં પહેલું સ્થાનક-અર્હંત અને અર્હંતોની પ્રતિમાની પૂજાથી, તેમના અવર્ણ-વાદનો નિષેધ કરવાથી અને સદ્‌ભુત અર્થવાળી તેમની સ્તવના કર્યાથી આરાધાય છે ( અરિહંત પદ ). સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધિની ભક્તિને અર્થે જાગરણ ઉત્સવ કર્યાથી તથા યથાર્થપણે સિદ્ધત્વનું કીર્તન કરવાથી બીજું સ્થાન આરાધાય છે ( સિદ્ધ પદ ). બાલ, ગ્લાન અને નવદીક્ષિત શિષ્ય-વિગેરે યતિઓનો અનુગ્રહ કરવાથી તથા પ્રવચનનું ( ચતુર્વિધ સંઘ અથવા જૈનશાસન ) વાત્સલ્ય કરવાથી ત્રીજું સ્થાનક આરાધાય છે ( પ્રવચન પદ ). અને બહુમાનપૂર્વક આહાર, ઔષધ અને વસ્ત્ર વિગેરેના દાનવડે ગુરૂનું વાત્સલ્ય કરવું તે ચોથું સ્થાનક ( આચાર્ય પદ ). વીશ વર્ષના દીક્ષાપર્યાયવાળા ( પર્યાય સ્થવિર ), સાઠ વર્ષની વયવાળા ( વય સ્થવિર ) અને સમવાયાંગના ધરનાર ( શ્રુત સ્થવિર )ની ભક્તિ કરવી તે પાંચમું સ્થાનક (સ્થવિર પદ). અર્થની અપેક્ષાએ પોતાથી બહુશ્રુતપણાને ધારણ કરનારાઓનું અન્નવસ્ત્રાદિ આપવા વિગેરેથી વાત્સલ્ય કરવું તે છઠ્ઠું સ્થાનક ( ઉપાધ્યાય પદ ). ઉત્કૃષ્ટ તપને કરનારા મુનિઓનું ભક્તિ અને વિશ્રામણાવડે વાત્સલ્ય કરવું તે સાતમું સ્થાનક ( સાધુ પદ ). પ્રશ્ન અને વાચના વિગેરેથી નિરંતર દ્વાદશાંગી રૂપ શ્રુતનો સૂત્ર, અર્થ અને તે બંનેથી જ્ઞાનો-

પયોગ કરવો તે આઠમું સ્થાનક ( જ્ઞાન પદ ). શંકા વિગેરે દોષથી રહિત, સ્થૈર્ય વિગેરે ગુણોથી ભૂષિત અને શમાદિ લક્ષણવાળું સમ્યગ્ દર્શન તે નવમું સ્થાનક ( દર્શનપદ ). જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એ ચાર પ્રકારનો-કર્મને દૂર કરનાર વિનય દશમું સ્થાનક ( વિનય પદ ). ઇચ્છા મિથ્યા કરણાદિક દશવિધ સમાચારીના યોગમાં અને આવશ્યકમાં અતિચાર રહિતપણે યત્ન કરવો તે અગ્યારમું સ્થાનક ( ચારિત્ર પદ ). અહિંસાદિક મૂળ ગુણોમાં અને સમિત્યાદિક ઉત્તર ગુણોમાં અતિચાર રહિત પ્રવૃત્તિ કરવી તે બારમું સ્થાનક ( બ્રહ્મચર્ય પદ ). ક્ષણે ક્ષણે અને લવે લવે પ્રમાદનો પરિહાર કરીને શુભ ધ્યાનમાં પ્રવર્ત્તવું તે તેરમું સ્થાનક ( સમાધિ પદ ). મન અને શરીરને બાધા-પીડા ન થાય તેવું યથાશક્તિ તપ કરવું તે ચૌદમું સ્થાનક ( તપ પદ ). મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક તપસ્વીઓને અન્નાદિકનું યથાશક્તિ દાન આપવું તે પંદરમું સ્થાનક ( દાન પદ ). આચાર્યાદિ દશનું ( જિનેશ્વર, સૂરિ, વાચક, મુનિ, બાળમુનિ, ગ્લાનમુનિ, તપસ્વીમુનિ, ચૈત્ય અને શ્રમણસંઘ એ દશ સમજવા ) અન્ન, પાણી અને અશન વિગરેથી વૈયાવૃત્ય કરવું તે સોળમું સ્થાનક વૈયાવચ્ચ પદ ). ચતુર્વિધ સંઘના સર્વ વિઘ્નો દૂર કરવાથી મનને સમાધિ ઉત્પન્ન કરવી તે સત્તરમું સ્થાનક ( સંયમ પદ ). અપૂર્વ એવા સૂત્ર, અર્થ અને તે બંનેનું પ્રયત્નથી ગ્રહણ કરવું તે અઢારમું સ્થાનક ( અભિનવ જ્ઞાન પદ ). શ્રદ્ધાથી, ઉદ્ભાસનથી ( બહુમાનયુક્ત વૃદ્ધિ કરવી-પ્રકાશ કરવો તે ) અને અવર્ણવાદનો નાશ કરવાથી શ્રુત જ્ઞાનની ભક્તિ કરવી તે ઓગણીશમું સ્થાનક (શ્રુત પદ). વિદ્યા, નિમિત્ત, કવિતા, વાદ અને ધર્મકથા વિગેરેથી શાસનની પ્રભાવના કરવી તે વીશમું સ્થાનક ( તીર્થપદ ). એ વીશ સ્થાનકમાંથી એક એક પદનું આરાધન કરવું તે પણ તિર્થંકર નામકર્મના બંધનું કારણ છે. પરંતુ વજ્રનાભ ભગવાને તો એ સર્વે પદનું આરાધન કરીને તીર્થંકર નામકર્મનો બંધ કર્યો.

# ૫

## ભરતે કરેલી ઋષભદેવની સ્તુતિ તથા એ ભગવન્તની દેશના

[ પર્વ ૧લું, સર્ગ ૩જો, પાન ૧૨૭-૧૨૮ ]

"હે અખિલ જગન્નાથ ! હે વિશ્વને અભય આપનાર ! હે પ્રથમ તીર્થેશ ! હે સંસારતારણ ! તમે જય પામો. આજે આ અવસર્પિણીમાં જન્મેલા લોકોરૂપી પદ્માકરને સૂર્ય સમાન તમારા દર્શનથી મારે અંધકારનો નાશ થઇને પ્રભાત થયું છે. હે નાથ ! ભવ્યજીવોના મનરૂપી જળને નિર્મળ કરવાની ક્રિયામાં કતકના ચૂર્ણ જેવી તમારી વાણી જયવંતી વર્તે છે. હે કરૂણાના ક્ષીરસાગર ! જે તમારા શાસનરૂપી મહારથમાં આરૂઢ થાય છે તેઓને લોકાગ્ર (મોક્ષ) દૂર નથી. હે દેવ ! નિષ્કારણ જગત્બંધુઆપ સાક્ષાત્ જોવામાં આવો છો તેથી આ સંસારને અમે લોકાગ્રથી પણ અધિક માનીએ છીએ. હે સ્વામિન્ ! આ સંસારમાં પણ નિશ્ચળ નેત્રોવડે તમારા દર્શનના મહાનંદરૂપી ઝરામાં અમને મોક્ષસુખના સ્વાદનો અનુભવ થાય છે. હે નાથ ! રાગદ્વેષ અને કષાયાદિ શત્રુઓએ રૂંધેલા જગત્ને અભયદાન દેનારા તમે ઉદ્વેષ્ટિત કરો છો ( રૂંધનમાંથી છોડાવો છો ). હે જગત્પતે ! તમે તત્ત્વ જણાવો છો, તમે માર્ગ બતાવો છો, અને તમે વિશ્વની રક્ષા કરો છો તો તેથી વિશેષ હું તમારી પાસે શું યાચના કરૂં? જેઓ અનેક જાતના ઉપદ્રવ અને સંગ્રામથી પરસ્પરનાં ગામો અને પૃથ્વીને લઇ લેનારા છે એવા આ સર્વે રાજાઓ આપની સભામાં પરસ્પર મિત્ર થઇને રહેલા છે. તમારી પર્ષદામાં આવેલો આ

હસ્તી પોતાની શુંઢથી કેસરીસિંહના કરને આકર્ષણ કરી તેનાવડે પોતાના કુંભસ્થળને વારંવાર કંડુયન કરે છે ( ખજવાળે છે ). આ મહિષ, અન્ય મહિષની પેઠે વારંવાર સ્નેહથી પોતાની જીંહાવડે આ હણુહણુતા અશ્વને માર્જન કરે છે. લીલાથી પોતાના પુંછડાને હલાવતો આ મૃગ ઉંચા કાન કરી અને મુખને નમાવી પોતાની નાસિકાથી આ વાઘના મુખનું આઘ્રાણ કરે છે ( સુંઘે છે ). આ તરૂણ માર્જાર આગળ પાછળ અને પડખે પોતાના બચ્ચાની પેઠે ફરતા એવા મૂષકને આલિંગન કરે છે. આ ભુજંગ પોતાના શરીરનું કુંડાળું કરી આ નકુલની પાસે મિત્રની પેઠે નિર્ભય થઈને બેઠા છે. હે દેવ ! આ બીજા નિરંતરના વૈરવાળા પ્રાણીઓ અહીં નિર્વૈર થઈને રહ્યા છે. આ સર્વનું કારણ તમારો અતુલ્ય પ્રભાવ છે.”

મહીપતિ ભરત એવી રીતે જગત્પતિની સ્તુતિ કરી અનુક્રમે પાછો ઓસરી સ્વર્ગપતિ ઇંદ્રની પાછળ બેઠો. તીર્થનાથના પ્રભાવથી તે યોજન માત્ર ક્ષેત્રની અંદર કોટાનુકોટી પ્રાણીઓ નિરાબાધપણે સમાયા હતા. તે સમયે સર્વ ભાષાઓને સ્પર્શ કરનારી, પાંત્રીશ અતિશયવાળી અને યોજનગામિની વાણીથી પ્રભુએ આ પ્રમાણે દેશના દેવા માંડી—‘આધિ; વ્યાધિ, જરા અને મૃત્યુ રૂપી સેંકડો જ્વાળાઓથી આકુળ એવો આ સંસાર સર્વ પ્રાણીઓને દેદીપ્યમાન્ અગ્ની જેવો છે; તેથી તેમાં વિદ્વાનોએ લેશમાત્ર પણ પ્રમાદ કરવો યુક્ત નથી; કેમકે રાત્રિએ ઉલ્લંઘન કરવાને યોગ્ય એવા મરૂદેશમાં અજ્ઞાની એવો પણ કોણ પ્રમાદ કરે ? અનેક જીવાયોનિ રૂપ આવર્ત્તવડે આકુળ એવા સંસાર-સમુદ્રમાં અટન કરતાં જંતુઓને ઉત્તમ રત્નની પેઠે આ મનુષ્ય-જન્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. દોહદ પૂરવાથી જેમ વૃક્ષ ફળયુક્ત થાય તેમ પરલોકનું સાધન કરવાથી પ્રાણીઓનો મનુષ્યજન્મ સફલ થાય છે. આ સંસારમાં શઠ લોકોની વાણી પેઠે પ્રથમ મધુર



અને પરિણામે અત્યંત-દારૂણ-વિષયો વિશ્વને ઠગનારા છે. ઘણી ઉંચાઇનો અંત જેમ પડવામાં છે તેમ સંસારની અંદર વર્તતા સર્વ પદાર્થોના સંયોગનો અંત વિયોગમાં છે. જાણે પરસ્પર સ્પર્ધાથી હોય તેમ આ સંસારમાં પ્રાણીઓને આયુષ, ધન અને યૌવન-એ સર્વે નાશવંત અને જવાની ત્વરાવાળા છે. મરૂદેશમાં જેમ સ્વાદિષ્ટ જળ ન હોય તેમ આ સંસારની ચારે ગતિમાં કદાપિ સુખનો લેશ પણ નથી. ક્ષેત્રદોષથી દુઃખ પામતા અને પરમાધાર્મિકોએ ક્લેશ પમાડેલા નારકીઓને તો કયાંથી જ સુખ હોય ? શીત, વાત, આતપ અને જળથી તેમજ વધ, બંધન અને ક્ષુધા વિગેરેથી વિવિધ પ્રકારે પીડા પામતા તિર્યંચોને પણ પણ શું સુખ છે ? ગર્ભવાસ, વ્યાધિ, જરા, દારિદ્ર અને મૃત્યુથી થતા દુઃખવડે આલિંગિત થયેલા મનુષ્યોને પણ કયાં સુખ છે ? પરસ્પર મત્સર, અમર્ષ, કલહ તથા ચ્યવન વિગેરે દુઃખોથી દેવતાઓને પણ સુખનો લેશ નથી; તથાપિ જળ જેમ નીચી જમીન તરફ જાય છે તેમ પ્રાણીઓ અજ્ઞાનથી વારંવાર આ સંસારની તરફ જ ચાલે છે. માટે હે ચેતના ( જ્ઞાન ) વાળા ભવિજનો ! દુધવડે સર્પનું પોષણ કરવાની પેઠે તમે પોતાના મનુષ્યજન્મવડે સંસારનું પોષણ કરશો નહીં. હે વિવેકીઓ ! આ સંસારનિવાસથી ઉત્પન્ન થતાં અનેક દુઃખો વિચારીને સર્વ પ્રકારે મોક્ષને માટે યત્ન કરો. નરકના દુઃખ જેવું ગર્ભવાસનું દુઃખ સંસારની પેઠે કયારે પણ મોક્ષમાં પ્રાપ્ત થતું નથી. કુંભીના મધ્યમાંથી આકર્ષણ કરાતા નારકીના જીવોની પીડા જેવી પ્રસવવેદના મોક્ષમાં કયારે પણ પ્રાપ્ત થતી નથી. બહાર અને અંદર નાંખેલા શલ્ય જેવા અને પીડાના કારણરૂપ એવા આધિ વ્યાધિઓ ત્યાં નથી. યમરાજની અગ્ર દૂતી, સર્વ પ્રકારના તેજને ચોરનારી તથા પરાધીનપણાને ઉત્પન્ન કરનારી જરા પણ સર્વથા

ત્યાં નથી; અને નારકી તિર્યંચ મનુષ્ય તથા દેવતાઓની પેઠે ફરીથી ભવભ્રમણના કારણરૂપ એવું મરણ પણ મોક્ષમાં નથી. ત્યાં તો મહા આનંદ, અદ્વૈત અને અવ્યય સુખ, શાશ્વત સ્થિતિ અને કેવળજ્ઞાનરૂપ સૂર્યવડે અખંડ જ્યોતિ છે. હમેશાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ ઉજ્વળ રત્નોનું પાલન કરનારા પુરૂષો જ એ મોક્ષને મેળવી શકે છે. તેમાં જીવાદિ તત્ત્વનો સંક્ષેપથી અથવા વિસ્તારથી યથાર્થ અવબોધ તે સમ્યક જ્ઞાન જાણવું. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એવા અન્વય સહિત ભેદોથી તે જ્ઞાન પાંચ પ્રકારનું છે. તેમાં અવગ્રહાદિક ભેદોવાળું તથા બીજા બહુગ્રાહી, અબહુગ્રાહી ભેદોવાળું અને જે ઇંદ્રિય અનિંદ્રિયથી ઉત્પન્ન થાય તે મતિજ્ઞાન જાણવું. પૂર્વ, અંગ, ઉપાંગ અને પ્રકીર્ણક સૂત્રો–ગ્રંથોથી બહુ પ્રકારે વિસ્તાર પામેલું અને સ્યાત્ શબ્દવડે લાંછિત એવું શ્રુતજ્ઞાન અનેક પ્રકારે જાણવું. દેવતા અને નારકી જીવોને જે જ્ઞાન ભવસંબંધથી ઉત્પન્ન થાય છે તે અવધિજ્ઞાન કહેવાય છે. એ ક્ષયઉપશમ લક્ષણવાળું છે અને મનુષ્ય તિર્યંચ આશ્રી તેના મુખ્ય છ ભેદ છે. મનઃપર્યાય જ્ઞાન ઋજુમતી અને વિપુલમતી એવા બે પ્રકારનું છે, તેમાં વિપુલમતીનું વિશુદ્ધિ અને અપ્રતિપાતપણાવડે વિશેષપણું જાણી લેવું. સમસ્ત દ્રવ્ય પર્યાયના વિષયવાળું વિશ્વલોચન સમાન, અનંત, એક અને ઇંદ્રિયોના વિષય વિનાનું જ્ઞાન તે કેવળજ્ઞાન કહેવાય છે.

શાસ્રોક્ત તત્ત્વમાં રૂચિ તે સમ્યક્ શ્રદ્ધા કહેવાય છે. તે શ્રદ્ધા (સમકિત) સ્વભાવથી અને ગુરૂના ઉપદેશથી એમ બે પ્રકારે પ્રાપ્ત થાય છે. આ અનાદિ અનંત સંસારના આવર્ત્તમાં વર્તતા પ્રાણીઓને જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની અને અંતરાય નામના કર્મોની ઉત્કૃષ્ઠ સ્થિતિ ત્રીશ કોટાનુકોટી સાગરોપમની છે. ગોત્ર અને નામકર્મની સ્થિતિ વીશ કોટાનુકોટી સાગરોપમની છે અને મોહ-



નીય કર્મની સ્થિતિ સિત્તેર કોટાનુકોટી સાગરોપમની છે. અનુક્રમે ફળના અનુભવથી તે સર્વ કર્મો પર્વતમાંથી નીકળેલી નદીમાં અથડાતો અથડાતો પથ્થર ગોળ થઇ જાય તે ન્યાયવત્ પોતાની મેળે ક્ષય પામે છે. એ પ્રમાણે ક્ષય થતા કર્મની અનુક્રમે ઓગણ-ત્રીશ, ઓગણીશ અને ઓગણોત્તેર કોટાનુકોટી સાગરોપમ સુધીની સ્થિતિ ક્ષય પામે અને દેશેઉણી ( કાંઇક ઓછી ) એક કોટીનુકોટી સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યારે પ્રાણી યથાપ્રવૃત્તિ કરણવડે ગ્રંથીદેશને પ્રાપ્ત થાય છે. રાગદ્વેષના દુઃખે ભેદી શકાય એવા પરિણામ તે ગ્રંથી કહેવાય છે. તે કાષ્ટની ગાંઠ જેવી દુરૂચ્છેદ અને ઘણીજ દઢ હોય છે. કીનારા સમીપે આવેલું વાયુપ્રેરિત વહાણ જેમ સમુદ્રમાં પાછું જતું રહે તેમ રાગાદિકે પ્રેરેલા કેટલા-એક જીવો ગ્રંથીને ભેદ્યા વિનાજ ગ્રંથી સમીપથી પાછા ફરે છે. કેટલાએક પ્રાણીઓ માર્ગમાં સ્ખલના પામેલા સરિતાના જળની પેઠે કોઇ પ્રકારના પરિણામવિશેષથી ત્યાંજ વિરામ પામે છે. કોઇ પ્રાણીઓ જેમનું ભવિષ્યમાં ભદ્ર થવાનું હોય છે તેઓ અપૂર્વકરણ-વડે પોતાનું વીર્ય પ્રગટ કરીને મ્હોટા માર્ગને ઉલ્લંઘન કરનારા પાંથ લોકો જેમ ઘાટની ભૂમિનું ઉલ્લંઘન કરે તેમ તે દુર્લંધ્ય ગ્રંથીને તત્કાળ ભેદી નાંખે છે. પછી કેટલાએક ચારે ગતિવાળા પ્રાણીઓ અનિવૃત્તિકરણવડે અંતરકરણ કરીને મિથ્યાત્વને વિરલ કરી અંતર્મુહૂર્ત માત્ર સમ્યક દર્શનને પામે છે. તે નૈસર્ગિક ( સ્વાભાવિક ) સમ્યક શ્રદ્ધાન કહેવાય છે. ગુરૂના ઉપદેશના આલંબનથી ભવ્ય પ્રાણીઓને જે સમકિત ઉત્પન્ન થાય છે તે ગુરૂના અધિગમથી થયેલું સમકિત કહેવાય છે.

સમકિતના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક એવા પાંચ પ્રકાર છે. જેની કર્મગ્રંથી ભેદ પામેલી છે એવા પ્રાણીને જે સમકિતનો લાભ પ્રથમ અંતર્મુહૂર્ત્ત માત્ર થાય છે તે

ઔપશમિક સમકિત કહેવાય છે, તેમજ ઉપશમ શ્રેણિના યોગથી જેનો મોહ શાંત થયો હોય એવા દેહીને મોહના ઉપશમથી ઉત્પન્ન થાય તે પણ ઔપશમિક સમકિત કહેવાય છે. સમ્યકભાવનો ત્યાગ કરીને મિથ્યાત્વની સન્મુખ થયેલા પ્રાણીને અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં, ઉત્કર્ષથી છ આવળી પર્યંત અને જઘન્યથી એક સમય સમકિતના પરિણામ રહે તે સાસ્વાદાન સમકિત કહેવાય છે. મિથ્યાત્વ મોહનીનો ક્ષય અને ઉપશમ થવાથી ઉત્પન્ન થયેલું ત્રીજુ ક્ષયોપશમિક સમકિત કહેવાય છે; તે સમકિત મોહનીના ઉદય પરિણામવાળા પ્રાણીને થાય છે. વેદક નામનું ચોથું સમકિત–ક્ષપક ભાવને પ્રાપ્ત થયેલા, અનંતાનુબંધી કષાયની ચોકડી ક્ષય થયેલા, ક્ષાયક સમકિતની સન્મુખ થયેલા મિથ્યાત્વ મોહની અને મિશ્ર મોહની સમ્યક પ્રકારે જેમની ક્ષય પામી છે એવા અને સમકિત મોહનીના છેલ્લા અંશને ભોગવનારા પ્રાણીને પ્રાપ્ત થાય છે. સાતે પ્રકૃતિને ક્ષીણ કરનારા અને શુભ ભાવવાળા પ્રાણીને ક્ષાયિક નામનું પાંચમું સમકિત પ્રાપ્ત થાય છે.

સમકિત દર્શન ગુણથી રોચક, દીપક અને કારક એવા નામથી ત્રણ પ્રકારનું છે. તેમાં શાસ્ત્રોક્ત તત્ત્વમાં હેતુ અને ઉદાહરણ વિના જે દૃઢ પ્રતીતિ ઉત્પન્ન થાય તે રોચક સમકિત, જે બીજાઓના સમકિમને પ્રદીપ્ત કરે તે દીપક સમકિત અને જે સંયમ તથા તપ વિગેરેને ઉત્પન્ન કરે તે કારક સમકિત કહેવાય છે. તે સમકિત શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણોથી સારી રીતે ઓળખાય છે. અનંતાનુબંધી કષાયનો ઉદય ન થાય તે શમ કહેવાય છે. અથવા સમ્યક પ્રકૃતિથી કષાયના પરિણામને જોવું તે પણ શમ કહેવાય છે. કર્મના પરિણામ અને સંસારતાની અસારતાને ચિંતવતા પુરૂષને વિષયોમાં જે વૈરાગ્ય થાય તે સંવેગ કહેવાય છે. સંવેગવાળા પુરૂષને ‘ સંસારવાસ કારાગૃહ છે અને



સ્વજન છે તે બંધન છે ’ એવો જે વિચાર થયા કરે તે નિર્વેદ કહેવાય છે. એકેંદ્રિય વિગેરે સર્વે પ્રાણીઓને સંસાર સાગરમાં ડુબવાથી થતા કલેશને જોઇ હૃદયમાં આર્દ્રતા, તેમના દુઃખથી દુઃખીપણું અને તે દુઃખ નિવારણના ઉપાયમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરવી તે અનુકંપા કહેવાય છે, બીજાં તત્ત્વો સાભળતાં છતાં પણ આર્હત્ તત્ત્વમાં આકાંક્ષા રહિત પ્રતિપત્તિ રહેવી તે આસ્તિકય કહેવાય છે. એવી રીતે સમ્યકદર્શન વર્ણવેલું છે. તેની ક્ષણવાર પણ પ્રાપ્તિ થતાં પૂર્વનું જે મતિઅજ્ઞાન હોય છે તે પરાભવ પામીને મતિજ્ઞાનપણાને પામે છે, શ્રુતઅજ્ઞાન પરાભવ પામીને શ્રુતજ્ઞાનપણું પામે છે અને વિભંગજ્ઞાન પરાભવ પામીને અવધિજ્ઞાનના ભાવને પામે છે.

સર્વ સાવદ્યયોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે. તે અહિંસાદિક વ્રતના ભેદથી પાંચ પ્રકારે કહેલ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો પાંચ પાંચ ભાવનાઓ યુક્ત થવાથી મોક્ષને અર્થે થાય છે. પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર જીવોના જીવિતનો નાશ ન કરવો એ અહિંસા વ્રત કહેવાય છે. પ્રિય, હિતકારી અને સત્ય વચન બોલવું તે સુનૃત ( સત્ય ) વ્રત કહેવાય છે. અપ્રિય અને અહિતકારી સત્ય વચન પણ અસત્ય સમાન જાણવું. અદત્ત વસ્તુનું ગ્રહણ ન કરવું તે અસ્તેય વ્રત કહેવાય છે; કેમકે દ્રવ્ય એ માણસના બહિર પ્રાણ છે તેથી તે હરણ કરનાર પુરૂષ તેના પ્રાણને હરણ કરે છે એમ જાણવું. દિવ્ય ( વૈક્રિય ) અને ઔદારિક શરીરવડે અબ્રહ્મચર્ય સેવનનો–મન વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એ–ત્રણ પ્રકારે ત્યાગ કરવો તેને બ્રહ્મચર્ય વ્રત કહ્યું છે; તેના અઢાર ભેદ થાય છે. સર્વ પદાર્થો ઉપરથી મોહ ( મૂર્છા ) નો ત્યાગ કરવો તે અપરિગ્રહ વ્રત કહેવાય છે; કેમકે મોહથી અછતી વસ્તુમાં પણ

ચિત્તનો વિપ્લવ થાય છે. યતિધર્મમાં અનુરક્ત એવા યતીંદ્રોને આ પ્રમાણે સર્વથી ચારિત્ર કહ્યું છે અને ગૃહસ્થોને દેશથી ચારિત્ર કહ્યું છે.

સમકિતમૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્ર અને ચાર શિક્ષાવ્રત–એ પ્રમાણે ગૃહસ્થોના બાર વ્રત છે. બુદ્ધિવંત પુરૂષે પંગુ, કુષ્ટી અને કુણિત્વ વિગેરે હિંસાના ફળ જોઇ નિરપરાધી ત્રસ જંતુઓની હિંસા સંકલ્પથી છોડી દેવી. મન્મનપણું, કાહલપણું, મુંગાપણું અને મુખરોગ–એ અસત્યનાં ફળ જોઈ, કન્યા અલીક વિગેરે પાંચ મોટા અસત્ય છોડી દેવા; કન્યા, ગાય અને ભૂમિ સંબંધી અસત્ય, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી એ પાંચ સ્થૂલ (મોટા) અસત્ય કહેવાય છે. દુર્ભાગ્ય, કાસીદું, દાસત્ત્વ, અંગનો છેદ અને દરિદ્રતા એ અદત્તાદાન (ચોરી) ના ફળ જાણી સ્થૂલચૌર્યનો ત્યાગ કરવો; નપુંસકપણું અને ઈંદ્રિયનો છેદ એ અબ્રહ્મચર્યનાં ફળ જાણી, સદબુદ્ધિવંત પુરૂષે સ્વસ્ત્રીમાં સંતુષ્ટ થઇ પરસ્ત્રીનો ત્યાગ કરવો. અસંતોષ, અવિશ્વાસ, આરંભ અને દુઃખ–એ સર્વે પરિગ્રહની મૂર્છાના ફળ જાણી પરિગ્રહનું પ્રમાણ કરવું (એ પાંચ અણુવ્રત કહેવાય છે.) દશે દિશામાં નિર્ણય કરેલી સીમાનું ઉલ્લંઘન ન કરવું તે દિગ્વિરતિ નામે પ્રથમ ગુણવ્રત કહેવાય છે. જેમાં શક્તિપૂર્વક ભોગ ઉપભોગની સંખ્યા કરાય તે ભોગોપભોગ પ્રમાણ નામે બીજું ગુણવ્રત કહેવાય છે. આર્ત્ત રોદ્ર–એ બે અપધ્યાન, પાપ કર્મનો ઉપદેશ, હિંસક અધિકરણોનું આપવું તથા પ્રમાદાચરણ–એ ચાર પ્રકારે અનર્થદંડ કહેવાય છે; શરીરાદિ અર્થદંડના પ્રતિપક્ષીપણે રહેલ અનર્થદંડનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત કહેવાય છે. આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને તથા સાવદ્ય કર્મને છોડી દઇ મુહૂર્ત્ત (બે ઘડી) સુધી સમતા ધારણ કરવી તે સામાયિક વ્રત કહેવાય છે. દિવસ અને



રાત્રિ સંબંધી દિગવ્રતમાં પરિમાણ કરેલું હોય તેનું સંક્ષેપણ કરવું તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. ચાર પર્વણીને દિવસે ઉપવાસ વિગેરે તપ કરવું, સંસાર સંબંધી સર્વ વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને બીજી સ્નાનાદિક ક્રિયાનો ત્યાગ કરવો તે પૌષધવ્રત કહેવાય છે. અતિથિ (મુનિ)ને ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર અને સ્થાન (ઉપાશ્રય) નું દાન કરવું તે અતિથિ સંવિભાગ નામે વ્રત કહેવાય છે.

મોક્ષની પ્રાપ્તિને માટે યતિ અને શ્રાવકોએ સમ્યક એવા ત્રણ રત્નોની હંમેશાં ઉપાસના કરવી."

## ૬

# પુત્રોની સ્તુતિ અને પ્રભુની તેમને દેશના

પર્વ ૧લું, સર્ગ ૪થો, પાન ૧૭૨-૧૭૩

ઋષભદેવજીના તે (૯૮) પુત્રો અષ્ટાપદ પર્વત ઉપર સમવસરણની અંદર બીરાજેલા ઋષભસ્વામીની પાસે ગયા. ત્યાં પ્રથમ ત્રણ પ્રદક્ષિણા કરી પરમેશ્વરને તેમણે પ્રણામ કર્યા. પછી મસ્તકે અંજલિ જોડી તેઓ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"હે પ્રભુ! દેવતાઓ પણ તમારા ગુણોને જાણી શકતા નથી તો તમારી સ્તુતિ કરવાને બીજું કોણ સમર્થ થાય? તથાપિ બાળકના જેવી ચપળતાવાળા અમે તમારી સ્તુતિ કરીએ છીએ. જેઓ હમેશાં તમને નમસ્કાર કરે છે તેઓ તપસ્વીથી પણ અધિક છે અને જેઓ તમારી સેવા કરે છે તેઓ યોગીથી પણ અધિક છે. હે વિશ્વને પ્રકાશ કરનાર સૂર્ય! પ્રતિદિવસ નમસ્કાર કરનારા જે પુરૂષના મસ્તકમાં તમારા ચરણનખનાં કિરણો આભૂષણ રૂપ થાય છે તે પુરૂષોને ધન્ય છે! હે જગત્પતી! તમે કોઇનું કાંઇ પણ સામ કે બળથી ગ્રહણ કરતા નથી, તથાપિ તમે ત્રૈલોકયચક્રવર્તી છો. હે સ્વામિન્! સર્વ જળાશયોના જળમાં ચંદ્રના પ્રતિબિંબની જેમ તમે એક સર્વ જગતના ચિત્તમાં રહેલા છો. હે દેવ! તમારી સ્તુતિ કરનાર પુરુષ સર્વને સ્તુતિ કરવા યોગ્ય થાય છે, તમને પૂજનાર સર્વને પૂજવા યોગ્ય થાય છે અને તમને નમસ્કાર કરનાર સર્વને નમસ્કાર કરવા યોગ્ય થાય છે, તેથી તમારી ભકિત મોટા ફળવાળી કહેવાય છે. દુઃખરૂપી દાવાનલથી તપ્ત થયેલા જનોમાં તમે મેઘ સમાન છો અને મોહાંધકારથી મૂઢ થયેલા જનોને તમે દીપક



સમાન છો. માર્ગના છાયાવૃક્ષની જેમ રાંકના, સમર્થના, મૂર્ખના અને ગુણીજનના એકસરખા ઉપકારી છો." આ પ્રમાણે સ્તુતી કર્યા પછી ભ્રમરની પેઠે પ્રભુના ચરણકમળમાં પોતાની દૃષ્ટિ રાખી સર્વ એકઠા થઇ વિજ્ઞપ્તિ કરવા લાગ્યા-'હે સ્વામિન્! આપે અમને અને ભરતને યોગ્યતા પ્રમાણે જુદાજુદા દેશનાં રાજ્યો વહેંચી આપેલાં છે. અમે તો તે રાજ્યથી સંતુષ્ઠ થઇને રહીએ છીએ. કારણકે સ્વામીએ બતાવેલી મર્યાદા વિનયી લોકોને અનુલ્લંઘ્ય છે; પરંતુ હે ભગવન્! અમારા મોટા ભાઇ ભરત પોતાના રાજ્યથી અને હરણ કરેલાં બીજાનાં રાજ્યોથી પણ જળથી વડવાનળની જેમ હજી સંતોષ પામતા નથી. જેમ બીજા રાજાઓનાં રાજ્ય તેણે ખેંચી લીધાં તેમ અમારાં રાજ્યોને પણ ખુંચવી લેવાને તે ઇચ્છે છે. એ ભરત રાજા અપર રાજાઓની પેઠે અમારી પાસે પણ પોતાના દૂતો મોકલી આજ્ઞા કરે છે કે તમે રાજ્યને છોડી દો અથવા મારી સેવા કરો. હે પ્રભુ! પોતાને મોટો માનનારા ભરતનાં વચનમાત્રથી અમે નપુંસકની પેઠે તાતે આપેલા રાજ્યને કેમ છોડી દઇએ? તેમજ અધિક ઋદ્ધિમાં ઇચ્છારહિત એવા અમે તેની સેવા પણ કેમ કરીએ? જે અતૃપ્ત માણસ હોય તે જ માનને નાશ કરનારી પરસેવા અંગીકાર કરે છે. રાજ્ય છોડવું નહીં અને સેવા કરવી નહીં ત્યારે યુદ્ધ કરવું એ સ્વતઃ સિદ્ધ થાય છે; તથાપિ આપને પૂછયા શિવાય અમે કાંઇ પણ કરવાને સમર્થ નથી.'

પુત્રોની આવી વિજ્ઞપ્તિ સાંભળી જેમના નિર્મળ કેવળજ્ઞાનમાં સર્વ જગત સંક્રાંત થયેલું છે એવા કૃપાળુ ભગવાન્ આદીશ્વરે તેઓને આ પ્રમાણે આજ્ઞા કરી-"હે વત્સો! પુરૂષવ્રતધારી વીર પુરૂષોએ તો અત્યંત દ્રોહ કરનારા વૈરીવર્ગની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. રાગ, દ્વેષ, મોહ અને કષાયો જીવોને સેંકડો

જન્માંતરમાં પણ અનર્થ આપનારા શત્રુઓ છે. રાગ સદ્‌ગતિએ જવામાં લોઢાની શૃંખલા સમાન બંધનકારક છે, દ્વેષ નરકાવાસમાં નિવાસ કરાવવાને બળવાન્ જમાન રૂપ છે, મોહ સંસારસમુદ્રની ઘુમરીમાં નાખવાને પ્રતિજ્ઞા રૂપ છે, અને કષાય અગ્નિની પેઠે પોતાના આશ્રિત જનોનું જ દહન કરે છે; તે માટે અવિનાશી ઉપાય રૂપ અસ્ત્રોથી નિરંતર યુદ્ધ કરીને પુરૂષોએ તે વૈરીને જીતવા અને સત્યશરણભૂત ધર્મની સેવા કરવી, જેથી શાશ્વત આનંદ-મય પદની પ્રાપ્તિ સુલભ થાય. આ રાજ્યલક્ષ્મી અનેક યોનિમાં પાડનારી, અતિ પીડા આપનારી; અભિમાનરૂપ ફળવાળી અને નાશવંત છે. હે પુત્રો ! પૂર્વે સ્વર્ગના સુખથી પણ તમારી તૃષ્ણા પૂરી થઇ નથી તો કોયલા કરનારાની પેઠે મનુષ્ય સંબંધી ભોગથી તો તે કેમ જ પૂરી થાય ! અંગારા કરનારનો સંબંધ આ પ્રમાણે–

કોઇ અંગારા કરનાર પુરૂષ જળની મસક લઇને નિર્જળ અરણ્યમાં અંગારા કરવાને માટે ગયો. ત્યાં મધ્યાહ્નના અને અંગારાના તાપથી ઉત્પન્ન થયેલી તૃષાથી તે આક્રાંત થયો, તેથી સાથે લાવેલી મસકનું સર્વ જળ પી ગયો; તોપણ તેની તૃષા શાંત થઇ નહીં એટલે તે સુઇ ગયો. સ્વપ્નમાં જાણે તે ઘેર ગયો અને ઘરની અંદર રહેલા કલશ, ગોળા અને ગાગર વિગેરેનું સર્વ જળ પી ગયો, તથાપિ અગ્નિને તેલની પેઠે તેની તૃષા શાંત થઇ નહીં એટલે તેણે વાવ, કૂવા અને સરોવરનું જળ પીને શોષણ કર્યું; તેવીજ રીતે સરિતા અને સમુદ્રનું જળપાન કરી તેનું પણ શોષણ કર્યું, તોપણ નારકીના જીવોની તૃષાવેદનાની પેઠે તેની તૃષા ત્રુટી નહીં. પછી મરૂદેશના (મારવાડ)ના કૂપમાં જઇને રજ્જુથી દર્ભનો પુળો બાંધી જળને માટે તેમાં નાંખ્યો; આર્ત્ત માણસ શું ન કરે ?



કુવામાં જળ બહુ ઉંડું હતું તેથી દર્ભનો પુળો કુવામાંથી કાઢતાં મધ્યમાંજ જળ ઝમી ગયું; તોપણ ભિક્ષુક તેલનું પોતું નીચોવીને પણ ખાય તેની પેઠે તે તેને નીચોવીને પણ પીવા લાગ્યો; પણ જે તૃષા સમુદ્રના જળથી પણ ત્રુટી નહીં તે પુળાના નીચોવેલા જળથી કેમ ત્રુટે ?

તે પ્રમાણે તમારી પણ સ્વર્ગના સુખથી નહીં છિન્ન થયેલી તૃષ્ણા રાજ્યલક્ષ્મીથી કેમ છેદાશે ? માટે હે વત્સો ! વિવેકી એવા તમોએ અમંદ આનંદના ઝરા રૂપ અને મોક્ષપ્રાપ્તિનું કારણ એવું સંયમ રૂપી રાજ્ય ગ્રહણ કરવું ઘટે છે. ”

## ૭

# ઇંદ્ર તથા ભરત ચક્રીએ કરેલી પ્રભુની સ્તુતિ

[ પર્વ ૧લું, સર્ગ ૬ઠ્ઠો, પાન ૨૨૦-૨૨૧ ]

પોતાનાં વિમાનોના સમૂહથી ગગનને આચ્છાદન કરતા ઇંદ્ર ત્યાં સત્વર આવ્યા અને ઉત્તર દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી, સ્વામીને ત્રણ પ્રદક્ષિણા દઇ નમસ્કાર કરી ભક્તિવાન્ ઇંદ્ર આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાઃ—

હે ભગવન ! જો કે ઉત્તમ યોગીઓથી પણ આપના ગુણો સર્વ પ્રકારે જાણવા અશક્ય છે, તો સ્તુતિ કરવાને યોગ્ય એવા તે આપના ગુણો ક્યાં અને નિત્ય પ્રમાદી એવો હું સ્તોતા ક્યાં ? તથાપિ હે નાથ ! હું યથાશક્તિ તમારા ગુણોને સ્તવીશ; શું લંગડો મનુષ્ય દીર્ઘ માર્ગે ચાલે તો તેને કોઇ નિવારે ? હે પ્રભુ ! આ સંસારરૂપી આતપના ક્લેશથી પરવશ થયેલા પ્રાણીઓને જેના ચરણની છાયા છત્રની છાયાનું આચરણ કરે છે એવા આપ અમારી રક્ષા કરો. હે નાથ ! સૂર્ય જેમ પરોપકારને માટે પ્રકાશે છે તેમ ફક્ત લોકને માટે જ વિહાર કરતા એવા આપ કૃતાર્થ છો. મધ્યાહ્નના સૂર્યની જેમ આપ પ્રભુ પ્રગટ થયે દેહની છાયાની પેઠે પ્રાણીઓનાં કર્મ ચોતરફથી સંકોચ પામી જાય છે; જેઓ હમેશાં તમને જુએ છે તે તિર્યંચોને પણ ધન્ય છે અને જે તમારા દર્શનથી શૂન્ય છે તે સ્વર્ગમાં રહેલ હોય તોપણ અધન્ય છે. હે ત્રિજગત્પતિ ! જેઓના હૃદયરૂપી ચૈત્યમાં તમે એક અધિદેવતા રહેલા છો તે ભવિકજનો ઉત્કૃષ્ટમાં પણ ઉત્કૃષ્ટ છે. હું આપની પાસે એક જ પ્રાર્થના કરૂં છું કે ગામેગામ અને નગરેનગર વિહાર કરતા આપ કદાપિ મારા હૃદયને છોડશો નહીં.”



સંયમ લેવાની ઇચ્છાવાળો પુરૂષ જેમ ગૃહસ્થ ધર્મથી ઉતરીને ઉંચા ચારિત્ર ધર્મ ઉપર આરૂઢ થાય, તેમ મહાગજ ઉપરથી ઉતરીને મહારાજા એ મહાગિરિ ઉપર ચડયા. ઉત્તર દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો, એટલે આનંદરૂપ અંકુરને ઉત્પન્ન કરવામાં મેઘ સમાન પ્રભુ તેમના જોવામાં આવ્યા. પ્રભુને ત્રણવાર પ્રદક્ષિણા કરી, તેમના ચરણમાં નમન કરી, મસ્તકે અંજલિ જોડી ભરતે આ પ્રમાણે સ્તુતિ કરી—“ હે પ્રભુ ! મારા જેવાએ તમારી સ્તુતિ કરવી તે કુંભથી સમુદ્રનું પાન કરવા જેવું છે; તથાપિ હું તમારી સ્તુતિ કરીશ, કેમકે હું ભક્તિથી નિરંકુશ છું. હે પ્રભો ! દીપકના સંપર્કથી જેમ વાટો પણ દીપકપણાને પામે છે, તેમ તમારા આશ્રિત ભવિજનો તમારી તુલ્ય થાય છે. હે સ્વામિન્ ! મદ પામેલા ઇંદ્રિયરૂપી હસ્તીંદ્રોને નિર્મદ કરવામાં ઔષધરૂપ અને માર્ગને બતાવનાર તમારૂં શાસન વિજય પામે છે. હે ત્રિભુવનેશ્વર ! તમે ચાર ઘાતિકર્મને હણીને બાકીનાં ચાર કર્મની જે ઉપેક્ષા કરો છો, તે લોકકલ્યાણને માટે જ કરો છો એમ હું માનું છું. હે પ્રભુ ! ગરૂડની પાંખમાં રહેલા પુરૂષો જેમ સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, તેમ તમારા ચરણમાં લગ્ન થયેલા ભવ્યજનો આ સંસારસમુદ્રનું ઉલ્લંઘન કરે છે. હે નાથ ! અનંત કલ્યાણરૂપ વૃક્ષને ઉલ્લસિત કરવામાં દોહદરૂપ અને વિશ્વની મોહરૂપી મહાનિદ્રામાં પ્રાતઃકાળ સમાન તમારૂં દર્શન જયવંત વર્તે છે. તમારા ચરણકમલના સ્પર્શથી પ્રાણીઓનાં કર્મ વિદારણ થઇ જાય છે, કેમકે ચંદ્રનાં મૃદુ કિરણોથી પણ હાથીના દાંત ફુટે છે. મેઘની વૃષ્ટિની જેમ અને ચંદ્રની ચંદ્રિકાની જેમ હે જગન્નાથ ! તમારો પ્રસાદ સર્વને સરખો જ છે. ”

૮

# વિમલવાહન રાજાની વૈરાગ્યભાવના

[ પર્વ ૨જું, સર્ગ ૧લો, પાન ૨૫૨–૨૫૪ ]

સુસ્તીમા નામે નગરીમાં ચંદ્રની પેઠે નિર્મળ ગુણરૂપી કિરણોથી વિમળાત્મા એવો વિમલવાહન નામે રાજા હતો. પોષણ કરતો, પાલન કરતો, વૃદ્ધિ પમાડતો અને ગુણોમાં જોડતો તે વત્સલ રાજા પોતાની પ્રજાને અપત્યની પેઠે પાળતો હતો. તે ન્યાયવંત રાજા પોતાથી થયેલા અન્યાયને પણ સહન કરતો નહીં. કારણકે નિપુણ લોકો પોતાના અંગમાં થયેલા વ્રણની પણ ચિકિત્સા કરે છે. એ મહાપરાક્રમી રાજા પવન જેમ વૃક્ષોને નમાવે તેમ ચારે તરફના રાજાઓનાં મસ્તકને લીલામાત્રમાં નમાવતો હતો. મહાત્મા તપોધન જેમ નાના પ્રકારના પ્રાણીવર્ગનું પાલન કરે તેમ પરસ્પર અબાધિતપણે તે ત્રિવર્ગનું પાલન કરતો હતો. વૃક્ષો જેમ ઉપવનને શોભાવે તેમ ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય અને ક્ષાંતિ વિગેરે ગુણો તેને પરસ્પર શોભાવતા હતા. સૌભાગ્યધુરંધર અને પ્રસરતા એવા તેના ગુણો ચિરકાળે આવેલા મિત્રની પેઠે સર્વના કંઠમાં લગ્ન થતા હતા. પવનની ગતિની પેઠે તે પરાક્રમી નૃપતિનું શાસન, પર્વત, અરણ્ય અને દુર્ગાદિ પ્રદેશમાં પણ સ્ખલના પામતું નહોતું. સર્વ દિશાઓને આક્રાંત કરી જેનું પ્રચંડ તેજ પ્રસરતું છે એવા તે રાજાના ચરણ સૂર્યની પેઠે સર્વ રાજાઓનાં મસ્તક ઉપર અથડાતા હતા. જેમ તે મહામતિ રાજાના સર્વજ્ઞ ભગવાન્ એક સ્વામી હતા તેમ તે સર્વ રાજાઓનો એક સ્વામી હતો. ઇંદ્રની પેઠે શત્રુઓના બળનો નાશ કરનાર–એક પરાક્રમવાળો તે રાજા નમ્ર થઈ સાધુ પુરૂષોનેજ



મસ્તક નમાવતો હતો. તે વિવેકી રાજાની શક્તિ જેમ બહારના શત્રુઓને જીતવામાં અતુલ હતી તેમ અભ્યંતર શત્રુ કામક્રોધાદિકને જીતવામાં પણ અતુલ હતી. પોતાના બળથી, જેવી રીતે ઉન્માર્ગગામી અને દુર્મદ એવા હાથી ઘોડા વિગેરેને તે દમતો હતો, તેવી રીતે ઉન્માર્ગગામી ઇંદ્રિયગણને પણ તે દમતો હતો. પાત્રમાં આપેલું દાન છીપમાં પડેલા મેઘજળની પેઠે બહુ ફળદાયક થાય છે એમ ધારી તે દાનશીલ રાજા યથાવિધિ પાત્રમાંજ દાન આપતો હતો. જાણે પરપુરમાં પ્રવેશ કરતો હોય તેમ તે ધર્મવિત્ રાજા સર્વ ઠેકાણે પ્રજાવર્ગને ધર્મમાર્ગમાંજ પ્રવર્ત્તાવતો હતો. ચંદનવૃક્ષો જેમ મલયાચલની પૃથ્વીને વાસિત કરે તેમ તેણે પોતાના પવિત્ર ચારિત્રથી સર્વ જગત્ને સુવાસિત કર્યું હતું. શત્રુઓના જયથી, પીડિત જંતુઓના રક્ષણથી અને યાચકોને પ્રસન્ન કરવાથી તે રાજા યુદ્ધવીર, દયાવીર અને દાનવીર કહેવાતો હતો. એવી રીતે રાજધર્મમાં રહી, સ્થિર બુદ્ધિ રાખીને અને પ્રમાદને છોડીને સર્પરાજ જેમ અમૃતની રક્ષા કરે તેમ તે પૃથ્વીની રક્ષા કરતો હતો.

કાર્યાકાર્યને જાણનાર અને સારાસારને શોધનાર તે રાજાને એક દિવસ આ પ્રમાણે સંસારના વૈરાગ્યની વાસના ઉત્પન્ન થઇ–"અહો ! લાખો યોનિરૂપી મહા ઘુમરીઓમાં પડવાના કલેશથી ભયંકર એવા આ સંસારરૂપી સમુદ્રને ધિક્કાર છે ! ઇંદ્રજાળ અને સ્વપ્નજાળની પેઠે આ સંસારને વિષે, ક્ષણવાર જોવામાં આવતા અને ક્ષણવારમાં નાશ પામતા એવા પદાર્થોથી સર્વ જંતુઓ મોહ પામે છે એ કેવી ખેદકારક વાત છે ! યૌવન પવને કંપાવેલા પતાકાના છેડાની પેઠે ચંચળ છે, અને આયુષ્ય કુશાગ્ર ઉપર રહેલા જળબિંદુની પેઠે ચલાચલ ( નાશવંત ) છે. એ આયુષ્યનો કેટલોક ભાગ ગર્ભાવાસની અંદર નરકાવાસની પેઠે અત્યંત દુઃખે કરીને

વ્યતીત થાય છે, અને તે સ્થિતિના મહિનાઓ પલ્યોપમની જેવડા થઇ પડે છે. જન્મ્યા પછી બાળવયમાં આયુષ્યનો કેટલોક ભાગ અંધની પેઠે પરાધીનપણામાંજ ચાલ્યો જાય છે; યૌવન વયમાં ઇંદ્રિયાર્થને આનંદ આપનારા સ્વાદિષ્ટ રસના સ્વાદમાંજ આયુષ્યનો કેટલોક ભાગ ઉન્મત્ત માણસની પેઠે વ્યર્થ જાય છે; અને વૃદ્ધાવસ્થામાં ત્રિવર્ગ સાધવામાં અશક્ત થયેલા શરીરવાળા પ્રાણીનું અવશેષ રહેલું આયુષ સુતેલા માણસની પેઠે ફોકટ જાય છે. જેમ વિષયના સ્વાદથી લંપટ થયેલો પુરૂષ રોગીની પેઠે રોગને માટેજ કલ્પાય છે તેમ આવી રીતે જાણતાં છતાં પણ સંસારી જીવો સંસારમાં પરિભ્રમણ કરવાને માટેજ ચેષ્ટા કરે છે. યૌવનમાં વિષયને માટે જેવી રીતે પ્રાણી પ્રયત્ન કરે છે તેવી રીતે જો મુક્તિને માટે પ્રયત્ન કરે તો શું ન્યૂન રહે! અહો! કરોળીઓ જેમ પોતાનીજ લાળના તંતુજાળમાં વીંટાઇ જાય છે તેમ પ્રાણી પણ પોતાનાજ કરેલા કર્મના પાશથી વીંટાઇ જાય છે. સમુદ્ર મધ્યે યુગશમિલાપ્રવેશન્યાય (સ્વંભૂરમણ સમુદ્રની અંદર પ્રથક પ્રથક દિશાએ બહુ અંતરે એક ધોંસરૂં અને તેમાં નાખવાની ખીલીઓ જુદી જુદી નાખી હોય તે દૈવયોગે અથડાતી અથડાતી ઘણે કાળે કદી ભેગી થાય અને ધોંસરાની અંદર સ્વયંમેવ ખીલીઓ પણ પરોવાઇ જાય એ ન્યાય)ની પેઠે પ્રાણી પુણ્યના યોગે ઘણી મહેનતે મનુષ્યજન્મ મેળવે છે. તેમાં પણ આર્યદેશમાં જન્મ, સારા કુળની પ્રાપ્તિ અને ગુરૂકુળસેવા એવી દુષ્કર સામગ્રી પામ્યા છતાં પણ જે પ્રાણી પોતાના કલ્યાણને માટે યત્ન કરતો નથી તે તૈયાર રસોઇ મળ્યા છતાં ભૂખ્યા બેસી રહેનાર માણસ જેવો છે. ઊર્ધ્વગતિ (સ્વર્ગાદિ) અને અધોગતિ (નર્કાદિ) બંને પોતાને આધીન છે, તોપણ જડબુદ્ધિ પ્રાણી જળની પેઠે અધોમુખેજ દોડે છે. 'હું સમય આવશે એટલે સ્વાર્થને સાધીશ' એવો વિચાર



રાખીને ધર્મકાર્યથી દૂર રહેનારાઓને ધર્મકાર્ય કર્યા અગાઉજ વગડામાં તસ્કરની પેઠે યમદૂતો આવીને લઇ જાય છે. પાપ કરીને જેઓનું પોષણ કરેલું એવા સર્વ સ્વજનોના જોતા છતાં પણ કાળ, રાંક જેવા રક્ષણરહિત જંતુને અકસ્માત્ આવીને લઇ જાય છે. ત્યાંથી નરકગતિને પ્રાપ્ત થયેલો પ્રાણી ત્યાં અનંત વેદના ભોગવે છે, કારણકે માણસને ઋણની માફક કર્મ પણ જન્માંતરમાં સાથે દોડનારાં છે. આ મારી માતા, આ મારો પિતા, આ મારો ભ્રાતા અને આ મારો પુત્ર એવી જે મમતાબુદ્ધિ છે તે મિથ્યા છે; કારણ કે આ શરીર પણ પોતાનું નથી. જુદા જુદા સ્થાન (ગતિ) થી આવેલા એવા એ માતાપિતાદિકની સ્થિતિ, વૃક્ષ પર આવી રહેલા પક્ષીની પેઠે એક ઠેકાણે થયેલી છે; ત્યાંથી તેઓ, રાત્રે એક ઠેકાણે રહેલા વટેમાર્ગુઓ જેમ સવારે જુદા જુદા સ્થાન તરફ ચાલ્યા જાય છે તેમ જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય છે. પાણીના રેંટની માફક આ સંસારમાં જાઆવ કરતાં પ્રાણીઓને પોતાનો કે પારકો કોઇ નથી; માટે ત્યાગ કરવાને યોગ્યજ જે કુટુંબાદિક તેનો પ્રથમથીજ ત્યાગ કરવો અને સ્વાર્થને માટે યત્ન કરવો. કારણ કે સ્વાર્થભ્રષ્ટ થવું તેજ મૂર્ખતા કહેવાય છે. નિર્વાણ (મોક્ષ) લક્ષણવાળો એ સ્વાર્થ એકાંત અનેક સુખ આપનાર છે, અને તે મૂલોત્તરગુણવડે (મોક્ષપ્રાપ્તિને પક્ષે મૂળગુણ પંચ મહાવ્રતાદિ અને ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ વિગેરે. સૂર્યકિરણની વૃદ્ધિને પક્ષે મૂળ અને ઉત્તરા નક્ષત્ર) કરીને સૂર્યનાં કિરણોની જેમ પ્રગટ થાય છે."

## ૯

# અરિંદમાચાર્યના વૈરાગ્યનું કારણ

(પર્વ ૨જું, સર્ગ ૧લો, પાન ૨૫૪–૨૫૭)

આવી રીતે રાજા ચિંતવતો હતો તેવામાં ચિંતામણિની જેમ શ્રીમાન્ અરિંદમ નામના સૂરિમહારાજા ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તેમના આગમનની વાર્તા સાંભળીને જાણે અમૃતનો કોગળો પીધો હોય તેમ રાજા હર્ષ પામ્યો. તત્કાળ મયૂરપત્રનાં છત્રોથી જાણે આકાશને મેઘ સહિત કરતો હોય તેમ તે સૂરિમહારાજાને વાંદવા ચાલ્યો. જાણે લક્ષ્મીદેવીનાં બે કટાક્ષો હોય તેવા બે ચામરો તેની બંને તરફ ઢોળાવા લાગ્યા. સુવર્ણના કવચવાળા હોવાથી જાણે સુવર્ણની પાંખોવાળાં પક્ષીઓ હોય તેવા અને ગતિવડે પવનને જીતનારા વેગવંત ઘોડાઓથી તે સર્વ દિશાઓને રૂંધવા લાગ્યો. જાણે અંજનાચલનાં જંગમ શિખરો હોય તેવા મોટા હાથીઓના ભારથી પૃથ્વીતળને તે નમાવવા લાગ્યો. પોતાના સ્વામીના મનને જાણવાથી જાણે તેઓને મનઃપર્યવજ્ઞાન થયું હોય તેવા સામંત રાજાઓએ ભક્તિવડે તેને પરિવારિત કર્યો. બંદિલોકોના કોલાહલની જાણે સ્પર્ધા કરતા હોય તેવા આકાશમાં પ્રસરતા મંગળ તૂર્યના શબ્દો દૂરથી જ તેનું આગમન સૂચવવા લાગ્યા. હાથીણી ઉપર બેઠેલી શૃંગાર રસની નાયિકારૂપ હજારો વારાંગનાઓથી તે પરિવારિત થયો. હસ્તી ઉપર બેસીને એવી રીતે પ્રયાણ કરતો તે રાજા, વૃક્ષોના સ્થાનરૂપ નંદનવન સમાન તે ઉદ્યાન સમીપે આવ્યો. પછી રાજાઓમાં કુંજર સમાન રાજાએ હાથી ઉપરથી ઉતરીને સિંહ જેમ પર્વતની ગુફામાં પ્રવેશ કરે તેમ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો, અને આચાર્ય મહારાજાને જોયા.



તે આત્મારામ મહામુનિ વજ્રના બખ્તરની પેઠે કામદેવના બાણથી અભેદ્ય, રાગરૂપી રોગમાં ઔષધ સમાન, દ્વેષરૂપી શત્રુમાં દ્વિષંતપ, (શત્રુઓને તપાવનાર) ક્રોધરૂપી અગ્નિમાં નવીન મેઘ સમાન, માનરૂપી વૃક્ષમાં ગજ સમાન, માયારૂપી સર્પિણીમાં ગરૂડ સમાન, લોભરૂપી પર્વતમાં વજ્ર સમાન, મોહરૂપી અંધકારમાં સૂર્ય સમાન, તપરૂપી અગ્નીમાં અરણી સમાન, ક્ષમારૂપી સર્વસ્વના પૃથ્વી સમાન અને બોધિબીજરૂપી જળની એક નીક સમાન હતા. તેમની ચોતરફ સાધુઓનો સમુદાય બેઠેલો હતો; તેમાંના કોઇ ઉત્કટિક આસને બેઠા હતા, કોઇ વીરાસન કરી બેઠેલા હતા, કોઇ વજ્રાસનને સેવતા હતા, કોઇ પદ્માસને બેઠેલા હતા, કોઇ ગોદોહીક આસનથી રહેલા હતા, કોઇ ભદ્રાસને રહ્યા હતા, કોઇ દંડાસન કરી બેઠા હતા, કોઇ વલ્ગુલિક આસન કરી રહ્યા હતા, કોઇ ક્રૌંચપક્ષીવત્ આસન કરી બેઠા હતા, કોઇ હંસાસન કરી રહ્યા હતા, કોઇ પર્યંકાસને બેઠા હતા, કોઇ ઉષ્ટ્રાસન કરી બેઠા હતા, કોઇ ગરૂડાસન કરી રહ્યા હતા, કોઇ કપાલીકરણ કરી બેઠા હતા, કોઇ આમ્રકુબ્જાસને રહ્યા હતા, કોઇ સ્વસ્તિકાસન ધારણ કરી બેઠા હતા, કોઈ દંડપદ્માસન કરી રહ્યા હતા; કોઈ સોપાશ્રય આસને રહ્યા હતા, કોઇ કાયોત્સર્ગે રહ્યા હતા, અને કોઈ વૃષભાસન કરી રહ્યા હતા. રણભૂમિમાં સુભટોની પેઠે વિવિધ ઉપસર્ગોને સહન કરતા તેઓ પોતાના શરીર ઉપર પણ નિરપેક્ષપણું રાખીને પોતાના પ્રતિશ્રવ (અંગીકૃત)નો નિર્વાહ કરતા હતા. અંતરંગ શત્રુઓને જીતતા હતા, પરિસહને સહન કરતા હતા, અને તપધ્યાનમાં તેઓ સમર્થ હતા. રાજાએ આચાર્ય પાસે આવી વંદના કરી, તે વખતે થયેલી પુલકાવળીના મિષથી જાણે અંકુરિત થયેલી ભક્તિને ધારણ કરતો હોય તેવો તે જણાતો હતો. આચાર્ય મહારાજાએ મુખ પાસે મુખવસ્ત્રિકા રાખી સર્વ કલ્યાણની માતારૂપ 'ધર્મલાભ' એવી

આશિષ આપી. પછી કાચબાની પેઠે શરીર સંકોચી, અવગ્રહભૂમિ છોડીને રાજા અંજલિ જોડી ગુરૂમહારાજાની આગળ બેઠો, અને એકતાનવાળું મન કરી ઇંદ્ર જેમ તીર્થંકર પાસેથી દેશના સાંભળે તેમ આચાર્યવર્ય પાસેથી દેશના સાંભળી. શરદ્ઋતુથી જેમ ચંદ્રની ઉજ્વલતા વિશેષ થાય તેમ તે દેશનાથી રાજાને ભવવૈરાગ્ય વિશેષ થયો. પછી આચાર્યના ચરણને વાંદી, અંજલિ જોડી, વિનયગર્ભિણી ગિરાથી રાજાએ આ પ્રમાણે કહ્યું—

"હે ભગવંત! સંસારરૂપી વિષવૃક્ષના અનંત દુઃખરૂપ ફળનો અનુભવ કરતાં છતાં પણ મનુષ્યો વૈરાગ્યને ભજતા નથી, તેમ છતાં આપને સંસારને વિષે વૈરાગ્ય કેમ ઉત્પન્ન થયો? તેમાં કાંઇ પણ આલંબન કારણભૂત હોવું જોઇએ! માટે આપ કૃપા કરીને કહો." તેણે એવી રીતે પૂછવાથી, પોતાનાં દાંતનાં કિરણોની ચંદ્રિકાથી આકાશતળને ઉજ્વળ કરતા આચાર્ય મહારાજા પ્રસન્ન થઇને બોલ્યા—"હે નૃપ! આ સંસારમાં બુદ્ધવંતને સર્વ વૈરાગ્યનાંજ કારણ છે, તેમાં કોઇને કોઇ કારણ વૈરાગ્યના હેતુ વિશેષપણે થાય છે. હું પૂર્વે ગૃહવાસમાં હતો ત્યારે એક દિવસે હાથી ઘોડા રથ અને પાયદળ સહિત દિગ્વિજય કરવા નીકળ્યો. તેવામાં માર્ગની અંદર ચાલતાં એક ઘણો સુંદર બગીચો મારા જોવામાં આવ્યો. ઘાટી વૃક્ષોની છાયાથી મનોહર એવો તે બગીચો, જગત્માં ભ્રમણ કરવાથી ખેદ પામેલી લક્ષ્મીનું જાણે વિશ્રામગૃહ હોય તેવો જણાતો હતો. કંકોલવૃક્ષોના ચપલ પલ્લવોથી જાણે નાચતો હોય, વિકાસ પામેલી મલ્લિકાના પુષ્પગુચ્છોથી જાણે હસતો હોય, ખીલેલા કદંબપુષ્પના સમૂહથી જાણે રોમાંચિત થયો હોય, ફૂલેલા કેતકી પુષ્પોરૂપી નેત્રોથી જાણે જોતો હોય, પોતાની શાલ અને તાડના વૃક્ષરૂપી ઉંચી ભુજાઓથી જાણે દૂરથી સૂર્યનાં તપ્ત કિરણોને ત્યાં પડતાં નિષેધ કરતો હોય, વડનાં વૃક્ષોથી જાણે વટેમાર્ગુઓને



ગુપ્તસ્થાન આપતો હોય, નીકોથી જાણે પગલે પગલે પાદ્યને તૈયાર કરતો હોય, ઝરતા પાણીના રેંટયંત્રોથી જાણે વર્ષાદને સાંકળતો હોય, ગુંજારવ કરતા મધુકરોના અવાજથી જાણે વટેમાર્ગુઓને બોલાવતો હોય, અને તેની મધ્યે રહેલા તમાલ, તાલ, હિંતાલ અને ચંદનનાં વૃક્ષોથી જાણે સૂર્યનાં કિરણોના ત્રાસથી અંધકારે તેને સેવ્યો હોય તેવો તે બગીચો જણાતો હતો. આંબા, ચંબેલી, પુન્નાગ, નાગકેસર અને કેશરનાં વૃક્ષોથી જગત્માં સૌગંધ્ય લક્ષ્મીના એકછત્ર રાજ્યને તે વિસ્તારતો હતો; તાંબૂલ, ચારોલી અને દ્રાક્ષવા વેલાઓના અતિ વિસ્તાર પામેલા સમૂહથી તે યુવાન પાંથોને માટે યત્ન શિવાય રતિમંડપોનો વિસ્તાર કરતો હતો; અને મેરૂપર્વતથી તળાટીથા જાણે ભદ્રશાળ વન ત્યાં આવેલું હોય તેવો તે અત્યંત મનોહર તે વખતે જણાતો હતો. દિગ્વિજય કરીને ઘણે કાળે સેના સહિત પાછો હું તે બગીચા સમીપે આવ્યો ત્યારે વાહનથી ઉતરી કૌતુકવડે પરિવાર સહિત તેમાં પેઠો; તે સમયે તે બગીચો જુદાજ પ્રકારનો મારા જોવામાં આવ્યો. તે વારે હું ચિંતવવા લાગ્યો કે 'શું ભ્રાંતિથી હું બીજે સ્થળે આવ્યો? આ શું બધું ફરી ગયું? આ ઇંદ્રજાળ તો નહીં હોય? સૂર્યકિરણોના પ્રસારને વારનારી તે પત્રલતા ક્યાં અને આ તાપની એકછત્ર રૂપ અપત્રતા (પત્રરહિતપણું) ક્યાં? તે કુંજની અંદર વિશ્રાંત લેતી રમણીઓની રમણીયતા ક્યાં અને આ નિદ્રા લેતા અજગરોથી દારૂણપણું ક્યાં? તે મોર અને કોયલ વિગેરેના મધુર આલાપ ક્યાં અને આ ચપળ એવા કાગડાના કઠોર અવાજથી થયેલ વ્યાકુળતા ક્યાં? તે લાંબા લટકતા આર્દ્ર વલ્કલ વસ્ત્રોનું ઘાટાપણું ક્યાં અને આ સુકી શાખાઓ ઉપર હીંચકા લેતા ભુજંગો ક્યાં? ખુશબોદાર પુષ્પોએ સુગંધી કરેલી તે દિશાઓ ક્યાં અને આ ચકલી, કપોત અને કાગડા વિગેરેની વિષ્ટાની દુર્ગંધતા

ક્યાં ? પુષ્પરસનાં ઝરણાંથી છંટકાયેલી તે ભૂમિ ક્યાં અને જાજ્વલ્યમાન ભઠ્ઠી ઉપર સેકેલી રેતીના જેવી આ સંતાપકારી રજ ક્યાં ? ફળોના ભારથી નમેલાં તે વૃક્ષો ક્યાં અને મૂળમાં ઉધેઇ ચડવાથી પડી ગયેલાં આ વૃક્ષો ક્યાં ? અનેક વલ્લીઓના વલયની લટોથી બનેલી તે વાડો ક્યાં અને સર્પોએ મૂકેલી કાંચળીઓથી ભયંકર થયેલી આ વાડો ક્યાં ? વૃક્ષોનાં તળીઆંમાં વ્યાપ્ત થયેલાં પુષ્પોના ઢગલા ક્યાં અને ઉત્પન્ન થયેલા સ્થળના આ ઉત્કટ કાંટા ક્યાં ? ' આવી રીતે તે બગીચો વિસદૃશ જોવામાં આવ્યો, તેથી મને વિચાર આવ્યો કે ' આ બગીચો જેમ હાલ જુદી રીતનો થઇ ગયો છે તેમ સર્વ સંસારી જીવોની સ્થિતિ પણ આવીજ છે. જે માણસ પોતાના સૌંદર્યથી કામદેવના જેવો દેખાતો હોય તેનો તેજ માણસ જ્યારે ભયંકર રોગે ગ્રસ્ત થાય છે ત્યારે કંગાળ જેવો લાગે છે. જે માણસ છટાદાર વાણીથી બૃહસ્પતિ જેવું બોલી શકે છે તેજ માણસ કોઇ કાળે જીહ્વા સ્ખલિત થવાથી અત્યંત મુંગો બની જાય છે. જે માણસ પોતાની ચાલવાની શક્તિથી જાતિવંત અશ્વની પેઠે આચરણ કરે છે તેજ માણસ કોઇ કાળે વાયુ વિગેરે રોગથી ગતિભગ્ન થઇ પાંગળો બની જાય છે. પોતાના પરાક્રમી હસ્તથી જે માણસ હસ્તિમલ્લ જેવાં આચરણ કરે છે તેજ માણસ રોગાદિકથી અસમર્થ હસ્ત થતાં ઠુંઠો થઈ જાય છે. પોતાની દૂરદર્શન શક્તિથી જે ગીધપક્ષીની પેઠે આચરણ કરે છે તેજ પ્રાણી પરોપદર્શનમાં અશકત થઇ આંધળો બની જાય છે. અહો ! પ્રાણીઓનાં શરીર ક્ષણવારમાં રમ્ય, ક્ષણમાં અરમ્ય, ક્ષણમાં ક્ષમ, ક્ષણમાં અક્ષમ, ક્ષણમાં દૃષ્ટ અને ક્ષણમાં અદૃષ્ટ થઇ જાય છે ! ! ' આવી રીતે ચિંતવતા મને, જપ કરનારને મંત્રશકિતની પેઠે સંસારવૈરાગ્ય ધારાધિરૂઢ થયો. પછી તૃણમાં અગ્નિ સમાન અને નિર્વાણપ્રાપ્તિમાં ચિંતામણિ રત્ન સમાન મહાવ્રતરૂપ ચારિત્રને મેં એ મહામુનિની પાસે ગ્રહણ કર્યું. "

## ૧૦

## વિમળવાહને પુત્રને આપેલો બોધ

[ પર્વ ૨જું, સર્ગ ૧લો, પાન ૨૫૮–૨૬૨ ]

" હે મંત્રીઓ ! આમ્નાય ( પરંપરા ) થી જેમ આ રાજ્ય-
રૂપી ગૃહમાં અમે રાજા છીએ તેમ સ્વામીના અર્થમાં એક
મહાવ્રતવાળા તમે મંત્રીઓ છો. તમારા મંત્રબળથી જ મેં આ
મેદિનીને સાધી છે; તેમાં અમારી ભુજાબળનો ઉપક્રમ તો ફક્ત
નિમિત્ત માત્ર છે. ભૂમિનો ભાર જેમ ઘનવાત, ઘનોદધિ અને
તનુવાતે ધારણ કરેલો છે તેમ તમે આ મારી ભૂમિનો ભાર ધારણ
કર્યો છે; હું તો દેવતાની પેઠે વિષયની આસક્તિમાં પ્રમાદી થઇ
રાત્રદિવસ વિવિધ ક્રીડાના રસમાં મગ્ન થયેલો હતો. રાત્રિએ
દીવાથી જેમ ખાડો જણાય તેમ અનંત ભવમાં દુઃખ આપનાર
આ પ્રમાદ ગુરૂના પ્રસાદરૂપી દીવાથી આજે મારા જાણવામાં આવ્યો
છે. મેં અજ્ઞાનથી ઘણા કાળ સુધી આત્માને આત્માવડે જ વંચિત
કર્યો છે, કારણ કે પ્રસરતા અંધકારમાં ચક્ષુવાળો પુરૂષ પણ શું કરી
શકે ? અહો ! આટલા કાળ સુધી દુર્દમ એવી ઇંદ્રિયો તોફાની
ઘોડાની પેઠે મને ઉન્માર્ગમાં લઇ ગઇ. દુષ્ટ બુદ્ધિવાળા મેં વિભિતક
( ભીલામાનું ઝાડ ) વૃક્ષની છાયાની સેવા જેવી. પરિણામે અનર્થ
આપનારી આ વિષયસેવા અદ્યાપિ પર્યંત કરી. ગંધહસ્તી જેમ
બીજા હાથીઓને મારે તેમ બીજાના પરાક્રમને નહીં સહન કરનારા
એવા મેં દિગ્વિજયમાં નિરપરાધી રાજાઓને માર્યા. બીજા રાજા-
ઓની સાથે સંધિ વિગેરે છ ગુણોને નિરંતર જોડનારો જે હું તેની
તાડવૃક્ષની છાયાની જેમ સત્ય વાણી કેટલી ? અર્થાત્ બીલકુલ

નહીં. મેં જન્મથી બીજા રાજાઓના રાજ્યને છીનવી લેવામાં અદત્તાદાનજ આચર્યું છે. રતિસાગરમાં મગ્ન થયેલા મેં કામદેવનો જાણે શિષ્ય હોઉં તેમ નિરંતર અબ્રહ્મચર્યજ આદર્યું છે. પ્રાપ્ત થયેલા અર્થોથી અતૃપ્ત અને અપ્રાપ્ત અર્થો ગ્રહણ કરવાની ઇચ્છાવાળો જે હું તેને આટલા કાળ સુધી બળવાન્ મૂર્છા પ્રાપ્ત થયેલી હતી. સ્પર્શ કરેલો એક પણ ચાંડાળ જેમ અસ્પૃશ્યપણાનો કરનાર છે તેમ હિંસા વિગેરે પાપકાર્યોમાંથી એક પાપકાર્ય પણ દુર્ગતિનું કારણ છે; માટે આજે વૈરાગ્યવડે ગુરૂની પાસે પ્રાણાતિપાત વિગેરે પાંચે પાપના સ્થાનથી હું વિરામ પામીશ (પાંચ મહાવ્રત લઇશ). સાયંકાળે સૂર્ય જેમ પોતાનું તેજ અગ્નિમાં આરોપે તેમ હું મારા કવચહાર ને આ રાજ્યભાર કુમાર ઉપર આરોપણ કરીશ. તમારે મારી પેઠે આ કુમાર તરફ પણ ભક્તિભાવે વર્ત્તવું; અથવા તમને આવી શિક્ષા આપવાની જરૂર જ નથી, કારણ કે જાતિવંતનું એવું શીલ જ હોય છે."

મંત્રીઓએ કહ્યું–" સ્વામિન્! દૂરમોક્ષ પ્રાણીઓને કયારે પણ આવી બુદ્ધિ થતી નથી. પરાક્રમથી જાણે ઇંદ્રો હોય તેવા તમારા પૂર્વજો જન્મથી માંડીને અખંડ શાસનવડે આ પૃથ્વીને સાધતા હતા. પણ જ્યારે અનિશ્ચિત શક્તિવાળા થતા ત્યારે તેઓ થુંકની પેઠે રાજ્યને છોડી દઇ ત્રણ રત્નોથી પવિત્રિત એવા વ્રતને ગ્રહણ કરતા હતા. આપ મહારાજા આ પૃથ્વીના ભારને પોતાની ભુજાના પરાક્રમે ધારણ કરો છો, તેમાં ઘરની અંદર કદલીના સ્તંભની પેઠે અમે તો ફક્ત શોભારૂપ થઇ રહેલા છીએ. આ સામ્રાજ્ય જેમ આપને કુળક્રમાગત પ્રાપ્ત થયેલું છે તેવી રીતે અવદાન સહિત અને નિદાન રહિત એવું વ્રતનું ગ્રહણ પણ ક્રમાગત પ્રાપ્ત થયેલું છે. જાણે આપનો બીજો ચેતન હોય તેવો આ કુમાર પૃથ્વીના ભારને લીલાકમળની પેઠે ધારણ કરવાને



સમર્થ છે. આપને મોક્ષફળવાળી દીક્ષા ગ્રહણ કરવી હોય તો ખુશીથી ગ્રહણ કરો. આપ સ્વામી ઉચ્ચ પ્રકારની ઉન્નતિને પ્રાપ્ત થાઓ તેજ અમારે ઉત્સવ છે!! તીક્ષ્ણ ન્યાયમાં નિષ્ટાવાળા અને સત્વ તથા પરાક્રમથી શોભતા એવા આ કુમારવડે આપની પેઠે આ પૃથ્વી રાજન્વતી થાઓ!" આવાં તેમનાં અનુજ્ઞાવચનથી મુદિત થયેલા મેદિનીપતિએ છડીદાર પાસે શીઘ્રપણે કુમારને બોલાવ્યો. જાણે મૂર્ત્તિમાન્ કામદેવ હોય તેવો તે કુમાર રાજહંસની પેઠે ચરણન્યાસ કરતો ત્યાં આવ્યો. સાધારણ પાળાની પેઠે રાજાને ભક્તિથી પ્રણામ કરી અંજલિ જોડી યથાસ્થાને તે બેઠો. અમૃતસના જેવી સારદૃષ્ટિથી જાણે અભિસિંચન કરતા હોય તેમ કુમારને આનંદ સહિત જોતાં રાજા આ પ્રમાણે બોલ્યા—

" હે વત્સ! આપણા વંશના પૂર્વરાજાઓ દયાબુદ્ધિથી નિર્લોભી થઇને વનમાં એકલી રહેલી ગાયની પેઠે આ પૃથ્વીનું પાલન કરતા હતા, જ્યારે પુત્રો સમર્થ થતા ત્યારે તેઓ ધુર્ય વૃષભની પેઠે તેમની ઉપર પૃથ્વીના ભારને આરોપણ કરતા હતા, અને પોતે આ ત્રણ જગત્માં રહેલી સર્વ વસ્તુને અનિત્ય જાણી શાશ્વતપદ (મોક્ષ) ને માટે તૈયાર થતા હતા. આપણો કોઇ પૂર્વ જ આટલી વાર સુધી ગૃહવાસમાં રહ્યો નથી, છતાં ગૃહસ્થાશ્રમમાં મૂઢ થયેલો હું આટલી વાર સુધી રહ્યો એ મારો કેટલો પ્રમાદ કહેવાય! હે પુત્ર! હવે તું આ રાજ્યભારને ગ્રહણ કર; તારાથી નિર્ભાર થયેલો હું વ્રત ગ્રહણ કરીશ અને આ ભવસાગરને તરી જઇશ."

રાજાની એવી વાણીથી હિમવડે કમળકોશની પેઠે ગ્લાનિ પામેલો કુમાર નેત્રકમલમાં આંસુ લાવી બોલ્યો–" હે દેવ! મારા કયા અપરાધથી અકસ્માત્ મારા ઉપર તમારી અવકૃપા થઈ કે

જેથી પોતાના આત્માને-તમારા પાળારૂપ માનનારા એવા આ પુત્રને આપ આવો આદેશ કરો છો ? અથવા આ પૃથ્વીએ તમારો કાંઇ અપરાધ કર્યો છે કે જેથી ઘણા કાળ સુધી રક્ષણ કરેલી તે પૃથ્વીનો હમણાં તૃણની પેઠે ત્યાગ કરો છો ? આપ પૂજ્ય પિતા વિના મારે આ રાજ્યનું કામ નથી; કારણકે જળથી ભરેલું સરોવર પણ જો કમળરહિત હોય તો તે ભમરાઓને શા કામનું ? અહો ! આજે મારે દૈવ પ્રતિકૂળ થયું ! મારી મંદભાગ્યતા પ્રગટ થઇ ! જેથી લોષ્ઠની પેઠે મને છોડી દેતા એવા પિતાશ્રી મને આવી આજ્ઞા કરે છે ! હું આ પૃથ્વીને કોઇ પણ રીતે ગ્રહણ નહીં કરૂં; અને તેમ કરતાં ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન થવાનું પ્રાયશ્ચિત આચરીશ. ”

પોતાની આજ્ઞાનો લોપ કરનારી અને સત્વસારવાળી તે પુત્રની આવી વાણી સાંભળી ખેદ પામેલો અને પ્રસન્ન થયેલો મહીપતિ બોલ્યો-“ તું મારો પુત્ર છે, તે સાથે સમર્થ, વિદ્વાન્ અને વિવેકી છે; તે છતાં સ્નેહમૂળ અજ્ઞાનથી વિચાર કર્યા શિવાય આમ કેમ બોલે છે ? કુલીન પુત્રોને ગુરૂજનની આજ્ઞા વિચાર કરવાને પણ યોગ્ય નથી, તો આ મારી વાણી તો યુક્તિ સહિત છે, માટે તું વિચારીને તે કબુલ કર. પુત્ર ભાર વહન કરવાને યોગ્ય થતાં પિતા ભારરહિત થાય છે. કારણકે સિંહણ પોતાને બાળપુત્ર થતાં જ નિર્ભય થઇને સુએ છે. હે વત્સ ! તારી રજા શિવાય પણ મોક્ષની ઇચ્છાવાળો જે હું તે આ પૃથ્વીને છોડી દઇશ; કેમકે હું કાંઇ તારાથી પરતંત્ર નથી. પછી તારે વિલખતી એવી આ અનાથ પૃથ્વીને તો ધારણ કરવી જ પડશે; પણ વધારામાં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી થનારૂં પાપ પ્રાપ્ત થશે. માટે હે પુત્ર ! ભક્તિનિષ્ઠ એવા તારે વિચારીને કે વિચાર કર્યા વિના મને સુખકારી એવું આ મારૂં વચન કબુલ કરવું પડશે. ”



પછી મંત્રીઓએ કહ્યું-“ હે કુમાર ! સ્વભાવે વિવેકી એવા તમારૂં આ કહેવું જો કે સમીચીન છે તોપણ તમારા પૂજ્ય પિતાએ જે કહ્યું તે કબુલ કરો; કારણકે ગુરૂની આજ્ઞા અંગીકાર કરવી તે સર્વ ગુણથી અધિક ગુણ છે. આપના પિતાએ પણ તેમના પિતાનું વચન માન્ય કર્યું હતું તે અમે જાણીએ છીએ. જેનું વચન ઉલ્લંઘન કરી શકાય નહીં એવો આ લોકમાં પિતાથી બીજો કોણ અધિક છે ? ”

પિતાનું એ પ્રમાણે કથન સાંભળી, પોતાની ગ્રીવા નમાવી ‘મારે સ્વામીનો આદેશ પ્રમાણ છે’ એવું રાજકુમાર ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો. તે સમયે ચંદ્રથી જેમ કુમુદ અને મેઘથી મયૂર તેમ આજ્ઞા પાળનારા પોતાના કુમારથી રાજા ખુશી થયો. એવી રીતે પ્રસન્ન થયેલા રાજાએ અભિષેક કરવાને યોગ્ય એવા પોતાના સિંહાસન ઉપર કુમારને સ્વહસ્તે બેસાર્યો. ( પછી તેમની આજ્ઞાથી મેઘની પેઠે સેવકપુરૂષો તીર્થોનાં પવિત્ર જળ આવ્યા, એટલે ઉંચે સ્વરે મંગળવાજિંત્ર વાગતે સતે મહારાજાએ કુમારના મસ્તક ઉપર અભિષેક કર્યો. તે વખતે બીજા સામંતરાજાઓ પણ આવીને અભિષેક કરવા લાગ્યા, અને નવા ઉદય પામેલા આદિત્યની પેઠે ભક્તિથી તેને નમસ્કાર કરવા લાગ્યા. પિતાની આજ્ઞાથી તેણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં, તેથી શરતઋતુનાં શુભ્ર વાદળાંથી પર્વત શોભે તેમ તે શોભવા લાગ્યો. પછી વારાંગનાઓ આવીને જાણે નિર્મળ ચંદ્રિકાનું પૂર હોય તેવા ગોશીર્ષચંદનથી તેને સર્વ અંગે વિલેપન કર્યું; અને સ્વર્ગમાંથી આકર્ષણ કરેલા નક્ષત્રગણને પરોવીને બનાવ્યા હોય તેવાં મુક્તામય આભૂષણો તેણે ધારણ કર્યાં. જાણે મહા પ્રચંડ એવો પોતાનો પ્રતાપ હોય તેવા માણિક્યના તેજથી જ્વલાયમાન મુગટ તેના મસ્તક ઉપર રાજાએ પોતે પહેરાવ્યો; અને ક્ષણવારમાં જાણે યશ પ્રગટ થયો હોય તેવું

નિર્મળ છત્ર તેના શિર ઉપર આરોપણ કર્યું. બંને પડખે રાજ્યસંપત્તિરૂપી લતાનાં પુષ્પોને જાણે સૂચવતા હોય તેવા ચામરો વારાંગનાઓ વીંઝવા લાગી. પછી મહારાજાએ સ્વહસ્તે તેના લલાટમાં ઉદયાચળની ચુલિકા ઉપર રહેલા ચંદ્રના જેવું ચંદનનું તિલક કર્યું. એવી રીતે કુમારને પરમ હર્ષથી રાજ્ય ઉપર બેસાડી લક્ષ્મીની રક્ષાનો જાણે મંત્ર હોય તેવી આ પ્રમાણેની શિક્ષા રાજાએ આપી– "હે વત્સ ! હવે તું પૃથ્વીનો આધાર થયો છે અને તારો આધાર કોઇ નથી. માટે પ્રમાદ છોડીને તારા પોતાના આત્માથી તેને ધારણ કરજે. હમેશાં આધાર શિથિલ થતાં આધેય ભ્રષ્ટ થાય છે, તેથી વિષયના અતિપ્રસંગથી થયેલી શિથિલતાથી તું તારી રક્ષા કરજે. યૌવન, વૈભવ, રૂપ અને સ્વામીપણું તે એકએક પણ પ્રમાદનાં કારણ છે, અને બુદ્ધિવાન્‌ની કાર્યસિદ્ધિને નાશ કરનારાં છે એમ જાણજે; કુળક્રમથી આવેલી છતાં પણ દુરારાધ્ય અને છળની ગવેષણા કરનારી આ લક્ષ્મી રાક્ષસીની પેઠે પ્રમાદી પુરૂષને છળે છે. ઘણા કાળનો સ્નેહ પણ એ લક્ષ્મીની સ્થિરતાને માટે થતો નથી, તેથી જ્યારે અવસર આવે છે ત્યારે તે સારિકા ( સોગઠી )ની પેઠે તત્કાળ બીજે સ્થાને ચાલી જાય છે. કુલટાની પેઠે અપવાદનો પણ ભય નહીં ધારણ કરતી એ લક્ષ્મી સુપ્તની પેઠે જાગતા એવા પોતાના પ્રમાદી પતિને છોડી દે છે. એ લક્ષ્મીને કદાપિ રક્ષણ સંબંધી દાક્ષિણ્ય તો થતું જ નથી; પણ તે વાંદરીની પેઠે ઠેકીને બીજા સ્થાનમાં ચાલી જાય છે. નિર્લજતા, ચપલતા અને નિઃસ્નેહપણું એ શિવાય બીજા ઘણા દોષ તેનામાં રહેલા છે, અને જળની પેઠે નીચ તરફ જવું એ તો એની પ્રકૃતિજ છે. એમ લક્ષ્મી સર્વ દોષમય હોવા છતાં પણ સૌ કોઇ તેને માટે પ્રયત્ન કરે છે. ઇંદ્ર પણ લક્ષ્મીમાં આસક્ત છે તો મનુષ્યની શી વાત ! તેને સ્થિર કરવામાં જાણે પહેરેગીર



હોય તેમ તું નીતિ અને પરાક્રમસંપન્ન થઇ સદા જાગૃત રહેજે. લક્ષ્મીની ઇચ્છાવાળા છતાં પણ તારે અલુબ્ધ થઈ આ પૃથ્વી પાળવી; કારણકે સૌભાગી પુરૂષને સ્ત્રીઓની પેઠે અલુબ્ધ પુરૂષને લક્ષ્મી હમેશાં અનુગત રહે છે. ગ્રીષ્મઋતુના સૂર્યની પેઠે અતિ પ્રચંડપણું ધારણ કરીને કદાપિ આ પૃથ્વીને તું દુઃસહ કરથી આક્રાંત કરીશ નહીં. જરા પણ અગ્નિથી દગ્ધ થયેલું ઉત્તમ વસ્ત્ર જેમ ત્યજી દેવાય છે તેમ એક વખત પણ અન્યાય કરનારા પોતાના માણસને તું ત્યજી દેજે. મૃગયા, દ્યુત અને મધુપાન એ સર્વથા બંધ કરાવજે; કારણકે તપસ્વીના તપનો ભાગી જેમ રાજા થાય છે તેમ પ્રજાનાં સર્વ પાપનો ભાગી પણ રાજા થાય છે. કામ-ક્રોધાદીક અંતર શત્રુઓનો તું જય કરજે; કારણ કે તેઓનો જય કર્યા શિવાય બાહ્ય શત્રુઓને જીત્યા હોય તે ન જીત્યા બરાબર છે. દક્ષિણ નાયક જેમ ઘણી પત્નીઓનું યથાકાળે સેવન કરે તેમ તું ધર્મ, અર્થ, અને કામનું પરસ્પર અબાધાથી યોગ્ય અવસરે સેવન કરજે. જેવી રીતે તેનો સમય આવતાં ચોથા પુરૂષાર્થ ( મોક્ષ )માં તારો ઉત્સાહ ન હણાય તેવી રીતે તે ત્રણ પુરૂષાર્થને તું સાધજે."

## ૧૨

# સંસારની અસારતા

[ પર્વ ૨જું, સર્ગ ૩જો, પાન ૨૯૯–૩૦૧ ]

એક વખત સભાને વિસર્જન કરી એકાંત સ્થળે બેઠેલા, ત્રણ જ્ઞાનને ધારણ કરનારા અજિતસ્વામી સ્વયમેવ એવું ચિંતવવા લાગ્યા કે “ આજ સુધીમાં ઘણાખરાં ભોગફળ “ કર્મ ભોગવાઇ ગયેલાં હોવાથી ગ્રહવાસી એવા મારે સ્વકાર્યમાં વિમુખ થઈ રહેવું ન જોઇએ. કારણ કે આ દેશનું મારે રક્ષણ કરવું જોઇએ, આ શહેર મારે સંભાળવું જોઇએ, આ ગામો મારે વસાવવાં જોઇએ, આ માણસોને પાળવા જોઇએ, આ હાથીઓને વધારવા જોઇએ, આ ઘોડાઓનું પોષણ કરવું જોઇએ, આ ભૃત્યોનું ભરણપોષણ કરવું જોઇએ, આ યાચકોને તૃપ્ત કરવા જોઇએ, સેવકોને પોષવા જોઇએ, આ શરણાગતોને બચાવવા જોઇએ, આ પંડિતોને બોલાવવા જોઇએ, આ મિત્રોનો સત્કાર કરવો જોઇએ, આ મંત્રીઓનો અનુગ્રહ કરવો જોઇએ, આ બંધુઓને ઉદ્ધારવા જોઇએ, આ સ્ત્રીઓને રંજિત કરવી જોઇએ, અને આ પુત્રોને લાલિત કરવા જોઇએ–એવાં એવાં પર-કાર્યોમાં પ્રતિક્ષણે આકુળ થયેલા પ્રાણી પોતાના સમગ્ર માનુષજન્મને નિષ્ફળ ગુમાવે છે. એ સઘળાઓના કાર્યમાં વ્યગ્ર થયેલો પ્રાણી, યુક્ત અયુક્ત નહીં વિચારતો મૂઢપણે પશુની જેમ નાના પ્રકારનાં પાપ આચરે છે. આ મુગ્ધબુદ્ધિવાળો પુરૂષ જેઓને માટે પાપ કરે છે તેઓ, મૃત્યુ માર્ગે ચાલતા એવા તે પુરૂષની પાછળ જરા પણ જતા નથી, અહીંજ રહે છે. કદાપિ તેઓ અહીં રહે તો ભલે, પણ અહો ! આ શરીર પણ દેહીની પાછળ એક પગલુ પણ ભરતું



નથી ! ત્યારે અહો ! આ કૃતઘ્ન શરીરને માટે મુગ્ધ પ્રાણીઓ ફોગટજ પાપકર્મ કરે છે ! આ સંસારમાં પ્રાણી એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મૃત્યુ પામે છે, અને ભવાંતરમાં મેળવેલાં કર્મોને એકલોજ અનુભવે છે. તેણે પાપ કરીને ઉપાર્જન કરેલું દ્રવ્ય તેનાં સગાંવહાલાંઓ એકઠાં થઇને ભોગવે છે, અને તે પોતે એકલો નર-કમાં પડ્યો પડ્યો તેથી બાંધેલાં પાપકર્મવડે દુઃખ ભોગવે છે. દુઃખરૂપી દાવાનળથી ભયંકર એવા સંસારરૂપી મહા વનમાં કર્મને વશ થયેલો જંતુ એકલોજ ભમે છે. સંસાર સંબંધી દુઃખ અને મોક્ષથી પ્રાપ્ત થતું સુખ પ્રાણી એકલોજ ભોગવે છે, તેમાં તેને કોઇ સહાયકારી નથી. જેમ હૃદય, હાથ, ચરણ વિગેરેને જોડી રહેલો ( તેનો ઉપ-યોગ ન કરનારો ) માણસ સમુદ્ર તરી શકતો નથી પણ તે સર્વને ઉપયોગમાં લઈ તરવા માંડે તો તત્કાળ પાર પામી જાય છે, તેમ ધન અને દેહાદિકના પરિગ્રહથી પરાઙ્મુખ થઇ તેનો સદુપયોગ કરી આત્મસ્વરૂપમાં સ્થિત થયેલો પ્રાણી જલદી સંસારસમુદ્રનો પાર પામે છે ”.

સંસારથી જેમનું ચિત્ત નિર્વેદ પામેલું છે એવા અજિત-સ્વામીને આવી ચિંતામાં તત્પર જાણી, સારસ્વતાદિક લોકાંતિક દેવતાઓ ત્યાં આવી આ પ્રમાણે કહેવા લાગ્યા–“હે ભગવન્ ! આપ સ્વયંબુદ્ધ છો, તેથી અમે કાંઈ આપને બોધ આપવા લાયક નથી, તથાપિ એટલું યાદ આપીએ છીએ કે આપ ધર્મતીર્થ પ્રવર્ત્તાવો.” આવી રીતે કહી પ્રભુના ચરણ પ્રત્યે નમન કરી, પક્ષીઓ સાયંકાળે જેમ પોતાના માળા તરફ જાય તેમ તેઓ પોતાના બ્રહ્મ દેવલોકમાં ગયા. પોતાની ચિંતાને અનુકૂળ એવા તે દેવતાઓનાં વચનથી, પવનથી પ્રેરાયેલા મેઘની જેમ પ્રભુનો ભવવૈરાગ્ય વૃદ્ધિ પામ્યો. તત્કાળ સગરકુમારને બોલાવી જગદ્ગુરૂએ કહ્યું કે “ સંસારસમુદ્ર-ને તરવાની ઇચ્છાવાળા એવા અમારા આ રાજ્યભારને તમે

ગ્રહણ કરો.” પ્રભુના એવા આદેશથી ખેદવડે શ્યામ મુખવાળા થયેલા સગરકુમારે એક એક બિંદુથી વર્ષતા મેઘની જેમ અશ્રુ પાડતાં પાડતાં કહ્યું–“હે દેવ ! આપની એવી મેં શું અભક્તિ કરી છે કે જેથી આપ મને જુદો પાડવાની આવી આજ્ઞા કરો છો? કદાપિ અભક્તિ કરી હોય તોપણ તે આપની અપ્રસન્નતાને માટે થવી ન જોઇએ; કારણકે પૂજ્ય પુરૂષો અભકત શિશુને પણ શિક્ષા આપે છે, તેને છોડી દેતા નથી. વળી હે પ્રભુ ! આકાશ સુધી ઉંચા પણ છાયા વિનાના વૃક્ષની જેમ, આકાશમાં ઉત્પન્ન થયેલા પણ નહિ વરસતા મેઘની જેમ, નિઝરણાં વિનાના મોટા પર્વતની જેમ, સારા રૂપવાળા પણ લાવણ્ય વિનાના શરીરની જેમ અને વિકસ્વર થયેલા પણ સુગંધ વિનાના પુષ્પની જેમ તમારા વિના મારે આ રાજ્ય શા કામનું છે ? હે પ્રભુ ! તમે નિર્મમ છો, નિઃસ્પૃહ છો, મુમુક્ષુ છો, તોપણ હું તમારા ચરણની સેવા છોડીશ નહીં, તો રાજ્યગ્રહણની તો શી વાત ! રાજ્ય, પુત્ર, કલત્ર, મિત્ર અને સર્વ પરિવાર તૃણની જેમ મારાથી ત્યાગ કરી શકાય તેમ છે, પણ તમારા ચરણનો ત્યાગ મારાથી થઇ શકે તેમ નથી. હે નાથ ! તમે રાજા થયા ત્યારે જેમ હું યુવરાજ થયો હતો, તેમ તમે વ્રતધારી થશો તો હું તમારો શિષ્ય થઇશ. રાતદિવસ ગુરૂના ચરણકમળની ઉપાસનામાં તત્પર રહેલા શિષ્યને ભિક્ષા કરવી તે સામ્રાજ્યથી પણ અધિક છે. હું અજ્ઞ છું તોપણ ગોપાળનો બાળક જેમ ગાયના પુચ્છને વળગીને નદી તરી જાય તેમ તમારા ચરણનું અવલંબન કરીને સંસારસમુદ્રને તરી જઇશ. હું તમારી સાથે દીક્ષા લઇશ, તમારી સાથે વિહાર કરીશ, તમારી સાથે દુઃસહ પરીસહોને સહન કરીશ, અને તમારી સાથે ઉપસર્ગોને સહન કરીશ; પણ હે ત્રણ જગતના ગુરૂ ! કોઇ રીતે હું અહીં રહેવાનો નથી, માટે મારા ઉપર પ્રસન્ન થાઓ.”



આવી રીતે સેવા કરવાની જેણે પ્રતિજ્ઞા લીધેલી છે એવા સગરકુમારને અજિતસ્વામી અમૃતના ઉદ્ગાર જેવી ગિરાથી કહેવા લાગ્યા–“હે વત્સ ! સંયમ ગ્રહણ કરવાને માટે તમારો આ આગ્રહ યુક્ત છે, પણ અદ્યાપિ તમારૂં ભોગફળકર્મ ક્ષય થયેલું નથી, માટે તમે પણ મારી પેઠે ભોગફળકર્મ ભોગવીને પછી યોગ્ય અવસરે મોક્ષનું સાધક એવું વ્રત ગ્રહણ કરજો. હે યુવરાજ ! ક્રમથી આવેલા આ રાજ્યને તમે ગ્રહણ કરો, અને સંયમરૂપી સામ્રાજ્યને અમે ગ્રહણ કરશું.” પ્રભુએ એ પ્રમાણે કહેવાથી સગરકુમાર મનમાં ચિંતવવા લાગ્યા કે “એક તરફ સ્વામીના વિરહનો ભય અને બીજી તરફ તેમની આજ્ઞાભંગનો ભય મને પીડા કરે છે. સ્વામીનો વિરહ અને તેમની આજ્ઞાનો અતિક્રમ એ બંને મને દુઃખનાં કારણ છે; પરંતુ વિચાર કરતાં ગુરૂની આજ્ઞા પાળવી તે શ્રેષ્ઠ જણાય છે.” આવી રીતે મનથી વિચારી એ મહામતિવાળા સગરકુમારે ‘આપનું વચન માન્ય છે’ એવું ગદ્ગદ્ સ્વરે કહીને પ્રભુની આજ્ઞા અંગીકાર કરી.

## ૧૨

# ઈંદ્રે તથા સગર રાજાએ કરેલી સ્તુતિ

[ પર્વ રજું, સર્ગ ૩જો, પાન ૩૦૬–૩૦૭ ]

પછી જગત્પતિને પ્રદક્ષિણા કરી, પ્રણામ કરી, અચ્યુતાદિ ઇંદ્રો આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

“હે નાથ! પૂર્વે પટુ અભ્યાસના આદરથી તમે વૈરાગ્યને એવી રીતે સંગ્રહ્યો કે આ જન્મમાં જન્મથી માંડીને તે વૈરાગ્ય એકાત્મભાવને પામ્યો છે. હે નાથ! મોક્ષના ઉપાયમાં પ્રવીણ એવા તમારે સુખના હેતુ ઇષ્ટ સંયોગાદિમાં જેવો ઉજ્વળ વૈરાગ્ય છે તેવો દુઃખના હેતુ ઇષ્ટ વિયોગાદિમાં વૈરાગ્ય નથી. હે પ્રભુ! વિવેકરૂપી શરાણવડે તમે વૈરાગ્યરૂપી શસ્ત્ર એવું સજેલું છે કે જેથી મોક્ષ મેળવવામાં પણ તેનું પરાક્રમ સાક્ષાત્ અકુંઠિત ( અવાર્ય ) પણે પ્રવર્તે છે. હે નાથ! જ્યારે તમે દેવતાની તથા નરેંદ્રની લક્ષ્મી ભોગવતા હતા ત્યારે પણ તમારો આનંદ તો વિરક્તારૂપ જ હતો. કામથી નિત્ય વિરકત એવા તમે જ્યારે યોગને અંગીકાર કરો છો ત્યારે ‘ હવે એ કામભોગથી સર્યું ’ એવો પ્રૌઢ વૈરાગ્ય તમને પ્રાપ્ત થાય છે. સુખમાં, દુઃખમાં, સંસારમાં અને મોક્ષમાં જ્યારે તમે ઔદાસિન્ય ભાવને ભજો છો ત્યારે તમને નિરંતર અવિચ્છન્ન વૈરાગ્ય જ છે. તમે શેમાં વિરાગવાન નથી? બીજા જીવો તો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે; પરંતુ તમારામાં તો જ્ઞાનગર્ભ વૈરાગ્ય જ એકસ્થાનપણાને પામેલો છે. હમેશાં ઉદાસીનત્વ છતે પણ સર્વ વિશ્વને ઉપકાર કરનારા, સમગ્ર વૈરાગ્યના ભાજન, શરણ કરવા લાયક અને પરમાત્મા એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ.



એવી રીતે જગદ્ગુરૂની સ્તુતિ કરી, નમસ્કાર કરી, ઇંદ્રો દેવસમૂહ સહિત ત્યાંથી નંદીશ્વર દ્વિપે ગયા. ત્યાં અંજનાચળાદિક પર્વતોમાં શક્રાદિક ઇંદ્રોએ જન્માભિષેકના કલ્યાણકની પેઠે શાશ્વત અર્હંત્ પ્રતિમાઓનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો; અને પછી હવે આપણે ફરીથી પ્રભુને કયારે જોઇશું, એમ વિચારતા તેઓ ત્યાંથી પોતપોતાને સ્થાને ગયા.

સગરરાજા પણ પ્રભુને પ્રણામ કરી અંજલિ જોડી ગદ્ગદ્ ગિરાએ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા—“ત્રૈલોકયરૂપી કમલિનીના ખંડને વિકાસ કરવામાં સૂર્ય સમાન અને જગત્ના ગુરૂ એવા હે ભગવન્ અજિતસ્વામિ! તમે વિજય પામો. હે નાથ! મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર ઉત્કટ જ્ઞાનથી ચાર સમુદ્રોવડે જેમ પૃથ્વી શોભે તેમ તમે શોભો છો. હે પ્રભુ! તમે એક લીલામાત્રમાં કર્મને ઉન્મૂળ કરવાને સમર્થ છો, અને આ તમારો જે પરિકર ( ઉપસ્કર ) છે તે લોકોને એક માર્ગદર્શક છે. હે ભગવન્! સર્વ પ્રાણીઓના તમે એક અંતરાત્મા છો એમ હું માનું છું, નહીં તો તેઓના અદ્વૈત સુખને માટે તમે કેમ પ્રયત્ન કરો? દયારૂપી જળે વ્યાપ્ત થયેલા તમે મળની જેમ કષાયને છોડીને કમળપત્રની જેમ નિર્લેપ અને શુદ્ધ આત્માવાળા થયેલા છો. રાજ્ય કરતા હતા ત્યારે પણ ન્યાયવંત એવા તમારે કોઈ પારકો કે પોતાનો ન હતો, તો હમણા એવી સામ્યતાનો અવસર પ્રાપ્ત થતાં થયેલી સમાનતા વિષે તો શું કહેવું! હે ભગવન્! તમારૂં જે વાષિક દાન છે તે ત્રૈલોકયને અભયદાન દેવારૂપ મોટા નાટકનું એક આમુખ ( પ્રસ્તાવના ) છે એવો હું તર્ક કરૂં છું. તે દેશ, તે ગામ, તે નગર અને તે શહેરને ધન્ય છે કે જ્યાં મલયાનિલની પેઠે પ્રસન્ન કરતા એવા તમે વિહાર કરશો.”

## ૧૩

# સગર રાજાએ કરેલો સ્તુતિ.

[ પર્વ ૨જું, સર્ગ ૩જો, પાન ૩૧૪-૩૧૫ ]

"હે પ્રભુ! મિથ્યાદૃષ્ટિને કલ્પાંત કાળના સૂર્ય સમાન અને સમકિત દષ્ટિને અમૃતના અંજન સમાન તેમજ તીર્થંકરપણાની લક્ષ્મીને તિલકરૂપ આ ચક્ર તમારી આગળ વૃદ્ધિ પામેલું છે. આ જગતમાં તમે એકજ સ્વામી છો એમ કહેવાને જાણે ઇંદ્રે ઇંદ્ર-ધ્વજના મિષથી પોતાની તર્જની આંગળી ઉંચી કરી હોય તેમ જણાય છે. જ્યારે તમારા ચરણો પગલાં ભરે છે, ત્યારે સુરઅસુરો કમળ રચવાના મિષથી કમળમાં વસનારી લક્ષ્મીને વિસ્તારે છે. દાન, શીળ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મને એકસાથે કહેવાને માટે તમે ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું. આ ત્રણ ભુવનનું ત્રણ દોષથી રક્ષણ કરવાને તમે પ્રવર્તેલા છો; તેથીજ દેવતાઓએ આ ત્રણ ગઢ કરેલા જણાય છે. તમે પૃથ્વીમાં વિહાર કરો છો, ત્યારે કાંટાઓ અધોમુખી થઈ જાય છે, પણ તેમાં કાંઇ આશ્ચર્ય નથી; કેમકે સૂર્યનો ઉદય થાય ત્યારે અંધકાર સન્મુખ થઇ શકેજ નહીં. કેશ, રોમ, નખ અને દાઢી મુછ વૃદ્ધિ પામ્યા સિવાય અવસ્થિત રહેલા છે. એવી રીતનો બહારનો યોગમહિમા તીર્થંકરો શિવાય બીજાઓએ પ્રાપ્ત કરેલ નથી. શબ્દ, રૂપ, રસ સ્પર્શ અને ગંધ નામના પાંચ ઇંદ્રિયોના વિષયો તમારી આગળ તાર્કિક લોકોની જેમ પ્રતિકૂળપણાને ભજતા નથી. સર્વ ઋતુઓ અકાળે કરેલી કામદેવની સહાયના ભયથી જાણે હોય તેમ એક સાથે તમારા ચરણની ઉપાસના કરે છે. આગળ ઉપર તમારા



ચરણનો સ્પર્શ થવાનો છે એમ વિચારીને દેવતાઓ સુગંધી જળના વર્ષાદથી અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિથી પૃથ્વીની પૂજા કરે છે. હે ! જગત્પૂજ્ય ! પક્ષીઓ પણ ચોતરફથી તમારી પ્રદક્ષિણા કરે છે, અને તમારાથી આડાઅવળાં ચાલતાં નથી; તો જેઓ મનુષ્ય થઇને તમારાથી વિમુખ વૃત્તિવાળા થાય છે અને જગતમાં મોટા થઈને ફરે છે તે પુરૂષોની તો શી ગતિ થવાની ? તમારા પાસે એકેન્દ્રિય એવો પવન પણ પ્રતિકૂળતાને છોડી દે છે તો પંચેંદ્રિયનું તો દૌશીલ્ય કયાંથીજ થાય ? તમારા મહાત્મ્યથી ચમત્કાર પામેલાં વૃક્ષો પણ મસ્તક નમાવીને તમને નમે છે, તેથી તેઓનાં મસ્તક કૃતાર્થ છે, પણ જેમનાં મસ્તક તમને નમતાં નથી એવા મિથ્યા-દષ્ટિઓનાં મસ્તક કૃતાર્થ નથી—વ્યર્થ છેજ. ધન્યપણે પણ કોટી-ગમે સુરાસુરો તમારી સેવા કરે છે, કારણ કે મૂર્ખ—આળસુ પુરૂષો પણ ભાગ્યના યોગથી લભ્ય થયેલા અર્થમાં ઉદાસપણે રહેતા નથી.

# ૧૪

## અજીતસ્વામીનો બોધ

[ પર્વ ૨જું, સર્ગ ૩જો, પાન ૩૧૫-૩૧૭ ]

"અહો ! મુગ્ધ બુદ્ધિવાળા પ્રાણીઓ વૈડૂર્યમણિની બુદ્ધિથી કાચને ગ્રહણ કરે તેમ આ અસાર સંસારને સારવાળો જાણે છે; દરેક ક્ષણે બંધાતાં વિવિધ પ્રકારનાં કર્મોથી પ્રાણીઓને આ સંસાર દોહદોથી વૃક્ષની જેમ વૃદ્ધિ પામે છે. કર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે, તેથી વિદ્વાનોએ કર્મનો નાશ કરવાને માટે સદા પ્રયત્ન કરવો. કર્મનો નાશ શુભ ધ્યાનથી થાય છે. તે ધ્યાન આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના ચિંતવનથી ચાર પ્રકારનું છે. તેમાં જે આપ્ત પુરૂષોનું વચન તે આજ્ઞા કહેવાય છે. તે બે પ્રકારની છે. તેમાં પહેલી આગમઆજ્ઞા અને બીજી હેતુવાદઆજ્ઞા. જે શબ્દથીજ પદાર્થોને પ્રતિપાદન કરે છે તે આગમ કહેવાય છે; અને બીજાં પ્રમાણોના સંવાદથી પદાર્થોને પતિપાદન કરે છે તે હેતુવાદ કહેવાય છે. આ બન્નેનું તુલ્ય પ્રમાણ મેળવીને જે દોષરહિત કારણોથી આરબ્ધ થાય તે લક્ષંણથી પ્રમાણ કહેવાય છે. રાગ, દ્વેષ અને મોહ એ દોષ કહેવાય છે. તે અર્હંતને ઉત્પન્ન થતા નથી, માટે દોષરહિત કારણોથી ઉત્પન્ન થયેલું એવું એ અર્હંતોનું વચન પ્રમાણ છે. તે ( વચન ) નય અને પ્રમાણથી સિદ્ધ, પૂર્વાપર વિરોધ વિનાનું, બીજાં બળિષ્ઠ શાસનોથી પણ અપ્રતિક્ષિપ્ત, અંગ ઉપાંગ પ્રકીર્ણ વિગેરે બહુ શાસ્ત્રરૂપી નદીઓના સમુદ્રરૂપ, અનેક અતિશયોની સામ્રાજ્યલક્ષ્મીથી શોભિત, દૂરભવ્ય પુરૂષોને દુર્લભ, ભવ્ય પુરૂષોને સુલભ, ગણિપિટકપણે રહેલું તેમજ મનુષ્ય અને



દેવતાએ નિત્ય સ્તુતિ કરવાને યોગ્ય છે. એવાં આગમવચનોની આજ્ઞાનું આલંબન કરીને સ્યાદ્‌વાદ ન્યાયના યોગથી દ્રવ્યપર્યાયરૂપે નિત્યાનિત્ય વસ્તુઓમાં, તેમજ સ્વરૂપ અને પરરૂપથી સત્‌અસત્‌પણે રહેલા પદાર્થોમાં જે સ્થિર પ્રતીતિ કરવી તે આજ્ઞાવિચય ધ્યાન કહેવાય છે."

"જેઓએ જિનમાર્ગનો સ્પર્શ કર્યો નથી, જેઓએ પરમાત્માને જાણ્યા નથી અને જેઓએ પોતાના આગામી કાળનો વિચાર કર્યો નથી તેવા પુરૂષોને હજારો અપાય ( વિઘ્નો ) થાય છે. માયામોહરૂપી અંધકારથી જેનું ચિત્ત પરવશ થયેલું છે એવો પ્રાણી શું શું પાપ કરતો નથી ? અને તેથી તે કયા અપાય ( કષ્ટ ) ને પામતો નથી ? એવો પ્રાણી વિચાર કરે કે-નારકી, તિર્યંચ અને મનુષ્યોમાં જે જે દુઃખ મેં ભોગવ્યાં છે તે ચિત્તરહિત એવા મારા પ્રમાદવડેજ છે. પરમબોધીબીજને મેળવ્યા છતાં પણ મન, વચન અને કાયાવડે કરેલી દુષ્ટ ચેષ્ટાઓથી મેંજ મારા પોતાના મસ્તક ઉપર અગ્નિ પ્રજ્વલિત કર્યો છે. મુક્તિમાર્ગ મારે સ્વાધીન છતાં કુમાર્ગને શોધી તે માર્ગે ચાલીને મેંજ મારા આત્માને અપાયો ( કષ્ટો ) માં નાંખ્યો છે. જેમ સારૂં રાજ્ય પ્રાપ્ત થયા છતાં પણ મૂર્ખ માણસ ભિક્ષાને માટે પરિભ્રમણ કરે તેમ મોક્ષસામ્રાજ્ય મારે સ્વાધીન છતાં પણ મારા આત્માને હું સંસારમાં ભ્રમણ કરાવું છું. આ પ્રમાણે રાગ, દ્વેષ અને મોહથી ઉત્પન્ન થતા અપાયોને ચિંતવવામાં આવે તેનું નામ અપાયવિચય નામે ધ્યાન કહેવાય છે."

"કર્મનું જે ફળ તે વિપાક કહેવાય છે. તે વિપાક શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે; અને દ્રવ્ય ક્ષેત્રાદિકની સામગ્રીવડે તે વિચિત્રરૂપે અનુભવવામાં આવે છે. તેમાં સ્ત્રી, પુષ્પોની માળા અને

ખાદ્ય દ્રવ્ય વિગેરેના ઉપભોગથી શુભ વિપાક કહેવાય છે; અને સર્પ, શસ્ત્ર, અગ્નિ અને ઝેર વિગેરેથી જે અનુભવ કરાય તે અશુભ-વિપાક કહેવાય છે (દ્રવ્યવિપાક). મહેલ, વિમાન તથા ઉપવનાદિકમાં નિવાસ કરવાથી શુભવિપાક કહેવાય છે, અને શ્મશાન, જંગલ તથા અરણ્ય વિગેરેમાં રહેવાથી અશુભવિપાક કહેવાય છે (ક્ષેત્રવિપાક). ટાઢ અને તડકારહિત એવી વસંતાદિક ઋતુમાં ભ્રમણ કરવાથી શુભવિપાક કહેવાય છે, અને તડકા તથા ટાઢવાળી ગ્રીષ્મ અને હેમંત ઋતુ વિગેરેમાં ભ્રમણ કરવાથી અશુભવિપાક કહેવાય છે (કાળવિપાક). મનની પ્રસન્નતા અને સંતોષ વિગેરેમાં શુભવિપાક થાય છે, અને ક્રોધ, અહંકાર તથા રૌદ્રપણા વિગેરેમાં અશુભ વિપાક થાય છે (ભાવવિપાક). દેવપણામાં અને ભોગભૂમિ સંબંધી મનુષ્યાદિ ભવમાં શુભવિપાક થાય છે, અને કુમનુષ્યપણામાં, તિર્યંચપણામાં અને નરક વિગેરેના ભવમાં અશુભવિપાક થાય છે (ભવવિપાક). કહ્યું છે કે "દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને પામીને કર્મોનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થાય છે." એવી રીતે દ્રવ્યાદિ સામગ્રીના યોગથી પ્રાણીઓને તેમનાં કર્મો પોતપોતાનું ફળ આપે છે. તે કર્મના મુખ્ય આઠ ભેદ છે. તે આ પ્રમાણેઃ—વસ્ત્રના પાટાથી નેત્રની જેમ જે કર્મના ઉદયથી સર્વજ્ઞ સ્વરૂપવાળા જંતુનું જ્ઞાન હમેશાં રૂંધાઇ જાય તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે; મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ—એ પાંચ જ્ઞાનના ભેદ છે. એ પાંચેને આવરણ કરવાથી એ જ્ઞાનાવરણીયના એ પ્રમાણે જ પાંચ ભેદ છે. પાંચ નિદ્રા અને ચાર દર્શનોની જે આવૃત્તિ (આવરણ) તે દર્શનાવરણીય કર્મ કહેવાય છે. જેમ પોતાના સ્વામીને જોવાને ઇચ્છતો પુરૂષ પ્રતિહારના નિરોધથી જોઈ શકે નહીં તેમ જેના ઉદયથી આત્મા પણ જોઈ શકાય નહીં તે દર્શનાવરણીય કહેવાય છે. મધથી લિપ્ત કરેલી ખડ્ગની ધારાના



અગ્ર ભાગનો આસ્વાદ લેવા જેવું વેદનીય કર્મ કહેવાય છે. તે સુખના અને દુઃખના અનુભવરૂપ સ્વભાવવાળું હોવાથી બે પ્રકારનું છે. પ્રાજ્ઞ પુરૂષોએ મોહનીય કર્મને મદિરાપાન તુલ્ય કહેલું છે. કારણ કે તે કર્મના ઉદયથી મોહ પામેલો આત્મા કૃત્યાકૃત્યને સમજી શકતો નથી; તેમાં મિથ્યાદષ્ટિપણાના વિપાકને કરનારૂં દર્શનમોહનીય નામે કર્મ કહેવાય છે; અને વિરતિને પ્રતિષેધ કરનારૂં તે ચારિત્રમોહનીય કર્મ કહેવાય છે. મનુષ્ય, તિર્યંચ, નારકી અને દેવતાના ભેદથી આયુષ્યકર્મ ચાર પ્રકારનું છે. તે પ્રાણીઓને પોતપોતાના ભવને વિષે બંદીખાનાની પેઠે રોકી રાખનારૂં છે. ગતિ જાતિ વિગેરે વિચિત્રતાને કરનારૂં નામકર્મ ચિત્રકારના જેવું છે. એનો વિપાક પ્રાણીઓને શરીરમાં પ્રાપ્ત થાય છે. ઉચ્ચ અને નીચ એ બે પ્રકારનું ગોત્રકર્મ ઉંચા નીચા ગોત્રને પ્રાપ્ત કરાવનારૂં છે. તે ક્ષીરપાત્ર અને મદિરાપાત્રના ભેદને કરનાર કુંભારના જેવું છે. જેનાથી બાધિત થયેલી દાનાદિક લબ્ધિઓ ફળીભૂત થતી નથી તે અંતરાયકર્મ ભંડારીના જેવું છે. એવી રીતે મૂળ પ્રકૃતિઓના તે તે પ્રકારના વિપાકને ચિંતવવું તે વિપાકવિચય ધર્મધ્યાન કહેવાય છે."

"સ્થિતિ, ઉત્પત્તિ અને લયરૂપ આદિ અંતરહિત લોકોની આકૃતિ જેમાં ચિંતવવામાં આવે તે સંસ્થાનવિચય ધ્યાન કહેવાય છે.

## ૬૫

## ભગવંતે કહેલ બ્રાહ્મણનું વૃતાંત

[ પર્વ ૨જું, સર્ગ ૩જો, પાન ૩૩૫-૩૩૮ ]

ચોત્રીશ અતિશયોવડે શોભિત એવા ભગવાન્ સિંહસેનાદિ ગણધરોથી પરિવૃત્ત થઇને પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. દરેક ગ્રામ, શહેર અને આકર વિગેરેમાં વિહાર કરતા અને ભવ્ય પ્રાણીઓને બોધ કરતા એ કૃપાસાગર પ્રભુ એકદા કૌશાંબી નગરી સમીપે આવ્યા. તે કૌશાંબીની ઇશાન દિશામાં એક યોજનમાત્ર ક્ષેત્રમાં દેવતાઓએ પૂર્વની જેમ પ્રભુને માટે સમવસરણ રચ્યું. તેમાં અશોકવૃક્ષની નીચે સિંહાસનપર બેઠેલા જગત્પતિએ સુર, અસુર અને મનુષ્યોની પર્ષદામાં દેશના દેવા માંડી. તેવામાં કોઇ બ્રાહ્મણનું જોડું ત્રણ જગતના ગુરૂને પ્રદક્ષિણા દઇ નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાનકે બેઠું. દેશનાને અંતે તે જોડામાંથી બ્રાહ્મણે અંજલિ જોડી પ્રભુને પૂછયું—'હે ભગવાન્! આ આવી રીતે કેમ છે?' પ્રભુએ કહ્યું—"એ સમકિતનો મહિમા છે. તે સર્વ અનર્થના નિષેધનું અને સર્વ અર્થની સિદ્ધિનું એક પ્રબળ કારણ છે. સમકિત ગુણવડે વૃષ્ટિથી જેમ દવાગ્નિ શાંત થાય તેમ સર્વ પ્રકારના વૈર શાંત થાય છે, ગરૂડથી સર્પની જેમ સર્વ વ્યાધિઓ નાશ પામે છે, સૂર્યથી બરફની જેમ દુષ્કર્મો લય પામે છે, ચિંતામણિના જેમ ક્ષણવારમાં મનઇચ્છિત કાર્ય સિદ્ધ થાય છે, શ્રેષ્ટ હાથી જેમ પાણીના પ્રવાહને બાંધે તેમ દેવતાનું આયુષ્ય બંધાય છે અને મહાપરાક્રમી મંત્રની જેમ તેનાથી દેવતાઓ આવીને સાનિધ્ય કરે છે, સમકિતનું એ પૂર્વોક્ત સર્વતો



અલ્પ ફળ છે, તેનું મહાફળ તો સિદ્ધપદ અને તીર્થંકરપણું પ્રાપ્ત થાય તે છે."

એ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલો તે વિપ્ર અંજલિ જોડી પ્રણામ કરીને બોલ્યો—"હે ભગવન્! એ એમજ છે. સર્વજ્ઞની ગિરા અન્યથા હોય નહીં." એમ કહીને તે બ્રાહ્મણ મૌન રહ્યો, એટલે મુખ્ય ગણધર પોતે જ્ઞાનવડે જાણતા હતા તોપણ સર્વ પર્ષદાને જ્ઞાન થવાને માટે તેમણે જગદ્‌ગુરૂને આ પ્રમાણે પૂછયું—'હે ભગવન્! આ બ્રાહ્મણે શું પૂછયું? અને આપે શું કહ્યું? આ સંકેતવાર્તા જેવો વાર્ત્તાલાપ અમને સ્ફુટ રીતે જણાવો.'

શાલિગ્રામ નામે ગામ એક છે. ત્યાં દામોદર નામે એક મુખ્ય બ્રાહ્મણ વસતો હતો. તેને સોમા નામે એક સ્ત્રી હતી. તે દંપતીને શુદ્ધભટ નામે પુત્ર થયો. તે સિદ્ધભટ નામે કોઇ બ્રાહ્મણની સુલક્ષણા નામે દુહિતાને પરણ્યો. સુલક્ષણા અને શુદ્ધભટ બન્ને યૌવનવય પામ્યાં, એટલે તેઓ પોતાના વૈભવને યોગ્ય એવા યથેચ્છિત ભોગ ભોગવવા લાગ્યાં. કાળના ક્રમથી તેઓનાં માતાપિતા મૃત્યુ પામ્યાં, અને તેમનો પિતા સંબંધી વૈભવ પણ ક્ષય પામ્યો, તેથી કોઇ વખતે તો સુભિક્ષમાં પણ તેઓ રાતે ક્ષુધાર્ત્ત થઇનેજ શયન કરતાં હતાં. નિર્ધન માણસને સુભિક્ષ વર્ષમાં પણ દુર્ભિક્ષ પડખેજ રહેલ હોય છે. શુદ્ધભટ કોઇ વખતે તે નગરમાં રાજમાર્ગે દેશાંતરના કાર્પટિકની જેમ જુના વસ્ત્રનો કડકો પહેરીને ફરતો હતો, કોઇ વખતે ચાતક પક્ષીની જેમ ઘણીવાર તરશ્યો રહેતો હતો, અને કોઇ વખતે પિશાચની જેમ મળથી મલીન એવા ખરાબ શરીરને ધારણ કરતો હતો. આવી સ્થિતિમાં તે પોતાના સહવાસીઓથી લજ્જા પામીને અને પોતાની સ્ત્રીને પણ કહ્યા સિવાય દૂર દેશાંતર ચાલ્યો ગયો. ત્યારપછી તેની સ્ત્રીએ કેટલેક દિવસે વજ્-

પોતના જેવી ઉડતી વાતથી તે દેશાંતર ગયેલ છે એમ સાંભળ્યું. સ્વસુરના અને અર્થના ક્ષયથી તથા પતિના દૂરદેશગમનથી પોતાની જાતને નિર્લક્ષણ માનતી એ સુલક્ષણા તલખવા લાગી. એ પ્રમાણે તે ઉદ્વેગમાં રહેતી હતી તેવામાં વર્ષાઋતુ આવવાથી કોઇ વિપુલા નામે સાધ્વી તેને ઘેર ચાતુર્માસ રહેવાની ઇચ્છાથી આવ્યાં. સુલક્ષણાએ વિપુલા સાધ્વીને નિવાસ આપ્યો, અને પ્રતિદિન તેના મુખથી ધર્મદેશના સાંભળવા લાગી. જેમ મધુર દ્રવ્યના સંબંધથી ખારા પદાર્થની ખટાશ જતી રહે તેમ તે સાધ્વીની ધર્મદેશનાથી તેનું મિથ્યાત્વ ગયું. કૃષ્ણપક્ષને ઉલ્લંઘન કરીને રાત્રિ જેમ નિર્મળતાને પામે તેમ તે અનવદ્ય સમકિત પામી. વૈદ્ય જેમ શરીરમાંથી ઉત્પન્ન થયેલા દોષને જાણે તેમ તે સર્વ જીવાજીવાદિ પદાર્થોને યથાસ્થિત જાણવા લાગી. સમુદ્રનો પાર પામવાને યોગ્ય વહાણને જેમ દરિઆઇ મુસાફર ગ્રહણ કરે તેમ તેણે સંસારને ઉલ્લંઘન કરવામાં સમર્થ એવા જૈનધર્મને ગ્રહણ કર્યો. તેને વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો, કષાય ઉપશાંત થયા, અને અવિચ્છિન્ન એવી જન્મમરણની શ્રેણીમાં કંટાળો થયો. રસાઢ્યકથાના રસથી જાગરૂક મનુષ્ય જેમ રાત્રિને નિર્ગમન કરે તેમ તેણે સાધ્વીની શુશ્રુષાવડે વર્ષાકાળ નિર્ગમન કર્યો. તેને અણુવ્રત આપી ગણિની ત્યાંથી બીજે વિહાર કરી ગયાં. ઘણું કરીને સંયત લોકો વર્ષાકાળ પછી એક ઠેકાણે રહેતા નથી.

હવે શુદ્ધભટ પણ દિગંતરથી પુષ્કળ દ્રવ્ય મેળવી પ્રિયાના પ્રેમથી આકૃષ્ટ થઇ પારાવત (પરિવા)ની જેમ ત્યાં આવ્યો. તેણે આવીને પૂછ્યું–'હે પ્રિયે! કમલિની જેમ હિમને સહન કરી ન શકે તેમ મારા વિયોગને પૂર્વે થોડો પણ નહીં સહન કરી શકનારી એવી તેં મારા દીર્ઘવિયોગને કેવી રીતે સહન કર્યો? સુલક્ષણા બોલી–'હે જીવિતેશ્વર! મરૂસ્થળમાં જેમ હંસી, થોડા પાણીમાં જેમ માછલી,



રાહુના મુખમાં જેમ ચંદ્રલેખા અને દાવાનળમાં જેમ હરિણી તેમ દુઃસહ એવા તમારા વિયોગવડે હું મૃત્યુદ્વારમાં આવી પડી હતી; તેવામાં અંધકારમાં દીપિકાની જેમ, સમુદ્રમાં વહાણની જેમ, મરૂસ્થળમાં વૃષ્ટિની જેમ અને અંધપણામાં દૃષ્ટિપ્રાપ્તિની જેમ દયાનાં ભંડાર એક વિપુલા નામે સાધ્વી અહીં આવ્યાં. તેમના દર્શનથી તમારા વિરહવડે ઉત્પન્ન થયેલું મારૂં સર્વ દુઃખ ચાલ્યું ગયું, અને મનુષ્યજન્મના ફળરૂપ સમક્તિ પ્રાપ્ત થયું.' શુદ્ધભટે કહ્યું–'હે ભદ્રિની! તમે મનુષ્યજન્મના ફળરૂપ સમક્તિ કહો છો તે શું?' સુલક્ષણા બોલી–'આર્યપુત્ર! તે ઇષ્ટ માણસને કહેવા યોગ્ય છે, અને તમે મને પ્રાણથી પણ ઇષ્ટ છો તેથી હું કહું છું તે આપ સાંભળોઃ—

"દેવમાં દેવપણાની બુદ્ધિ, ગુરૂમાં ગુરૂપણાની બુદ્ધિ અને શુદ્ધ ધર્મમાં ધર્મબુદ્ધિ તે સમકિત કહેવાય છે, અને અદેવમાં દેવબુદ્ધિ, અગુરૂમાં ગુરૂબુદ્ધિ અને અધર્મમાં ધર્મબુદ્ધિ તે વિપર્યાસભાવ હોવાથી મિથ્યાત્વ કહેવાય છે. સર્વજ્ઞ, રાગાદિક સમગ્ર દોષને જીતનાર, ત્રણલોકના પૂજિત અને યથાસ્થિત અર્થ કહેનાર તે અર્હંત પરમેશ્વર દેવ છે. તે દેવનુંજ ધ્યાન ધરવું, તેનીજ ઉપાસના કરવી, તેમનેજ શરણે જવું અને જો જ્ઞાન હોય તો તેનાજ શાસનને પ્રતિપાદન કરવું. જે દેવો સ્ત્રી, શસ્ત્ર અને અક્ષસૂત્રાદિ રાગાદિ દોષનાં ચિન્હોથી અંકિત થયેલા છે, અને જે નિગ્રહ અનુગ્રહ કરવામાં તત્પર છે તે દેવો મુક્તિ આપવાને માટે સમર્થ થતા નથી. નાટય, અટ્ટહાસ અને સંગીત વિગેરે ઉપાધિ વિસંસ્થૂલ થયેલા તે દેવતાઓ શરણે આવેલા પ્રાણીઓને મોક્ષપદમાં કેમ લઇ જઈ શકે?"

"મહાવ્રતોને ધરનારા, ધૈર્યવાળા, ભિક્ષામાત્રથીજ ઉપજીવન કરનારા અને નિરંતર સમભાવમાં રહેલા એવા ધર્મોપદેશક હોય તે

ગુરૂ કહેવાય છે. સર્વ વસ્તુના અભિલાષી, સર્વ પ્રકારનું ભોજન કરનારા, પરિગ્રહવાળા, અબ્રહ્મચારી અને મિથ્યા ઉપદેશના આપનારા તે ગુરૂ કહેવાય નહીં. જે ગુરૂ પોતેજ પરિગ્રહ અને આરંભમાં મગ્ન થયેલા હોય તેઓ બીજાને કેમ તારી શકે? પોતે દરિદ્રી હોય તે બીજાને સમર્થ કરવાને કેમ શક્તિવંત થાય ? ”

“ દુર્ગતિમાં પડતા પ્રાણીઓને જે ધારણ કરી રાખે તે ધર્મ કહેવાય છે. સર્વજ્ઞનો કહેલો, સંયમ વિગેરે દશ પ્રકારનો ધર્મ મુક્તિને માટે થાય છે. જે અપૌરૂષેય વચન છે તે અસંભવિત હોવાથી પ્રમાણ થતું નથી; કારણકે પ્રમાણતા છે તે આપ્ત પુરૂષને આધીન છે. મિથ્યાદૃષ્ટિ જનોએ માનેલા અને હિંસાદિકથી કલુષિત થયેલા નામમાત્ર ધર્મને ધર્મ તરીકે જાણવામાં આવે તો તે સંસારમાં પરિભ્રમણ કરવાના કારણભૂત થાય છે. જો રાગસહિત દેવ કહેવાય, અબ્રહ્મચારી ગુરૂ તે ગુરૂ કહેવાય અને દયાહીન ધર્મ તે ધર્મ કહેવાય તો ખેદ સાથે આ જગત્ નાશ પામી ગયું છે એમ સમજવું. શમ, સંવેગ નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયતા એ પાંચ લક્ષણોથી સારી રીતે સમકિત ઓળખાય છે. એ સમકિતના સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા એ પાંચ ભૂષણો કહેવાય છે. શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને તેનો પરિચય એ પાંચ સમકિતને દૂષિત કરે છે. ”

# ૧૬

## વિપુલવાહન રાજાને કરેલો સંસારની અસારતા વિષે બોધ

[ પર્વ ૩જું, સર્ગ ૧લો, પાન ૩–૫ ]

એક દિવસ વિપુલવાહન મહારાજા મહેલની અગાશી ઉપર બેઠા હતા, તેવામાં પૃથ્વીનું જાણે છત્ર હોય તેવો આકાશમાં ચડેલો મેઘ તેમના જોવામાં આવ્યો. જાણે આકાશનો ગળીએ રંગેલા વસ્ત્રનો કંચુક હોય તેવો એ મેઘ વિદ્યુત્ રૂપ આભૂષણને ધારણ કરતો સર્વ દિશાઓમાં ચોતરફ વ્યાપી ગયો. એ અરસામાં વૃક્ષોને મૂળમાંથી કંપાવતો અને પાતાળકળશનું જાણે સર્વસ્વ હોય તેવો પ્રચંડ પવન ઉત્પન્ન થયો. એ મોટા પવને આકડાના તૂલની પેઠે તે મહામેઘને ઉડાડીને દશે દિશામાં વેરણછેરણ કરી દીધો. ક્ષણવારમાં ઉત્પન્ન થયેલા અને પાછા ક્ષણવારમાં નાશ પામેલા એવા મેઘને જોઇને એ સદ્બુદ્ધિવાળો રાજા વિચાર કરવા લાગ્યો કે “ અહો ! જોતજોતામાં આ મેઘ જેમ દૃષ્ટનષ્ટ થઇ ગયો તેમ આ સંસારમાં બીજું સર્વ પણ જોતજોતામાંજ નાશ પામી જાય તેવું છે. જે પ્રાણી સ્વેચ્છાથી બોલે છે, પ્રવેશ કરે છે, નાચે છે, હસે છે, રમે છે, દ્રવ્ય મેળવવાના અનેક ઉપાયો ચિંતવે છે, ચાલે છે, ઉભા રહે છે, સુએ છે, વાહનપર ચડે છે, કોપ કરે છે અને ઘરની અંદર કે બહાર વિલાસ કરે છે, તે પ્રાણીને તેવી ક્રિયા કરતાંજ યમરાજાના દૂતની જેમ નિત્ય પાસે રહેલા અનેક દોષો મૃત્યુ પમાડે છે. તે દોષો આ પ્રમાણે છે. તત્તકાળ કાળે પ્રેરેલો સર્પ આવીને કરડે છે, પ્રચંડ વિજળીરૂપ દંડ પડીને પાડી નાખે છે, ઉન્મત્ત હાથી આવીને દંતાશૂળથી પીસે છે, જુની વંડી કે ભીંત

તૂટી પડી દબાવે છે, ભુખથી કૃશ ઉદરવાળો વ્યાઘ્ર ભક્ષ કરી જાય છે, જેની ચિકીત્સા ન થઇ શકે તેવો રોગ લાગુ પડે છે, અકસ્માત્ ઉન્મત્ત ( તોફાની ) ઘોડા વિગેરે પાડી નાખે છે, શત્રુ કે ચોર આવી છરીવડે હણી નાખે છે, પ્રદીપ્ત થયેલો અગ્નિ બાળી નાખે છે, મહાવૃષ્ટિથી આવેલું નદીનું પૂર વેગવડે તાણી જાય છે, સર્વ અંગમાં વાયુનો બળવાન દોષ પ્રગટ થાય છે, શરીરની તમામ ગરમીને શાંત કરીને કફ વ્યાપ્ત થાય છે, પિત્તનો પ્રબળ દોષ પ્રાણને લુપ્ત કરી નાખે છે, અથવા તત્કાળ થયેલો સન્નિપાત પરાભવ કરે છે, કરોળીઆનો રોગ શરીરનું ભક્ષણ કરે છે, ક્ષય-રોગ પ્રાપ્ત થાય છે, વિશૂચિકા ( કોલેરા )નો ઉપદ્રવ હેરાન કરે છે, જેનું ખરાબ પરિણામ છે એવું અર્બુદ જાતિનું વ્રણ પેદા થાય છે, પ્રમેહનો રોગ મુર્ચ્છા પમાડે છે, સંગ્રહણીનો વ્યાધિ સપડાવે છે, વિદ્રધિનો રોગ રૂંધે છે, ખાંસીનું દરદ કલેશ પમાડે છે, શ્વાસનો વ્યાધિ ભરપૂર થાય છે, અથવા શૂલનો રોગ ઉન્મૂલન કરી નાખે છે. આવા અનેક દોષથી પ્રાણી મૃત્યુ પામે છે; તથાપિ પશુની પેઠે મંદબુદ્ધિવાળો મનુષ્ય પોતાની સ્થિતિને શાશ્વત માની પોતાના જીવિતવ્યરૂપ વૃક્ષનું ફળ લેવાને પ્રવર્ત્તતો નથી. એ મુગ્ધબુદ્ધિ-વાળો પુરૂષ ‘ આ મારા ભાઇઓ નઠારી સ્થિતિમાં છે, આ મારા પુત્રો અદ્યાપિ નાના છે, આ કન્યા હજુ કુંવારી છે, આ પુત્રને હજુ ભણાવવાનો છે, આ ભાર્યા હજુ નવોઢા છે, આ માતાપિતા વૃદ્ધ છે, આ સાસુસસરો ગરીબ સ્થિતિમાં છે અને આ બેન વિધવા છે એમ સર્વ પરિવાર નિરંતર પોતાનેજ પાળવા યોગ્ય છે એવી ચિંતા કર્યા કરે છે; પણ તે પરિવાર પોતાને સંસારરૂપી સમુદ્રમાં ડુબાડવાને હૃદયપર બાંધેલી શિલા જેવો છે એમ જાણતો નથી, અને જ્યારે અંતકાળ આવે છે તે વખતે પણ જડ પુરૂષ પશ્ચાતાપ કરે છે કે ‘ અરે ! અદ્યાપિ કાંતાના



શરીરને આલિંગન કરવાના સુખથી હું તૃપ્ત થયો નથી, દૂધ વિગેરે ખાદ્ય પદાર્થોથી ધરાણો નથી, પુષ્પ સુંઘવાની મારી ઇચ્છા પૂરી થઇ નથી, મનોહર પદાર્થોને જોવાનો મનોરથ પૂરો થયો નથી, હજુ વીણાયુક્ત વેશ્યાના ગીત સાંભળવાનો આનંદ જરા પણ પામ્યો, નથી, મારા કુંટુંબને માટે હજુ ભંડાર ભરપૂર કર્યા નથી, આ જીર્ણ ઘરનો ઉદ્ધાર કરીને નવીન કરવું બાકી રહેલું છે, ઉંચી શિક્ષા આપેલા અશ્વો ઉપર હજી આરૂઢ થયો નથી, અને આ પલોટેલા બળદ ઉત્તમ રથ સાથે જોડયા પણ નથી. ’ એવી રીતનો પશ્ચાતાપ કરે છે પણ મેં ધર્મ કર્યો નથી એવો જરાપણ પશ્ચાતાપ કરતો નથી. આ સંસારમાં એક તરફ મૃત્યુ સદા તૈયાર થઇ રહેલું છે, એક તરફ અનેક પ્રકારના અપ-મૃત્યુ થયા કરે છે, એક તરફ અનેક પ્રકારની વ્યાધિઓ થાય છે, એક તરફ ઘણી આધિ ઉત્પન્ન થાય છે, એક તરફ રાગદ્વેષાદિ શત્રુઓ નિત્ય ઉદ્યત થઇ રહ્યા છે, અને એક તરફ દુર્જનની પેઠે પ્રબળ કષાયો વિપત્તિ આપ્યા કરે છે; તેથી તેમાં મરૂદેશની પેઠે કાંઇ પણ સુખકારી નથી, તે છતાં પ્રાણીઓ તેમાં સુખ કેમ માની રહે છે અને વૈરાગ્ય કેમ પામતા નથી ? સુતેલા માણસ ઉપર જેમ અકસ્માત્ રાત્રિયુદ્ધ આવી પડે તેમ સુખાભાસથી મૂઢ થયેલા પ્રાણી ઉપર સદ્ય પ્રાણનો નાશ કરનાર કાળપાશ આવી પડે છે, તેથી રાંધેલા અન્નનું ફળ જેમ ભોજન કરવું છે તેમ આ નાશવંત શરીરનું ફળ ધર્માચરણ છે. આ નાશવંત શરીરવડે અવિનાશી પદ મેળવવું સુલભ છે, તે છતાં મૂઢ પ્રાણીઓ તેને મેળવતા નથી, પણ હું તો આ શરીરવડે નિર્વાણસંપત્તિને ખરીદ કરવા અત્યંત ઉત્સાહ રાખીશ, અને આ રાજ્ય પુત્રને સોંપી દઇશ.

## ૧૭

# શ્રી સંભવનાથની સ્તુતિ તથા તેમનો બોધ

[ પર્વ ૩જું, સર્ગ ૧લો, પાન ૧૬-૧૮ ]

પછી શક્ર ઇંદ્રે સ્વામીને નમસ્કાર કરી અંજલિ જોડીને ભક્તિ સહિત વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે પ્રભુ ! તમે ન બોલાવ્યા છતાં પણ સર્વના સહાયકારી છો, કારણ શિવાય વાત્સલ્યવાન છો, પ્રાર્થના કર્યા વગર પણ ઉપકારી છો અને સંબંધ વગરના બાંધવ છો. તેથી હે નાથ ! અભ્યંગ કર્યા વગર સ્નિગ્ધ હૃદયવાળા, મલાપકર્ષણ વિના ઉજ્વળ વચનને બોલનારા, પ્રક્ષાલન કર્યા વગર નિર્મળ શીળવાળા અને શરણ કરવાને લાયક એવા તમારા શરણનો હું આશ્રય કરૂં છું. હે સ્વામી ! શાંત છતાં વીર વ્રતવાળા, સમતાવાન અને સર્વમાં સરખી રીતે વર્તનારા એવા તમોએ કર્મરૂપી કુટીલ કાંટાને અત્યંત કૂટી નાખ્યા છે. અભવ છતાં મહેશ, અગદ છતાં નરકને છેદનાર (કૃષ્ણ) અને અરાજસ છતાં બ્રહ્મરૂપ એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. હે પ્રભુ ! સિંચન કર્યા સિવાય ફલદ્રુપ અને પડવા વગર મોટા વધેલા એવા તમે સંકલ્પ રહિત કલ્પવૃક્ષ છો; માટે તમારાથી અમને મોટું ફળ પ્રાપ્ત થાઓ. હે સ્વામી ! દ્રવ્યાદિ સંગરહિત, મમતાએ વર્જિત, કૃપાળુ, મધ્યસ્થ અને જગત્‌ને પાલન કરનાર એવા આપ જિનેશ્વરનો હું કોઇ પણ પ્રકારના ત્રિશૂળાદિ ચિન્હ વિનાનો કિંકર છું. હે નાથ ! નહીં ગોપવેલા રત્નના નિધિરૂપ, વાડ વિનાના કલ્પવૃક્ષરૂપ અને નહીં ચિંતવેલા ચિંતામણિરૂપ



એવા તમારે વિષે આ મારા આત્માને મેં અર્પણ કરેલો છે. હે પ્રભુ ! હું ફળની ચિંતાથી રહિત છું અને તમારી મૂર્ત્તિ ફળરૂપ જ છે તેથી 'શું કરવું ?' એવા વિચારમાં જડ થયેલા મને, મારે શું કરવું જોઈએ ? તે બતાવવાનો પ્રસાદ કરો."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા પછી ભગવાન્ સંભવપ્રભુએ વિશ્વનો ઉપકાર કરવાની ઇચ્છાથી આવી રીતે દેશના દેવાનો આરંભ કર્યો.

"આ સંસારમાં વસ્તુતઃ સર્વ વસ્તુ અનિત્ય છે, તથાપિ પ્રથમ લાગતી સહજ માત્ર મીઠાશના સુખને માટે પ્રાણીઓને તેમાં મૂર્છા રહ્યા કરે છે. પોતાથી, બીજાઓથી અને બધી તરફથી જેઓને આપત્તિ હમેશાં આવ્યા કરે છે એવા પ્રાણીઓ યમરાજના દાંતરૂપ યંત્રમાં રહીને પણ અહા ! કેવા કષ્ટથી જીવે છે ! અનિત્યતા વજ્ર જેવા દેહોને પણ સપડાવે છે, તો આ કદલીના ગર્ભ જેવા પ્રાણીઓની તો શી વાત કરવી ? જો કદિ આ અસાર શરીરને સ્થિર કરવાને કોઇ ઇચ્છે તો તે જુના અને સડેલા ઘાસના બનાવેલા ચાડીઆના પુરૂષને જ સ્થિર કરવાને ઇચ્છે છે એમ સમજવું. મરણરૂપી વાઘની મુખગુફામાં વસનારા પ્રાણીઓનું રક્ષણ કરવાને માટે મંત્ર, તંત્ર અને ચિકિત્સા સર્વે નકામાં છે. જેમ જેમ પુરૂષ વયમાં વધતો જાય છે તેમ તેમ પ્રથમ તેને જરાવસ્થા ગ્રસ્ત કરતી જાય છે અને પછી તેને માટે યમરાજ ત્વરા કરે છે. 'અહા ! પ્રાણીઓના જન્મને ધિક્કાર છે !' આ શરીર યમરાજાને વશ રહેલું છે, એમ જો ખરેખરૂં જાણવામાં આવે તો પછી કોઇ પણ પ્રાણી અન્નના ગ્રાસને ગ્રહણ કરી શકે નહીં, તો પાપકર્મની તો વાત જ શી કરવી ? જેમ પાણીમાં પરપોટા ઉત્પન્ન થઇને વિલય પામી જાય છે તેમ પ્રાણીઓનાં શરીર

ક્ષણુક્ષણુમાં ઉત્પન્ન થઇને વિલય પામે છે. સમદૃષ્ટિવાળો કાળ ધનાઢય કે નિર્ધન, રાજા કે રાંક, સમજુ કે મૂર્ખ અને સજ્જન કે કે દુર્જન સર્વનો સરખી રીતે સંહાર કરવાને પ્રવર્તે છે. એ કાળને ગુણુમાં દાક્ષિણ્યતા નથી અને દોષોમાં દ્વેષ નથી, પણુ તે તો મોટા અરણ્યને દાવાનળની જેમ સર્વ પ્રાણીઓનો સંહાર જ કર્યા કરે છે. કુશાસ્ત્રથી મોહ પામેલા પુરૂષોએ 'કોઇ પણુ ઉપાયથી આ કાયા નિરપાય થાય' એવી શંકા પણુ કરવી નહીં. જેઓ મેરૂપર્વતનો દંડ અને પૃથ્વીનું છત્ર કરવાને સમર્થ હોય છે તેઓ પણુ પોતાને વા બીજાને મૃત્યુથી બચાવવાને સમર્થ થતા નથી. કીડાથી માંડીને ઇંદ્ર સુધી તે યમરાજનું શાસન સમર્થ રીતે પ્રવર્તે છે. તેમાંથી કોઇ રીતે કાળને વંચના કરવાની વાત ડાહ્યો માણુસ તો બોલે જ નહીં. કદિ કોઇએ પોતાના પૂર્વજોમાં કોઈને પણુ જો જીવતો રહેલો જોયો હોય તો તે કાળને વંચના કરવાની વાત ન્યાયમાર્ગથી ઉલટી રીતે પણુ સંભવે ખરી, પણુ તેવું તો જણુાતું નથી. 'બળ અને રૂપને હરણુ કરનારી વૃદ્ધાવસ્થાથી શિથિલ થવાય છે' એ વાતના અનુભવી વિદ્વાન્ પુરૂષોને તો ' યૌવનવય અનિત્ય છે ' એવી ખાત્રી થવી જ જોઇએ. કામિનીઓ કામદેવની લીલાથી યૌવન વયમાં જેઓની ઇચ્છા કરતી હતી, તેજ પુરૂષોને વૃદ્ધાવસ્થામાં તેઓ થુંકી થુંકીને ત્યજી દે છે ધનવાન્ પુરૂષોએ જે ધન ઘણુા કલેશથી મેળવી ઉપભોગ કર્યા વગર રક્ષણુ કરીને એકઠું કરી રાખ્યું હોય છે તે પણુ ક્ષણુવારમાં વિનાશ પામી જાય છે. જોતજોતામાં અવશ્ય નાશ પામી જતાં એવાં ધનવાનનાં ધનને ફીણુ, પરપોટા અને વિજળીની ઉપમા કેમ ન આપી શકાય ? પોતાનો વા બીજાનો ગમે ત્યાં ન્યાસ કરો તેમજ વિકાર કે અપકાર કરો, પણુ આ સંસારમાં મિત્ર કે બંધુજનોના જે સમાગમો છે તે છેવટે વિનાશ પામનારા છે. જેઓ હંમેશાં અનિત્યતાનું ધ્યાન કરે છે તેઓ પોતાનો પુત્ર



મૃત્યુ પામી જાય તોપણુ તેનો શોક કરતા નથી, અને જે મૂઢ નિત્યતાનો આગ્રહ રાખે છે તે પોતાની એક દિવાલ પડી જાય ત્યારે પણુ રૂદન કરે છે. શરીર, યૌવન, ધન અને બંધુ વિગેરે જ ફક્ત અનિત્ય છે એમ નથી, પણુ આ સઘળું સચરાચર જગત જ અનિત્યપણે રહેલું છે. આવી રીતે આ સર્વને અનિત્ય જાણીને પ્રાણીઓએ પરિગ્રહનો ત્યાગ કરી નિત્ય સુખવાળું શાશ્વતપદ ( મોક્ષ ) મેળવવાને માટે " પ્રયત્ન કરવો "

## ૧૮

## શ્રી અભિનંદન સ્વામીની દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૨જો, પાન ૨૬–૨૭ ]

એ પ્રમાણે વિહાર કરતાં પ્રભુ એકદા સહસ્રામ્ર વનમાં આવ્યા. ત્યાં છઠ્ઠ તપ કરી રાયણના વૃક્ષની નીચે કાયોત્સર્ગ કરીને રહ્યા. ધ્યાનમાં વર્તતાં શુકલધ્યાનના બીજા પાયાને અંતે ઘાતીકર્મનો ક્ષય થતાં પોષમાસની શુકલચતુર્દશીએ અભીચિ નક્ષત્રનો ચંદ્ર થતાં પ્રભુને નિર્મળ કેવલજ્ઞાન પ્રગટ થયું; જે જ્ઞાન ક્ષણવાર નારકીના જીવોને પણ પિડાનો નાશ કરવામાં ઔષધ રૂપ થઈ પડયું. અવધિજ્ઞાનવડે પ્રભુને કેવળજ્ઞાન થયાની ખબર જાણીને ચોસઠ ઇન્દ્રોએ ત્યાં આવી એક યોજન પ્રમાણ પ્રદેશમાં સમવસરણ રચ્યું. દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણકમળ ઉપર ચરણને ધારણ કરતા પ્રભુએ પૂર્વ દ્વારથી તેમાં પ્રવેશ કર્યો, અને સમવસરણની મધ્યમાં રહેલા બે ગાઉ અને બસો ધનુષ્ય ઉંચા ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી. 'તીર્થાયનમઃ' એમ બોલતાં પ્રભુએ દેવચ્છંદાના મધ્ય ભાગમાં રહેલા પૂર્વાભિમુખ સિંહાસનને અલંકૃત કર્યું. પછી દેવ, અસુર અને મનુષ્ય :સહિત ચતુર્વિધ સંઘ પોતપોતાના યોગ્ય દ્વારથી પ્રવેશ કરી યોગ્ય સ્થાનકે બેઠો. તે વખતે ભગવાનને નમસ્કાર કરી, અંજલિ જોડી શક્રઇન્દ્રે રોમાંચિત શરીરે નીચે પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી.

" હે ભગવન્ ! આપે સર્વદા કષ્ટકારી એવી મન, વચન અને કાયાની ચેષ્ટાનો સંહાર કરી શિથિલપણાથી મનરૂપી શલ્યને જુદું કરેલું છે. હે નાથ ! તમારી ઇન્દ્રિયો સંમત પણ નથી તેમજ



ઉચ્છૃંખલ પણ નથી એમ સમ્યક્ પ્રકારે પ્રતિપાદન કરીને તમે ઇન્દ્રિયોનો જય કરેલો છે. યોગનાં જે આઠ અંગ કહેલાં છે તે તો ફક્ત પ્રપંચમાત્ર છે; નહીં તો એ યોગ બાળપણાથી આરંભીને તમારી સાત્મ્યતાને કેમ પ્રાપ્ત થાય ? હે સ્વામિન્ ! લાંબા કાળથી સાથે રહેનારા વિષયોમાં તમને વિરાગ છે અને અદૃષ્ટ એવા યોગમાં સાત્મ્યપણું છે; એ અમને તો અલૌકિક લાગે છે. જેવો તમે અપકાર કરનાર ઉપર રાગ ધરો છો તેવો બીજાઓ ઉપકાર કરનાર ઉપર પણ રાગ ધરતા નથી. અહો ! તમારૂં સર્વ અલૌકિક છે. ! હે પ્રભુ ! તમે હિંસક પુરૂષોના ઉપર ઉપકાર કર્યો અને જે આશ્રત હતા તેમની ઉપેક્ષા કરી. એવા તમારા વિચિત્ર ચરિત્રને કોણ અનુસરી શકે ? હે ભગવન્ ! પરમ સમાધિમાં તમે તમારા આત્માને એવી રીતે જોડી દીધો છે કે જેથી 'હું સુખી છું કે દુઃખી છું અથવા 'સુખી કે દુઃખી નથી' એમ તમારા મનમાં પણ આવતું નથી. જેમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રિપુટી એકાત્માને પામેલી છે એવા તમારા યોગના માહાત્મ્ય ઉપર બીજાઓને કેમ શ્રદ્ધા ન આવે ?"

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા, એટલે પ્રભુએ એક યોજન સુધી પ્રસરતી ગંભીર ગિરાથી દેશના આપવી શરૂ કરી.

આ સંસાર એક વિપત્તિની ખાણરૂપ છે. એમાં પડતા મનુષ્યને પિતા, માતા, મિત્ર, બંધુ કે બીજા કોઇ પણ શરણ રૂપ થતા નથી. ઇંદ્ર અને ઉપેંદ્રાદિ જેવા પણ જે મૃત્યુના સપાટામાં આવે છે તે મૃત્યુને પણ પીડા કરનાર એવો કયો પુરૂષ શરણેચ્છુ જનોને શરણ કરવા લાયક છે ? અહા ! આ સંસારમાં પિતા, માતા, બ્હેન, ભાઈ અને પુત્રો જોઇ રહે છે અને રક્ષણ વગરના આ જીવને તેનાં કર્મો યમરાજના ગૃહમાં દોરીને લઇ જાય છે. મૂઢબુદ્ધિવાળા પુરૂષો

પોતાનાં કર્મોથી મૃત્યુને પામતા એવા સ્વજનને જોઈ શોક કરે છે, પણ તેઓ 'પોતાના આત્માને પણ કર્મો તેવીજ રીતે લઈ જશે' એમ શોક કરતા નથી. મોટા ભયંકર જંગલમાં મૃગનાં બચ્ચાંની જેમ દુઃખરૂપી દાવાનળની પ્રજ્વળિત જ્વાળાઓથી વિકરાળ એવા આ સંસારમાં પ્રાણીને કોઇ પણ શરણભૂત નથી. અષ્ટાંગ આયુર્વેદથી, સંજીવિની ઔષધિઓથી અને મૃત્યુંજયાદિક મંત્રોવડે પણ મૃત્યુથી રક્ષણ થતું નથી. ખડ્ગના પાંજરાના મધ્ય ભાગમાં રહેલા અને ચતુરંગ સેનાથી વિંટાયેલા મોટા રાજાને પણ યમરાજના કિંકરો રાંકની પેઠે હઠથી ખેંચી જાય છે. જેમ પશુઓ મૃત્યુથી બચવાનો ઉપાય જાણતા નથી તેમ વિદ્વાનો પણ જાણતા નથી, એ કેવી મૂઢતા કહેવાય ? જેઓ ખડ્ગ માત્રના સાધનથી પૃથ્વીને નિષ્કંટક કરે છે; તેઓ યમરાજની ભ્રૃકુટિથી ભય પામીને મુખમાં આંગળીઓ ઘાલે છે, એ કેવી વિચિત્ર વાર્તા ! પાપ રહિત મુનિઓનાં ખડ્ગની ધારા જેવાં વ્રતો પણ મૃત્યુનો ઉપાય કરી શકતાં નથી. અહા ! શરણ વિનાનું, રાજા વિનાનું, નાયક વિનાનું અને ઉપાય વગરનું આ જગત્ યમરાજરૂપી રાક્ષસથી ગળી જવાય છે. ! જે ધર્મ રૂપ ઉપાય છે તે પણ મૃત્યુની સામે ચાલતો નથી; પણ તે ઉપાય શુભ ગતિને આપનારો ગણાય છે; તેથી પ્રવ્રજ્યા રૂપ ઉપાયને ગ્રહણ કરીને જેમાં અક્ષય સુખ છે એવા મોક્ષને માટેજ પ્રયત્ન કરવો યોગ્ય છે. ”

# ૧૯

## પુરૂષસિંહકુમારને થયેલી ચારિત્ર લેવાની ઇચ્છા

[ પર્વ ૩જું, સર્ગ ૩જો, પાન ૩૨-૩૪ ]

એક વખતે જાણે સાક્ષાત્ વસંત હોય અથવા જાણે સાક્ષાત્ વસંતનો મિત્ર કામદેવ હોય તેવો પુરૂષસિંહકુમાર સ્વેચ્છાથી ક્રીડા કરવાને ઉદ્યાનમાં ગયો. ત્યાં રૂપથી અને શમથી આનંદનો જય કરનાર વિનયનંદન નામના સૂરિને સમોસરેલા તેણે જોયા. તેમને જોતાં જાણે અમૃતનું પાન કર્યું હોય તેમ કુમારનાં લોચન, હૃદય અને બીજાં અંગો પણ પૂર્ણ વિકાસ પામ્યાં. ક્ષણવાર તેમને નીરખી રાજકુમાર વિચારવા લાગ્યો કે 'જેવું વેશ્યાની પાસે રહીને સતીવ્રતનું પાલન કરવું, ચોરની પાસે રહીને નિધાનનું ગોપવવું, યુવાન માર્જારની પાસે રહીને અમૃતના આસવનું રક્ષણ કરવું અને ડાકણની પડોશમાં રહીને પોતાની કુશળતા સાચવવી મુશ્કેલ છે, તેવીજ રીતે આ મુનિનું અનુપમ રૂપ અને યૌવન વય જોતાં વિષયવૃત્તિરૂપ ઉન્માદનો હેતુ ઉદય પામે તેવું જણાય છે, તે છતાં આવા કઠિણ વ્રતનું ધારણ કરવું દેખાય છે તે તેવુંજ મુશ્કેલ છે. હેમંતઋતુમાં હિમ, ગ્રીષ્મઋતુમાં સૂર્યનો તાપ અને વર્ષાઋતુમાં ઝંઝાવાત સહન થઇ શકે પણ યૌવનમાં કામદેવનો ઉપદ્રવ સહન થઇ શકતો નથી. તે છતાં આવા કામદેવને જીતનારા મુનિ, આજે પુણ્યાનુબંધી પુણ્યથી ભાગ્યયોગે મારા જોવામાં આવ્યા છે, કે જેઓ માતા, પિતા કે ગુરૂ હોય તેમ મને પ્રીતિ ઉત્પન્ન કરે છે.' આ પ્રમાણે વિચાર કરી રાજકુમાર સત્વર તેમની પાસે આવ્યો, અને હૃદયને આનંદ આપનારા એ

વિનયનંદન મુનિને તેણે વંદના કરી. મુનિએ કલ્યાણરૂપી અંકુરને ઉત્પન્ન કરવામાં મેઘવૃષ્ટિ જેવી ધર્મલાભરૂપ આશિષ આપીને રાજપુત્રને આનંદિત કર્યો. પછી કુમાર નમસ્કાર કરી બોલ્યો-'હે મુનિરાજ! નવયૌવનવાન્ છતાં તમે આવું વ્રત ધારણ કરેલું છે તે જોઇને મને આશ્ચર્ય થાય છે. આવી વયમાં તમે યત્નપૂર્વક વિષયોથી વિમુખ થયા છો, તે વિષયોના કિંપાકના ફળની જેવા માઠા વિપાક હું પણ જાણું છું. આ સંસારમાં હું પણ કિંચિત્ માત્ર સાર જોતો નથી, પરંતુ તેવા સંસારનો પરિહાર કરવાને આપના જેવા વિરલા પુરૂષોજ ઉદ્યુક્ત થાય છે. હે સ્વામિન્! આપ આ સંસાર તરવાનો ઉપાય મને બતાવો અને સાર્થવાહ જેમ વટેમાર્ગુને લઇ જાય, તેમ તમે મને તમારે માર્ગે લઇ જાઓ. હે મહામુનિ! કાંકરાને શોધતાં જેમ પર્વત ઉપરથી માણિક્ય મળી જાય, તેમ ક્રીડા કરવાને આવેલા મને અહીં તમે પ્રાપ્ત થયા છો.'

આવી રીતે જ્યારે રાજકુમારે કહ્યું ત્યારે કામદેવના શત્રુ એવા એ મહામુનિ નવીન મેઘના જેવી ગંભીર ગિરાથી આ પ્રમાણે બોલ્યા-"જેમ માંત્રિક પુરૂષને સર્વભૂત પિશાચ શાંતિને માટે થાય છે તેમ વૈરાગ્યવાન પુરૂષને યૌવન, ઐશ્વર્ય અને રૂપાદિક જે મદનાં સ્થાન છે તે શાંતિને માટે થાય છે; શ્રી ભગવંતે સંસારરૂપ સમુદ્રને તરવામાં ઉત્તમ વહાણની જેવો યતિધર્મ કહેલો છે. એ યતિધર્મ સંયમ, (અહિંસા) સત્ય, શૌચ (અચૌર્ય), બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ ક્ષમા, મૃદુતા (નિરભિમાનતા), આર્જવ (સરલતા) અને મુક્તિ (નિર્લોભતા) એ દશ પ્રકારનો છે. પ્રાણાતિપાત નિવૃત્તિ એ સંયમ; અસત્ય વચનનો પરિહાર કરવો તે અમૃષાવાદ; અદત્તાદાન (ચોરી) વર્જીને સંયમની શુદ્ધિ રાખવી તે શૌચ; નવ ગુપ્તિ સહિત કામ-ઇંદ્રિયનો સંયમ કરવો તે બ્રહ્મચર્ય; શરીર વિગેરેમાં પણ મમતારહિતપણું તે અકિંચનતા; અનશન, ઔનો-



દરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, તનુકલેશ અને સંલીનતા-એ છ પ્રકારે બાહ્યતપ અને પ્રાયશ્ચિત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન એ છ પ્રકારે અભ્યંતર તપ-તે બંને મળી બાર પ્રકારે તપ; શક્તિ વા અશક્તિ છતાં ક્રોધનો નિગ્રહ કરી સહન કરવું તે ક્ષમા; માનનો જય કરી મદના દોષનો ત્યાગ કરવો તે મૃદુતા; માયાને જીતીને મન વચન, કાયાથી વક્રતાને છોડી દેવી તે આર્જવ; અને બાહ્ય તથા અભ્યંતર વસ્તુઓમાં તૃષ્ણાનો વિચ્છેદ તે મુક્તિ; એ દશ પ્રકારનો ધર્મ સંસારસમુદ્રથી પાર ઉતારવામાં સમર્થ છે, અને એ નિર્દોષ ધર્મ ચિંતામણિ રત્નની જેમ આ જગત્માં પુણ્યથીજ પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણેની મુનિરાજની વાણી સાંભળી રાજકુમાર પુરૂષસિંહ વિનયપૂર્વક આ પ્રમાણે બોલ્યો-"હે પ્રભુ! નિર્ધનને ધનનો ભંડાર બતાવવાની જેમ આપે આ ધર્મ મને સારી રીતે બતાવ્યો છે. પણ એ ધર્મ ગૃહવાસમાં રહીને આચરી શકાતો નથી; કારણ કે ગૃહવાસ સંસારરૂપી વૃક્ષનો એક ઉત્તમ દોહદ છે. પણ હે ભગવંત! આ સંસારરૂપી દુર્ગ્રામના નિવાસથી હું તો ઉદ્વેગ પામ્યો છું, માટે મને ધર્મરાજાની રાજધાનીરૂપ દીક્ષા આપો." રાજપુત્રનાં એવાં વચન સાંભળી વિનયનંદન સૂરિ બોલ્યા-'હે રાજકુમાર! આ તમારો મનોસ્થ ઘણો શ્રેષ્ઠ અને પુણ્યસંપત્તિને સાધનારો છે. મોટી બુદ્ધિવાળા, વિવેકી અને દઢ નિશ્ચય રાખનારા હે મહાસત્ત્વ! તમે વ્રતનો ભાર ધારણ કરવાને યોગ્ય છો, તેથી તમારો મનોરથ અમે પૂર્ણ કરીશું; પરંતુ પ્રથમ તમે નગરમાં જઇ તમારા પુત્રવત્સલ માતાપિતાની રજા લઇને આવો; કારણકે જગતમાં પ્રાણીને પહેલા ગુરૂ માતાપિતા છે." મુનિનાં એવાં વચન સાંભળી પુરૂષસિંહ નગરમાં ગયો, અને માતાપિતા પાસે જઇ પ્રણામ કરી અંજલી જોડી દીક્ષા લેવાની આજ્ઞાને માટે વિજ્ઞપ્તિ

કરી. પુત્રનું એવું વચન સાંભળી તેઓએ કહ્યું-“હે વત્સ! આ વખતે તને દીક્ષા લેવી યુક્ત નથી. કારણકે પંચ મહાવ્રતનો ભાર વહન કરવો ઘણો મુશ્કેલ છે. સંયમી પુરૂષને પોતાના દેહમાં પણ મમતા છોડી અને રાત્રીભોજનથી વિરામ પામી, બેતાલીશ દોષોથી રહિત એવા પિંડનું ભોજન કરવું પડે છે. નિત્ય ઉદ્યોગી, મમતા રહિત, પરિગ્રહે વર્જિત અને ગુણમાં તત્પર એવા મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓ સર્વદા ધારણ કરવી પડે છે. વળી વિધિપૂર્વક માસાદિક પ્રતિમા તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને અનેક પ્રકારના અભિગ્રહો કરવા પડે છે, યાવજ્જીવિત સ્નાનનો ત્યાગ, પૃથ્વી ઉપર શયન, કેશનો લોચ, શરીરનો અસત્કાર, ગુરૂકુળમાં સદાનિવાસ, પરિષહ અને ઉપસર્ગોની અનુમોદન સહિત સહનતા અને અઢાર હજાર શીલના અંગનું અવધારણ, ઇત્યાદિક સર્વ નિયમો દીક્ષા લેનારને પાળવા પડે છે. હે સુકુમાર કુમાર! એ પ્રમાણેના નિરંતર નિયમો પાળવા તે લોઢાના ચણા ચાવવા તુલ્ય છે, બે હાથથી અપાર સમુદ્રને તરવા તુલ્ય છે, ખડ્ગની તીક્ષ્ણ ધારા ઉપર ચરણથી ચાલવા જેવું છે, અગ્નિની જ્વાળાનું પાન કરવા તુલ્ય છે, તાજવા ઉપર મેરૂપર્વત તોળવાનો છે, મોટી નદી સામે પૂરે તરવા બરોબર છે, એકલે પંડે બળવાન્ શત્રુઓનું સૈન્ય જીતવા સમાન છે, અને ફરતા ચક્ર ઉપર રહેલ રાધાવેધ કરવાનો છે. ગ્રહણ કરેલી દીક્ષાને યાવજ્જીવિત પાળવી તેજ મોટું સત્ત્વ, તેજ અગાધ ધૈર્ય, તેજ મોટી બુદ્ધિ અને તેજ મોટું બળ છે.”

આ પ્રમાણેનાં માતાપિતાનાં વચન સાંભળી રાજકુમાર પ્રસન્ન થઇ બોલ્યો-“ હે પૂજ્યપાદ! આપ કહો છો તે બરાબર છે. દીક્ષા પાળવી તેવીજ કઠિણ છે. પણ હું આપને વિજ્ઞપ્તિ કરૂં છું કે સંસારમાં નિવાસ કરવાથી ઉત્પન્ન થતા કષ્ટોની આગળ દીક્ષાનું



કષ્ટ એક સોમો ભાગ પણ નથી. વચનથી ન કહી શકાય અને શ્રવણથી ન સાંભળી શકાય તેવી પ્રત્યક્ષ નરકની વેદના તો દૂર રહી, પણ આ લોકમાં નિરપરાધી તિર્યંચજાતિને બંધન, છેદન અને તર્જનાદિકની દુઃસહ પીડાઓ; મનુષ્યોને કુષ્ટાદિક વ્યાધિઓની પીડા, કેદખાનું, અંગનું કતરાવું, ત્વચા ઉખડાવવી, શરીર બાળી દેવું અને મસ્તક છેદન કરવું ઇત્યાદિ વેદનાઓ; અને સ્વર્ગવાસી દેવતાઓને પ્રિયજનોનો વિયોગ, શત્રુથી પરાભવ અને ચ્યવનના જ્ઞાનથી થતું દુઃસહ દુઃખ જોવામાં આવે છે.” રાજકુમારે પોતાના માતાપિતાને આ પ્રમાણે કહ્યું, ત્યારે પુત્રને સાબાશી આપી ખુશી થઇને તેઓએ વ્રત લેવાની આજ્ઞા આપી. પછી પિતાએ હર્ષથી જેનો નિષ્ક્રમણ મહોત્સવ કરેલો છે એવો રાજપુત્ર ફળનો અર્થી જેમ વનસ્પતિ પાસે જાય તેમ દીક્ષાને અર્થે મુનિની પાસે આવ્યો. ત્યાં સામાયિક ઉચ્ચરી પુરૂષસિંહ કુમારે વિનયનંદ મુનિના ચરણકમળની પાસે ભવસાગર તરવામાં નાવિકારૂપ દીક્ષા ગ્રહણ કરી.

## ૨૦

# શ્રી સુમતિનાથની સ્તુતિ તથા દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૩જો, પાન ૩૯–૪૦ ]

બીજે દિવસે વિજયપુરમાં પદ્મરાજાને ઘેર પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. દેવતાઓએ તેને ઘેર સુવર્ણવૃષ્ટિ વિગેરે અદ્દભુત દિવ્ય પ્રગટ કર્યા. રાજાએ નિત્ય પૂજનને માટે તે ઠેકાણે એક રત્નપીઠ બનાવ્યું. ત્યાંથી વિવિધ અભિગ્રહોને ધારણ કરતા અને પરિષહોને સહન કરતા પ્રભુએ વીશ વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કર્યો. ગ્રામ આકર વિગેરેમાં વિહાર કરતા કરતા પ્રભુ એકદા પાછા પોતાના દીક્ષાગ્રહવાળા સહસ્રામ્રવનમાં આવ્યા. ત્યાં પ્રિયંગુ વૃક્ષના મૂળ નીચે ધ્યાન કરતા પ્રભુ અપૂર્વ કરણથી ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયા; એટલે તેમના સર્વ ઘાતીકર્મો તુટી ગયા. ચૈત્રમાસની શુકલ એકાદશીએ ચંદ્ર મઘા નક્ષત્રમાં આવતાં જેમણે છઠ્ઠ તપ કરેલો છે એવા પ્રભુને ઉજ્વળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આસનકંપથી એ વૃત્તાંત જાણીને સર્વ ઇંદ્રો સુર અસુરોની સાથે ત્યાં આવ્યા, અને તેઓએ દેશના દેવાને માટે સમોવસરણ રચ્યું. તેમાં પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશ કરીને તેના મધ્યભાગમાં રહેલા એક ક્રોશ ને સોળસો ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી. પછી 'તીર્થાયનમઃ' એમ કહી પ્રભુ પૂર્વાભિમુખ સિંહાસનપર બીરાજ્યા, એટલે દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં પ્રતિબિંબો સ્થાપિત કર્યાં. સુર, અને મનુષ્ય સહિત ચતુર્વિધ સંઘ પણ યોગ્ય સ્થાને બેઠો, પછી ઇંદ્ર નમસ્કાર કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે ભગવન્! આ અશોક વૃક્ષ ભમરાઓના ગુંજારવથી જાણે ગાતો હોય, ચળાયમાન પત્રોથી જાણે નાચતો હોય અને



તમારા ગુણોમાં રક્ત થવાથી રક્ત થયો હોય એવો ખુશી થતો દેખાય છે. આ દેવતાઓ, જેઓના બંધન ( ડીંટ )નીચા છે એવા પુષ્પોને યોજન પ્રમાણ તમારી દેશનાભૂમિ ઉપર જાનુપ્રમાણ વર્ષાવે છે. તમારો માલવકૌશીકી પ્રમુખ ગ્રામ તથા રાગથી પવિત્ર એવો જે દિવ્યધ્વનિ થાય છે, તેને મૃગલાંઓ પણ હર્ષવડે ઉંચી ગ્રીવા કરીને પીએ છે ( સાંભળે છે ). તમારી આગળ રહેલી ચંદ્ર જેવી ઉજ્વળ આ ચામરશ્રેણી જાણે તમારા મુખકમળની સેવા કરવાને આવેલી હંસની પંક્તિ હોય તેવી શોભે છે. સિંહાસન ઉપર બીરાજી તમે જ્યારે દેશના આપો છો ત્યારે મૃગલાંઓ સિંહની સેવા કરવા જાણે આવતા હોય તેમ તે દેશના સાંભળવાને આવે છે. જ્યોત્સ્નાથી વ્યાપ્ત એવો ચંદ્રમા જેમ ચકોર પક્ષીને હર્ષ આપે છે તેમ કાંતિઓથી વ્યાપ્ત એવા તમે સર્વની દૃષ્ટિઓને પરમ હર્ષ આપો છો. (આમાં ભામંડળ પ્રાતિહાર્ય સૂચવ્યું છે.) હે વિશ્વપતિ! તમારી આગળ આકાશમાં ધ્વનિ કરતો દુંદુભિ, સર્વ જગતમાં આપ્ત પુરૂષોને વિષે તમારા મોટા સામ્રાજ્યને જાણે બતાવતો હોય તેમ જણાય છે. પુણ્ય સમૃદ્ધિઓના ક્રમ જેવા અને ત્રણ ભુવન ઉપરના તમારા પ્રૌઢ પ્રભુપણાને બતાવતા આ ત્રણ છત્રો તમારી ઉપર શોભી રહ્યા છે. હે નાથ! આવી તમારી ચમત્કારી પ્રાતિહાર્યલક્ષ્મીને જોઇને કયા મિથ્યાદ્રષ્ટિઓ પણ આશ્ચર્ય ન પામે?"

"આ જગતમાં કાર્યાકાર્યના જ્ઞાનની યોગ્યતાને પામેલા પ્રાણીએ પોતાના કર્તવ્યમાં મૂઢ રહેવું ન જોઇએ. પુત્ર મિત્ર તથા સ્ત્રી વિગેરેની અને પોતાના શરીરની પણ જે સત્ક્રિયા કરવામાં આવે છે તે સર્વ પરકાર્ય છે, તેમાં કાંઇપણ સ્વકાર્ય નથી. પ્રાણી એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મૃત્યુ પામે છે, અને ભવાંતરે સંચિત કરેલ કર્મોને એકલોજ અનુભવે છે. એકે ચોરીથી ઉપાર્જન કરેલું

ધન બધા મળીને ખાઇ જાય છે, અને તે ચોરી કરનારને એકલા-નેજ નરકમાં પોતાના કર્મથી દુ:ખ ભોગવવાં પડે છે. દુ:ખરૂપ દાવાનળથી ભયંકર અને વિસ્તારવાળા આ ભવરૂપ અરણ્યમાં કર્મને વશ થયેલો પ્રાણી એકલોજ ભટકયા કરે છે, તેમાં આ જીવને બાંધવ વિગેરે કોઇપણ સહાયકારી થતા નથી. જો શરીર સહાયકારી છે એમ કહીએ તો તે શરીર તો ઉલટું સુખદુ:ખના અનુભવને આપનારૂં છે. સુખદુ:ખના અનુભવને આપનારૂં શરીર સહાયકારી છે એમ જો કહીએ તો તે પૂર્વ ભવમાંથી સાથે આવતું નથી અને આગલા ભવમાં સાથે આવવાનું પણ નથી. તેથી સંફેટમાં ( હડફે-ટમાં ) આવી મળેલી કાયાને સહાયકારી કેમ કહેવાય ? 'ધર્મ ને અધર્મ સહાયકારી છે' એમ જો માનીએ તો તે પણ સત્ય નથી, કારણકે ધર્મ અધર્મની સહાયતા મોક્ષમાં બીલકુલ નથી. તેથી આ સંસારમાં શુભ અશુભ કર્મ કરતો પ્રાણી એકલો ભટકે છે, અને પોતાના શુભાશુભ કર્મને યોગ્ય શુભ અશુભ ફળને અનુભવે છે. તેજ પ્રમાણે અનુત્તર એવી મોક્ષલક્ષ્મીને પણ એકલોજ ગ્રહણ કરે છે, કારણકે ત્યાં પૂર્વોકત સર્વ સંબંધીઓનો વિરહ હોવાથી બીજા કોઇને સાથે રહેવાનો સંભવ નથી. માટે સંસાર સંબંધી દુ:ખ અને મોક્ષસંબંધી સુખને પ્રાણી એકલોજ ભોગવે છે, તેમાં કોઇ સહાયકારી નથી. જેવી રીતે હાથ પગ છુટા હોય તેવો માણસ એકલો તત્કાળ સમુદ્ર પારને પામી શકે છે, પણ હૃદય હાથ પગ વિગેરેથી બાંધી લીધેલો માણસ તેનો પાર પામી શકતો નથી; તે પ્રમાણે જે ધન દેહ વિગેરેની ઉપર આસકિતવાળો હોય છે તે આ ભવસમુદ્રનો પાર પામી શકતો નથી, પરંતુ તેની ઉપરની આસકિત વિનાનો એકલો સ્વસ્થ પ્રાણી હોય તે આ ભવસમુદ્રના પારને તત્કાળ પામે છે; માટે સાંસારિક સર્વ સંબંધને છોડી દઇને પ્રાણીએ એકલાપણે શાશ્વત આનંદ સુખવાળા મોક્ષને માટે યત્ન કરવો. ”

# ૨૧

## શ્રી પદ્મ પ્રભુની દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૪થો, પાન ૪૫–૫૧ ]

' તીર્થાયનમ: ' એમ ઉંચે સ્વરે ઉચ્ચાર કરીને રત્ન સિંહાસન-પર પૂર્વ મુખે પ્રભુ બિરાજમાન થયા. પ્રભુના પ્રભાવથી દેવતાઓએ તેમના જેવા જ પ્રતિબિંબો વિકુર્વી બીજી ત્રણ દિશાઓમાં સ્થાપન કર્યા. પછી મયુરોનો સમૂહ જેમ મેઘગર્જનાની ઉત્કંઠા ધરાવતો બેસે તેમ શ્રીમાન્ ચતુર્વિધ સંઘ પ્રભુની દેશના શ્રવણ કરવાની ઉત્કંઠા રાખીને યોગ્ય સ્થાને બેઠો. પછી સૌધર્મ કલ્પના ઇંદ્ર પરમેશ્વરને પ્રણામ કરી ભક્તિવંત ચિત્તથી યથાર્થ સારરૂપ વાણીવડે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

“ હે પ્રભુ ! પરીષહોની સેનાને હણતા અને ઉપસર્ગોને વિદારતા પણ તમે સમતાને પામેલા છો. અહા ! મહાન્ પુરૂષોની કેવી વિદ્વત્તા ! હે નાથ ! તમે વિરાગી છતાં મુક્તિને ભોગવનારા છો, અને અદ્વેષી છતાં શત્રુઓને હણનારા છો. અહો ! મહાત્મા-ઓનો કેવો દુર્લભ મહિમા છે ! હે દેવ ! તમે હમેશાં જિગિષા રહિત છો અને અપરાધથી ભય પામો છો, તથાપિ તમે ત્રણ જગત્‌ને જીતેલું છે. અહા ! મોટા પુરૂષોની કેવી ચાતુરી ! હે નાથ ! કોઇને તમે કાંઇ આપ્યું નથી અને કોઇની પાસેથી કાંઇ લીધું નથી, તથાપિ તમારે પ્રભુપણું છે. અહા ! વિદ્વાનોની કેવી વિચિત્ર કળા હોય છે ! હે પ્રભુ ! જે સુકૃત બીજાઓએ દેહત્યાગ કરીને પણ મેળવ્યું નથી તે સુકૃત, સુકૃતસંપાદનમાં ઉદાસી એવા તમારા ચરણપીઠ ઉપર આળોટે છે. રાગાદિકમાં ક્રૂર અને સર્વ પ્રાણીઓ

પર કૃપાળુ તેથી ભયંકર અને મનોહર બન્ને ગુણવાળા એવા તમે સર્વ સામ્રાજ્ય સાધેલું છે. મોટામાં મોટા અને મહાત્માઓને પૂજવા યોગ્ય એવા તમે મારી સ્તુતિગોચર થયેલા છો. હે સ્વામી! બીજાઓમાં જે સર્વ રીતે દોષો છે તે તમારામાં ગુણરૂપ છે. આ તમારી સ્તુતિ જો મિથ્યા હોય તો તે વિષે આ સભાસદો પ્રમાણરૂપ છે. હે જગત્પતિ! તમારા ચરણનું મને વારંવાર દર્શન થાઓ, એવી જ હું ઇચ્છા રાખું છું. તે સિવાય મોક્ષની પણ મને ઇચ્છા નથી.”

આ પ્રમાણે સ્તુતિ કરી ઇંદ્ર વિરામ પામ્યા, એટલે પાંત્રીશ અતિશતોયે યુક્ત એવી વાણીથી પ્રભુએ દેશના દેવાનો આરંભ કર્યો.

આ ઘોર સંસાર સમુદ્રના જેવો અપાર છે. તેમાં ચોરાશી લાખ જીવાયોનિને વિષે પ્રાણી રખડયા કરે છે. આ સંસારરૂપી નાટકમાં સંસારી પ્રાણીઓ શ્રૌત્રીય (બ્રાહ્મણ), ચંડાળ, સ્વામી, સેવક, બ્રહ્મા અને કૃમીના વેષો ધરી ધરીને અનેક ચેષ્ટાઓ કરે છે. સંસારી પ્રાણી કર્મના સંબંધથી ભાડે રાખેલી ઝુંપડીની જેમ કઇ યોનિમાં નથી ગયો અને કઇ યોનિ તેણે છોડી નથી? આ સમગ્ર લોકાકાશમાં પોતપોતાના કર્મથી દરેક પ્રાણીએ નાના રૂપો ધરીને સ્પર્શ કર્યો ન હોય તેવી વાલાગ્ર માત્ર પૃથ્વી પણ નથી, અર્થાત્ સર્વ પ્રદેશનો તેણે સ્પર્શ કરેલો છે. આ જગતમાં નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારના પ્રાણીઓ છે. તેઓ પ્રાયઃ કર્મના સંબંધથી બાધિત થઈને ઘણું દુઃખ ભોગવ્યા કરે છે. પહેલા ત્રણ નરકોમાં માત્ર ઉષ્ણ વેદના છે, છેલ્લા ત્રણ નરકોમાં શીત વેદના છે, અને મધ્યના ચોથા નરકમાં ઉષ્ણ અને શીત બન્ને પ્રકારની ક્ષેત્ર-વેદના છે. તે અનુસારે તે તે ક્ષેત્રમાં દુઃખ થયા કરે છે. એ ઉષ્ણ અને શીત નરકોમાં લોઢાનો પર્વત પણ કદી લઇ જવામાં આવે



તો તે ત્યાંની ભૂમિનો સ્પર્શ કર્યા અગાઉ જ ઓગળી જાય છે અથવા વીખરાઇ જાય છે. એ પ્રમાણેની ક્ષેત્રવેદના ઉપરાંત પરસ્પર નારકી જીવોએ ઉપજાવેલી વેદના તથા પરમાધામીકૃત વેદના એમ ત્રણ પ્રકારની વેદનાઓએ જેમને મહાદુઃખ ઉત્પાદન કરેલું છે એવા નારકીઓ વિવિધ દુઃખોથી પીડિત થઇને તે નર્કભૂમિમાં વસે છે. ઘટીયંત્રોમાં ઉત્પન્ન થયેલા નારકી જીવોને પરમાધાર્મિક દેવો સીસાની સળીઓ જેમ જતરડામાંથી ખેંચે તેમ લઘુ દ્વારથી આકર્ષણ કરે છે. કેટલાએક નારકી જીવોને, વસ્ત્રોને જેમ ધોબીઓ પછાડે તેમ હાથ પગ વિગેરેથી પકડીને વજ્રકંટક જેવી સંકટકારી શિલાના પૃષ્ઠ ઉપર પરમાધામીઓ પછાડે છે. કોઇ ઠેકાણે તેઓને કાષ્ઠની જેમ દારૂણ કરવતથી વિદારે છે, અને કોઇ ઠેકાણે તલની જેમ વિચિત્ર યંત્રોથી પીલવામાં આવે છે. વળી નિત્ય તૃષાતુર એવા તે રાંકડાઓને ત્યાંથી લઇ જઇને તૃષા શાંત કરાવવા માટે લોઢાના અને સીસાના રસને વહન કરનારી વૈતરિણી નામની નદીમાં ઉતારવામાં આવે છે. કદી તે પ્રાણીઓને છાયામાં બેસવાની ઇચ્છા થાય તો તેમને અસિપત્ર વનમાં લઇ જાય છે. ત્યાં તે વનમાં રહેલા વૃક્ષોના શસ્ત્ર જેવા પત્રો પડવાથી તેઓના તિલતિલ જેવડા કટકા થઇ જાય છે. કોઇ ઠેકાણે વજ્રકંટક જેવા શાલ્મલીના વૃક્ષની સાથે અને કોઇ ઠેકાણે અત્યંત તપાવેલી લોઢાની પુતળી-ઓની સાથે આલિંગન કરાવે છે અને તે વખતે તેઓએ કરેલા પરસ્ત્રીઓના આલિંગનનું સ્મરણ કરાવે છે. કોઇ ઠેકાણે પૂર્વે કરેલું માંસભક્ષણનું લોલુપીપણું યાદ આપીને તેમને તેઓના અંગનું જ માંસ તોડી તોડીને ખવરાવવામાં આવે છે, અને પૂર્વે કરેલી મદિરાપાનની લોલુપતાને સ્મરણ કરાવીને તપેલું લોઢું પાવામાં આવે છે. વળી ભાષ્ટ્ર, ખરજ, મહાશૂલ અને કુંભીપાક વિગેરેની વેદનાનો નિરંતર અનુભવ કરાવે છે તથા માંસની પેઠે તેઓને શેકવામાં આવે છે. તે પ્રાણીઓનાં શરીર છિન્નભિન્ન થઇને

પાછા મળી જાય તેવા છે. તેઓના નેત્રાદિક અંગો, બગલા અને કંક વિગેરે પક્ષીઓની પાસે ખેંચાવે છે. આ પ્રમાણે મહા દુઃખોથી હણાયેલા અને સુખના એક અંશથી પણ રહિત પ્રાણીઓ ત્યાં રહીને યાવત્ તેત્રીશ સાગરોપમ જેવા મોટા કાળને નિર્ગમન કરે છે.

કેટલાએક પ્રાણીઓ તિર્યંચગતિને પ્રાપ્ત થઇ તેમાં પણ એકેન્દ્રિયપણું પામે છે, અને તેમાં પણ પૃથ્વીકાય રૂપને પ્રાપ્ત થઇ હલાદિક શસ્ત્રોથી ફડાય છે, હાથી ઘોડા વિગેરેથી ચોળાય છે, જળપ્રવાહોથી પ્લાવિત થાય છે, દાવાનળથી બળી જાય છે, ખારા ખાટા અને મૂત્રાદિકના જળથી વ્યથા પામે છે; લવણક્ષારને પામ્યા હોય છે તો ઉષ્ણ જળમાં તેને ઉકાળવામાં આવે છે, કુંભાર પ્રમુખ તેના દેહના ઘડા ઇંટ વિગેરે કરીને તેને પકાવે છે, ભીંતમાં કાદવરૂપે થઇને ચણાય છે, કોઈ ક્ષાર મૃત્તિકાના પુટપાકવડે પકવીને તેઓને શરાણથી ઘસે છે, કોઇવાર ટાંકણાથી તેમનું વિદારણ થાય છે, અને પર્વતની સરિતાના પ્રવાહોથી ફાડી નખાય છે. અપકાયપણાને પામેલા જંતુઓ સૂર્યનાં કિરણોથી તપાય છે, હિમરૂપે ઘનીભૂત કરાય છે, રજથી શોષણ કરાય છે, ઘણા ક્ષાર રસના સંપર્કથી પરસ્પર મૃત્યુ પામે છે, સ્થાળીની અંદર રાખીને પચાવાય છે, અને તૃષાવાળા માણસોથી પીવાય છે. તે ઉકાયપણાને પામેલા જંતુઓ જલાદિકથી બુઝાવાય છે, ઘણ વિગેરેથી કુટાય છે, અને ઇંધણાદિકથી દગ્ધ કરાય છે. વાયુકાયપણાને પામેલા જંતુઓ પંખા વિગેરેથી હણાય છે, ક્ષણે ક્ષણે શીતોષ્ણ પ્રમુખ દ્રવ્યના યોગથી મૃત્યુ પામે છે, પ્રાચીનની અર્વાચીનથી વિરાધના થાય છે, મુખાદિકના પવનોથી બાધા પામે છે, અને સર્પ પ્રમુખથી પાન કરાય છે. કંદ પ્રમુખ દશ પ્રકારની વનસ્પતિકાયને પામેલા જંતુઓ હંમેશાં છે, ભેદાય છે, અગ્નિના યોગથી પચાવાય છે,



પરસ્પર ઘર્ષણોથી પીલાય છે, અન્ય પ્રયોગવડે શોષણ થાય છે, ખાવાના લોલુપીઓ ક્ષાર પ્રમુખના યોગથી તેને બાળે છે, અને એકત્ર પણ કરે છે, સર્વ અવસ્થામાં ભક્ષણ કરાય છે, પવનોથી ભંગાય છે, દાવાનળોથી ભસ્મ કરાય છે. અને નદીના પ્રવાહથી ઉખેડાય છે. એવી રીતે સર્વ વનસ્પતિઓ સર્વને ભોજ્ય થઇ પડે છે, અને સર્વ પ્રકારનાં શસ્ત્રોથી તેઓ સર્વદા કલેશની પરંપરાનો અનુભવ કરે છે.

બેઇંદ્રિયપણામાં પોરા વિગેરે થઇને તપાય છે અને પીવાય છે, કૃમિઓ થાય છે તો ચરણોથી ચૂર્ણ થઇ જાય છે અને ચકલા વિગેરે પક્ષીઓ તેમનું ભક્ષણ કરે છે, શંખાદિક જંતુઓ ખોડાય છે, જળો વિગેરેનો નિષ્કર્ષ થાય છે, અને ગંડુપદ વિગેરે જંતુઓનો ઔષધાદિવડે જઠરમાંથી પાત થઇ જાય છે. ત્રીંદ્રિયપણામાં જુ અને માંકડ વિગેરે શરીર સાથે ચોળાય છે અને ઉષ્ણ જળથી તપાય છે, કીડીઓ પગથી અને સમાર્જનથી પીડાય છે અને અદૃશ્ય એવા કુંથુવા વિગેરેનું આસનાદિકથી મથન થાય છે. ચતુરિંદ્રિયપણામાં મધમાખી અને ભમરાદિક જંતુઓ મધુભક્ષક પુરૂષોએ કરેલા લાકડી તથા ઢેખાળાદિકના તાડનોથી વિરાધાય છે, ડાંસ અને મસલા પ્રમુખ પ્રાણીઓ પંખા વિગેરેથી તત્કાળ તાડન કરાય છે, ગરોળી વિગેરે મક્ષિકા તથા કરોળિયા વિગેરેને ગળે છે. પંચેન્દ્રિયપણામાં જળચર પ્રાણીઓ ઉત્સુક થઇને પરસ્પર એકબીજાનુંજ ભક્ષણ કરે છે, અને ઢીમર લોકો તેઓને પકડે છે, તથા ચરબીના અર્થી ચરબીને માટે તેમને ગાળે છે. સ્થળચરોમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓમાં માંસને ખાનારા બળવાન્ સિંહ પ્રમુખ પ્રાણીઓ નિર્બળ એવા મૃગાદિકને મારી નાખે છે, મૃગયા કરનારા પુરૂષો શિકાર કરવામાં પોતાના ચિત્તને આસક્ત કરીને ક્રીડાથી વા માંસની ઇચ્છાથી અનેક ઉપાયો રચીને તે

નિરપરાધી પ્રાણીઓને હણે છે, કેટલાએક પ્રાણીઓ ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ અને અતિ ભારનું વહન કરવા વિગેરેથી તેમજ ચાબુક, અંકુશ અને કોરડાના મારથી અસહ્ય વેદનાને સહન કરે છે. ખેચર પ્રાણીઓમાં તેતર, શુક, કપોત અને ચકલા વિગેરે કેટલાએક પ્રાણીઓને માંસમાં લુબ્ધ થયેલા શ્યેન, સીંચાણા અને ગીધ પક્ષીઓ પકડીને ગ્રાસ કરે છે. કેટલાએક માંસના લોભી-પક્ષીના શિકારી–પુરૂષો અનેક જાતના ઉપાય વિસ્તારી તેઓને પકડે છે અને અનેક જાતની વિડંબનાથી તેમનો વિનાશ કરે છે. તિર્યંચ પક્ષીઓને જળ, અગ્નિ અને શસ્ત્ર વિગેરેથી સર્વ રીતે ભય રહ્યા કરે છે. અહા ! પોતપોતાના કર્મબંધનનું નિબંધન કેટલુંક વર્ણવીએ.

" મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓ એવું પાપ કરે છે કે જે કહી શકાય તેવું પણ નથી. આર્ય દેશમાં પણ ચંડાલ અને શ્વપચાદિ જાતિમાં ઉત્પન્ન થાય છે તેઓ પણ તેવાં પાપ કરે છે, અને તેને અનુસારે મહા દુઃખનો અનુભવ કરે છે. કેટલાએક પ્રાણીઓ આર્યદેશમાં ઉત્પન્ન થયા છતાં અનાર્ય ચેષ્ટાવાળા થાય છે, અને તેને લીધે તેઓ દુઃખ, દરિદ્ર અને દુર્ભાગ્યથી દગ્ધ થઇને નિરંતર દુઃખ ભોગવે છે. કેટલાક મનુષ્યો પરની સંપત્તિના ઉત્કર્ષથી અને પોતાની સંપત્તિના અપકર્ષથી તેમજ બીજાની સેવા કરવાવડે દગ્ધ ચિત્તવાળા થવાથી દુઃખે કરી જીવે છે. કેટલાએક હીન પુરૂષો રોગ, જરા અને મૃત્યુથી ગ્રસ્ત થઇને તથા નીચ કર્મવડે કદર્થના પામીને દયા ઉત્પન્ન કરે તેવી દુઃખદ દશાને અનુભવે છે. વળી મનુષ્યપણામાં પણ ઘોર નર્કમાં નિવાસ કરવા જેવા ગર્ભાવાસના દુઃખને અનુભવે છે. ગર્ભાવાસ જેવા દુઃખનું કારણ છે તેવા દુઃખનું કારણ જરા, રોગ, મૃત્યુ અને દાસપણું પણ નથી. તપાવીને કરેલી અગ્નિ



જેવા વર્ણવાળી સોયોથી રોમે રોમે ભેદાયેલા પુરૂષોને જેટલું દુઃખ થાય છે તેનાથી આઠગણું દુઃખ પ્રાણીને ગર્ભાવાસમાં ઉત્પન્ન થાય છે. વળી યોનિયંત્રમાંથી નીકળતી વખત પ્રાણીને જે દુઃખ થાય છે તે ગર્ભાવાસના દુઃખથી પણ અનંતગણું છે. જન્મ્યા પછી પણ બાલ્યવયમાં મૂત્રવિષ્ટાથી, યૌવનવયમાં રતિવિલાસોથી અને વૃદ્ધાવસ્થામાં શ્વાસ તથા ખાંસીના રોગથી એ પ્રાણી પીલાય છે, તથાપિ તેને કદી પણ લજ્જા આવતી નથી. પ્રાણી પ્રથમ બાલ્યાવસ્થામાં વિષ્ટાનો ડુક્કર, પછી યૌવનાસ્થામાં કામદેવનો ગધેડો અને છેવટે વૃદ્ધાવસ્થામાં ઘરડો બેલ બને છે; પણ કદાપિ તે પુરૂષ છતાં પુરૂષ થતો નથી. શિશુવયમાં માતૃમુખી, યૌવન વયમાં સ્ત્રીમુખી અને વૃદ્ધપણે પુત્રમુખી થાય છે, પણ એ મૂર્ખ પ્રાણી કોઇવાર અંતર્મુખ થતો નથી. ધનની આશામાં વિહ્વળ થયેલો પ્રાણી સેવા, કૃષિ, વ્યાપાર અને પશુપાલ વિગેરે ઉદ્યોગથી પોતાના જન્મને નિષ્ફળ ગુમાવે છે. કોઈવાર ચોરી, કોઈવાર દ્યુત અને કોઇવાર જારપણું કરવાથી મનુષ્યોને વારંવાર સંસારમાં પરિભ્રમણ કરવાનાં કારણ ઉત્પન્ન થયા કરે છે. મોહથી અંધ થયેલા પ્રાણીઓ સુખી હોય છે ત્યારે કામવિલાસથી દુઃખી થાય છે અને દીનતા અને રૂદન કરવાથી પોતાનો જન્મ ગુમાવે પણ છે. ધર્મકાર્ય કરતા નથી; અનંત કર્મના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરવાને સમર્થ એવું મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ પાપી પુરૂષો પાપ-કર્મ કર્યા કરે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નોના પાત્રરૂપ મનુષ્યપણામાં જે પાપકર્મ કરવું તે સુવર્ણપાત્રમાં મદિરા ભરવા જેવું છે. આ સંસારરૂપી સમુદ્રમાં શમિલાયુગના યોગની જેમ માંડમાંડ પ્રાપ્ત થયેલું આ મનુષ્યપણું અહા ! મૂર્ખ જેમ ચિંતામણિ રત્ન હારી જાય તેમ પ્રાણી હારી જાય છે. સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ માણસ નરકપ્રાપ્તિના ઉપાય રૂપ કર્મની અંદર ઉદ્યમ કર્યા કરે છે

એ કેવી દિલગીરીની વાત ! અનુત્તર વિમાનના દેવતાઓ પણ મોટા પ્રયત્નથી જેની આશા રાખે છે એવું મનુષ્યત્વ પ્રાપ્ત થયા છતાં પણ તેને પાપી પુરૂષો પાપકર્મમાં જોડી દે છે. નરકમાં પરોક્ષ દુઃખ છે અને નરજન્મમાં તો પ્રત્યક્ષ દુઃખ છે; તેથી તેનો વિસ્તાર અતિશયપણે શામાટે અહીં વર્ણવવો જોઇએ ?

“ શોક, અમર્ષ, ખેદ, ઈર્ષ્યા અને દીનતા વિગેરેથી જેમની બુદ્ધિ હણાયેલી છે એવા દેવતાઓમાં પણ દુઃખનું સામ્રાજ્ય પ્રવર્તી રહેલું છે. બીજાની મોટી લક્ષ્મીને જોઇને દેવતાઓ પોતાના અલ્પ સુકૃતને સંપાદન કરનારા પૂર્વ જન્મના જીવિતનો ચિરકાળ શોક કરે છે. બીજા કોઇ બળવાન્ દેવતાની તરફથી પોતાને અડચણ ઉત્પન્ન થતાં તેનો પ્રતિકાર કરવાને અસમર્થ એવા દેવતાઓ તીક્ષ્ણ એવા અમર્ષરૂપ શલ્યથી નિરંતર કચવાયા કરે છે. ‘ મેં પૂર્વ જન્મમાં કાંઇ પણ સુકૃત કર્યું જણાતું નથી જેથી આ ભવમાં સેવકદેવપણાને પામ્યો છું. ’ આવી રીતે વિચારતાં અને પોતાથી અધિક ઉત્તરોત્તર બીજા દેવોની લક્ષ્મીને દેખતાં નિરંતર કેટલાએક દેવતાઓ ખેદ કર્યા કરે છે. કેટલાએક દેવતાઓ બીજાઓની વિમાન, સ્ત્રીરત્ન અને ઉપવન સંબંધી સંપત્તિ જોઇજોઇને યાવજ્જીવિત ઈર્ષ્યારૂપ જ્વલિત અગ્નિની ઉર્મિઓથી બળ્યા કરે છે. કેટલાએક દેવતાઓ બીજા બળીષ્ઠ તરફથી પોતાનું સર્વસ્વ લુંટાઇ જતાં દીનવૃત્તિએ ‘હે પ્રાણેશ ! હે પ્રભુ ! હે દેવ ! તમે પ્રસન્ન થાઓ.’ એમ ગદ્ગદ્ સ્વરે પોકારે છે. પુણ્યથી સ્વર્ગલોક પ્રાપ્ત થયા છતાં પણ કામી દેવતાઓ કામ, ક્રોધ અને ભયથી આતુર થતા સતા કયારે પણ સ્વસ્થપણાને પામતા નથી. વળી દેવતાઓ દેવભુવનમાંથી પોતાને ચ્યવવાનાં ચિન્હોને અગાઉથી જોઇને ‘અમે કયાં સંતાઈ જઇએ’ એમ બોલ્યા કરે છે અને સંતાઈ પણ જાય છે. કલ્પવૃક્ષોનાં પુષ્પોથી ઉત્પન્ન થયેલી માળાઓ ગ્લાનિ પામે નહીં



પણ ચ્યવન નજીક આવે છે તે વખતે દેવતાના મુખકમળની સાથે તે પણ ગ્લાનિ પામી જાય છે. મોટા બળવાન્ પુરૂષોથી પણ અકંપ્ય એવાં કલ્પવૃક્ષો તેઓના હૃદયની સાથે બંધિબંધ શિથિળ થઇ જવાથી કંપાયમાન થાય છે. ઉત્પન્ન થયા ત્યારથીજ પ્રાપ્ત થયેલી અને ઘણી પ્યારી એવી લક્ષ્મી અને લજ્જા પણ જાણે અપરાધ કર્યો હોય તેમ તેઓને તત્કાળ છોડી દે છે. નિરંતર નિર્મળ એવી વસ્ત્રની શોભા પણ અકસ્માત પ્રસરેલા મલિન અને ઘાટા પાપના સમૂહથી હોય તેમ તત્કાળ મલિન થઇ જાય છે. મૃત્યુકાળે જેમ કીડીઓને પાંખો આવે છે તેમ તેઓને તે વખતે અદિનપણું છતાં દૈન્યતા આવે છે અને નિદ્રા રહિત છતાં નિદ્રા આવે છે. મરવાને ઇચ્છતા એવા પુરૂષો જેમ યત્ન કરીને પણ કુપથ્ય સેવનની ઈચ્છા કરે છે તેમ અજ્ઞાન દેવતાઓ એવે વખતે ન્યાય તથા ધર્મને બાધ કરીને વિષયો ઉપર રાગ ધરે છે. નિરોગી છતાં પણ ભવિષ્યમાં આવનારા ચ્યવનથી ઉઠેલી વેદનાને જાણે વશ થયેલા હોય તેમ તેઓના સર્વ અંગોપાંગના સાંધાઓ ભાંગવઃ માંડે છે, અર્થાત્ આળસ પર આળસ મરડવા લાગે છે. જાણે બીજાઓની સંપત્તિના ઉત્કર્ષને જોવાને અસમર્થ હોય તેમ તેઓની પદાર્થને ગ્રહણ કરવામાં દૃષ્ટિઓ અપટુ ( અસુંદર ) થઇ જાય છે. ભવિષ્યમાં આવવાના ગર્ભાવાસના દુઃખનો જાણે તેઓને ભય લાગ્યો હોય તેમ પોતાને થયેલા પ્રકંપથી ચપળ અંગોવડે બીજાઓને પણ બીવરાવે છે. પૂર્વોક્ત ચિન્હોવડે તેઓને ચ્યવવાનો નિશ્ચય થવાથી જાણે અગ્નિના અંગારાઓએ તેમનું આલિંગન કરેલું હોય તેમ વિમાનમાં, નંદનવનમાં, વાપિકામાં કે કોઇ પણ સ્થાનકે તેઓને શાંતિ વળતી નથી તે વખતે તેઓ વિલાપ કરે છે કે ‘ હા પ્રિયા ! હા વિમાનો ! હા વાપિકાઓ ! અને હા કલ્પવૃક્ષો ! હતભાગ્ય એવા મારાથી વિયોગ પામેલા તમે હવે ફરી મને કયાં જોવામાં આવશો ? અહો ! અમૃતને વરસાવનારી વાણી, અમૃતમય કાંતા, રત્નના

ઘડેલા સ્તંભો શોભા સહિત મણિમય ભૂમિઓ અને રત્નમયી વેદિકાઓ ! તમે કોને આશ્રયે જશો ? રત્નની પદપંક્તિએ યુક્ત અને શ્રેણિબંધ કમળોવાળી હે પૂર્ણવાપિકાઓ તમે કોના ઉપભોગને અર્થે થશો ? હે પારિજાત ! હે સતાન ! હે હરિચંદન ! અને હે કલ્પવૃક્ષ ! શું તમે આ માલેકને છોડી દેશો ? અરે ! સ્રીના ગર્ભરૂપ નરકમાં શું મારે પરવશ થઇને નિવાસ કરવો પડશે ? અને અશુચિ રસનું શું મારે વારંવાર આસ્વાદન કરવું પડશે ? અહો ! મારે પોતાના કર્મથી બંધાઇને જઠર રૂપ અંગારશકટી (શગડી.) પાકથી થતું દુઃખ સહન કરવું પડશે ! અરે ! રતિસુખની જાણે ભંડાર હોય તેવી આ દેવાંગનાઓ ક્યાં ! અને અશુચિનુંજ સ્થાનક હોવાથી બીભત્સ એવી માનવ સ્રીઓનો ભોગ ક્યાં ! આ પ્રમાણે સ્વર્ગીય વસ્તુને સંભારી સંભારી વિલાપ કરતા એ દેવતાઓ, દીપક જેમ ક્ષણવારમાં બુઝાઈ જાય તેમ ત્યાંથી ચ્યવી જાય છે. તેથી આ સંસારને અસાર જાણી શુભ બુદ્ધિવાળા પ્રાણીએ દીક્ષારૂપ ઉપાયથી મુક્તિ અર્થે પ્રયત્ન કરવો યોગ્ય છે."

# ૨૨

## શ્રી સુપાર્શ્વનાથની ધર્મદેશના

[ પર્વ ૩જું, સર્ગ ૪થો, પાન ૫૬–૫૭ ]

"આ લોકમાં સ્રી, પુત્ર, પરિવાર દ્રવ્ય અને દેહાદિક સર્વ પોતાના આત્માથી જુદું છે, તથાપિ તેઓને અર્થે અનેક પ્રકારનાં પાપકર્મ કરીને મૂર્ખ માણસ પોતાના આત્માને ભવસમુદ્રમાં ડુબાડે છે. જ્યાં પ્રાણીને પોતાના આત્માથી વિસદ્દશ હોવાને લીધે પોતાના શરીરની સાથે પણ જુદાપણું છે, તો પછી ધન, બંધુ વિગેરે સહાયકોનું જુદાપણું કહેવું તેમાં કાંઇ વિશેષ નથી. જે પોતાના આત્માને દેહ, ધન અને બંધુથી જુદો જુએ છે, તે પુરૂષને શોકરૂપ શંકુવડે પીડા કેમ થાય ? અહીંઆં જે જુદાપણાનો ભેદ છે તે પરસ્પરના લક્ષણના વિલક્ષણપણાથીજ જાણવા યોગ્ય છે અને તે પોતાના આત્માના સ્વભાવને દેહાદિક ભાવની સાથે સરખાવતાં સાક્ષાતપણે જણાય છે. જે દેહાદિક પદાર્થો છે તે ઇંદ્રિયોથી ગ્રાહ્ય છે, અને આત્મા તો ફકત અનુભવથીજ ગોચર થાય છે, તો તેઓને અનન્યપણું (એકત્વ) કેમ સંભવે ? કદી શંકા થાય કે આત્મા અને દેહાદિ પદાર્થોને જો જુદાપણું હોય તો દેહને પ્રહારાદિ થાય ત્યારે આત્માને પીડા કેમ થાય છે ? તેના સમાધાનમાં કહેવાનું કે તારૂં કહેવું સાચું છે, પણ જેમને આત્મા અને શરીરમાં ભેદબુદ્ધિ પ્રાપ્ત થઇ નથી, તેઓનેજ દેહ ઉપર પ્રહારાદિ થતાં પીડા થાય છે, જેઓએ દેહ અને આત્માનો ભેદ સારી રીતે અનુભવીને પ્રતિપાદન કરેલો છે તેવા પુરૂષોનો આત્મા દેહને પ્રહારાદિ થતાં પીડા પામતો નથી. ભેદને જાણનારો જ્ઞાની પુરૂષ પિતા

સંબંધી દુઃખ આવી પડે તોપણ પીડા પામતો નથી અને પરમાં પોતાપણું માની બેસનાર–ભેદ જ્ઞાનને નહીં જાણનાર અજ્ઞ પુરૂષ એક ચાકર સંબંધી દુઃખ આવી પડે તોપણ મુંઝાય છે. અનાત્મીયપણાથી ગ્રહણ કરેલો પુત્ર પણ જુદો છે અને આત્મીયપણાથી ગ્રહણ કરેલો ચાકર પણ પુત્રથી અધિક થઇ પડે છે. પ્રાણી જેટલા જેટલા સંબંધો પોતાના આત્મીયપણાથી પ્રિય માને છે તેટલા શોકના ખીલાઓ તેના હૃદયમાં ખોડાય છે, તેથી આ જગતમાં સર્વ પદાર્થ આત્માથી જુદાજ છે, તે પ્રમાણે જાણીને અન્યત્વબુદ્ધિ પ્રાપ્ત થઇ છે જેને એવો માણસ કોઇ પણ વસ્તુનો નાશ થવાથી તત્ત્વમાર્ગમાં મોહ પામતો નથી, તુંબિકા ઉપર કરેલો મૃત્તિકાનો લેપ ધોવાતો જાય છે, તે પ્રમાણે મમતારૂપ મૃત્તિકાના લેપને નિવારી દીક્ષાને ગ્રહણ કરતો પુરૂષ તુંબિકાની જેમ થોડા કાળમાં શુદ્ધાત્મા થઇને આ સંસારને તરી જાય છે. ”

## ૨૩

## શ્રી ચંદ્રપ્રભ પ્રભુની સ્તુતિ તથા દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૫ મો, પાન ૬૨–૬૩ ]

શ્રી ચંદ્રપ્રભ પ્રભુ ‘ તીર્થાયનમઃ ’ એવી વાણીને ઉચ્ચારતા રત્નસિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા. પછી સુર, અસુર અને મનુષ્ય સહિત ચાર પ્રકારનો સંઘ યોગ્ય દ્વારથી પ્રવેશ કરીને યથોચિત સ્થાને બેઠો. પછી ઇંદ્રે પાંચ અંગે પૃથ્વીનો સ્પર્શ કરી ભગવંતને પ્રણામ કરી ભકિતના વેગથી નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

“ હે પ્રભુ ! સુર, અસુર અને નરોએ મસ્તક ઉપર ધારણ કરેલું ત્રણ લોકના ચક્રવર્તી એવા તમારૂં શાસન આ જગતમાં વિજય પામે છે. હે ભગવન્ ! પ્રથમ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા, પછી મનઃપર્ય્યવ જ્ઞાનને ધરનારા અને અધુના કેવળજ્ઞાનવાળા એવા તમે અમને દિનપરદિન અધિકાધિક જોવામાં આવ્યા છો. હે નાથ ! માર્ગના વૃક્ષની છાયાની જેમ વિશ્વને ઉપકાર કરનારૂં તમારૂં ઉજ્વળ કેવળજ્ઞાન જય પામો. હે ભગવાન્ ! જ્યાં સુધી સૂર્યોદય થયો નથી ત્યાં સુધીજ અંધકાર રહે છે, જ્યાં સુધી કેશરીસિંહ આવતો નથી ત્યાં સુધીજ ગજેંદ્રો મદાંધ રહે છે, જ્યાં સુધી કલ્પવૃક્ષ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધીજ દારિદ્ર રહે છે જ્યાં સુધી વૃષ્ટિકારક મેઘ થતો નથી ત્યાં સુધીજ જળની તંગાશ રહે છે, અને જ્યાં સુધી પૂર્ણ ચંદ્ર ઉગતો નથી ત્યાં સુધીજ દિવસનો તાપ રહે છે, તેમ જ્યાં સુધી તમે જોવામાં આવેલા નથી ત્યાં સુધીજ આ જગત્માં કુબોધ રહેલો છે. જે પ્રાણીઓ નિત્ય તમને

જુએ છે અને સેવે છે તેઓની હું હર્ષથી સર્વ કાળ અનુમોદના કરૂં છું. હે પ્રભુ ! હાલમાં તમારા પ્રસાદથી તમારા દર્શનનું ફળ ઉત્તમ સમ્યકત્વ મને યાવજ્જીવિત નિશ્ચળપણે રહેવારૂપ થાઓ.”

એવી રીતે સ્તુતિ કરીને ઇંદ્ર મૌન રહ્યા. પછી જગતગુરૂએ મેઘના જેવી ગંભીર વાણીથી આ પ્રમાણે દેશના દેવાનો આરંભ કર્યો:

અનંત કલેશરૂપી તરંગોએ યુકત આ ભવસાગર ક્ષણે ક્ષણે સર્વ પ્રાણીઓને ઊંચે નીચે અને તિર્છાપણે ફેંકયા કરે છે. જેમ અશુચિ સ્થાનમાં કીડાઓ પ્રીતિ કરે છે તેમ પ્રાણીઓ આ ક્ષણિક શરીર ઉપર પ્રીતિ કરે છે, અને તે શરીર તેમનેજ એક બંધનરૂપ થઇ પડે છે. રસ, રૂધિર, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડાં અને વિષ્ટા વિગેરે અશુચિના સ્થાનરૂપ આ દેહમાં શુચિપણું કેમ સંભવે ? નવ દ્વારોમાંથી ઝરતા દુર્ગંધી રસના નીઝરણાથી રગદોળાયેલા આ દેહમાં જે પવિત્રતાનો સંકલ્પ કરવો, તેજ માત્ર મોટો મોહનો વિલાસ છે. વીર્ય અને રૂધિરથી ઉત્પન્ન થયેલો, મલિન રસથી વધેલો અને ગર્ભમાં જરાયુ ( ઓર ) થી ઢંકાયેલો આ દેહ પવિત્ર કેમ થાય ? માતાએ ખાધેલા અન્નપાનથી ઉત્પન્ન થયેલા અને રસનાડીમાં થઇને આવેલા રસનું પાન કરી વૃદ્ધિ પામેલો કયો પુરૂષ આ શરીરમાં પવિત્રતાને માને ? દોષ ધાતુ અને મળથી ભરેલા, કૃમિ અને ગંડુપદના સ્થાનરૂપ તથા રોગરૂપ સર્પના ગણોવડે ખવાયેલા આ શરીરને કોણ શુચિ કહે ? સ્વાદિષ્ટ અન્ન, પાન, ક્ષીર, ઇક્ષુ અને બીજા ઘૃતાદિ વિગય પદાર્થો પણ ભોજન કર્યા પછી જેમાં વિષ્ઠારૂપ થાય છે, તે શરીર કેમ શુચિ કહેવાય ? જેમ વિલેપન કરેલો સુગંધી યક્ષકર્દમ (સુગંધી દ્રવ્યોનો એકત્ર કરેલ પદાર્થ ) પણ તત્કાળ મળરૂપ થઇ જાય છે, તે શરીરમાં કેવી રીતે શૌચપણું મનાય ? સુગંધી તાંબૂલનું આસ્વાદન



કરીને સુઇ ગયેલો માણસ સવારે ઊઠી પોતાના મુખના દુર્ગંધની જુગુપ્સા કરે, એ શરીરની કેમ શુચિતા ગણાય? સુગંધી ધૂપ, પુષ્પ અને પુષ્પમાલાદિક જેઓ સ્વતઃ સુગંધી છે, તેઓ પણ જેના સંગથી દુર્ગંધતાને પામી જાય એ કાયા કેમ પવિત્ર ગણાય ? માંજેલો, વિલેપન કરેલો અને સેંકડો ઘડાઓથી ધોયેલો પણ અશુચિ દેહ કલાલના ઘડાની જેમ પવિત્રપણાને પામતો નથી. મૃત્તિકા, જળ, અગ્નિ, પવન અને સૂર્યકિરણોના સ્નાનવડે જેઓ આ દેહને શૌચ કહે છે તેવા ગતાનુગતિક લોકોએ ખરેખર ફોતરાં ખાંડેલાં છે. તેથી આવા અશુચિ શરીરવડે માત્ર મોક્ષફલોત્પાદક તપજ કરવું; કારણકે બુદ્ધિમાન લોકોએ ખારા સમુદ્રમાંથી રત્નની જેમ અસારમાંથી સારનો ઉદ્ધાર કરવો એજ ઉત્તમ છે.”

# ૨૪

## શ્રી પુષ્પદંત ( સુવિધિનાથ )ની સ્તુતિ તથા દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૭મો, પાન ૬૭–૭૧ ]

બીજે દિવસે શ્વેતપુર નગરમાં પુષ્પરાજાને ઘેર પ્રભુએ પરમ-અન્નથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. પુષ્પરાજાએ પ્રભુના ચરણને સ્થાને એક રત્નપીઠ રચાવ્યું. એકલા, મમતા રહિત, સંગ રહિત અને પરીષહોને સહન કરતા એવા પ્રભુએ ચાર માસ સુધી છદ્મસ્થપણે વિહાર કર્યો. ફરીવાર તેઓ ફરતા ફરતા સહસ્રાભ્રવનમાં આવ્યા. ત્યાં માલુરવૃક્ષ નીચે પ્રતિમા-પણે ઉભા રહ્યા. પછી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઇ અપૂર્વકરણના ક્રમથી કાર્તિક માસની શુકલ તૃતીયાને દિવસે મૂલ નક્ષત્રમાં પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાળ સુરઅસુરોએ આવી સમવસરણ રચ્યું. પ્રભુએ પૂર્વ દ્વારથી તેમાં પ્રવેશ કર્યો, ત્યાં મધ્યમાં રચેલા બારસો ધનુષ્ય ઉંચા ચૈત્યવૃક્ષને સર્વ અતિશયે શોભતા પ્રભુએ પ્રદક્ષિણા કરી; અને 'તીર્થાયનમઃ' એમ કહીને પ્રભુ સિંહાસન પર પૂર્વાભિમુખે આરૂઢ થયા. એટલે દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં બીજાં રૂપ વિકુર્વ્યાં. પછી દેવાદિક પર્ષદા યોગ્ય સ્થાનકે આવીને બેઠી; એટલે શક્ર ઇંદ્રે પ્રભુને પ્રણામ કરી નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો:

" હે પ્રભુ ! તમે જો વીતરાગ છો તો તમારા હાથપગમાં રાગ (રક્તતા) કેમ છે ? તમે જો કુટિલતાને છોડી દીધી છે તો તમારા કેશ કુટિલ (વાંકા) કેમ છે ? તમે પ્રજાના ગોપ (ગોવાળ) છો તો તમારા હાથમાં દંડ કેમ નથી ? જો તમે નિઃસંગ છો તો



ત્રૈલોક્યના નાથ કેમ કહેવાઓ છો ? જો તમે મમતા રહિત છો તો સર્વ ઉપર શામાટે દયાળુ છો ? તમે જો અલંકાર માત્રનો ત્યાગ કર્યો છે તો તમને ત્રણ રત્ન ( જ્ઞાન, દર્શન, ચારિત્ર ) કેમ પ્રિય છે ? જો તમે સર્વને અનુકૂળ છો તો મિથ્યાદૃષ્ટિ ઉપર શામાટે દ્વેષ કરો છો ? જો તમે સ્વભાવે સરલ છો તો પૂર્વે છદ્મસ્થપણે કેમ રહ્યા હતા ? જો દયાળુ છો તો કામદેવનો કેમ નિગ્રહ કર્યો ? જો તમે નિર્ભય છો તો સંસારથી કેમ ભય પામો છો ? જો તમે ઉપેક્ષા કરવામાં તત્પર છો તો વિશ્વના ઉપકારક કેમ છો ? જો અદીપ્ત છો તો ભામંડળથી દીપ્ત કેમ છો ? જો તમે શાંત સ્વભાવીક છો તો ચિરકાળ કેમ તપો છો ? જો રોષ રહિત છો તો કર્મ ઉપર કેમ રોષ રાખો છો ? આ પ્રમાણે જેનું સ્વરૂપ જાણી શકાતું નથી, જે મોટાથી પણ મોટા છે અને જેને અનંત ચતુષ્ટય સિદ્ધ થયેલા છે એવા તમો ભગવંતને હું નમસ્કાર કરૂં છું."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા પછી ભગવાન્ સુવિધિસ્વામીએ નીચે પ્રમાણે દેશના આપીઃ

" આ સંસાર અનંત દુઃખના સમૂહનો ભંડાર છે. ઝેરનું ઉત્પત્તિસ્થાન જેમ સર્પ છે તેમ સંસારનું ઉત્પત્તિ સ્થાન આશ્રવ છે. જંતુઓને મન, વચન અને કાયાની જે ક્રિયા તે યોગ કહેવાય છે. તે યોગ પ્રાણીને શુભાશુભ કર્મને આશ્રવે છે, તેથી તે આશ્રવ કહેવાય છે. મૈત્રી વિગેરે ભાવનાથી વાસિત ચિત્ત પ્રાણીને શુભ કર્મ બંધાવે છે, અને કષાય તથા વિષયોથી આક્રાંત થયેલું ચિત્ત પ્રાણીને અશુભ કર્મ બંધાવે છે. શ્રુતજ્ઞાનને આશ્રિત એવું સત્ય વચન શુભ કર્મનું ઉપાર્જન કરાવે છે, અને તેથી વિપરીત હોય તો અશુભ કર્મના ઉપાર્જનનું હેતુભૂત થાય છે. ભલી રીતે ગોપવેલું એટલે અસત્ કાર્યમાંથી પાછું વાળી સત્કાર્યમાં

પ્રવર્તાવેલું શરીર શુભ કર્મ બંધાવે છે, અને હમેશાં આરંભી તથા જીવઘાતક શરીરવડે અશુભ કર્મ બંધાય છે. કષાય, વિષય, યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ અને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન એ અશુભ આશ્રવના હેતુ છે. જે કર્મપુદ્ગલને ગ્રહણ કરવામાં હેતુભૂત છે તે આશ્રવ કહેવાય છે તે કર્મો જ્ઞાનાવરણાદિક ભેદથી આઠ પ્રકારનાં છે. જ્ઞાનદર્શનવાળાઓ પ્રત્યે અને જ્ઞાનદર્શન ઉત્પન્ન કરવાના હેતુઓમાં જે વિઘ્ન, નિન્હવ, પિશૂનતા, આશાતના, ઘાત અને મત્સર કરવો તે જ્ઞાનાવરણી અને દર્શનાવરણી કર્મ બાંધવાના હેતુભૂત આશ્રવ છે. દેવપૂજા, ગુરૂસેવા, પાત્રદાન, દયા, ક્ષમા, સરાગ સંયમ, દેશ વિરતિ, અકામ નિર્જરા, શૌચ અને બાલતપ એ સદ્વેદ્ય (શાતાવેદની કર્મ બંધાવનારા આશ્રવો છે. પોતાને, પરને અથવા બંનેને દુઃખ, શોક, વધ, તાપ, આક્રંદ અને વિલાપ કે પશ્ચાત્તાપ ઉપન્ન કરવો, કરાવવો તે અશાતાવેદની કર્મ બાંધવાનાં કારણો છે.

વીતરાગના, શાસ્ત્રના, સંઘના, ધર્મના અને સર્વ દેવતાઓના અવર્ણવાદ, તીવ્ર મિથ્યાત્વના પરિણામ કરવા, સર્વજ્ઞ અને સિદ્ધ દેવનો (સર્વજ્ઞ અને સિદ્ધમાં દેવપણું ન માનવું, તેમાં વિપરીત ભાવ બતાવવો, તેમના ગુણાદિકને ઓળવવા, તે તેમનો નિન્હવ કર્યો સમજવો.) નિન્હવ કરવો, ધાર્મિક માણસોને દૂષણ આપવું, ઉન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરવો, અનર્થ કરવાનો આગ્રહ રાખવો, અસંયમીની પૂજા કરવી, અવિચારિત કાર્ય કરવું અને ગુરૂ વિગેરેની અવજ્ઞા કરવી ઇત્યાદિક દર્શનમોહની કર્મ બાંધવાના આશ્રવો છે. કષાયના ઉદયથી આત્માના તીવ્ર પરિણામ થવા તે ચારિત્રમોહની બાંધવાના આશ્રવ છે. મશ્કરી કરવાની ટેવ, સકામ ઉપહાસ, (કામ ઉત્પન્ન કરે એવી સ્ત્રિયાદિકની હાંસી કરવી તે) વિશેષ હસવાનો સ્વભાવ; બહુ બોલાપણું અને દૈન્યપણું બતાવનારી



ઉક્તિ એ હાસ્યમોહનીના આશ્રવો છે. અનેક દેશો વિગેરે જોવાની ઉત્કંઠા, અનેક પ્રકારે રમવું તથા ખેલવું અને બીજાના ચિત્તને આકર્ષવું—વશ કરવું એ રતી મોહનીના આશ્રવો છે. અસૂયા (ગુણમાં દોષનું આરોપણ કરવું તે અસૂયા) પાપ કરવાની પ્રકૃતિ, બીજાના આનંદનો નાશ કરવો અને કોઇનું અકુશલ થતું જોઇ ઉપહાસ કરવો–એ અરતિ મોહનીના આશ્રવો છે. (કોઈ પણ પ્રકારના કર્મના આશ્રવો એટલે તે પ્રકારનું કર્મ બાંધવાનાં કારણો એમ સમજવું.) પોતામાં ભયના પરિણામ, બીજાને ભય પમાડવો, ત્રાસ ઉપજાવવો અને નિર્દયપણું ધરાવવું–એ ભયમોહનીના આશ્રવો છે. પોતે શોક ઉત્પન્ન કરી શોચ કરવો; બીજાને કરાવવો અને રૂદન કરવામાં અતિ આસકિત રાખવી–એ શોકમોહનીના આશ્રવો છે. ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવા, તેમના તરફ તિરસ્કાર બતાવવો અને સદાચારની નિંદા કરવી–એ જુગુપ્સા મોહનીના આશ્રવો છે. ઇર્ષ્યા, વિષયોમાં લોલુપતા, મૃષાવાદ, અતિ વક્રતા અને પરસ્ત્રીના વિલાસમાં આસક્તિ–એ સ્ત્રીવેદ બાંધવાનાં કારણો છે. પોતાની સ્ત્રીમાત્રમાં સંતોષ, અનીર્ષ્યાળુ સ્વભાવ, મંદ કષાય અને અવક્રાચાર શીલ (સરલતાયુકત મનવાળો શુભ આચાર) એ પુરૂષવેદના આશ્રવો છે. સ્ત્રી તથા પુરૂષ બંનેની સ્પર્શચુંબનાદિ અનંગસેવા, ઉગ્ર કષાય, તીવ્ર કામેચ્છા, પાખંડ અને સ્ત્રીના વ્રતનો ભંગ કરવો–એ નપુંસકવેદ બાંધવાના આશ્રવો છે. સાધુઓની નિંદા કરવી, ધર્મિષ્ટ લોકોને વિઘ્ન કરવાં, મધુમાંસાદિથી અવિરત પુરૂષોની પાસે તે અવિરતિની પ્રશંસા કરવી, દેશવિરતિ પુરૂષોને વારંવાર અંતરાય કરવો, અવિરતિપણે સ્ત્રિયાદિના ગુણોનું આખ્યાન કરવું, ચારિત્રને દૂષણ આપવું અને બીજાઓના કષાય અને નોકષાયની ઉદીરણા કરવી એ ચારિત્રમોહનીય કર્મ બાંધવાના સામાન્ય આશ્રવો છે.

પંચેંદ્રી પ્રાણીઓનો વધ, ઘણો આરંભ તથા પરિગ્રહ, અનુગ્રહ કરવનો ત્યાગ, માંસભોજન, સદા સ્થિર વૈરબુદ્ધિ, રૌદ્રધ્યાન, અનંતાનુબંધી કષાય, કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા, અસત્ય ભાષણ, પરદ્રવ્યહરણ, વારંવાર મિથુનસેવન અને ઇંદ્રિયોનું અવશપણું–એ નર્કગતિનું આયુષ બાંધવાના આશ્રવો છે. ઉન્માર્ગે ચાલવાની દેશના, માર્ગનો નાશ, ગુપ્ત રીતે વિત્તનું રક્ષણ, આર્ત્તધ્યાન, શલ્યસહિતપણું, માયા (કપટ), આરંભ, પરિગૃહ, શિયળમાં તથા વ્રતમાં સાતિચારપણું, નીલ તથા કાપોત લેશ્યા, અને અપ્રત્યાખ્યાની કષાય એ તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધવાના આશ્રવો છે, અલ્પ પરિગ્રહ તથા આરંભ, સ્વાભાવિક કોમળતા અને સરલતા, કાપોત અને પીત લેશ્યા, ધર્મધ્યાનમાં અનુરાગ, પ્રત્યાખ્યાની કષાય, મધ્યમ પરિણામ, દાન દેવાપણું, દેવ અને ગુરૂનું પૂજન, પૂર્વાલાપ, પ્રિયાલાપ, સુખે સમજાવવાપણું લોકસમૂહમાં મધ્યસ્થપણું એ મનુષગતિનું આયુષ્ય બાંધવાનાં આશ્રવો છે, સરાગ સંયમ, દેશ સંયમ, અકામ નિર્જરા, કલ્યાણ મિત્રનો પરિચય, ધર્મ શ્રવણ કરવાનું શીલ, પાત્રદાન, તપ, શ્રદ્ધા, ત્રણ રત્નની આરાધના, મૃત્યુકાળે પદ્મ અથવા પીત લેશ્યાનું પરિણામ, બાલ તપ, અગ્નિ જળ વિગેરે સાધનોવડે મૃત્યુ પામવું, ગળે ફાંસો ખાવો અને અવ્યકત સામાયિકપણું એ દેવ ગતિનું આયુષ્ય બાંધવાના આશ્રવો છે.

મન વચન કાયાની વક્રતા, બીજાઓને છેતરવું, માયા પ્રયોગ કરવો, મિથ્યાત્વ, પિશૂનતા, ચિત્તની ચપળતા, સુવર્ણાદિકનો પ્રતિચ્છંદ કરવો એટલે બનાવટી સુવર્ણાદિ બનાવવું, ખોટી સાક્ષી પૂરવી, વર્ણ ગંધ રસ અને સ્પર્શનું જુદી રીતે સંપાદન કરવું કોઇનાં અંગ ઉપાંગ કાપવાં–કપાવવાં, યંત્ર તથા પંજરની ક્રિયા, ખોટાં માપ, ખોટાં તોલ તથા ખોટાં ત્રાજવાં બનાવવાં, વાપરવાં,



અન્યની નિંદા, આત્મપ્રશંસા, હિંસા, અસત્ય વચન, ચોરી, અબ્રહ્મચર્ય, મોટા આરંભ, મોટા પરિગ્રહ, કઠોર વચનો બોલવાં તથા કનિષ્ટ ભાષણ કરવું, ઉજ્વળ વેશાદિકથી મદ કરવો, વાચાળપણું, આક્રોશ કરવો, સૌભાગ્યનું ઉપઘાત, કામણ કરવું, ત્યાગીપણાની વિડંબનાથી–દાંભિકપણાથી ઉન્માર્ગ ગમન, યતિ વિગેરે થઇને બીજાઓને કૌતુક ઉત્પન્ન કરવું, વેશ્યા પ્રમુખને અલંકાર આપવા, દાવાનળ સળગાવવો, દેવાદિકના મિષથી ગંધાદિક વસ્તુની ચોરી કરવી, તીવ્ર કષાય, ચૈત્ય, ઉપાશ્રય, ઉદ્યાન અને પ્રતિમાઓનો વિનાશ કરવો અને અંગારાદિક ૧૫ કર્માદાનની ક્રિયા કરવી એ સર્વે અશુભ નામકર્મના આશ્રવો છે. ઉપર કહેલાથી વિપરીત ક્રિયા, સંસારથી ભીરૂતા, પ્રમાદનો નાશ, સદ્‌ભાવનું અર્પણ, ક્ષાંતિ વિગેરે ગુણો, ધાર્મિક પુરૂષોનું દર્શન, સંભ્રમ અને તેમનો સત્કાર–એ શુભનામ યાવત્ તીર્થંકર નામકર્મ બાંધવાના આશ્રવો છે.

"૧ અર્હંત, ૨ સિદ્ધ, ૩ ગુરૂ, ૪ સ્થવિર, ૫ બહુશ્રુત, ૬ ગચ્છ, ૭ શ્રુતજ્ઞાન અને ૮ તપસ્વીઓ ( મુની )ની ભક્તિ, ૯ આવશ્યકાદિ ક્રિયામાં, ૧૦ ચારિત્રમાં તથા ૧૧ બ્રહ્મચર્ય સેવનમાં અપ્રમાદ, ૧૨ વિનય, ૧૩ જ્ઞાનાભ્યાસ, ૧૪ તપ, ૧૫ ત્યાગ (દાન), ૧૬ શુભ ધ્યાન, ૧૭ તીર્થની પ્રભાવના, ૧૮ ચતુર્વિધ સંઘને સમાધિ ઉપજાવવી તથા સાધુઓની વૈયાવચ્ચ કરવી, ૧૯ અપૂર્વ જ્ઞાનનું ગ્રહણ કરવું અને ૨૦ સમકિત દર્શનની શુદ્ધિ, આ વીશ (સ્થાનકો) આશ્રવો પહેલા અને છેલ્લા તીર્થંકરોએ સ્પર્શેલા છે. અને બીજા તીર્થંકરોએ તેમાંથી એક બે અથવા ત્રણ સ્થાનકો સ્પર્શેલા છે. (૧) આ વીશ સ્થાનકો અનુક્રમે લખેલાં નથી. તેમજ તેમાં પ્રકારભેદથી નામાંતર પણ રહેલાં છે. પરનિંદા, અવજ્ઞા ને ઉપહાસ સદ્‌ગુણનો લોપ, છતા અછતા દોષનું કથન, પોતાની પ્રશંસા,

છતા અછતા ગુણુના વખાણુ; પોતાના દોષનું આચ્છાદન અને જાતિ વિગેરેનો મદ કરવો એ નીચ ગોત્રના આશ્રવો છે, નીચ ગોત્રમાં કહેલા કરતાં વિપરીત આશ્રવો, ગર્વરહિતપણું અને મન વચન કાયાથી વિનય કરવો એ ઉચ્ચગોત્રના આશ્રવો છે. દાન, લાભ, વીર્ય, ભોગ તથા ઉપભોગમાં મિષથી વા મિષ વગર એટલે કારણે કે વગર કારણે જે પરને વિઘ્ન કરવું એ અંતરાયકર્મના આશ્રવો છે.

આવી રીતના આશ્રવોથી જન્મ પામેલો આ અપાર સંસાર રૂપ સાગર; દીક્ષારૂપ વહાણુવડે વિદ્વાન પુરૂષોએ તરી જવાને યોગ્ય છે.

## ૨૫

## શ્રી શીતલનાથની દેશના

[ પર્વ ૩જું, સર્ગ ૮મો, પાન ૭૭-૭૮

', આ સંસારમાં સર્વ પદાર્થાદિ વિવિધ જાતિનાં કારણુ અને ક્ષણિક છે, તેથી સર્વ પ્રાણીઓએ મોક્ષને માટે પ્રયત્ન કરવો જોઇએ. તે મોક્ષ સંવર કરવાથી થઈ શકે છે. સર્વ આશ્રવોનો જે નિરોધ કરતો તે સંવર કહેવાય છે. તે સંવર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે. જે કર્મપુદ્ગળના ગ્રહણુનો છેદ કરે તે દ્રવ્યસંવર કહેવાય છે, અને જેમાં સંસારહેતુ ક્રિયાનો ત્યાગ થાય તે ભાવસંવર કહેવાય છે. જે જે ઉપાયથી જે જે આશ્રવનો નિરોધ થાય તે તે આશ્રવના નિરોધને માટે વિદ્વાનોએ તે તે ઉપાય યોજવો ઉચિત છે. તે ઉપાય આ પ્રમાણે: ક્ષમાથી ક્રોધનો, કોમલતાથી માનનો, સરલતાથી માયાનો અને નિઃસ્પૃહતાથી લોભનો નિરોધ કરવો. અસંયમવડે ઉન્મત્ત થયેલા વિષ જેવા વિષયોનો મહામતિ પુરૂષે અખંડ સંયમવડે નિરોધ કરવો. ત્રણુ ગુપ્તિઓથી ત્રણુ યોગને વશ કરવા. અપ્રમાદથી પ્રમાદને સાધ્ય કરવો અને સર્વ સાવદ્ય યોગના ત્યાગથી અવિરતિને સાધવી (કબજે કરવી ). સંવરને અર્થે ઉદ્યમ કરનારા પુરૂષે સદ્દર્શનથી મિથ્યાત્વનો અને ચિત્તની ઉત્તમ સ્થિરતાથી રૌદ્રધ્યાનનો વિજય કરવો. જેમ મધ્ય ચોકમાં આવેલા ઘણુા દ્વારવાળા ઘરનાં દ્વારો જો ઉઘાડાં રહે તો તેમાં જરૂર રજનો પ્રવેશ થાય છે અને પ્રવેશ થયેલ રજ સ્નેહ ( ચીકાશ ) ના યોગથી તન્મયપણે બંધાઇ જાય છે; પણુ જો તે ઘરનાં દ્વાર બંધ કરી દીધાં હોય તો તેમાં રજ પેસતી નથી, તેમ દ્રઢપણે બદ્ધ પણુ થતી નથી.

વળી જેમ કોઇ સરોવરમાં ચારે બાજુ ગરનાળાં ખુલ્લાં હોય છે તો તેમાં સર્વ દ્વારોથી જળ પેસી જાય છે, પણ જો તે દ્વાર રૂંધેલાં હોય તો તેમાં જરા પણ જળ પેસી શકતું નથીઃ તેમજ કોઇ વહાણના મધ્ય ભાગમાં છિદ્ર પડેલાં હોય છે તો તેમાંથી જળ પેસી જાય છે, પણ જો તે છિદ્રો બંધ કરી દીધાં હોય તો તેમાં જરાપણ જળ પેસી શકતું નથી, તેવી રીતે યોગાદિક આશ્રવદ્વારોનું સર્વ પ્રકારે રૂંધન કરવાથી સંવરથી શોભતા એવા જીવમાં કર્મદ્રવ્યનો પ્રવેશ થઇ શકતો નથી. આશ્રવદ્વારનો નિરોધ સંવરવડે થાય છે, અને એ સંવર ક્ષમા વિગેરે ભેદથી બહુ પ્રકારે કહેલો છે. ચડતા ચડતા ગુણસ્થાનોમાં જેનો જેનો સંવર થાય તે તે નામનો સંવર કહેવાય છે. પારંગતોમાં મિથ્યાત્વનો ઉદય બંધ થવાથી જે સંવર થાય છે તે મિથ્યાત્વસંવર કહેવાય છે. દેશવિરતિ વિગેરે ગુણઠાણામાં જે સંવર થાય છે તે અવિરતિસંવર છે. અપ્રમત્તસંયમ વિગેરે ગુણઠાણામાં જે સંવર થાય છે તે પ્રમાદ સંવર કહેવાય છે. ઉપશાંતમોહ ને ક્ષીણમોહ ગુણઠાણામાં કષાયનો સંવર થવાથી તે કષાયસંવર કહેવાય છે, અને અયોગી કેવળી નામના ચૌદમા ગુણઠાણામાં યોગ સંવર સંપૂર્ણપણે થાય છે. જેમ વહાણવટી છિદ્રરહિત વહાણવડે સમુદ્રના અંતને પામે છે, તેમ સદ્‌બુદ્ધિવાળો પુરૂષ ઉપર પ્રમાણે સંવરયુકત થઈને આ સંસારના અંતને પામે છે."

## ૨૬

## શ્રી શ્રેયાંસનાથની દેશના

[ પર્વ ૪થું, સર્ગ ૧લો, પાન ૧૧૯–૧૨૦ ]

તે વખતે રાજપુરૂષોએ આવી ત્રિપૃષ્ટ અર્દ્ધ ચક્રવર્ત્તીને હર્ષથી કહ્યું-'ભગવાન્ શ્રેયાંસ પ્રભુ ઉદ્યાનમાં સમવસર્યા છે.' આ વાર્ત્તા સાંભળી સદ્ય સિંહાસન પરથી ઉઠી, પાદુકાને તજી દઇ ત્રિપૃષ્ટ વાસુદેવે પ્રભુની સન્મુખ દિશામાં ઉભા રહી તેમને વંદના કરી. પછી સિંહાસન પર બેસી પ્રભુના આગમનની વધામણીને કહેનારા પુરૂષોને સાડા બાર કોટી સોનૈયા આપ્યા. પછી ત્રિપૃષ્ટ વાસુદેવ મોટી સમૃદ્ધિએ યુક્ત થઇ. બળભદ્ર સહિત સર્વ પ્રાણીઓને શરણરૂપ એવા પ્રભુના સમવસરણ સમીપે આવ્યા, અને ઉત્તર દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી વિધિ પ્રમાણે પ્રભુને વંદના કરી બલભદ્રની સાથે ઇંદ્રની પછવાડે બેઠા. પછી ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર ફરીથી ઉભા થઇ ભગવંતને પ્રણામ કરી ભકિતભાવિત ગિરાથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાઃ

"હે પરમેશ્વર! અમંદ આનંદના ઝરાને આપનારા અને મોક્ષના કારણભૂત એવા તમને મોક્ષને અર્થે અમારો નમસ્કાર છે. તમારા દર્શન માત્રથીજ પ્રાણી બીજાં કર્મોને ભૂલી જઇ આત્મારામી થાય છે, તો તમારી દેશના સાંભળવાથી તો શું ન થાય? આ સંસારરૂપી મરૂદેશમાં તમારો અવતાર થવાથી જાણે ક્ષીરસમુદ્ર પ્રગટયો હોય, કલ્પવૃક્ષ ઉગ્યું હોય કે મેઘ વરસ્યો હોય તેમ જણાય છે ક્રૂરકર્મરૂપ નઠારા ગ્રહોવડે પીડા પામતા એવા આ વિશ્વનું રક્ષણ કરવા માટે તમે અગ્યારમા જિનેંદ્ર જ્યોતિષીઓના

પતિ (ચંદ્ર) રૂપે ઉદય પામ્યા છો. સ્વભાવથીજ નિર્મળ ઇક્ષ્વાકુ રાજાઓનું કુળ જળવડે સ્ફટિકની જેમ તમે વિશેષ નિર્મળ કરેલું છે. હે પ્રભુ ! ત્રણ જગતના સર્વ પ્રકારના સંતાપને હરવાથી તમારૂ ચરણમૂળ સમગ્ર પ્રકારની છાયાઓથી પણ અધિક થાય છે. હે જિનેશ્વર ! તમારા ચરણકમળમાં ભ્રમ રૂપે રહેતાં મને એટલો બધો હર્ષ પ્રાપ્ત થાય છે કે જેથી ભોગને માટે કે મોક્ષને માટે મને સ્પૃહા રહેતી નથી. હે જગન્નાથ ! ભવોભવ તમારા ચરણનું મને શરણ થજો ' એવી હું પ્રાર્થના કરૂં છું. તમારી સેવાથી શું સાધી શકાતું નથી ? ”

આ પ્રમાણે ઇંદ્ર, વાસુદેવ અને બલદેવ સ્તુતિ કરી વિરામ પામ્યા પછી શ્રેયાંસ પ્રભુએ શ્રેયના હેતુરૂપ દેશના આપવાનો આરંભ કર્યો:

“ આ અપાર સંસાર સ્વયંભૂરમણ સમુદ્રના જેવો છે, તેમાં પ્રાણી કર્મરૂપી ઉર્મિઓથી આડો અવળો ને ઉંચે નીચે અર્થાત્ ઉર્દ્વ, અધો ને તિર્છાલોકમાં ભમ્મા કરે છે. પવનથી જેમ સ્વેદ-બિંદુ અને ઓષધિથી જેમ રસ ઝરી જાય છે, તેમ નિર્જરાવડે આઠે કર્મો ઝરી જાય છે. સંસારના બીજોથી ભરેલાં એવાં કર્મોની નિર્જરણા કરવાથી તેનું નામ નિર્જરા કહેવાય છે. તે નિર્જરા સકામ અને અકામ એવા બે પ્રકારની છે. જેઓ યમ–નિયમના ધરનારા છે તેમને સકામ નિર્જરા થાય છે, અને બીજા પ્રાણીઓને અકામ નિર્જરા થાય છે. કર્મોની પરિપકવતા ફળની પેઠે પ્રયત્નથી અથવા સ્વયમેવ એમ બે પ્રકારે છે. જેમ સુવર્ણ દોષવાળું હોય પણ પ્રદીપ્ત અગ્નિવડે શુદ્ધ થાય છે, તેમ તપરૂપ અગ્નિવડે સદોષ જીવ પણ શુદ્ધિને પામે છે. તે તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો છે. અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા–એ છ પ્રકારે બાહ્ય તપ કહેવાય છે. પ્રાયશ્ચિત,



વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, વ્યુત્સર્ગ અને શુભ ધ્યાન–એ છ પ્રકારે અભ્યંતર તપ કહેવાય છે. આ બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિને પ્રજ્વલિત કરીને નિયમધારી પુરૂષ પોતાનાં દુર્જર એવાં કર્મોને પણ જરાવી દે છે. જેમ કોઈ સરોવરનું દ્વાર ઉપાયોથી સર્વ તરફ બંધ કર્યું હોય તો પછી નવા જલપ્રવાહથી તે કદિપણ પૂરાતું નથી, તેવી રીતે સંવરથી આવૃત્ત થયેલો જીવ આશ્રવરૂપ દ્વારોનો રોધ કરવાથી નવાં નવાં કર્મદ્રવ્યોવડે પૂરાતો નથી. પછી જેમ પૂર્વે સંચિત થયેલું સરોવરનું જળ સૂર્યનાં પ્રચંડ કિરણોના અવિચ્છિન્ન તાપથી સુકાઇ જાય છે, તેમ પૂર્વે બાંધેલાં પ્રાણીઓનાં કર્મ પણ તપશ્ચર્યાના તાપથી તત્કાળ ક્ષય પામી જાય છે. નિર્જરા કરવામાં બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે, અને તેમાં પણ ધ્યાનનું એકછત્ર રાજ્ય રહેલું છે એમ મુનિઓ કહે છે. કારણ કે ધ્યાન ધરનારા યોગીઓનાં ચિરકાળથી ઉપાર્જન કરેલાં અને ઘણાં પ્રબળ કર્મ પણ તત્કાળ નિર્જરીભૂત થઇ જાય છે. જેમ વૃદ્ધિ પામેલો શારીરિક દોષ લંઘન કરવાથી શોષાઇ જાય છે તેવી રીતે તપ કરવાથી પૂર્વસંચિત કર્મ ક્ષય પામી જાય છે; અથવા મેઘનો સમૂહ પ્રચંડ પવનના આઘાતથી આમ તેમ વિખરાઇ જાય છે, તેમ તપશ્ચર્યાથી કર્મનો સમૂહ વિનાશ પામે છે. જ્યારે સંવર અને નિર્જરા પ્રતિક્ષણ સમર્થપણે ઉત્કર્ષ પામે છે ત્યારે તે જરૂર મોક્ષને ઉત્પન્ન કરે છે બન્ને પ્રકારની તપશ્ચર્યાથી થતી નિર્જરાવડે કર્મોને જરાવનારો શુદ્ધ બુદ્ધિવાળો પુરૂષ સર્વ કર્મોથી જેમાં મૂકવાપણું થાય છે એવા મોક્ષને પામે છે. ”

# ૨૭

## વાસુપૂજ્યની દેશના

( પર્વ ૪થું, સર્ગ ૨જો, પાન ૧૩૭–૧૪૦ )

પછી જગત્પતિને વારંવાર નમી ઈંદ્ર, દ્વિપૃષ્ટ અને વિજયકુમારે સ્તુતિ કરવાનો આરંભ કર્યો. હે પ્રભુ ! આ સંસારરૂપી અતિ ભયંકર સમુદ્રમાં એક તરફ મોહરૂપી દુર્દિન પ્રસરે છે, એક તરફ આશારૂપી નવી નવી વેળાઓ ક્ષણે ક્ષણે થયા કરે છે, એક તરફ મોટા મઘરના જેવો દુર્વાર કામદેવ રહેલો છે, એક તરફ પ્રચંડ અને પ્રતિકૂળ પવનના જેવા પાપરૂપ વિષયો પ્રવર્તે છે. એક તરફ મોટા મોટા આવર્ત્ત (ભમરી)ની પેઠે ક્રોધાદિક ઉગ્ર કષાયો રહેલા છે, એક તરફ મોટા ખડકની જેવા ઉત્કટ રાગ-દ્વેષ રહેલા છે, એક તરફ મોટા ઉર્મિઓની પેઠે વિવિધ દુઃખની પરંપરા છે, એક તરફ વડવાનલની જેમ આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન થયા કરે છે, એક તરફ વેત્રવલ્લીની જેવી સ્ખલના કરનારી મમતા રહેલી છે, અને એક તરફ ઉદ્ધત નામોના સમૂહની જેમ ઘણા વ્યાધિઓ આવ્યા કરે છે; તેથી હે પ્રભુ ! એવા દારૂણ સંસારરૂપી સાગરની અંદર પડેલા પ્રાણીઓનો હવે આપ ઉદ્ધાર કરો. હે જગત્પતિ ! તમારૂં કેવળજ્ઞાન અને કેવળદર્શન વૃક્ષના પુષ્પ અને ફલની જેમ પરના ઉપકારને માટે જ છે. આજ મારો જન્મવૈભવ કૃતાર્થ થયો છે; કારણ કે તમારી પૂજાનો મહોત્સવ કરવાનો મને લાભ પ્રાપ્ત થયો છે.

આ પ્રમાણે સ્તુતિ કરી ઈંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વિરામ પામ્યા. પછી વાસુપૂજ્ય ભગવાને નીચે પ્રમાણે દેશના આપવાનો આરંભ કર્યો.



આ સંસારરૂપી સમુદ્રમાં શમિલાયુગના સંયોગની પેઠે માંડમાંડ મનુષ્યપણું પ્રાપ્ત કરી પુરૂષોએ ધર્મપરાયણ થવું જોઈએ. તે ધર્મ સર્વ ઉત્તમ જિનેશ્વરોએ કહેલો છે. જે ધર્મને અવલંબન કરનાર પ્રાણી આ સંસારસાગરમાં ડુબતો નથી તે ધર્મ સંયમ ( આમાં સર્વ પ્રકારની અહિંસા સમાય છે ), સત્યવાણી, શૌચ ( અચૌર્યતારૂપ પવિત્રતા ), બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહતા, તપ, ક્ષમા, મૃદુતા, સરલતા અને નિર્લોભતા એ દશ પ્રકારે કહેવાય છે. કલ્પવૃક્ષ વિગેરે પદાર્થો પણ ધર્મના પ્રભાવથી એવી ઇચ્છિત વસ્તુને આપે છે કે જે વસ્તુ અધર્મીઓની દૃષ્ટિએ પણ આવતી નથી. હંમેશાં પાસે રહેનાર અને અતિ વાત્સલ્યને ધારણ કરનાર એક ધર્મરૂપી બંધુ અપાર દુઃખસાગરમાં પડતા પ્રાણીઓને બચાવે છે. સમુદ્ર પૃથ્વીને બોળી નાખતો નથી અને વરસાદ પૃથ્વીને આશ્વાસન આપે છે, તે કેવળ ધર્મનો જ પ્રભાવ છે. અગ્નિ આડી રીતે બાળતો નથી અને પવન ઉર્દ્ધ્વ ભાગમાં વાતો નથી, તે પણ ધર્મનોજ અચિંત્ય મહિમા છે. આલંબન અને આધાર વગરની પૃથ્વી જે સર્વને આધાર આપી રહેલી છે તેમાં ધર્મ સિવાય બીજું કાંઇપણ કારણ નથી. ધર્મનાજ શાસનથી વિશ્વના ઉપકારને માટે સૂર્ય ચંદ્ર આ જગતમાં ઉદયને પામે છે; એ વિશ્વવત્સલ ધર્મ બંધુ વગરનાનો બંધુ છે, મિત્ર રહિત પુરૂષોનો મિત્ર છે અને અનાથ પુરૂષોનો નાથ છે. ધર્મ પાતાળમાં રહેલ નર્કમાં પડતા પ્રાણીઓની રક્ષા કરે છે, અને છેવટે અનુપમ સર્વજ્ઞપણાના વૈભવને પણ ધર્મ જ આપે છે.

આ દશ પ્રકારનો ધર્મ મિથ્યાદૃષ્ટિઓએ તાત્ત્વિકપણે બીલકુલ જોયો–જાણ્યો નથી અને કદિ કોઇ ઠેકાણે કોઇએ કહ્યો હશે તો ફક્ત તે માત્ર વાણીનું જ નૃત્ય છે. પ્રાયઃ સર્વની વાણીમાં તત્ત્વાર્થ

હોય છે અને કોઇકના મનમા તત્ત્વાર્થ હોય છે, પણ જિનમતને સ્પર્શ કરનાર પુરૂષોની તો વાણીમાં, મનમાં અને ક્રિયામાં—સર્વમાં તત્ત્વાર્થ હોય છે. વેદશાસ્ત્રને પરાધીન બુદ્ધિવાળા અને કંઠમાં સૂત્ર ( જનોઇ ) પહેરનારા બ્રાહ્મણો તત્ત્વથી ધર્મરત્નને લેશ પણ જાણતા નથી. ગોમેધ, નરમેધ, અને અશ્વમેધાદિક યજ્ઞો કરનારા પ્રાણીઘાતક યાજ્ઞિક બ્રાહ્મણોને શી રીતે ધર્મ પ્રાપ્ત થાય? જેમાં શ્રદ્ધા થાય નહીં તેવી અછતી, પરસ્પર વિરોધી એવી કલ્પિત વસ્તુને કહેનારા પુરાણકર્ત્તાઓમાં પણ કયાંથી ધર્મ હોય? ખોટી ખોટી વ્યવસ્થાવડે પરદ્રવ્યને ગ્રહણ કરવાને ઇચ્છતા એવા સ્માર્ત્તાદિક પુરૂષોમાં માત્ર માટી ને પાણીવડે કેવી રીતે શૌચ ( શુદ્ધિ )પણું હોય? ઋતુકાળનો વ્યતિક્રમ થતાં સ્રીસેવન ન કરે તો ગર્ભહત્યાનું પાપ લાગે એવું કહેનારા અને બ્રહ્મચર્યનો નાશ કરનારા પુરૂષોમાં શી રીતે ધર્મ સંભવે? યજમાન પાસેથી સર્વસ્વ લેવાને ઇચ્છતા અને દ્રવ્યને માટે પ્રાણનો ત્યાગ કરતા એવા બ્રાહ્મણોમાં અકિંચન ( નિષ્પરિગ્રહ )પણું કયાંથી હોય ? અલ્પમાત્ર અપરાધ થતાં ક્ષણવારમાં શાપ આપનારા એવા લૌકિક ઋષિઓમાં ક્ષમાનો લેશ પણ જોવામાં આવતો નથી. જાતિ વિગેરેના મદથી અને દુરાચરણથી જેમનાં ચિત્ત નાચ્યાં કરે એવા ચોથા આશ્રમમાં રહેનારા ( સંન્યાસી ) બ્રાહ્મણોમાં કોમળતા ( નિરભિમાનપણું ) કયાં જોવામાં આવે છે ? અંદર દંભ રાખનારા અને બહાર બગલાભક્ત બની રહેનારા એવા પાખંડવૃતવાળા દ્વિજોમાં સરલતાનો એક લેશ પણ નથી. સ્રી, ગૃહ અને પુત્રાદિકના પરિગ્રહવાળા અને લોભના તો એક કુળગ્રહરૂપ બ્રાહ્મણોની કેવી રીતે મુક્તિ થાય? અથવા તેમાં નિર્લોભતા ધર્મ કેમ સંભવે? માટે રાગ, દ્વેષ અને મોહથી વર્જિત તથા કેવળજ્ઞાનથી શોભનારા અર્હંત ભગવંતોની તેમના ઉજ્વળ ધર્મ પરથી જ નિર્દોષતા



સિદ્ધ થાય છે. રાગ, દ્વેષ અને મોહથી જ માણસમાં અસત્યવાદીપણું આવે છે, તો તે દોષ અર્હંત ભગવંતમાં લેશ પણ હોતા નથી, તો શી રીતે તેમનામાં અસત્યવાદીપણું આવી શકે? જેઓનાં ચિત્ત રાગાદિક દોષોથી કલુષિત થયેલાં હોય છે. તેઓના મુખમાંથી કદિપણ સત્ય વાણી નીકળતી નથી. જેઓ યાગ હોમ વિગેરે ઇષ્ટિ કર્મ કરે છે, વાપી, કૂપ અને તળાવ વિગેરેમાં ન્હાવાથી પુણ્ય માને છે, પશુનો ઘાત કરીને સ્વર્ગ લોકનું સુખ શોધે છે, બ્રાહ્મણોને ભોજન આપવાથી પિતૃઓને તૃપ્ત કરવાનો ઇચ્છે છે, ઘૃતયોનિ વિગેરે કરીને પ્રાયશ્ચિત્ત કરે છે, પાંચ પ્રકારની આપત્તિઓ આવતાં સ્રીઓને પુનર્લગ્ન કરાવે છે, જો સ્રીમાં પુત્ર થવાનો સંભવ હોય તો તેનામાં ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ કરવી એ પ્રમાણે કહે છે, દોષિત સ્રીઓ રજ ( અંતરાય ) આવે ત્યારે શુદ્ધ થાય છે એ પ્રમાણે માને છે, કલ્યાણની બુદ્ધિએ યજ્ઞમાં બકરાને મારી તેનાં શિશ્ન ( લિંગ )થી આજીવિકા કરે છે, સૌત્રામણિ અને સપ્તતંતુ યજ્ઞમાં મદિરાનું પાન કરે છે, વિષ્ઠા ખાનારી ગાયોનો સ્પર્શ કરીને પવિત્ર થવાનું માને છે, જલાદિકમાં માત્ર સ્નાન કરવાથી પાપ શુદ્ધિ થાય એમ બોલે છે, વડ પીપળા અને આંબલી વિગેરે વૃક્ષોની પૂજા કરે છે, અગ્નિમાં હોમેલા હવ્યથી દેવને તૃપ્ત કરેલા માને છે, પૃથ્વી ઉપર ગાય દોહવાથી રિષ્ટની શાંતિ થાય એમ વદે છે, સ્રીઓને માત્ર વિડંબના કરે તેવા ધર્મવ્રતનો ઉપદેશ કરે છે, મોટી જટા, ભસ્મવડે અંગરાગ અને કોપીનને ધારણ કરે છે. આકડો, ધંતુરો અને માલૂરના પુષ્પોથી દેવને પૂજે છે, ગીત નૃત્ય કરતાં વારંવાર અપશબ્દો બોલે છે, મુખ વગાડીને ગીતનાદ આચરે છે, અસભ્ય ભાષાપૂર્વક દેવ, મુનિ, અને લોકોને હણે છે, વ્રતનો ભંગ કરીને દાસી દાસપણું કરવાને ઇચ્છે છે, અનંતકાય એવા કંદાદિ તથા ફલ, મૂળ અને પાંદડાંઓનું ભક્ષણ કરે છે, સ્રી અને પુત્રસહિત જઇને વનમાં વસે છે, ભક્ષ્ય

અભક્ષ્ય, પેય અપેય અને ગમ્ય અગમ્યમાં સમાનપણે વર્તે છે, યોગી એવા નામે પ્રસિદ્ધ થાય છે, અને કેટલાક કૌલાચાર્યના શિષ્ય થાય છે, એઓને અને એ સિવાય બીજા પણ કે જેઓનાં ચિત્તમાં જૈનશાસનનો સ્પર્શ થયો નથી એવાઓને ધર્મ શું ? તેનું ફળ પણ શું ? અને તેમના ધર્મમાં પ્રમાણ પણ શું ?

શ્રીજિનેંદ્રભાષિત ધર્મના આરાધનથી આ લોકમાં અને પરલોકમાં જે સુખાકારી ફળ થાય તે તો તેનું આનુષંગિત (અવાંતર) ફળ છે, પણ તેનું મુખ્ય ફળ તો મોક્ષ જ છે. જેમ કૃષિ કરવાનો મુખ્ય હેતુ ધાન્ય મેળવવાનો છે, તેમાં પલાલ વિગેરે જે થાય તે આનુષંગિક ફળ છે. તેમ ધર્મ કરવાનું મુખ્ય ફળ મોક્ષ જ છે. તેમાં જે સાંસારિક ફળ થાય છે તે તો આનુષંગિક ફળ છે."

# ૨૮

## શ્રી વિમલનાથની ધર્મદેશના

[ પર્વ ૪થું, સર્ગ ૩જો, પાન ૧૫૧ ]

" અકામ નિર્જરારૂપ પુણ્યથી પ્રાણીને સ્થાવરપણાથી ત્રસપણું કે તિર્યંચ પંચેંદ્રિપણું માંડ માંડ પ્રાપ્ત થાય છે. તેમાં પણ જ્યારે કર્મની લાઘવતા થાય ત્યારે પછી માનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ, સર્વ ઇંદ્રિયોનું પાટવ અને દીર્ઘ આયુષ્ય કથંચિત્ મેળવાય છે. તે કરતાં પણ વિશેષ પુણ્ય હોય તો ધર્મકથક ગુરૂની જોગવાઇ અને શાસ્ત્રનું શ્રવણ તથા તેમાં શ્રદ્ધા એટલાં વાનાં પ્રાપ્ત થાય છે, પણ તેમાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન પ્રાપ્ત થવું ઘણું દુર્લભ છે જિનપ્રવચનમાં જેવું બોધિરત્ન અત્યંત દુર્લભ છે તેવું રાજાપણું ચક્રવર્ત્તીપણું મેળવવું દુર્લભ નથી. સર્વ જીવોએ પૂર્વે અનંતવાર સર્વ ભાવો પ્રાપ્ત કરેલા હશે, પણ જ્યાં સુધી આ સંસારમાં તે જીવોનું પરિભ્રમણ જોવામાં આવે છે, ત્યાં સુધી તેઓએ કદિ પણ બોધિરત્નની પ્રાપ્તિ કરેલી જણાતી નથી. સર્વ પ્રાણીઓને આ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત પુદ્ગલ પરાવર્ત્તન થઇ ગયાં છે, પરંતુ જ્યારે છેલ્લો અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્તન સંસાર અવશેષ રહે ત્યારે સર્વ કર્મોની સ્થિતિ એક કોટાકોટી સાગરોપમથી ઓછી યથાપ્રવૃત્તિકરણવડે કરીને કોઇ પ્રાણી ગ્રંથિભેદ થવાથી ઉત્તમ બોધિને પામે છે. કેટલાએક જીવો યથાપ્રવૃત્તિકરણ કરવાથી તે ગ્રંથિના સીમાડા ઉપર પ્રાપ્ત થયા હોય, તોપણ ત્યાંથી સીદાઇને પાછા વળે છે અને પાછા સંસારમાં ભમે છે. કુશાસ્ત્રનું શ્રવણ, મિથ્યાદૃષ્ટિનો સમાગમ, નઠારી

વાસના અને પ્રમાદ કરવાની ટેવ એ સમકિતપ્રાપ્તિની સામે થનારા શત્રુઓ છે. જો કે ચારિત્રની પ્રાપ્તિ પણ દુર્લભ કહેલી છે પણ જો બોધિની પ્રાપ્તિ થઇ હોય તો તે સફળ છે, અન્યથા નિષ્ફળ છે. અભવ્ય પ્રાણીઓ પણ ચારિત્ર ગ્રહણ કરીને નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે, પણ બોધિ વિના તેઓ મોક્ષપદને પામી શકતા નથી. ચક્રવર્તી પણ બોધિરત્નની પ્રાપ્તિ વિના રાંક જેવા છે, અને બોધિરત્નને પ્રાપ્ત કરનારો રાંક હોય તો પણ તેનાથી અધિક છે. જેઓને બોધિરત્નની પ્રાપ્તિ થઇ હોય છે તેઓ કદિ પણ આ સંસારમાં રાગ કરતા નથી. પણ મમતા રહિત થઇને મુક્તપણે મુક્તિમાર્ગનેજ ભજે છે."

## ૨૯

## શ્રી અનંતનાથની દેશના

[ પર્વ ૪થું, સર્ગ ૪થો, પાન ૧૬૩–૧૬૭ ]

"અહો ભવ્ય જીવો! તત્ત્વને નહિ જાણનારા પ્રાણીઓ, માર્ગથી અજાણ્યા વટેમાર્ગની જેમ આ દુસ્તર સંસારરૂપ અરણ્યમાંભટકયા કરે છે. જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત તત્ત્વો વિદ્વાનો કહે છે.

"તેમાં પ્રથમ તત્ત્વ જે જીવ છે તે મુક્ત અને સંસારી એમ બે પ્રકારે છે. તેઓ સર્વે અનાદિનિધન અને જ્ઞાન દર્શન લક્ષણ-વાળા છે. તેમાં જે મુક્ત જીવ છે તે એક સ્વભાવી, જન્માદિ કલેશથી વર્જિત અને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય તથા અનંત આનંદથી વ્યાપ્ત છે. સંસારી જીવ સ્થાવર અને ત્રસ એવા બે પ્રકારના છે. તે બંનેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે. તેમાં પર્યાપ્તપણાના કારણરૂપ પર્યાપ્તિઓ છ છે. તેનાં આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એવાં નામ છે. તે પર્યાપ્તિ એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિયને પાંચ અને પંચેંદ્રિયને છ એ પ્રમાણે અનુક્રમે હોય છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ એકેંદ્રિય સ્થાવર જીવ કહેવાય છે. તેમાં પ્રથમના ચાર સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારે છે. પાંચમા જે વનસ્પતિકાય છે તે પ્રત્યેક અને સાધારણ એવા બે પ્રકારે છે તેમાં પ્રત્યેક બાદર જ છે અને સાધારણ સૂક્ષ્મ ને બાદર બે પ્રકારે છે.

"ત્રસ જીવો બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય એમ ચાર પ્રકારે છે. તેમાં પંચેંદ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે પ્રકારના છે. જે શિક્ષા, ઉપદેશ અને આલાપને જાણે અને મન-પ્રાણને પ્રવર્તાવે તે સંજ્ઞી કહેવાય છે, અને તેથી વિપરીત-મન વિનાના તે અસંજ્ઞી કહેવાય છે. સ્પર્શના, રસના, નાસિકા, નેત્ર અને શ્રવણ એ પાંચ ઇંદ્રિયો કહેવાય છે. સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ તેના અનુક્રમે વિષય છે. કૃમિ, શંખ, ગંડુપદ, જલો, કોડીઓ અને છીપ વિગેરે વિવિધ જીવો દ્વીંદ્રિય છે. જુ, માકડ, મંકોડા અને લીખ વિગેરે ત્રીંદ્રિય જીવો છે અને પતંગ, મક્ષિકા, ભ્રમર અને ડાંસ વિગેરે ચતુરિંદ્રિય જીવો છે. પંચેદ્રિય જીવોમાં જળ, સ્થળ અને આકાશચારી એમ ત્રણ પ્રકારના તિર્યંચ જીવો, નારકી, મનુષ્ય અને દેવતાને ગણેલા છે. મનોબળ, ભાષાબળ અને કાયબળ એ ત્રણ બળ, પાંચ ઇંદ્રિયો અને શ્વાસોચ્છ્વાસ તથા આયુ એ દશ પ્રાણ કહેવાય છે. કાળબળ, આયુષ્ય, ઉચ્છ્વાસ અને સ્પર્શેંદ્રિય એ ચાર પ્રાણ સર્વ જીવોમાં છે, વિકલેંદ્રિયમા ભાષા અને એકેક ઇંદ્રિય વધવાથી છ, સાત ને આઠ પ્રાણ છે, અસંજ્ઞીને એક ઇંદ્રિય વધવાથી નવ પ્રાણ હોય છે, અને પૂર્ણ સંજ્ઞીને મન સહિત દશ પ્રાણ હોય છે. દેવતા અને નારકી ઉપપાતપણે ઉત્પન્ન થાય છે, મનુષ્યો ગર્ભમાંથી ઉત્પન્ન થાય છે, અને તિર્યંચો જરાયુ અને ઇંડામાંથી ઉત્પન્ન થાય છે. બાકીના સંમૂર્છિમ પચેંદ્રી, વિકલેંદ્રિ તથા એકેંદ્રિ સંમૂર્છિમ રીતે ઉત્પન્ન થાય છે. સર્વ સંમૂર્છિમ જીવો અને નારકીના પાપી જીવો માત્ર નપુંસકવેદીજ હોય છે, દેવતા-સ્ત્રી અને પુરૂષ એ વેદવાળા હોય છે અને બાકીના ગર્ભજ, તિર્યંચ અને મનુષ્ય-સ્ત્રી પુરૂષ અને નપુંસકવેદી હોય છે.

સર્વ જીવ વ્યવહારી અને અવ્યવહારી એમ બે પ્રકારના છે, જે અનાદિ સૂક્ષ્મ નિગોદના જીવો છે તે અવ્યવહારી છે અને બાકીના સર્વ વ્યવહારી છે.



૧ સચિત્ત, ૨ અચિત્ત, ૩ સચિત્તાચિત્ત, ૪ સંવૃત, ૫ અસંવૃત, ૬ સંવૃતાસંવૃત, ૭ શિત, ૮ ઉષ્ણ અને ૯ શિતોષ્ણ એમ જીવને ઉપજવાની યોનિઓના નવ પ્રકાર છે.

પૃથ્વી, અપ, અગ્નિ અને વાયુકાયની-પ્રત્યેકની સાત સાત લાખ યોનિ, પ્રત્યેક વનસ્પતિની અને અનંતકાયની અનુક્રમે દશ ને ચૌદ મળી ચોવીસ લાખ યોનિ, વિકલેંદ્રિની છ લાખ યોનિ, મનુષ્યની ચૌદ લાખ યોનિ અને નારકી, દેવ તથા તિર્યંચ પંચેંદ્રિની ચાર ચાર લાખ યોનિ-એમ સર્વ મળીને ચોરાશી લાખ યોનિઓ સર્વ જીવની એકંદર છે. તે કેવળજ્ઞાનીએ જ્ઞાનવડે જોએલી છે.

એકેંદ્રિય સૂક્ષ્મ ને બાદર, પંચેંદ્રિ સન્ની અને અસન્ની તથા બે ઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય એ સાત પર્યાપ્ત અને સાત અપર્યાપ્ત મળીને જીવોના મૂળ ચૌદ ભેદો જિનેશ્વરે કહેલા છે અને તેની માર્ગણા પણ ૧ ગતિ, ૨ ઇંદ્રિય, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ જ્ઞાન, ૭ કષાય, ૮ સંયમ, ૯ આહાર, ૧૦ દૃષ્ટિ, ૧૧ લેશ્યા, ૧૨ ભવ્ય, ૧૩ સમ્યકત્વ અને ૧૪ સંજ્ઞી, એમ ચૌદ કહેલી છે. તેમજ સર્વ જીવોના ગુણસ્થાન પણ ૧ મિથ્યાદૃષ્ટિ, ૨ સાસ્વાદન, ૩ સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ (મિશ્ર) ૪ અવિરત સમ્યગ દૃષ્ટિ, ૫ વિરતાવિરત (દેશવિરતિ), ૬ પ્રમત્ત, ૭ અપ્રમત્ત, ૮ નિવૃત્તિ બાદર, ૯ અનિવૃત્તિ બાદર, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાંત મોહ, ૧૨ ક્ષીણ મોહ, ૧૩ સયોગી અને ૧૪ અયોગી એમ ચૌદ કહેલા છે.

૧ મિથ્યાદર્શનનો ઉદય છતે પ્રાણી મિથ્યાદૃષ્ટિ હોય છે, પરંતુ ભદ્રકપણાદિકની અપેક્ષાએ તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે. ૨ મિથ્યાત્વના અનુદય ભાવમાં વર્તતાને અનંતાનુબંધીનો ઉદય

સતે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક હોય છે. તેનો ઉત્કૃષ્ટ છ આવળીનો કાળ છે. ૩ સમકિત ને મિથ્યાત્વના સંયોગથી અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળું મિશ્રદર્શન નામે ગુણસ્થાનક થાય છે. ૪ અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી, પરંતુ અનંતાનુબંધી કષાયોના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી અવિરત સમ્યગ દૃષ્ટિ નામે ગુણસ્થાનક થાય છે. ૫ પ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી વિરતાવિરત ( દેશવિરતી ) નામે ગુણસ્થાનક થાય છે. ૬-૭ સંયમ (સર્વવિરતિ) ને પ્રાપ્ત કર્યા છતાં તેમાં જે પ્રમાદ કરે છે તે પ્રમત્તસંયત નામે ગુણસ્થાનકે છે. અને જે પ્રમાદ કરતા નથી તે અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણસ્થાનકે છે. આ બંને ગુણસ્થાનક પરસ્પર પરાવૃત્તિએ કરીને અંતરમુહૂર્ત્તની સ્થિતિવાળા છે. ૮ જે ગુણસ્થાનની પ્રાપ્તિ થયાથી કર્મોનો સ્થિતિઘાત વિગેરે અપૂર્વરીતે થાય તે અપૂર્વકરણ નામે આઠમું ગુણસ્થાનક છે. તેમાં પ્રાપ્ત થયેલ મુનિ ઉપશમ શ્રેણી અથવા ક્ષપક શ્રેણીપર આરૂઢ થાય છે; તેમજ એ ગુણઠાણામાં પ્રવેશ થયેલા મુનિઓના પરસ્પર બાદર કષાયોના પરિણામ નિવૃત્તિ પામે છે, તેથી તેનું નિવૃત્તિ બાદર એવું પણ નામ છે. ૯ જે ગુણસ્થાને એક સમયમાં સાથે ચડેલા મુનિઓના પરસ્પર બાદર કષાયોના નિવર્તેલા પરિણામનો ફેરફાર થતો નથી, સર્વના એક સરખાજ પરિણામ જ્યાં વર્તે છે, તે અનિવૃત્તિ બાદર નામે નવમું ગુણસ્થાનક છે. તેની પ્રાપ્તિવાળા મુનિ ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણી પર આરૂઢ હોય છે. ૧૦ પૂર્વે નવમે ગુણઠાણે લોભ નામનો કષાય સૂક્ષ્મ કીટ્ટીરૂપ કહેલ છે તેને વેદતા-સૂક્ષ્મ સંપરાય નામે દશમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, તેમાં પ્રાપ્ત થયેલ મુનિ પણ ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણી પર આરૂઢ હોય છે. ૧૧ મોહનો ઉપશમ થવાથી ઉપશાંતમોહ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, અને ૧૨ મોહનો ક્ષય કરવાથી ક્ષીણ મોહ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. ૧૩ ઘાતીકર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે તે



સયોગી કેવળી નામે તેરમું ગુણસ્થાનક છે, અને ૧૪ મન, વચન, કાયાના યોગનો ક્ષય થવાથી અયોગી કેવળી નામે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે જીવતત્ત્વનું સ્વરૂપ જાણવું.

હવે અજીવ તત્ત્વનું સ્વરૂપ કહે છે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગળાસ્તિકાય એ પાંચ અજીવ દ્રવ્યને જીવ દ્રવ્ય સહિત કરવાથી ષટ્ દ્રવ્ય થાય છે. તે ષટ્ દ્રવ્યોમાં કાળ વિના પાંચ દ્રવ્યો પ્રદેશ સમૂહરૂપ છે. જીવ વિના બાકીના દ્રવ્ય અચેતન અને અકર્તા છે. કાળ વિના બાકીના દ્રવ્ય અસ્તિકાય છે અને પુદ્ગળ વિના બાકીના દ્રવ્ય અરૂપી છે. છએ દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપી છે. પુદ્ગળો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ રૂપે છે. તેના અણુ અને સ્કંધ એવા બે પ્રકાર છે. અણુ અબદ્ધ છે અને સ્કંધ બદ્ધ છે. જે બદ્ધ સ્કંધ છે તે વર્ણ, ગંધ, રસ, શબ્દ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, સ્પર્શ, અંધકાર, આતપ ઉદ્યોત, પ્રભા અને છાયારૂપે પરિણમે છે, અને તે જ્ઞાનાવરણીયાદિ-કર્મ પાંચ પ્રકારના શરીર, મન, ભાષા, ગમનાદિ ચેષ્ટા અને શ્વાસોચ્છ્વાસના દાયક છે, તેમજ સુખ, દુઃખ, જીવિત અને મૃત્યુરૂપ ઉપગ્રહના કરનારા છે. આ લોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ ત્રણ તો પ્રત્યેક એકેકજ દ્રવ્ય છે, અને તે સર્વદા અમૂર્ત્ત, નિષ્ક્રિય અને સ્થિર છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જીવના પ્રદેશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળા અને સકળ લોકવ્યાપી છે. તેમાં પોતાની મેળે હાલવા ચાલવાને પ્રવર્તેલા જીવોને તથા પુદ્ગળોને સર્વ ગમનક્રિયામાં મત્સ્યાદિકની ગતિને જળની જેમ ધર્માસ્તિકાય સહાયકારી હોય છે, અને જીવ તથા પુદ્ગળો પોતાની મેળે સ્થિર રહે છે ત્યારે વટેમાર્ગુને છાયાની જેમ અધર્માસ્તિકાય સહાયકારી હોય છે. વળી સર્વવ્યાપી નિજ સ્વરૂપાધારે રહેલ, સર્વ વસ્તુને આધાર આપનાર, લોકાલોકવ્યાપી

અનંત પ્રદેશી આકાશાસ્તિકાય છે. લોકાકાશના પ્રદેશમાં અભિન્નપણે રહેલા જે કાળના અણુઓ ( સમય ) છે તે ભાવોનું પરાવર્તન કરે છે, તેથી મુખ્ય કાળ તે કહેવાય છે; અને જ્યોતિઃશાસ્ત્રમાં સમયાદિકથી જેનું માન કરવામાં આવ્યું છે તેને કાળવેત્તાઓ વ્યવહારિક કાળ કહે છે. આ જગતમાં સર્વે પદાર્થો નવીન અને જીર્ણ રૂપથી જે પરાવર્તન પામ્યા કરે છે તે કાળનુંજ ચેષ્ટિત છે. કાળક્રિડાની વિડંબનાથી સર્વ પદાર્થો વર્તમાનના ભૂતકાળની સ્થિતિ પામે છે. અને ભવિષ્યના વર્તમાન સ્થિતિ પામે છે. આ પ્રમાણે અજીવતત્ત્વનું સ્વરૂપ જાણવું.

" મન, વચન અને કાયાની જે વર્તના તે આશ્રવ છે. તેમાં શુભ વર્તના તે પુણ્યબંધનો હેતુ છે, અને અશુભ વર્તના તે પાપબંધનો હેતુ છે. એ ત્રીજું આશ્રવતત્ત્વ સમજવું. સર્વ આશ્રવોનો રોધ કરવાનું જે કારણ તે સંવર કહેવાય છે, અને સંસારના હેતુભૂત જે કર્મ તેની જે જરણા ( વિનાશ ) તેને નિર્જરા કહે છે. આ પ્રમાણે ચોથું અને પાંચમું સંવર અને નિર્જરાતત્ત્વ છે.

" સકષાયીપણાથી જીવ કર્મયોગ્ય પુદ્ગલોને જે ગ્રહણ કરે છે તે બંધ કહેવાય છે. તે બંધ જીવને પરતંત્રતાનું કારણ થાય છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ—એ ચાર તેના ભેદ છે. તેમાં જે પ્રકૃતિ તે સ્વભાવ કહેવાય છે. તે જ્ઞાનાવરણાદિક ભેદોથી આઠ પ્રકારની છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય, એ આઠ મૂળ પ્રકૃતિઓ કહેવાય છે. જઘન્ય ને ઉત્કૃષ્ટ ભેદે કર્મના કાળનો જે નિયમ તે સ્થિતિ કહેવાય છે. કર્મનો જે વિપાક ( પરિણામ ) તે અનુભાવ છે, અને તેના અંશની જે કલ્પના તે પ્રદેશ છે. મિથ્યાદૃષ્ટિ, અવિરતી, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના હેતુ છે. એ પ્રમાણે બંધતત્ત્વનું સ્વરૂપ જાણવું.



" ઉપર કહેલા બંધના હેતુનો અભાવ થતાં, ઘાતીકર્મનો ( જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મ કહેવાય છે ) ક્ષય થાય છે, તેથી જીવને કેવળજ્ઞાન ઉપજે છે, અને પછી ચાર અઘાતીકર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. ચાર નિકાયના દેવતાઓનાં તથા રાજાઓનાં જે સુખ ત્રણ ભુવનમાં છે તે સુખ મોક્ષસુખની સંપત્તિના અનંતમા ભાગે પણ નથી. ઇતિ મોક્ષતત્ત્વ ".

"આ પ્રકારે નવ તત્ત્વોને જાણનારો મનુષ્ય સમુદ્રમાં તરીઆની જેમ કદિ પણ આ સંસારસમુદ્રમાં ડુબી જતો નથી. "

## ૩૦

# શ્રી ધર્મનાથની દેશના

[ પર્વ ૪થું, સર્ગ ૫મો, પાન ૧૭૭-૧૮૪ ]

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગમાં મોક્ષવર્ગ અગ્રણી છે. તેનો યોગ કરાવનાર કારણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્ન છે. તત્ત્વને અનુસરનારી મતિ તે જ્ઞાન; સમ્યક પ્રકારની શ્રદ્ધા તે દર્શન અને સર્વ સાવદ્ય યોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે. પ્રાણીનો આત્માજ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ છે, અથવા તાદાત્મયકપણે જ તે શરીરમાં રહેલો છે. મોહના ત્યાગથકી જે પોતાના આત્માવડે આત્માને વિષે આત્માને જાણે છે તેજ તેના જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. આત્માને અજ્ઞાનપણાથી ઉત્પન્ન થયેલ દુઃખ આત્મજ્ઞાનવડે જ હણાય છે. જે આત્મજ્ઞાનથી રહિત છે તે તપ કરવાવડે પણ અજ્ઞાનજનિત દુઃખને છેદી શકતો નથી. આ આત્મા ચૈતન્ય (જ્ઞાન) રુપ છે, પણ કર્મના યોગથી શરીરધારી થાય છે, અને જ્યારે ધ્યાનરૂપી અગ્નિથી કર્મમાત્ર દગ્ધ થઇ જાય છે ત્યારે તે નિરંજન સિદ્ધાત્મા બને છે. કષાય અને ઇંદ્રિયોથી જીતાયેલો આ આત્મા જ સંસાર છે; અને કષાય તથા ઇંદ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે–એ પ્રમાણે વિદ્વાનો કહે છે. તે કષાયો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે છે; અને તે પ્રત્યેકના સંજવલન વિગેરે ચાર ભેદ છે. તેમાં. સંજવલન એક પક્ષ સુધી, પ્રત્યાખ્યાન ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાન વર્ષ સુધી અને અનંતાનુબંધી આખા જન્મ સુધી, સ્થિતિ કરે છે. તે અનુક્રમે વિતરાગપણું, મુનિપણું, શ્રાવકપણું અને સમ્યગદૃષ્ટિપણું



હણે છે–રોકે છે, અને દેવપણું, મનુષ્યપણું તીર્યંચપણું અને નારકીપણું આપે છે.

"તેમાં ક્રોધ નામે કષાય ઉપતાપ કરનાર, વૈરનું કારણ, દુર્ગતિને આપનાર અને સમતાસુખને અટકાવનાર ભોગળરૂપ છે. તે ઉત્પન્ન થતાં જ અગ્નિની પેઠે પ્રથમ પોતાના આશ્રયને તો બાળે જ છે, પછી બીજાને બાળે છે કિંવા નથી પણ બાળતો, આઠ વર્ષે ઉનપૂર્વકોટી વર્ષો પર્યંત ચારિત્ર અને તપ કરેલું હોય તો તેને પણ ક્રોધરૂપી અગ્નિમાં ક્ષણવારમાં દહન કરી નાખે છે. પૂર્વના પુણ્યસંભારથી સંચય કરેલું સમતારૂપ પય ક્રોધરૂપ વિષના સંપર્કથી તત્કાળ અસેવ્ય થઇ જાય છે. વિચિત્ર ગુણને ધારણ કરનારી, ચારિત્રરૂપ ચિત્રની રચના (ચિત્રશાળી)ને ક્રોધરૂપ ધુમાડો પ્રસરીને અત્યંત મલીન કરી નાખે છે. વૈરાગ્યરૂપી શમીપત્રના પડીઆમાં જે સમતાનો રસ મેળવ્યો હોય તે શાકપત્રના પડીઆમાંથી આવા ક્રોધવડે તે રસ કેમ ઢળી ન જાય? વૃદ્ધિ પામેલો ક્રોધ શું શું અકાર્ય નથી કરતો? આગામી કાળે દ્વૈપાયનના ક્રોધરૂપ અગ્નિમાં મોટી દ્વારકાનગરી સમિધરૂપ થઇ જશે. ક્રોધ કરનારને ક્રોધ કરવાથી કાર્યસિદ્ધિ થતી જોવામાં આવે છે, તે ક્રોધ સાથે સંબંધ ધરાવતી નથી; અર્થાત્ તે ક્રોધના ફળરૂપ નથી પણ જન્માંતરે મેળવેલા તેના સારા કર્મનું ફળ છે. જે પ્રાણીઓ આ લોકના અને પરલોકના તથા સ્વાર્થના અને પરાર્થના નાશને કરનારા ક્રોધને પોતાના શરીરમાં ધારણ કરે છે તેમને વારંવાર ધિક્કાર છે! ક્રોધાંધ પુરૂષો પિતાને, માતાને, ગુરૂને, સુહૃદ્ (મિત્ર)ને, સહોદરને અને સ્રીને તેમજ પોતાના આત્માને પણ નિર્દય થઇને હણી નાખે છે. એવા ક્રોધરૂપ અગ્નિને સત્વર બુઝાવવાને માટે ઉત્તમ પુરૂષોએ સંયમરૂપ આરામને વિષે નીકરૂપ એક ક્ષમાનોજ આશ્રય કરવો. અપકાર કરનાર પુરૂષની ઉપર થયેલો

ક્રોધ બીજી રીતે રોકી શકાતો નથી, પણ સત્ત્વના માહાત્મ્ય-વડેજ રોકી શકાય છે અથવા આવી ભાવના રાખે તો તેનાવડે રોકી શકાય છે કે—પોતે પાપને અંગીકાર કરી આપણુને બાધા કરવાની ઇચ્છા કરે છે તે પોતાના કર્મથી હણાઇ ગયો છે તો તેની ઉપર કયો મૂર્ખજન પણ કોપ કરે ? જો તારો એવો આશય હોય કે ' જે મારા અપકારી છે તેની ઉપર તો હું કોપ કરીશ ' તો તને નિરંતર દુઃખને આપવામાં ખરેખરા કારણુભૂત તારા કર્મની ઉપર શામાટે કોપ કરતો નથી ? શ્વાન ઢેકું નાખનારને નહીં કરડવા જતાં ઢેફાને બચકાં ભરે છે, પણ કેસરીસિંહ બાણુને કાંઇ કરતો નથી પણ બાણુ નાખનારનેજ મારે છે. માટે ક્રોધ કરનારે વિચાર કરવો કે ક્રૂર કર્મોએ પ્રેરેલો શત્રુ મારી ઉપર કોપ કરે છે તે કર્મોની ઉપેક્ષા કરીને હું બીજાપર ક્રોધ કરૂં છું; તેથી ખરેખર હું શ્વાનની રીતિનોજ આશ્રય કરૂં છું. ભવિષ્યકાળમાં ઉત્પન્ન થનારા શ્રી મહાવીર ભગવાન્ પોતાને ઉપસર્ગાદિ કરનારા પાપીઓની ઉપર ક્ષમા કરશે, કેમકે વગર પ્રયાસે સ્વયમેવ પ્રાપ્ત થયેલી ક્ષમાને વહન કરવાને કોણ ન ઇચ્છે ? જે ત્રણ લોકનું પ્રલયમાંથી પણ રક્ષણ કરવાને સમર્થ છે તેવા પુરૂષો પણ ક્ષમા કરે છે, તો કદલીના જેવો અલ્પ સત્ત્વવાળો તું ક્ષમા કેમ કરતો નથી ? વળી તેં પૂર્વ જન્મે એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી તને કોઇ પીડેજ નહીં; માટે હવે પોતાના પ્રમાદનોજ શોક કરીને ક્ષમાને અંગીકાર કર. ક્રોધાંધ મુનિ અને પ્રચંડ ચાંડાળ તે બેની વચ્ચે કાંઇપણ અંતર નથી, માટે ક્રોધનો ત્યાગ કરીને ઉજ્વળ બુદ્ધિને ગ્રહણ કરો. મહર્ષિ ક્રોધી હતા અને કુરગડુ અક્રોધી હતા, તો દેવતાઓએ મહર્ષિ મુનિને છોડીને કુરગડુની સ્તુતિ કરી. ( આ દૃષ્ટાંત હવે પછી બનનાર છે. ) કદિ જો કોઇ આપણુને મર્મપીડક વચન કહે તો આપણે વિચારવું કે



જો એ સત્ય હોય તો તેમાં કોપ કરવા જેવું શું છે ? અને જો અસત્ય હોય તો તે ઉન્મત્ત થઇને બોલે છે તો તેનો વિચાર શો ?' જો કોઇ આપણુને મારવાને આવે તો મનમાં વિસ્મય પામી હસવું ' કે મારો વધ થવો એ તો મારા કર્મને સાધ્ય છે, આ મૂર્ખ પુરૂષ તો ફોગટનો નાચે છે. ' જો કોઇ ખરેખર મારી નાખવાને આવે તો વિચારવું કે ' મારા આયુષ્યનો ક્ષયજ પ્રાપ્ત થયો જણાય છે, તો આ દુષ્ટ નિર્ભય થઇને પાપ બાંધે છે અને મરેલાનેજ મારે છે. ' જો સર્વ પુરૂષાર્થને ચોરનારા ક્રોધની ઉપર તને ક્રોધ ઉત્પન્ન નથી થતો તો પછી અલ્પ અપરાધ કરનારા, બીજાની ઉપર કોપ કરનારા એવા તને ધિક્કાર છે ! તેથી સારી બુદ્ધિવાળા પુરૂષે સર્વ ઇંદ્રિયોને ગ્લાનિ કરનાર અને ચારે તરફ પ્રસરતા એવા કોપરૂપી સર્પને ક્ષમારૂપી જાંગુલી વિદ્યાવડે જીતી લેવો.

" વિનય, શ્રુત, શીલ તથા ત્રિવર્ગ ( ધર્મ, અર્થ અને મોક્ષ ) નો ઘાત કરનાર માન, પ્રાણીના વિવેકરૂપી લોચનનો લોપ કરીને તેને અંધ કરી નાખે છે. જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતનો મદ કરનાર પુરૂષ તે તે વસ્તુનું હીનપણું પ્રાપ્ત કરે છે. ઉત્તમ, મધ્યમ અને અધમ એવા જાતિના અનેક ભેદને જોઇને કયો વિદ્વાન્ જાતિમદ કરવા તત્પર થશે ? હીન કે ઉત્તમ જાતિ કર્મથી પ્રાપ્ત થાય છે, તો એવી અશાશ્વત જાતિને મેળવીને કોને મદ થાય ? અંતરાય કર્મનો ક્ષય થવાથી લાભ થાય છે, તે શિવાય થતો નથી; તેથી વસ્તુતત્ત્વને જાણનારો પુરૂષ કદિપણુ લાભમદ કરતો નથી. બીજાની પ્રસન્નતા અને શક્તિ વિગેરે મોટો લાભ પ્રાપ્ત થાય તોપણુ મહાત્માઓ કદિપણુ લાભમદ કરતા નથી. કુળવાન નહીં છતાં પણ બુદ્ધિ, લક્ષ્મી અને શીલવડે શોભતા એવા અનેક પુરૂષોને જોઇને મહા કુલિન પુરૂષોએ પણ કુળમદ કરવો નહીં; સારા કુળમાં ઉત્પન્ન થયા છતાં કુશીલ હોય

તો તેને કુળથી શું ? અને પોતે સુશીળ છે તો તેને કુળની શી અપેક્ષા ? એવું વિચારીને વિચક્ષણ પુરૂષો કુળમદ કરતા નથી. વજ્રધારી ઈંદ્રને ઘેર ત્રિભુવનના ઐશ્વર્યની સંપત્તિ સાંભળીને નગર, ગામ અને ધન વિગેરેના ઐશ્વર્યમાં શો મદ કરવો ? સંપત્તિ કુલટા સ્ત્રીની પેઠે ગુણી પુરૂષની પાસેથી પણ વખતે ચાલી જાય છે અને દોષવાનનો પણ આશ્રય કરે છે, તેથી વીવેકી પુરૂષોને ઐશ્વર્યની પ્રાપ્તિથી તેનો મદ થતોજ નથી. મોટો બળવાન્ હોય તેને પણ રોગાદિક ક્ષણવારમાં નિર્બળ કરી નાખે છે, તેથી તેવા અનિત્ય બળની પ્રાપ્તિથી પુરૂષોએ મદ કરવો યુક્ત નથી. જે બળવાન્ હોય તે પણ જરાની પાસે, અને કર્મફળને ભોગવવામાં નિર્બળજ છે, એમાં કાંઈ તેનું બળ ચાલતું નથી; માટે તેઓએ બળમદ કરવો તે વ્યર્થ છે. આ સાત ધાતુમય દેહમાં હાનિવૃદ્ધિ ધર્મ રહેલો છે અને જરા તથા રોગનો પરાભવ પણ રહેલો છે, તેથી અશાશ્વત એવા રૂપના મદને કોણ વહન કરે ? ભવિષ્યકાળમાં થનારા સનત્કુમાર ચક્રીનું રૂપ અને તેનો ક્ષય સાંભળીને કયો વિદ્વાન્ પુરૂષ સ્વપ્નમાં પણ રૂપનો મદ કરે ? શ્રી ઋષભદેવે કરેલી અને શ્રી વીરપ્રભુ હવે પછી કરશે તે તપસ્યા સાંભળીને પોતાના સ્વલ્પ તપમાં કોને મદ થાય તેમ છે ? જે તપ કરવાથી તત્કાળ કર્મનો સંચય વધે છે. પૂર્વે મહાપુરૂષોએ જે શાસ્ત્રો પોતાની બુદ્ધિથી રચેલાં છે તેઓને માત્ર લીલાવડે ' સુંઘીને હું સર્વજ્ઞ છું,' એવો જે મદ ધરે છે તે પોતાના અંગનેજ ખાય છે. શ્રી ગણધરેંદ્રોની નિર્માણ અને ધારણ કરવાની શક્તિ સાંભળીને કયો કર્ણ અને હૃદયવાળો પુરૂષ શાસ્ત્રમદનો આશ્રય કરે ? દોષરૂપ શાખાને વિસ્તારતા અને ગુણરૂપી મૂળને નીચે લઇ જતા માનરૂપી વૃક્ષને મૃદુતારૂપ નદીના પૂરથી ઉખેડી નાખવું. ઉદ્ધતપણાનો નિષેધ એ મૃદુતાનું અથવા માર્દવનું સ્વરૂપ છે અને ઉદ્ધતપણું એ માનનું નિરૂપાધિક સ્વરૂપ છે.



" જે જે વખતે જાતિ વિગેરેનું ઉદ્ધતપણું અંતરમાં સ્પર્શ કરવા લાગે, તે તે વખતે તેના પ્રતિકારને માટે મૃદુતાનો આશ્રય કરવો. સર્વ ઠેકાણે મૃદુતા રાખવી, તેમાં પણ પૂજ્યવર્ગમાં વિશેષે રાખવી, કારણકે પૂજ્યની પૂજાવડે પાપથી મુકત થવાય છે. બાહુબળી માનવડે લતાની જેમ પાપથી બંધાયા હતા, અને મૃદુતાવડે તત્કાળ તેનાથી મુકત થઇને કેવળજ્ઞાન પામ્યા હતા. ચક્રવર્તી પણ ચારિત્ર લઇને સંગ રહિત થઇ શત્રુઓના ઘરમાં પણ ભિક્ષા માગવા જાય છે. અહા ! તે માનના ઉચ્છેદને માટે કેવી કઠણ મૃદુતા ! ચક્રવર્તી જેવા મહારાજા પણ તત્કાળ દીક્ષા લીધેલા એક રંક સાધુને પણ માન છોડી નમે છે અને ચિરકાળ તેની સેવા કરે છે. આ પ્રમાણે સર્વ માનનો વિષય જાણી બુદ્ધિમાન પુરૂષે તેનો નિરાસ કરવાને હંમેશાં મૃદુતાને ધારણ કરવી.

" હવે માયાનું સ્વરૂપ કહે છે. અસત્યની માતા, શીલરૂપ વૃક્ષને કાપવાની ફરસી અને અવિદ્યાની જન્મભૂમિ જે માયા તે દુર્ગતિનું કારણ છે. કુટિલપણામાં ચતુર અને માયાવડે બગલાની જેવી વૃત્તિવાળા પાપી પુરૂષો જગત્‌ને વંચતા પોતાના આત્માનેજ વંચે છે. રાજાઓ ખોટા ષડ્‌ગુણના યોગથી છળ અને વિશ્વાસઘાત વડે અર્થલોભને માટે સર્વ જગત્‌ને છેતરે છે. બ્રાહ્મણો તિલક, મુદ્રા, મંત્ર અને દીનત્વ બતાવી અંતરમાં શૂન્ય અને બહાર સારવાળા થઈ લોકોને ઠગે છે. માયાના ભાજન વણિક લોકો ખોટા તોલા અને માન માપથી તથા દાણચોરી વિગેરેથી ભોળા લોકોને વંચે છે. પાખંડીઓ અને નાસ્તિકો જટા, મૌંજી, શિખા, ભસ્મ, વલ્કલ અને અગ્નિ વિગેરે ધારણ કરીને શ્રદ્ધાવાળા મુગ્ધજનને ઠગે છે. વેશ્યાઓ અરાગી છતાં હાવભાવ, લીલા, ગતિ અને કટાક્ષવડે કામીજનોનું મનરંજન કરતી સર્વ જગત્‌ને ઠગે છે. દ્યૂતકારો તથા દુઃખે પેટ ભરવામાં તત્પર લોકો ખોટા સોગનથી

અને ખોટા નાણાથી ધનવાનને વંચે છે. સ્ત્રીપુરૂષ, પિતાપુત્ર, સહોદર, સુહૃદજન, સ્વામીસેવક અને બીજા સર્વે એકબીજાને માયાવડે ઠગનારા હોય છે. બંદીલોકો અને ચોરલોકો અર્થમાં લુબ્ધ અને નિર્દય બની અહર્નિશ જાગરૂક રહી પ્રમાદી જનને છળે છે. કારીગર, અંત્યજ અને કોઇપણ જાતનું કામ કરીને આજીવિકા ચલાવનારા પુરૂષો માયાથી ખોટા સોગનો ખાઇને સાધુજનને વંચે છે. વ્યંતરાદિકની નઠારી યોનિમાં રહેલા ક્રૂર દેવો ઘણા પ્રકારના છળ કરીને પ્રાયઃ પ્રમાદી મનુષ્યોને તથા પશુઓને પીડે છે. મત્સ્યાદિક જળચરો છળ કરીને પોતાનાં બચ્ચાંઓનુંજ ભક્ષણ કરે છે, અને તેઓને પણ ધીવર લોકો માયાવડે જાળમાં બાંધે છે અને હણે છે. વિવિધ પ્રકારના ઉપાયો કરીને વંચનમાં પ્રવિણ એવા શીકારીઓ પણ કપટથીજ સ્થળચારી પ્રાણીઓને બાંધે છે અને મારે છે. માંસના ગ્રાસને ઇચ્છનારા પાપી પ્રાણીઓ લાવક વિગેરે અનેક જાતના બીચારા આકાશચારી પ્રાણીઓને અનેક પ્રકારની માયાવડે બાંધી લે છે.

“ આ પ્રમાણે સર્વ લોકમાં પરવંચના કરવામાં તત્પર એવા પ્રાણીઓ પોતાના આત્માનેજ વંચી સ્વધર્મ અને સદ્‌ગતિનો નાશ કરે છે; તેથી તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થવાનું ઉત્કૃષ્ટ બીજ મોક્ષપુરીના દ્વારની ભોગળ અને વિશ્વાસરૂપ વૃક્ષ ને દાવાનળ સરખી માયા વિદ્વાનોએ ત્યાગ કરવા યોગ્ય છે. મલ્લીનાથ તીર્થંકર પૂર્વ ભવમાં સૂક્ષ્મ માયા કરશે અને તે માયાશલ્યને કાઢશે નહીં તેથી તે સ્ત્રીભાવને પ્રાપ્ત કરશે; માટે જગતનો દ્રોહ કરનારી માયારૂપી સર્પિણીને જગતને આનંદનું કારણ એવી સરલતારૂપ ઔષધિવડે જીતી લેવી. સરલતા એ અવાર્ય વિસ્તારવાળો મુક્તિપૂરીનો માર્ગ કહેલો છે, અને તપ દાન વિગેરે લક્ષણવાળો જે માર્ગ છે તે તો અવશેષ માર્ગ છે. જેઓ સરલતાને સેવનારા છે તેઓ લોકમાં પણ



પ્રીતિના પાત્ર થાય છે, અને સર્પની જેમ કુટીલ પુરૂષથી સર્વે ઉદ્વેગ પામે છે. જેઓની મનોવૃત્તિ સરલ છે તેઓ ભવવાસમાં રહેલા છે, તથાપિ તે મહાત્માઓને પોતાથીજ અનુભવાય તેવું અકૃત્રિમ મુક્તિસુખ મળે છે. જેઓના મનમાં કૌટિલ્યતારૂપી શંકુ (ખીલો) કલેશ કર્યા કરે છે અને જેઓ બીજાને હાનિ કરવામાંજ તત્પર છે તેવા વંચક પુરૂષોને ક્યાંથી સુખ હોય ? સર્વ વિદ્યાઓમાં વિદ્વત્તા મેળવ્યા છતાં અને સર્વ પ્રકારની કળાઓ પ્રાપ્ત કર્યા છતાં ધન્ય પુરૂષોનેજ બાળકના જેવી સરલતા પ્રગટે છે. બાળકો અજ્ઞ છતાં પણ તેમની સરલતા સર્વને પ્રીતિ ઉપજાવે છે; તો જેઓનાં ચિત્ત સર્વ શાસ્ત્રોના અર્થમાં આસક્ત થયેલાં છે તેમની સરલતા પ્રીતિ ઉપજાવે તેમાં શું કહેવું ? સરલતા સ્વાભાવિક છે અને કુટિલતા કૃત્રિમ છે, તો સ્વાભાવિક ધર્મને છોડી કૃત્રિમ ધર્મનો કોણ આશ્રય કરે ? પ્રાયઃ સર્વ જનો છળ, પિશુનતા, વક્રોક્તિ અને પરવંચનામાં તત્પર છે, તો તેમાં રહ્યા છતાં પણ સુવર્ણ પ્રતિમાની પેઠે નિર્વિકારી રહેનાર કોઇક ધન્ય પુરૂષજ હોય છે. સર્વ ગણધરો જો કે શ્રુતસમુદ્રના પારને પામ્યા હોય છે, તથાપિ શિક્ષા લેવાને માટે યોગ્ય હોય તેમ તીર્થંકરની વાણીને સરલતાથી સાંભળે છે. જે સરલપણે આલોચના કરે છે તે સર્વ દુષ્કર્મને ખપાવે છે, અને જે કુટિલપણે આલોચના કરે છે તે થોડાં દુષ્કર્મ હોય તો તેને ઉલટાં વધારે છે. જેઓ મન વચન અને કાયાથી સમસ્ત પ્રકારે કુટિલ છે તેમનો મોક્ષ થતો નથી; પણ જેઓ મન, વચન અને કાયાથી સર્વત્ર સરલ છે તેનો મોક્ષ થાય છે.

“ આ પ્રમાણે કુટિલ પુરૂષોની અતિ ઊગ્ર એવી કર્મની પણ કુટિલતાને વિચારીને સારી બુદ્ધિવાળા પુરૂષે મોક્ષની ઇચ્છાથી સરલતાનોજ આશ્રય કરવો.

"સર્વ દોષોની ખાણ, ગુણનો ગ્રાસ કરવામાં રાક્ષસ, વ્યસનરૂપી લતાનું મૂળ અને સર્વ અર્થને બાધ કરનાર લોભ છે. નિર્ધન સોને, સોવાળો સહસ્રને, સહસ્રાધિપતિ લક્ષને, લક્ષપતિ કોટીને, કોટીપતિ રાજાપણાને, રાજા ચક્રવર્તીપણાને, ચક્રવર્તી દેવપણાને અને દેવ ઇંદ્રત્વને ઇચ્છે છે. ઇંદ્રપણું પ્રાપ્ત થતાં પણ ઇચ્છા નિવૃત્તિ પામતી નથી; તેથી મૂળમાં લઘુપણે રહેલો એ લોભ કુંભારના ચક્રપર રહેલા શરાવલા ( રામપાત્ર ) ની જેમ વધ્યા કરે છે. સર્વ પાપમાં જેમ હિંસા, સર્વ કર્મમાં જેમ મિથ્યાત્વ અને સર્વ રોગમાં જેમ રાજ્યક્ષ્મા ( ક્ષયરોગ ) તેમ સર્વ કષાયોમાં લોભ મોટો છે. અહો ! આ પૃથ્વી ઉપર લોભનું એકછત્ર સામ્રાજ્ય છે કે જેથી વૃક્ષો પણ પોતાની નીચે દ્રવ્ય હોય છે તો તેને પોતાના ચરણથી એટલે શાખા તથા મૂળીઆં વિગેરેથી ઢાંકી દે છે. દ્રવ્યના લોભથી બેઇંદ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિંદ્રિય પ્રાણીઓ પણ મૂર્છાવડે પોતાના પૂર્વે દાટેલા અથવા મૂકેલા નિધાનપર આવીને બેસે છે. સર્પ અને ગૃહગોધા ( ગરોલી ) જેવા પંચેંદ્રિય પ્રાણીઓ પણ ધનના લોભથી પોતે અથવા પરે દાટેલા કે મૂકેલા નિધાનસ્થાનની ભૂમિપર આવીને લીન થઇ જાય છે. પિશાચ ( વ્યંતર જાતિ વિશેષ ), મુદ્દગળ, પ્રેત, ભૂત અને યક્ષ વિગેરે દેવજાતિ લોભથી પોતાના અથવા પારકા નિધિપર અધિષ્ઠાયિકપણે સ્થાન કરે છે. આભૂષણ, ઉદ્યાન અને વાપિકા વિગેરેમાં મૂર્છાવાળા દેવતાઓ પણ ત્યાંથી ચ્યવીને તેજ ઠેકાણે પૃથ્વીકાય ( આ કારણથીજ દેવોની પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાયમાં ઉત્પત્તિ કહેલી છે ) વિગેરેમાં ઉત્પન્ન થાય છે. મુનિજનો પણ ક્રોધાદિકનો વિજય કરીને ઉપશાંતમોહ નામના અગીઆરમા ગુણઠાણાને પ્રાપ્ત થયા છતાં એક લોભના અંશમાત્રથી પતિત થઈ જાય છે. લેશમાત્ર ધનલોભથી સહોદર ભાઇઓ પણ એક માંસના લવની ઇચ્છાએ બે કુતરાઓ



લડે તેમ પરસ્પર યુદ્ધ કરે છે, ગ્રામ્ય જન, અધિકારી અને રાજાઓ ગામ વિગેરેના એક સીમાડાની બાબતમાં લોભ કરી સૌહૃદભાવને છોડી દઇને પરસ્પર વૈર બાંધે છે. લોભી જનો પોતાને હાસ્ય, શોક, દ્વેષ અને હર્ષનું કારણ ન હોય તોપણ સ્વામીની પાસે નટની જેમ કૃત્રિમપણે તે બતાવી આપે છે. લોભરૂપી ખાડો જેમ જેમ પૂરવા માંડીએ તેમ તેમ વધતોજ જાય છે એ મોટું આશ્ચર્ય છે. કદિ જળવડે સમુદ્ર પૂરી શકાય, પણ ત્રૈલોકયનું રાજ્ય મળે તોપણ તે પૂરી શકાતો નથી. ભોજન, વસ્ત્ર, વિષય અને દ્રવ્યનો સંચય અનંતવાર એકઠો કરીને ભોગવ્યા છતાં પણ લોભનો એક અંશ પણ પૂરાતો નથી. જો લોભનો ત્યાગ કર્યો તો પછી નિષ્ફળ તપ કરવાની જરૂર નથી, અને જો લોભનો ત્યાગ કર્યો નહીં તો નિષ્ફળ તપ કરવાની જરૂર નથી. સર્વ શાસ્ત્રના સર્વસ્વને વિચારી વિચારીને એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે મોટી બુદ્ધિવાળા પુરૂષે એક લોભના ત્યાગને માટેજ પ્રયત્ન કરવો. સદ્બુદ્ધિવાળા પુરૂષે લોભના પ્રસરતા એવા ઉદ્વેલ સાગરને સંતોષના સેતુબંધવડે રોકવો. જેમ મનુષ્યમાં ચક્રવર્તી છે અને દેવતામાં ઇંદ્ર છે, તેમ સર્વ ગુણોમાં સંતોષ એ શ્રેષ્ઠ ગુણ છે. સંતોષી મુનિ અને અસંતોષી ચક્રવર્તી તેમની જ્યારે તુલના કરીએ ત્યારે સુખ દુઃખનો ઉત્કર્ષ સમાન થાય છે, એટલે જેટલે દરજ્જે સંતોષી મુનિ સુખી છે તેટલેજ અંશે અસંતોષી ચક્રવર્તી દુઃખી છે. તેથીજ ચક્રવર્તી રાજાઓ પોતાને સ્વાધીન એવું રાજ્ય છોડીને પણ સંતોષરૂપ અમૃતની તૃષ્ણાથી તત્કાળ નિઃસંગપણાને સ્વીકારે છે, જ્યારે ધનની ઇચ્છાની નિવૃત્તિ કરીએ છીએ ત્યારે સંપત્તિ પડખેજ આવીને રહે છે; કારણકે કાનને આગળથી ઢાંકીએ છીએ ત્યારે અંદર શબ્દાદ્વૈતજ વધે છે. જેમ નેત્ર ઢાંકવાથી બધું ચરાચર વિશ્વ ઢંકાઈ જાય છે, તેમ એક સંતોષ ધારણ કરવાથી પ્રત્યેક વસ્તુમાં

વિરક્તિ થાય છે. ઇંદ્રિયોનું દમન અને કાયાને પીડા કરવાનું શું પ્રયોજન છે ? માત્ર સંતોષ રાખવાથીજ મોક્ષલક્ષ્મી સામું જુએ છે. જેઓ મુક્તિ જેવું સુખ ભોગવે છે તેઓ જીવતા છતાં પણ મુક્ત છે, મુક્તિને માથે કાંઈ શીંગડું હોતું નથી. રાગદ્વેષથી સંયુક્ત અને વિષયથી ઉત્પન્ન થયેલું સુખ શા કામનું છે ? કેમકે સંતોષથી ઉત્પન્ન થયેલું સુખજ મોક્ષપ્રાપ્તિ યોગ્ય કર્મથી ન્યૂનતા-વાળું નથી. બીજાને તૃમ કરનારા એવા શાસ્ત્રોના સુભાષિત શા કામના છે ! પણ જેઓની ઇંદ્રિયો મલીન છે તેઓએ સંતોષના સ્વાદનું સુખજ શોધવું જોઇએ. અરે પ્રાણી ! જો તું કારણને અનુસરનારાંજ કાર્યો હોય એવું માનતો હો તો સંતોષના આનંદ-થીજ મોક્ષના અપાર આનંદની પ્રતીતિ કર. જે તીવ્ર તપ કર્મને નિર્મૂળ કરનારૂં કહેવાય છે, તે પણ જો સંતોષ રહિત હોય તો નિષ્ફળ છે. સુખાર્થી પુરૂષોને કૃષિ, સેવા, પશુપાળવૃત્તિ અને વ્યાપાર કરવાની શી જરૂર છે ? કારણકે સંતોષનું પાન કરવાથી શું તેનો આત્મા નિવૃત્તિસુખને નથી પામતો ? તૃણની શય્યા ઉપર સુનારા પણ સંતોષીઓને જે સુખ થાય છે તે સુખ રૂની શય્યાપર સુનારા પણ સંતોષ વગરના પુરૂષોને થતું નથી. અસંતોષી ધનવાન પુરૂષો સમર્થ પુરૂષોની પાસે તૃણ સમાન લાગે છે, અને સંતોષી પુરૂષોની પાસે સમર્થ પુરૂષો પણ તૃણ સમાન લાગે છે. ચક્રવર્તીની અને ઇંદ્રાદિકની સંપત્તિ પ્રયાસજન્ય અને નશ્વર છે; પરંતુ સંતોષથી થયેલું સુખ આયાસ રહિત અને નિત્ય છે. માટે સારી બુદ્ધિવાળા પુરૂષે સર્વે દોષના સ્થાનરૂપ લોભને દૂર કરવાને માટે અદ્વૈત સુખના ગૃહરૂપ સંતોષનો આશ્રય કરવો.

"આ પ્રમાણે કષાયને જીતનાર પ્રાણી આ ભવમાં પણ શિવસુખને ભજનારો થાય છે, અને પરલોકમાં અવશ્ય શાશ્વત શિવસુખને પ્રાપ્ત કરે છે."

---

# ૩૧

## શ્રી શાંતિનાથ પ્રભુની દેશના

[ પર્વ ૫મું, સર્ગ ૫મો, પાન ૨૮૯–૨૯૦ ]

"અહો ! આ ચાર ગતિવાળો સંસાર દાવાનળની જેમ અનેક દુઃખોની પરંપરાનું મૂળ કારણ છે. મોટા મંદિરને આધારભૂત જેમ સ્તંભ હોય તેમ તે સંસારને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય ચાર સ્તંભરૂપ છે. તે કષાય ક્ષીણ થતાં સંસાર પોતાની મેળે ક્ષીણ થઈ જાય છે. 'મૂળીઆં સુકાઇ જતાં વૃક્ષ એની મેળેજ સુકાઈ જાય છે.' પણ ઇંદ્રિયોનો જય કર્યા વગર તે કષાયને જીતવાને કોઈપણ સમર્થ થતું નથી; કેમકે પ્રજ્વાલત અગ્નિ વિના સુવર્ણનું જાડ્ય હણાતું નથી. ચપળ અને ઉન્માર્ગે ચાલનારા એ ઇંદ્રિયરૂપ અદાંત ( દમન કર્યા વિનાના ) અશ્વો પ્રાણીને ખેંચીને તત્કાળ નરકરૂપ અરણ્યમાં લઇ જાય છે. ઇંદ્રિયોથી જીતાયેલો પ્રાણી કષાયોથી પણ પરાભવ પામે છે. 'વીર પુરૂષોએ જેની વચમાંની ઇંટો ખેંચી લીધી હોય તેવો કિલ્લો પછી કોનાથી ખંડિત ન થાય ? પ્રાણીઓની નહીં જીતાયેલી ઇંદ્રિયો તેના ઘાત, પાત, બંધ અને વધને માટેજ થાય છે. સ્વાર્થે પરવશ એવી ઇંદ્રિયોથી કયો પુરૂષ નથી હેરાન થતો ? કદિ તે શાસ્ત્રાર્થને જાણનારો હોય તથાપિ ઇંદ્રિયોને વશ થવાની બાળકની પેઠે ચેષ્ટા કરે છે. આ કરતાં વધારે તે ઇંદ્રિયોનું લજ્જાવાળું સ્થાનક કયું બતાવીએ કે જેનાવડે ભરતરાજાએ પણ બાહુગળ જેવા બંધુ ઉપર ચક્ર મૂક્યું ? બાહુબળીનો જય અને ભરતનો પરાજય એ જયપરાજયને વિષે પણ સર્વ ઇંદ્રિયોનું ચેષ્ઠ-

તજ છે. ચરમ ભવમાં રહેલા પુરૂષો પણ જેનાવડે શસ્ત્રાશસ્ત્રી યુદ્ધ કરે છે તેવા ઇંદ્રિયોના દુરંત મહિમાથી લજ્જાવા જેવું છે. કદિ પ્રચંડ ચરિત્રવાળી ઇંદ્રિયોથી પશુઓ અને સામાન્ય મનુષ્યો દંડાય પણ જે મોહને શાંત કરનારા અને પૂર્વવેત્તા હોય છે તેઓ પણ દંડાય છે, તે અતિ અદ્‌ભુત વાર્તા છે. ઇંદ્રિયોએ જીતી લીધેલા દેવ, દાનવ, મનુષ્ય અને તપસ્વીઓ પણ નિંદિત કર્મ કરે છે, તે કેવી ખેદની વાત છે ! ઇંદ્રિયોને વશ થયેલા પ્રાણીઓ અખાદ્ય વસ્તુ ખાય છે, અપેય વસ્તુ પીવે છે અને અગમ્ય ( માતા, બેન, પુત્રી, ગુરૂની સ્ત્રી, શેઠાણી, વ્રતીની વગેરે ) સાથે ગમન કરે છે. નિર્દય ઇંદ્રિયોથી હણાઈ ગયેલા પ્રાણીઓ કુળશીલથી રહિત થઇ વેશ્યાઓનાં પણ નીચ કામ અને દાસત્વ કરે છે. મોહાંધ મનવાળા પુરૂષોની પરદ્રવ્ય અને પરસ્ત્રીમાં જે પ્રવૃત્તિ થાય છે તે જાગ્રત ઇંદ્રિયોનોજ વિલાસ છે. જે ઇંદ્રિયોના વશપણાને લીધે હાથ, પગ અને ઇંદ્રિયોનો છેદ તેમજ મરણ પણ થાય છે તે ઇંદ્રિયોની વાતજ શી કરવી ? જેઓ પોતે ઇંદ્રિયોથી જીતાઈ ગયેલા છે અને બીજાને વિનયનું ગ્રહણ કરાવે છે તેવા પુરૂષોને જોઈ વિવેકી પુરૂષો હાથવડે મુખ ઢાંકીને હસે છે. શ્રી વીતરાગ પ્રભુ વિના ઈંદ્રથી માંડીને એક કીડા સુધી સર્વ જંતુઓ ઇંદ્રિયોથી જીતાઇ ગયેલાજ છે. હાથિણીના સ્પર્શથી ઉપજતા સુખને આસ્વાદન કરનાની ઇચ્છાથી સુંઢને પ્રસારતો હસ્તી તત્કાળ આલાન (ખીલો) બંધનરૂપ ક્લેશમાં આવી પડે છે. અગાધ જળમાં વિચરનાર મીન ગળગતમાંસને ગળતાં ઢીમરના હાથમાં દીનપણે આવી જાય છે. મત્ત માતંગના ગંડસ્થળ ઉપર ગંધને લોભે ભમતો ભમરો કર્ણતાલના આઘાતવડે તત્કાળ મૃત્યુ પામી જાય છે. સુવર્ણના છેદ જેવી દીપશિખાના દર્શનથી મોહિત થયેલો પતંગ સહસા દીપમાં પડીને મરણ પામે છે. મનોહર ગીતોને સાંભળ-



વામાં ઉત્સુક એવા હરિણ કાન સુધી ધનુષ્યને ખેંચીને રહેલા શીકારીના વેધ્ય થઇ પડે છે. એવી રીતે એક એક વિષય સેવવાથી પંચત્વ પમાય છે તો એક સાથે પાંચે વિષયો સેવવાથી કેમ પંચત્વ ન પમાય ? તે માટે મહામતિ પુરૂષે મનઃશુદ્ધિવડે ઇંદ્રિયોનો જય કરવો, કેમકે તેના વિના યમનિયમથી કાયાને ક્લેશ પમાડવો તે વૃથા છે. જે ઇંદ્રિયોના ગ્રામને જીતતો નથી તે દુઃખે પ્રતિબોધ પામી શકે છે, માટે સર્વ દુઃખમાંથી મુક્ત થવાને ઇંદ્રિયોનો જય કરવો. ઇંદ્રિયોની સર્વથા પ્રવૃત્તિ કરવી નહીં તેથી કાંઇ તેનો વિજય થતો નથી; પણ તેનાવડે ઉપજતા રાગદ્વેષથી મુક્ત થવું. જેથી તેની પ્રવૃત્તિ પણ તેના જયરૂપ થાય છે પછી તે ઇંદ્રિયોના વિષય તેની પાસે રહ્યા હોય તોપણ ઇંદ્રિયોથી સ્પર્શ કરવાને અશકય થાય છે, માટે બુદ્ધિમાન્ પુરૂષે તેમાં જે રાગદ્વેષ ઉપજે છે તેને તજી દેવા. સદા સંયમી યોગીઓની ઇંદ્રિયો હણાયેલી જ હોય છે, તેથી તેઓના નિહિત અર્થ (હિતકારક અર્થ) હણાયેલા હોતા નથી અને અહિતકારી વસ્તુઓ હણાયેલ હોય છે. જીતેલી ઇંદ્રિયો મોક્ષને માટે થાય છે અને નહીં જીતેલી સંસારને માટે થાય છે; માટે તેમાં જે તફાવત છે તેને સમજીને જે યોગ્ય લાગે તે કરવું. રૂ વિગેરેના કોમળ સ્પર્શમાં અને પાષાણ વિગેરેના કઠોર સ્પર્શમાં જે પ્રીતિ અને અપ્રીતિ થાય છે તે મિથ્યા છે, એવું ધારી તેનો ત્યાગ કરવાવડે સ્પર્શઇંદ્રિયનો જય કરવો. ભક્ષ્ય પદાર્થોના સ્વાદિષ્ઠ રસમાં અને કટુ રસમાં પ્રીતિ ને અપ્રીતિ બંનેને તજીને જીંહા ઇંદ્રિયને જીતી લેવી, સુગંધ અને દુર્ગંધ ઘ્રાણેંદ્રિયમાં પ્રાપ્ત થતાં તેને વસ્તુ પરિણામરૂપ વિચારીને ઘ્રાણ ઇંદ્રિયનો જય કરવો, મનોહર કે નઠારૂં રૂપ જોઇને તેનાવડે ઉપજતા હર્ષ અને જુગુપ્સાનો ત્યાગ કરી ચક્ષુ ઇંદ્રિયને જીતી લેવી. વીણાદિકના શ્રાવ્ય-મધુર સ્વરમાં અને ગધેડા વિગેરેના દુઃશ્રાવ્ય સ્વરમાં રતિ

અને જુગુપ્સાને જીતવાથી શ્રોત્રેંદ્રિયનો જય થાય. કોઇપણ સારો કે નઠારો એવો વિષય નથી કે જે ઇંદ્રિયોએ અનેક વખત ભોગવ્યો ન હોય, તો શામાટે હવે સ્વસ્થપણાને ન સેવવું ? કોઇવાર શુભ વિષયો અશુભ થઈ જાય છે અને અશુભ વિષયો શુભ થઇ જાય છે, તો ઇંદ્રિયોથી કોનામાં રાગ ધરવો કે કોનામાં વિરાગ ધરવો ? કદિ કોઇ કારણથી તે વિષય રૂચિકર કે અરૂચિકર થાય પણ તત્ત્વથી જોતાં કદિપણ પદાર્થોમાં શુભ કે અશુભપણું હોતું નથી; તેથી જે પ્રાણી મનની શુદ્ધિથી ઈંદ્રિયોને જીતી કષાયને ક્ષીણ કરે છે તે થોડા કાળમાં અક્ષીણ સુખવાળા મોક્ષમાં જાય છે.”

## ૩૨

## શ્રી કુંથુંનાથની દેશના

[ પર્વ ૬ઠું, સર્ગ ૧લો, પાન ૩૦૫-૩૦૬ ]

“ મોટા દુઃખનું કારણ એવો આ સંસારરૂપ સાગર ચોરાશી લાખ યોનિરૂપ જળભ્રમરીઓમાં પડવાવડે અતિ ભયંકર છે. તે ભવસાગરને તરવામાં સમર્થ એવી નાવિકા વિવેકી જનોને ઈંદ્રિય રૂપ ઉર્મિઓના જય સાથે મનઃશુદ્ધિ કરવી તે છે. વિદ્વાનોએ મનઃ શુદ્ધિ નિર્વાણમાર્ગને બતાવનારી અને કદિપણ નહિ બુઝે તેવી એક દીપિકા કહેલી છે. મનઃશુદ્ધિ હોય તો જે અછતા ગુણો છે તે સત્ થાય છે અને છતા ગુણ કદિપણ અછતા થતા નથી, માટે પ્રજ્ઞ પુરૂષોએ સદા મનઃશુદ્ધિ કરવી. જે મનઃશુદ્ધિ કર્યા વિના મુકિતને માટે તપસ્યા કરે છે, તે નાવ છોડી મહાસાગરને બે ભુજાએ તરવાને ઇચ્છે છે. તપસ્વીઓની મનઃશુદ્ધિ વગરની સર્વ ક્રિયા અંધને દર્પણની જેમ નિષ્ફળ થાય છે. મુકિતમાં જવાની ઇચ્છાથી તપ કરતા પ્રાણીઓને ચક્રવાત ( વંટોળીયા ) ની જેમ ચપળ ચિત્ત કોઇ બીજી તરફજ નાંખી દે છે, અર્થાત્ મુકિતમાં નહી જવા દેતાં અન્ય ગતિમાં લઇ જાય છે. નિરંકુશ થઇ નિઃશંક-પણે ફરતો મનરૂપી નિશાચર આ ત્રણ લોકને સંસારના ઉંડા ખાડામાં પાડી નાખે છે. મનનો રોધ કર્યા વગર જે માણસ યોગપર શ્રદ્ધા રાખે છે, તે પગવડે ગામમાં જવાને ઇચ્છનાર પંગુ માણસની જેમ ઉપહાસ્યને પામે છે. મનનો નિરોધ કરવાથી સર્વ કર્મનો પણ નિરોધ થાય છે અને મનને નહીં રૂંધનારાનાં સર્વ કર્મ પ્રસરી જાય છે. આ મનરૂપી કપિ વિશ્વમાં પરિભ્રમણ કરવામાં લંપટ છે,

તેથી તેને મુકિતની ઇચ્છાવાળા પ્રાણીઓએ યત્નથી કબજે રાખવું. સિદ્ધિને ઇચ્છનારા પ્રાણીએ અવશ્ય મનની શુદ્ધિ કરવી; તે શિવાય તપ, શ્રુત અને યમનિયમવડે કાયાને દંડ આપવો તે કશા કામનો નથી. મનની શુદ્ધિવડે રાગદ્વેષનો જય કરવો, જેથી આત્મા ભાવ-મલિનતા છોડીને સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે.”

# ૭૭

## શ્રી અરનાથ પ્રભુની દેશના

[ પર્વ ૬ઠું, સર્ગ ૨જો, પાન ૩૧૦-૩૧૧ ]

“ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરૂષાર્થમાં એકાંત સુખનો સાગર એવો મોક્ષ પુરૂષાર્થ મુખ્ય છે; તેને સાધનારૂં ધ્યાન છે; તે સદા મનને આધીન છે. તે મનને યોગીઓ આત્માધીન કરે છે પણ રાગાદિ શત્રુઓ પાછા દબાવીને તે મનને પરાધીન કરી દે છે. એ મનને સારી રીતે રક્ષણ કરીને રાખ્યું હોય તોપણ સહજ માત્ર મિષ પામીને પિશાચની જેમ રાગાદિ તેને વારંવાર છળે છે. રાગાદિરૂપ તિમિરથી જ્ઞાનનો નાશ કરનારૂં અજ્ઞાન અંધની જેમ ખેંચીને પ્રાણીને નરકના ખાડામાં પાડી દે છે. દ્રવ્યાદિકમાં જે રતિ અને પ્રીતિ તે રાગ અને તેમાં જે અરતિ અને અપ્રીતિ તે દ્વેષ એમ વિદ્વાનો કહે છે. એ રાગ અને દ્વેષ સર્વ પ્રાણીઓના દ્રઢ બંધનરૂપ છે અને સર્વ દુઃખરૂપ વૃક્ષોના મૂળ અંકુર છે. જો એ રાગદ્વેષ જગત્માં ન હોત તો સુખમાં કોણ વિસ્મય પામત? દુઃખમાં કોણ કૃપણ થાત? અને મોક્ષને કોણ ન પામત? રાગ વિના દ્વેષ અને દ્વેષ વિના રાગ રહેતોજ નથી. તેઓ બંનેમાંથી એકનો ત્યાગ કરતાં બન્નેનો ત્યાગ થાય છે. કામાદિ સર્વ દોષો રાગનો પરિવાર છે અને મિથ્યાભિમાન પ્રમુખ દ્વેષનો પરિવાર છે. તે રાગદ્વેષનો પિતા, બીજ, નાયક કે પરમેશ્વર મોહ છે અને તે તેનાથી અભિન્ન છે; તેથી સર્વ દોષોના પિતામહ એવા તે મોહથી ઘણી સંભાળ રાખીને રહેવું યોગ્ય છે. સંસારમાં આ ત્રણ (રાગ, દ્વેષ ને મોહ) દોષજ છે, તે શિવાય બીજો કોઇ દોષ નથી. તે ત્રણ દોષથીજ આ

સંસારવારિધિમાં સર્વ પ્રાણીઓ ભમ્યા કરે છે. જીવ સ્વભાવે સ્ફાટિક મણિ જેવો નિર્મળ છે પણ તે ત્રણ દોષની ઉપાધિથી તદ્રુપપણે જણાય છે. અહા ? આ આખું વિશ્વ રાજા વગરનું છે કે જેથી તેમાં રહેલા પ્રાણીઓનું જ્ઞાનસર્વસ્વ અને સ્વરૂપ તે લુંટારાઓ જોતા જોતામાં લુંટી લે છે. જે પ્રાણીઓ નિગોદમાં છે અને જેઓ નજદીકમાં મુક્તિ જવાવાળા છે. તે સર્વની ઉપર તેમની નિર્દય સેના આવીને પડે છે. શું તેમને મુક્તિ સાથે વૈર છે કે મુમુક્ષુ સાથે વૈર છે કે જેથી તે બંનેનો થતો યોગ તેઓ અટકાવે છે ? ”

“ ઉત્તમ મુનિ બંને લોકમાં અપકાર કરનારા એ ત્રણ દોષથી જેવા ભય પામે છે, તેવા વ્યાઘ્ર, સર્પ, જળ અને અગ્નિથી ભય પામતા નથી. આવો આ મહાસંકટવાળો માર્ગ મહાયોગીઓએ આશ્રિત કરેલો છે, કે જેની બંને બાજુએ રાગદ્વેષ રૂપ વ્યાઘ્ર અને સિંહ ઉભા છે; નિર્વાણ પદની ઇચ્છા કરનારા પ્રમાદ રહિત પુરૂષોએ સમભાવને અંગીકાર કરીને એ રાગદ્વેષ રૂપ શત્રુનો જય કરવો. ”

# ૩૪

## શ્રી મલ્લીનાથની ધર્મદેશના

[ પર્વ ૬ઠું, સર્ગ, ૬ઠ્ઠો પાન ૩૪૫-૩૪૬ ]

આ સંસાર સ્વતઃ અપાર છતાં પૂર્ણિમાના દિવસવડે સમુદ્રની જેમ રાગાદિકથી વિશેષ વૃદ્ધિ પામે છે. જે પ્રાણીઓ અમંદ આનંદને ઉત્પન્ન કરનાર સમતારૂપ જળમાં સ્નાન કરે છે, તેઓનો રાગદ્વેષરૂપ મળ તત્કાળ ધોવાઇ જાય છે. કોટી જન્મ સુધી તીવ્ર તપને આચરવાવડે પ્રાણી જે કર્મને હણી શકતો નથી, તે કર્મને સમતાના આલંબનથી અર્ધ ક્ષણમાં હણી નાંખે છે. કર્મ અને જીવ જે સાથે મળી ગયેલાં છે, તેને જ્ઞાનવડે આત્મનિશ્ચય કરનાર સાધુ પુરૂષ સામાયિકરૂપ શલાકાથી જુદા કરી દે છે. યોગી પુરૂષો સામાયિકના કિરણવડે રાગાદિક અંધકારનો નાશ કરી પોતામાં પરમાત્મસ્વરૂપને જુએ છે. સ્વાર્થ માટે નિત્ય વૈર ધરનારા પ્રાણીઓ પણ સમતાવાળા સાધુજનના પ્રભાવથી પરસ્પર સ્નેહ ધરે છે. ઇષ્ટ અનિષ્ટપણે રહેલા ચેતન અને અચેતન પદાર્થોવડે જેનું મન મોહ પામતું નથી તે પુરૂષમાં જ સમતા કહેવાય છે. બાહુ ઉપર ગોશીર્ષચંદનનો લેપ કરે અથવા ખડગથી તેનો છેદ કરે તોપણ જેની મનોવૃત્તિ ભેદાય નહીં—સમાન વર્તે તેનામાં અનુપમ સમતા છે એમ સમજવું. સ્તુતિ કરનાર તથા પ્રીતિ રાખનાર અને ક્રોધાંધ તથા ગાળો આપનાર ઉપર જેનું ચિત્ત સમાન વર્તે છે તે પુરૂષ જ સમતાનું અવગાહન કરે છે. જેમાં કાંઇ હોમ, જપ કે દાન કરવું પડે નહીં તેમ છતાં માત્ર સમતાથી જ પરમ નિવૃત્તિ ( મોક્ષ ) પ્રાપ્ત થાય; અહા ! તે કેવી અમૂલ્ય ખરીદી ! પ્રયત્નથી ખેંચેલા અને કલેશદાયક

રાગાદિકની ઉપાસના શા માટે કરવી ? પ્રયત્ન વગર મેળવી શકાય તેવું અને મનોહર સુખકારી સમતાપણું જ ધારણ કરવું. પરોક્ષ હોવાને લીધે સ્વર્ગ અને મોક્ષ તો ગુપ્ત છે, પણ સમતાનું સુખ તો સ્વસંવેદ્ય હોવાથી પ્રત્યક્ષ છે, તેને કોઇ ઢાંકી શકતું નથી. કવિઓના કહેવાથી રૂઢ એવા અમૃતપર શા માટે મોહિત થવું ? જેનો રસ પોતાના અનુભવમાં આવે છે એવા સમતારૂપ અમૃતનું જ નિરંતર પાન કરવું. ખાદ્ય, લેહ્ય, ચુસ્ય અને પેય—એ ચારે પ્રકારના રસથી વિમુખ એવા મુનિઓ પણ હમેશાં સ્વેચ્છાએ સમતારૂપ અમૃતરસને વારંવાર પીધા કરે છે. જેના કંઠમાં સર્પ નાખે કે મંદાર પુષ્પની માળા પહેરાવે, તથાપિ જેને પ્રીતિ કે અપ્રીતિ થતી નથી તે ખરેખરો સમતાનો પતિ છે. જે ગૂઢ નથી, અવાર્ય નથી અને બીજી કોઇ રીતે જેની પ્રાપ્તિ મુશ્કેલ નથી એવી એક સમતા જ અજ્ઞને કે બુદ્ધિવાનને આ સંસારરૂપ પીડાનું ઔષધ છે. અતિ શાંત એવા યોગીઓમાં પણ એક ક્રૂર કર્મ રહેલું છે કે જે સમતારૂપ શસ્ત્રથી રાગાદિકના કુળને હણી નાખે છે. સમતાનો પરમ પ્રભાવ પ્રથમ તો એજ છે કે જેથી એક અર્દ્ધ ક્ષણમાં પાપી જનો પણ શાશ્વતપદને પામી જાય છે. જેના હોવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્ન સફળ થાય છે અને જેના ન હોવાથી તે ત્રણ રત્ન નિષ્ફળ થાય છે, એવા મહા પરાક્રમી સમતા ગુણથી સદા કલ્યાણ છે. જ્યારે ઉપસર્ગો આવી પડયા હોય અથવા મૃત્યુ પ્રાપ્ત થયેલ હોય ત્યારે તત્કાળ કરવા યોગ્ય અને શ્રેષ્ઠ ઉપાય સમતાના જેવો બીજો કોઇ નથી. રાગદ્વેષનો જય કરવાને ઇચ્છતા એવા પુરૂષે મોક્ષરૂપ વૃક્ષનું એક બીજ અને અતિ અદ્ભુત સુખને આપનારૂં સમતાપણું સદા ધારણ કરવું.

---

# ૩૫

## શ્રી સુવ્રતસ્વામીનો બોધ

[ પર્વ ૬ઠ્ઠું, સર્ગ ૭મો, પાન ૩૫૫–૩૫૬ ]

“ ક્ષાર સમુદ્રમાંથી રત્નની જેમ આ સંસારમાંથી ઉત્તમ સારરૂપ ધર્મને ગ્રહણ કરવો. તે ધર્મ સંયમ, સત્ય વચન, પવિત્રતા, બ્રહ્મચર્ય, નિષ્કંચનપણું, તપ, ક્ષમા, મૃદુતા, સરલતા અને મુક્તિ એ દશ પ્રકારે છે. પોતાના દેહમાં પણ ઇચ્છારહિત, પોતાનાઓમાં પણ મમતાએ વર્જિત, નમસ્કાર કરનાર અને અપકાર કરનાર પ્રાણી ઉપર નિરંતર સમદૃષ્ટિ રાખનાર, નિત્ય ઉપસર્ગ તથા પરિષહોને સહન કરવાને સમર્થ, નિત્ય મૈત્ર્યાદિક ભાવનાયુક્ત હૃદયવાળો, ક્ષમાવાન, વિનયી, ઇંદ્રિયોને દમનાર, ગુરૂશાસનમાં શ્રદ્ધાળુ અને જાતિ વિગેરે ગુણોથી સંપન્ન એવો પ્રાણી યતિધર્મને માટે યોગ્યતાવાળો છે. સમકિત મૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારે ગૃહસ્થનો ધર્મ છે.

“ ૧ ન્યાયથી દ્રવ્યોપાર્જન કરનાર, ૨ શિષ્ટાચારની પ્રશંસા કરનાર, ૩ સરખા કુલશીલવાન અને બીજા ગોત્રવાળાની સાથે વિવાહસંબંધ જોડનાર, ૪ પાપથી બ્હીનાર, ૫ પ્રસિદ્ધ દેશાચાર આચરનાર, ૬ કદિપણુ અવર્ણવાદ નહીં બોલનાર, તેમાં પણ રાજાદિકના વિશેષ અવર્ણવાદ નહીં બોલનાર, ૭ અતિ પ્રકાશ કે અતિ ગુપ્ત નહીં તેવા, સારા પાડોશવાળા અને અનેક નીકળવાના માર્ગ ઘરમાં નિવાસ કરી રહેનાર, ૮ સદાચારી પુરૂષોની સાથે સંગ

રાખનાર, ૯ માતાપિતાની પૂજા કરનાર, ૧૦ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરનાર, ૧૧ નિંદિત કાર્યમાં નહીં પ્રવર્તનાર, ૧૨ આવકના પ્રમાણમાં ખર્ચ કરનાર, ૧૩ દ્રવ્યની સ્થિતિ પ્રમાણે વેષ રાખનાર, ૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણે યુકત, ૧૫ હમેશાં ધર્મ સાંભળનાર, ૧૬ અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરનાર, ૧૭ પાચનશકિત પ્રમાણે વખતસર ભોજન કરનાર, ૧૮ એકબીજાને બાધ ન કરે તેવી રીતે ત્રણે વર્ગ ( ધર્મ, અર્થ, કામ )ને સાધનાર, ૧૯ અતિથિનો, સાધુનો અને દીન પુરૂષનો યથાયોગ્ય સત્કાર કરનાર, ૨૦ કદિ પણ દુરાગ્રહ નહીં કરનાર, ૨૧ ગુણ ઉપર પક્ષપાત રાખનાર, ૨૨ દેશકાળને અનુચિત આચરણ તજી દેનાર, ૨૩ સ્વપરના બળાબળને જાણનાર, ૨૪ સદાચારી અને જ્ઞાનવૃદ્ધની પૂજા કરનાર, ૨૫ પોષ્ય વર્ગનું પોષણ કરનાર, ૨૬ દીર્ઘદર્શી, ૨૭ વિશેષ જાણનાર, ૨૮ કૃતજ્ઞ, ૨૯ લોકપ્રિય, ૩૦ લજ્જાવાન, ૩૧ દયાળુ, ૩૨ સૌમ્ય, ૩૩ પરોપકાર કરવામાં તત્પર, ૪૩ અંતરંગ છ શત્રુઓના વર્ગનો પરિહાર કરનાર અને ૩૫ ઇંદ્રિયોને વશ રાખનાર–એવો પુરૂષ ગૃહસ્થધર્મને યોગ્ય છે. ( અર્થાત્ આ માર્ગાનુસારીના ૩૫ ગુણને ધારણ કરનાર પ્રાણી ગૃહીધર્મ–સમકિત મૂળ બાર વ્રત ગ્રહણ કરવાને યોગ્ય છે. ) આ સંસારમાં મનુષ્યજન્મની સાફલ્યતાને ઇચ્છનારો પુરૂષ જો યતિધર્મ લેવાને અશકત હોય તો તેણે સદા શ્રાવકધર્મ આચરવો. ”

# ૩૬

## શ્રી નમિનાથજીની ધર્મદેશના

[ પર્વ ૭મું, સર્ગ ૧૧મો, પાન ૧૮૯–૧૯૦ ]

“ આ સંસાર અસાર છે, ધન નદીના તરંગ જેવું ચંચળ છે, અને શરીર વિજળીના વિલાસ જેવું નાશવંત છે, તેથી ચતુર જને તે ત્રણેમાં સર્વથા અનાસ્થા રાખી મુમુક્ષ થઇ મોક્ષમાર્ગરૂપ યતિધર્મને વિષે પ્રયત્ન કરવો. જો તેમ કરવાને અશકત હોય તો તેની આકાંશા રાખી સમકિતયુકત બાર પ્રકારના શ્રાવકધર્મને માટે તત્પર થવું. શ્રાવકે પ્રમાદ છોડી મન વચન કાયાએ કરી ધર્મ સંબંધી ચેષ્ટાવડેજ અહોરાત્રિ નિર્ગમન કરવાં. શ્રાવકે બ્રાહ્મમુહૂર્ત્તમાં ઉઠી પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરીને વિચરવું કે મારો શો ધર્મ છે ? હું કેવા કુળનો છું ? અને મારે શું વ્રત છે ? પછી પવિત્ર થઇ પુષ્પ, નૈવેદ્ય અને સ્તોત્રપાઠ ગૃહચૈત્યમાં દેવપૂજા કરી, યથાશકિત પચ્ચખ્ખાણ કરીને પછી મોટે દેરાસરે જવું. ત્યાં વિધિવડે પ્રવેશ કરી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરવી અને પુષ્પાદિકવડે પ્રભુને પૂજીને ઉત્તમ સ્તોત્રવડે સ્તુતિ કરવી. પછી ગુરૂની પાસે જઇ વંદનાપૂર્વક વિશુદ્ધાત્માવાળા પ્રાણીએ પચ્ચખ્ખાણને પ્રકાશિત કરવું ( પચ્ચખ્ખાણ લેવું. ) ગુરૂના દર્શન થતાંજ ઉભા થવું, તેમના આગમનને વખતે સામું જવું, મસ્તકપર અંજળી જોડવી, પોતે આસન નાખી દેવું, અને ગુરૂ આસનપર બેસે એટલે ભકિતપૂર્વક પર્યુપાસના કરવી; તેમ જ જ્યારે ગુરૂ જાય ત્યારે પાછળ જવું. આ પ્રમાણે કરવાથી ગુરૂ મહારાજની પ્રતિપત્તિ થાય છે. પછી ગુરૂ પાસેથી પાછા ફરીને

પોતાના ઘરે જવું, અને પછી સદ્‌બુદ્ધિપૂર્વક ધર્મના અવિરોધપણે અર્થચિંતન (વ્યાપાર ઉદ્યોગ) કરવું. પછી મધ્યાન્હ કાળે ફરી જિનપૂજા કરીને ભોજન કરવું. ત્યારબાદ શાસ્ત્રવેત્તાઓની સાથે શાસ્ત્રોનું રહસ્ય વિચારવું. પછી સંધ્યા વખતે ફરીવાર દેવાર્ચન કરી, આવશ્યક કર્મ (પ્રતિક્રમણ) આચરવું, અને પછી ઉત્તમ પ્રકારે સ્વાધ્યાય ધ્યાન કરવું. રાત્રે યોગ્ય સમયે દેવગુરૂના સ્મરણથી પવિત્ર થઇ અલ્પ નિદ્રા કરવી, અને પ્રાયઃ અબ્રહ્મપણાને વર્જવું. વચમાં જો નિદ્રાનો છેદ થાય ( નિદ્રા ઉડી જાય ) તો સ્ત્રીના અંગ વિષે ચિંતવન કરવું, અને મહાત્મા મુનિઓએ જેનાથી નિવૃત્તિ કરી છે તેનો વિચાર કરવો. સ્ત્રીનું શરીર ગ્રંથીઓ, વિષ્ટા, મૂત્ર, મલ શ્લેષ્મ, મજ્જા અને અસ્થીથી ભરપૂર છે, તેમ જ સ્નાયુથી સીવેલી ચર્મની કોથળીરૂપ છે. જો સ્ત્રીના શરીરનું અંદરના અને બહારના ભાગનું વિપર્યયપણું કરવામાં આવે અર્થાત્ અંદરના ભાગને બહાર લાવવામાં આવે તો દરેક કામી પુરૂષને ગીધ અને શિયાળથકી તેના શરીરનું રક્ષણ કરવું પડે. જો કામદેવ સ્ત્રીરૂપ શસ્ત્રથી આ જગતને જીતવાને ઇચ્છતો હોય તો તે મૂઢ બુદ્ધિવાળો હલકા પીંછાનું શસ્ત્ર શા માટે લેતો નથી ! અહો ! સંકલ્પમાંથી ઉત્પન્ન થનારા કામદેવે આ વિશ્વને બહુ વિડંબિત કર્યું છે, પણ તે દુખઃનું મૂળ સંકલ્પ જ છે એવું ચિંતવન કરવું. જે જે બાધક-કારી દોષ હોય તેનો પ્રતિકાર ચિંતવવો, અને તેવા દોષથી મુકત એવા મુનિઓને વિષે હર્ષ પામવો. સર્વ જીવોને વિષે રહેલી મહા દુઃખકારક ભવસ્થિતિ વિષે વિચાર કરી સ્વભાવથી જ સુખદાયક એવા મોક્ષમાર્ગનો શોધ કરવો. જેમાં જિનેશ્વર દેવ, દયા ધર્મ અને મુનિઓ ગુરૂ છે એવા શ્રાવકપણાની કયો અમૂઢ [ પંડિત ] જન શ્લાઘા ન કરે ? વળી ઉત્તમ પ્રાણીએ તે સમયે આવા મનો-રથ કરવા કે ‘ હું જિનધર્મ રહિત ચક્રવર્ત્તી થવાને પણ ઇચ્છતો



નથી, પરંતુ જૈનધર્મવાસિત કિંકર કે દરિદ્રી થવાને ઇચ્છું છું. વળી સર્વ સંગ છોડી દઈ, જીર્ણ વસ્ત્ર પહેરી, મલીન શરીર રાખી અને માધુકરી વૃત્તિ અંગીકાર કરી હું મુનિચર્યાને કયારે આચ-રીશ ? દુઃશીલ જનોનો સંસર્ગ છોડી ગુરૂના ચરણરજનો સ્પર્શ કરી, યોગનો અભ્યાસ કરતો સતો હું આ સંસાર છેદવાને કયારે સમર્થ થઈશ ? અર્ધ રાત્રે નગરની બહાર કાયોત્સર્ગ કરીને સ્તંભવત્ થયેલા મારા શરીર સાથે વૃષભો કયારે પોતાના સ્કંધને ઘસ્યા કરશે ? વનમાં પદ્માસન કરી અને મૃગના બચ્ચાને ઉત્સંગમાં રાખીને રહેલા એવા મારા મુખને વૃદ્ધ મૃગો કયારે આવીને સુંઘશે? શત્રુ અને મિત્રમાં, તૃણ અને સ્ત્રીમાં, સુવર્ણ અને પાષાણમાં, મણિ અને મૃત્તિકામાં તેમ જ મોક્ષ અને સંસારમાં મારી બુદ્ધિ સમાન કયારે થશે ? આ પ્રમાણે મુકિતગૃહની નિસરણીરૂપ ગુણશ્રેણી ઉપર ચડવાને માટે પરમ આનંદરૂપ લતાના મૂળભૂત મનોરથો હંમેશા કર્યા કરવા. આવી રીતે અહોરાત્રિની ચર્યા પ્રમાદરહિત-પણે આચરતો અને યથાર્થ રીતે કહેલા વ્રતોને વિષે સ્થિત રહેતો શ્રાવક ગૃહસ્થપણામાં પણ વિશુદ્ધ થાય છે. ”

## ૩૭

# શ્રી નેમિનાથની ધર્મદેશના

( પર્વ ૮મું, સર્ગ ૯ મો, પાન ૩૯૦–૩૯૩ )

સર્વ પ્રાણીઓને લક્ષ્મી વિદ્યુતના વિલાસ જેવી ચપળ છે. સંયોગ છેવટે વિયોગને જ પ્રાપ્ત કરાવનારો તથા સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા દ્રવ્ય જેવો છે, યૌવન મેઘની છાયા જેવું નાશવંત છે અને પ્રાણીઓનું શરીર જળના પરપોટા જેવું છે; તેથી આ અસાર સંસારમાં બીજું કાંઇ પણ સાર નથી. માત્ર જ્ઞાન, દર્શન અને ચરિત્રનું પાળવું, એજ સાર છે. તેમાં તત્ત્વ ઉપર જે શ્રદ્ધા, તે સમ્યગ્દર્શન કહેવાય છે, યથાર્થ તત્ત્વનો બોધ તે જ્ઞાન કહેવાય છે અને સાવદ્ય યોગની વિરતિ તે મુક્તિનું કારણ ચારિત્ર કહેવાય છે. તે ચારિત્ર મુનીઓને સર્વાત્મપણે અને ગૃહસ્થોને દેશથી હોય છે. શ્રાવક યાવજ્જીવિત દેશચારિત્રમાં તત્પર, સર્વ સાધુઓનો ઉપાસક અને સંસારના સ્વરૂપનો જાણનાર હોય છે. શ્રાવકે ૧ મદિરા, ૨ માંસ, ૩ માખણ, ૪ મધુ, ૫–૯ પાંચ પ્રકારનાં ઉદંબરાદિ વૃક્ષનાં ફળ, ૧૦ અનંતકાય ( કંદમૂળ ), ૧૧ અજ્ઞાત (અજાણ્યાં) ફળ, ૧૨ રાત્રિભોજન, ૧૩ કાચા (ઉન્હા કર્યા વગરના) ગોરસ ( દૂધ, દહીં, છાશ ) ની સાથે મળેલું દ્વિદળ, ( જેની બે ફાડ થાય તેવા મગ, અડદ વગેરે કઠોળ પદાર્થ ) ૧૪ વાસીભાત, બે દિવસ વ્યતીત થયેલું દહીં અને કોહી ગયેલું અન્ન–એ સર્વ અભક્ષ્યોનો ત્યાગ કરવો.

જેમ પુરૂષ ચતુર હોય તે છતાં દુર્ભાગ્યના ઉદયથી સ્ત્રી તેનાથી દૂર રહે છે–ઇચ્છતી નથી, તેમ મદિરાપાન કરવાથી બુદ્ધિ નષ્ઠ થાય



છે. મદિરાના પાનથી જેમનાં ચિત્ત પરવશ થયેલાં છે એવા પાપી પુરૂષો માતાને પ્રિયા માને છે અને પ્રિયાને માતા માને છે. તેઓ ચિત્ત ચળિત થવાથી પોતાને કે પરને અથવા પોતાના કે પારકા પદાર્થને જાણતા નથી. પોતે રાંક છતાં સ્વામી થઇ બેસે છે અને પોતાના સ્વામીને કિંકર સમાન ગણે છે. શબની જેમ ચૌટામાં આળોટતા મદ્યપાનીના મુખમાં શ્વાન વિવરની શંકાથી મૂત્રે છે, મદ્યપાનના રસમાં મગ્ન થયેલો માણસ નગ્ન થઇને ચૌટામાં સુવે છે અને લીલાવડે પોતાનો ગુપ્ત અભિપ્રાય પણ પ્રકાશ કરી દે છે. જેમ વિચિત્ર ચિત્રની રચના કાજળ ભૂંસવાથી નષ્ટ થઈ જાય છે. તેમ મદિરાના પાનથી કાંતિ, કીર્તિ, મતિ અને લક્ષ્મી ચાલ્યાં જાય છે. મદિરાપાની ભૂત વળગ્યું હોય તેમ નાચે છે, શોક સહિત હોય તેમ પોકારે છે અને દાહજ્વર આવ્યો હોય તેમ પૃથ્વીપર આળોટે છે. મદિરા હળાહળ વિષની જેમ અંગને શિથિલ કરે છે, ઇંદ્રિયોને ગ્લાનિ આપે છે અને મહાન મૂર્છા પમાડે છે. અગ્નિના એક તણખાથી તૃણની મોટી ગંજી બળી જાય છે તેમ મદ્યપાનથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા એ સર્વ વિલીન થઇ જાય છે. મદિરાના રસમાં ઘણા જંતુઓ ઉદ્ભવે છે, તેથી હિંસાના પાપથી ભીરૂ એવા પુરૂષે કદાપિ મદિરાપાન કરવું નહીં. મદિરાપાની આપ્યું હોય તેને ન આપ્યું કહે છે, લીધું હોય તે ન લીધું કહે છે, કર્યું હોય તેને નહીં કરેલું કહે છે અને રાજ્ય વિગેરેને મિથ્યા અપવાદ આપી સ્વેચ્છાએ બકે છે. મૂઢ બુદ્ધિવાળો મધુપાની વધ બંધનાદિકનો ભય છોડી દઇને ઘેર, બહાર કે માર્ગે–જ્યાં મળે ત્યાં પરદ્રવ્યને ખુંચવી લે છે. મદ્યપાન કરવાથી થયેલા ઉન્માદથી પરવશ થયેલો પુરૂષ બાળિકા, યુવતી, વૃદ્ધા, બ્રાહ્મણી કે ચાંડાળી–સર્વ જાતિની પરસ્ત્રીને પણ ઉન્મત્ત થઇને ભોગવે છે. મધુપાની પુરૂષ રડતો, ગાતો, લોટતો, દોડતો, કોપ કરતો, તુષ્ટ

થતો, હસતો, સ્તબ્ધ રહેતો, નમતો, ભમતો અને ઉભો રહેતો, એમ અનેક ક્રિયા કરતો નટની જેમ ભટક્યા કરે છે. હંમેશાં જંતુઓના સમૂહનો ગ્રાસ કરતાં છતાં યમરાજ જેમ તુષ્ટ થતો નથી તેમ મદ્યપાની વારંવાર મદ્યપાન કરતાં છતાં પણ ધરાતો નથી. સર્વ દોષોનું કારણ મદ્ય છે અને સર્વ પ્રકારની આપત્તિનું કારણ પણ મદ્ય છે, તેથી અપથ્યને રોગી તજે તેમ મનુષ્યે તેનો ત્યાગ કરવો.

જે પ્રાણીઓના પ્રાણનો અપહાર કરી માંસને ઈચ્છે છે, તે ધર્મરૂપ વૃક્ષના દયા નામના મૂળનું ઉન્મૂલન કરે છે. જે મનુષ્ય હંમેશાં માંસનું ભોજન કરતો છતો દયા પાળવાને ઇચ્છે છે, તે પ્રજ્વળિત અગ્નિમાં વેલડીનું આરોપણ કરવાને ઇચ્છે છે. માંસ ભક્ષણ કરવામાં લુબ્ધ માણસની બુદ્ધિ દુર્બુદ્ધિવાળી ડાકણની જેમ પ્રત્યેક પ્રાણીને હણવામાં પ્રવર્ત્તે છે. જેઓ દિવ્ય ભોજન છતાં પણ માંસનું ભોજન કરે છે, તેઓ અમૃતરસને છોડીને હલાહલ વિષને ખાય છે. જે નરકરૂપ અગ્નિમાં ઈંધણા જેવા પોતાના માંસને બીજાના માંસથી પોષવાને ઇચ્છે તેના જેવો કોઇ નિર્દય નથી. શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલું અને વિષ્ટારસથી વધેલું એવું લોહી વડે ઠરી ગયેલું માંસ કે જે નરકના ફળરૂપ છે તેને કોણ બુદ્ધિમાન ભક્ષણ કરે ?

અંતર્મુહૂર્ત્ત પછી જેમાં અનેક અતિ સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે એવું માખણ વિવેકી પુરૂષોએ કદિ પણ ખાવું નહીં. એક જીવની હિંસામાં કેટલું બધું પાપ છે, તો પછી અનેક જંતુમય માખણને કોણ સેવે ?

જે અનેક જંતુસમૂહની હિંસાથી ઉત્પન્ન થયેલું છે અને જે લાળની જેમ જુગુપ્સા કરવા યોગ્ય છે એવા મધને કોણ ચાખે ?



એકએક પુષ્પમાંથી રસ લઈને મક્ષિકાઓએ વમન કરેલા મધને ધાર્મિક પુરૂષો કદિ પણ ચાખતા નથી.

ઉંબરડો, વડ, પીપર, કાકઉદુંબર અને પીપળાનાં ફળ ઘણાં જંતુઓથી આકુળવ્યાકુળ હોય છે, તેથી તે પાંચે વૃક્ષનાં ફળ કદિ પણ ખાવાં નહીં. બીજું ભક્ષ્ય મળ્યું ન હોય અને ક્ષુધાથી શરીર ક્ષામ (દુર્બળ) થઇ ગયું હોય તોપણ પુણ્યાત્મા પ્રાણી ઉંબરડાદિક વૃક્ષનાં ફળ ખાતા નથી.

સર્વ જાતિનાં આર્દ્ર કંદ, સર્વ જાતિનાં કુંપળીઆં, સર્વ જાતિનાં થોર, લવણવૃક્ષની ત્વચા, કુમારી ( કુંવાર ), ગિરિકર્ણિકા, શતાવરી, વિરૂઢ, ગડુચી, કોમળ આંબલી, પલ્યંક, અમૃતવેલ, સૂકરવાલ અને તે સિવાયના બીજા સૂત્રમાં કહેલા અનંતકાય જાતિના પદાર્થો કે જે મિથ્યાદૃષ્ટિઓથી અજ્ઞાત છે, તે દયાળુ પુરૂષોએ પ્રયત્નથી વર્જવા.

શાસ્ત્રમાં નિષેધ કરેલાં ફળના ભક્ષણમાં અથવા વિષફળના ભક્ષણમાં આ જીવની પ્રવૃત્તિ ન થાય એવા હેતુથી ડાહ્યા પુરૂષે પોતે અથવા બીજાએ જાણેલું જ ફળ ખાવું જોઇએ, અજાણ્યું ફળ તજી દેવું જોઈએ.

રાત્રી સમયે નિરંકુશપણે ફરતા પ્રેત, પિશાચ વિગેરે ક્ષુદ્ર દેવોથી અન્ન ઉચ્છિષ્ટ કરાય છે, તેથી રાત્રી સમયે કદિ પણ ભોજન કરવું નહીં. વળી રાત્રી સમયે ઘોર અંધકારે કરીને મનુષ્યોની દૃષ્ટિ પણ રૂંધાયેલી હોવાથી ભોજનમાં પડતાં જંતુઓ તેનાથી જોઇ શકાતાં નથી, તેથી તેવા રાત્રીને સમયે કોણ ભોજન કરે ? કદાચ ભોજનમાં કીડી આવી ગઇ હોય તો તે બુદ્ધિનો નાશ કરે છે, જુ ખાવામાં આવી હોય તો તે જળોદરનો વ્યાધી કરે છે, માખી આવી હોય તો તે વમન કરાવે છે, ઢેઢગરોલી આવી હોય તો તે કુષ્ઠ રોગને

કરે છે, કાંટો અથવા કાષ્ટનો કકડો ખાવામાં આવ્યો હોય તો તે ગળાની વ્યથાને કરે છે, ભોજનની અંદર વીંછી પડી ગયો હોય તો તે તાળવું વીંધે છે, તથા ભોજનમાં આવેલ વાળ ગળામાં લાગી ગયો હોય તો તે સ્વરભંગને માટે થાય છે. આ વિગેરે અનેક દોષો સર્વે મનુષ્યે રાત્રીભોજનને વિષે જોયા છે. રાત્રીએ સૂક્ષ્મ જંતુઓ દેખવામાં આવતાં નથી, તેથી પ્રાસુક પદાર્થ પણ રાત્રે ખાવા નહીં, કારણકે તે વખતે ભોજનમાં અવશ્ય અનેક જંતુઓની ઉત્પત્તિ સંભવે છે. જેમાં જીવનો સમૂહ ઉત્પન્ન થાય છે એવા ભોજનને રાત્રીએ જમનારા મૂઢ પુરુષો રાક્ષસોથી પણ અધિક દુષ્ટ કેમ ન કહેવાય ! જે મનુષ્ય દિવસે અને રાત્રિએ પણ ખાધા જ કરે છે, તે શૃંગ અને પુચ્છ વિનાનો સાક્ષાત પશુ જ રાત્રીભોજનના દોષને જાણનાર જે મનુષ્ય દિવસના પ્રારંભની અને અંતની બબે ઘડીનો ત્યાગ કરીને ભોજન કરે છે, તે પુણ્યનું ભોજન છે. ભોજનનો નિયમ કર્યા વિના ભલે કોઇ માણસ માત્ર દિવસે જ જમનારો હોય તોપણ તે તેના ચોખા ફળને પામતો નથી કારણ કે કોઇને રૂપિયા આપતાં બોલી કર્યા વિના તેનું વ્યાજ મળી શકતું નથી–જે જડ મનુષ્યો દિવસનો ત્યાગ કરીને રાત્રીએ જ ભોજન કરે છે, તેઓ રત્નનો ત્યાગ કરીને કાચનોજ સ્વીકાર કરે છે. મનુષ્યો રાત્રીભોજન કરવાથી પરભવે ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, શંબર, મૃગ, ભુંડ, સર્પ, વીંછી અને ગોધા ( ઘો ) અથવા ગૃહગોધા ( ગરોળી )પણે ઉત્પન્ન થાય છે. જે ધન્ય પુરૂષો સર્વદા રાત્રીભોજનની નિવૃત્તિ કરે છે, તે પોતાના આયુષ્યનો અર્ધો ભાગ અવશ્ય ઉપવાસી થાય છે. રાત્રીભોજનનો ત્યાગ કરવામાં જે ( જેટલા ) ગુણો રહેલા છે, તે સદ્ગતિનેજ ઉત્પન્ન કરનારા સવે ગુણોને ગણવાને કોણ સમર્થ થાય તેમ છે ?



કાચા ગોરસ ( દુધ દહીં ને છાશ ) માં દ્વિદળાદિક મળવાથી તેમાં ઉત્પન્ન થતાં સૂક્ષ્મ જંતુઓ કેવળીએ જોયાં છે, તેથી તેનો પણ ત્યાગ કરવો. વળી દયાધર્મમાં તત્પર એવા મનુષ્યે જંતુથી મિશ્રિત એવાં ફળ, પુષ્પ અને પત્ર વિગેરેનો ત્યાગ કરવો, તથા જીવમિશ્રિત અથાણાંનો કે જેમાં દીર્ઘકાળ રહેવાથી ઘણાં ત્રસ જંતુઓ ઉત્પન્ન થયાં હોય તેનો પણ ત્યાગ કરવો.

આ રીતે સર્વ ધર્મમાં દયાધર્મજ મુખ્ય છે એમ જાણીને ભક્ષ્ય પદાર્થોને વિષે પણ વિવેક બુદ્ધિવાળો શ્રાવક અનુક્રમે સંસારથી મુકત થાય છે. ”

# ૩૮

## શ્રી પાર્શ્વનાથની દેશના

[ પર્વ ૯મું, સર્ગ ૩જો, પાન ૪૮૪–૫૮૬ ]

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રેંદ્ર અને અશ્વસેન રાજા વિરામ પામ્યા. પછી શ્રી પાર્શ્વનાથ ભગવંતે આ પ્રમાણે દેશના આપવા માંડી. અહો ભવ્ય પ્રાણીઓ ! જરા, રોગ અને મૃત્યુથી ભરેલા આ સંસારરૂપ મોટા અરણ્યમાં ધર્મ વિના બીજો કોઇ ત્રાતા નથી, માટે હંમેશાં તેજ સેવવા યોગ્ય છે. તે ધર્મ સર્વવિરતિ અને દેશવિરતિ એમ બે પ્રકારનો છે, તેમાં અનગારી સાધુઓનો પહેલો સર્વવિરતિ ધર્મ છે. તે સંયમાદિ દશ પ્રકારનો છે, અને આગારી–ગૃહસ્થનો બીજો દેશવિરતિ ધર્મ છે. તે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો છે. જો તે વ્રત અતિચારવાળાં હોય છે તો સુકૃતને આપતાં નથી, તેથી તે એક એક વ્રતના પાંચ પાંચ અતિચાર છે, તે ત્યજવા યોગ્ય છે. પહેલું વ્રત જે અહિંસા, તેમાં ક્રોધવડે બંધ, છવિચ્છેદ, અધિક ભારનું આરોપણ, પ્રહાર, અને અન્નાદિકનો રોધ–એ પાંચ અતિચાર છે. બીજું વ્રત સત્ય વચન–તેના મિથ્યા ઉપદેશ, સહસા અભ્યાખ્યાન, ગુહ્ય ભાષણ, વિશ્વાસીએ કહેલા રહસ્યનો ભેદ અને કૂટ લેખ એ પાંચ અતિચાર છે. ત્રીજું વ્રત અસ્તેય (ચોરી ન કરવી) તેના ચોરને અનુજ્ઞા આપવી, ચોરેલ વસ્તુનું ગ્રહણ કરવું, શત્રુરાજ્યનું ઉલ્લંઘન કરવું, પ્રતિરૂપ વસ્તુનો ભેળસંભેળ કરવો અને માન માપ તોલ ખોટાં રાખવાં–એ પાંચ અતિચાર છે. ચોથું વ્રત બ્રહ્મચર્ય–તેના અપરિગૃહીતાગમન, ઇત્વરપરિગૃહીતાગમન, પરવિવાહકરણ,



તીવ્ર કામભોગાનુરાગ અને અનંગ ક્રીડા–એ પાંચ અતિચાર છે. પાંચમું વ્રત અપરિગ્રહ ( પરિગ્રહનું પ્રમાણ ) તેમાં ધનધાન્યનું પ્રમાણાતિક્રમ, તાંબા પીતળ વિગેરે ધાતુનું પ્રમાણાતિક્રમ, દ્વિપદ ચતુષ્પદનું પ્રમાણાતિક્રમ, ક્ષેત્ર વસ્તુનું પ્રમાણાતિક્રમ અને રૂપ્ય સુવર્ણનું પ્રમાણાતિક્રમ એ પાંચ અતિચાર છે. તે અતિચાર અનાજનાં નાનાં મોટાં માપ કરવાથી, તામ્રાદિકનાં ભાજનો નાનાં મોટાં કરવાથી, દ્વિપદ ચતુષ્પદના ગર્ભધારણવડે થયેલ વૃદ્ધિથી, ઘર કે ક્ષેત્ર વચ્ચેની ભીંત કે વાડ કાઢી નાખીને એકત્ર કરી દેવાથી, અને રૂપ્ય સુવર્ણ કોઇને આપી દેવાથી લાગે છે. પણ તે વ્રત ગ્રહણ કરનારને લગાડવા યોગ્ય નથી. સ્મૃતિ ન રહેવી, ઉપર નીચે અને તીર્છા ભાગે જવાના કરેલા પ્રમાણનું ઉલ્લંઘન કરવું અને ક્ષેત્રની વૃદ્ધિ હાનિ કરવી–એ પાંચ છઠ્ઠા દિગ્‌વિરતિ વ્રતના અતિચાર છે. સચિત્ત ભક્ષણ, સચિત્તના સંબંધવાળા પદાર્થનું ભક્ષણ, તુચ્છ ઔષધિનું ભક્ષણ તથા અપક્વ અને દુષ્પક્વ વસ્તુનો આહાર–એ પાંચ અતિચાર ભોગોપભોગ પ્રમાણ નામના સાતમા વ્રતના છે. એ અતિચાર ભોજન આશ્રી ત્યાગ કરવાના છે. અને બીજાં પંદર કર્મથી ત્યજવાના છે. તેમાં ખર કર્મનો ત્યાગ કરવો. એ ખર કર્મ પંદર પ્રકારનાં કર્માદાનરૂપ છે. તે આ પ્રમાણે–અંગારજીવિકા, વનજીવિકા, શકટજીવિકા, ભાટકજીવિકા, સ્ફોટજીવિકા; દંતવાણિજ્ય, લાક્ષવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય, વિષવાણિજ્ય; યંત્રપીડા, નિર્લાંછન, અસતીપોષણ, દવદાન અને સરઃશોષ–એ પંદર પ્રકારનાં કર્માદાન કહેવાય છે. અંગારાની ભઠ્ઠી કરવી, કુંભાર, લુહાર તથા સુવર્ણકારપણું કરવું અને ચુનો તથા ઇંટો પકાવવી, એ કામો કરીને જે આજીવિકા કરવી તે અંગારજીવિકા કહેવાય છે. છેદેલાં ને વગર છેદેલાં વનનાં પત્ર, પુષ્પ અને ફળને લાવીને વેચવાં, અને અનાજ દળવું ખાંડવું, એ કામ કરીને જે આજીવિકા

કરવી તે વનજીવિકા કહેવાય છે. શકટ તે ગાડાં અને તેનાં પૈડાં, ધરી વિગેરે અંગને ઘડવાં, ખેડવાં અને વેચવાં, એથી જે આજીવિકા કરવી તે શકટજીવિકા કહેવાય છે. ગાડાં, બળદ, પાડા, ઉંટ, ખર, ખચ્ચર અને ઘોડાઓને ભાડે આપી ભાર વહન કરાવીને તેનાવડે જે આજીવિકા કરવી તે ભાટકજીવિકા કહેવાય છે. સરોવર તથા કુવા વિગેરે ખોદવા અને શિલા પાષાણને ઘડવા, એમ પૃથ્વી સંબંધી જે કાંઇ આરંભ કરવા અને તેવડે આજીવિકા કરવી તે સ્ફોટજીવિકા કહેવાય છે. પશુઓનાં દાંત, કેશ, નખ, અસ્થિ, ત્વચા અને રૂંવાડાં વિગેરે તેનાં ઉત્પત્તિ સ્થાનેથી ગ્રહણ કરીને તે ત્રસ અંગોનો જે વ્યાપાર કરવો તે દંતવાણિજ્ય કહેવાય છે. લાખ, મનશીલ, ગળી, ધાવડી અને ટંકણખાર વિગેરે વસ્તુનો જે વ્યાપાર કરવો તે પાપના ગૃહરૂપ લાક્ષવાણિજ્ય કહેવાય છે. માખણ, ચરબી, મધ અને મદિરા વિગેરેનો વ્યાપાર કરવો તે રસવાણિજ્ય કહેવાય છે. અને બે પગવાળા મનુષ્યાદિ અને ચાર પગવાળા પશુ આદિનો જે વ્યાપાર કરવો તે કેશવાણિજ્ય કહેવાય છે. કોઈપણ જાતનું ઝેર, કોઇ પણ જાતનું શસ્ત્ર, હળ, યંત્ર, લોહ અને હરિતાળ વિગેરે જીવિતનો નાશ કરનારી વસ્તુઓનો જે વ્યાપાર કરવો તે વિષવાણિજ્ય કહેવાય છે. તિલ, શેરડી, સરસવ અને એરંડ વિગેરે જળયંત્રાદિક યંત્રોથી પીલવા તથા પત્રમાંથી તૈલ-અત્તર કાઢીને તેનો જે વ્યાપાર કરવો તે યંત્રપીડા કહેવાય છે. પશુઓનાં નાક વિંધવાં, ડામ દઇને આંકવા, મુષ્કચ્છેદ ( ખાસી કરવા ), પૃષ્ઠ ભાગને ગાળવો અને કાન વિગેરે અંગ વિંધવાં તે નીર્લાંછન કર્મ કહેવાય છે. દ્રવ્યને માટે મેના, પોપટ માર્જાર, કુતરા, કુકડા અને મોર વિગેરે પક્ષીને પાળવાં પોષવાં અને દાસીઓનું પોષણ કરવું તે અસતીપોષણ કહેવાય છે. વ્યસનથી અથવા પુણ્યબુદ્ધિથી એમ બે પ્રકારે દાવાનળનું આપવું તે દવદાન કહેવાય છે. અને સરોવર,



નદી તથા દ્રહો વિગેરેના જળને શોષી લેવાના ઉપાય કરવા તે સરઃશોષ કહેવાય છે. આ પ્રમાણે પંદર કર્માદાન સમજવાં અને તેનો ત્યાગ કરવો. સંયુકત અધિકરણતા, ઉપભોગ અતિરિકતતા, અતિ વાચાલતા, કૌકુચી અને કંદર્પચેષ્ટા-એ પાંચ અનર્થદંડવિરમણ નામના આઠમા વ્રતના અતિચાર છે. મન, વચન અને કાયાથી દુષ્ટ પ્રણિધાન, અનાદર અને સ્મૃતિનું અનુપસ્થાપન-એ પાંચ સામાયિક વ્રતના અતિચાર છે. પ્રેષ્ય પ્રયોગ, આનયન પ્રયોગ, પુદ્‌ગલનો પ્રક્ષેપ, શબ્દાનુપાત અને રૂપાનુપાત એ પાંચ દેશાવકાશિક વ્રતના અતિચાર છે. સંથારાદિ બરાબર જોયા વિના કે પ્રમાર્જ્યા વિના મૂકવાં ને લેવાં, અનાદર અને સ્મૃતિનું અનુપસ્થાન-એ પાંચ પૌષધ વ્રતના અતિચાર છે. સચિત્તની ઉપર મૂકી દેવું, સચિતવડે ઢાંકવું, કાળનું ઉલ્લંઘન કરી આમંત્રણ કરવા જવું, મત્સર રાખવો અને વ્યપદેશ કરવો એ પાંચ ચોથા અતિથિસંવિભાગ નામના શિક્ષાવ્રતના અતિચાર છે. આ પ્રમાણેના અતિચારોએ રહિત એવા વ્રતને પાળનારો શ્રાવક પણ શુદ્ધાત્મા થઇ અનુક્રમે ભવબંધનથી મુકત થઇ જાય છે.

## ૩૯

# આયુષ્યને અંતે નંદનમુનિની આરધના

[ પર્વ ૧૦મું, સર્ગ ૧લો, પાન ૧૩–૧૫ ]

" કાળ અને વિનય વિગેરે જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર કહેલો છે, તેમાં મને જો કોઇ પણ અતિચાર લાગ્યો હોય તો તેને મન વચન કાયાથી હું નિંદું છું. નિઃશંકિત વિગેરે જે આઠ પ્રકારનો દર્શનાચાર કહ્યો છે, તેમાં જો કોઈ પણ અતિચાર થયો હોય તો તેને હું મન વચન કાયાએ કરી વોસિરાવું છું. લોભથી કે મોહથી મેં પ્રાણીઓની સૂક્ષ્મ કે બાદર જે હિંસા કરી હોય તેને મન વચન કાયાથી વોસિરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ અને લોભ વિગેરેથી મેં જે મૃષા ભાષણ કર્યું હોય તે સર્વ નિંદું છું અને તેનું પ્રાયશ્ચિત આચરૂં છું. રાગ દ્વેષથી થોડું કે ઘણું જે કાંઇ અદત્ત–પરદ્રવ્ય લીધું હોય તે સર્વને વોસિરાવું છું. પૂર્વ મેં તિર્યંચ સંબંધી, મનુષ્ય સંબંધી કે દેવ સંબંધી મૈથુન મનથી, વચનથી કે કાયાથી સેવ્યું હોય તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું, લોભના દોષથી ધન ધાન્ય અને પશુ વિગેરે બહુ પ્રકારનો પરિગ્રહ મેં પૂર્વે ધારણ કર્યો હોય તેને મન, વચન કાયાથી વોસિરાવું છું. પુત્ર, સ્ત્રી, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ અને બીજા જે કોઇ પદાર્થમાં મને મમતા રહેલી હોય તે સર્વને હું વોસિરાવું છું. ઇંદ્રિયોથી પરાભવ પામીને મેં રાત્રે ચતુર્વિધ આહાર કર્યો હોય તેને પણ હું મન, વચન અને કાયાથી નિંદું છું. ક્રોધ. રાગ, દ્વેષ, કલહ, પિશુનતા, ( ચાડી ખાવી ) પરનિંદા, અભ્યાખ્યાન ( અછતું આળ દેવું ) અને બીજું જે કાંઇ ચારિત્રાચાર વિષે દુષ્ટ આચરણ કર્યું



હોય તેને હું મન વચન કાયાથી વોસિરાવું છું. બાહ્ય કે અભ્યંતર તપસ્યા કરતાં મને મન, વચન કાયાથી જે અતિચાર લાગ્યો હોય તેને હું મન વચન કાયાએ નિંદું છું. ધર્મના અનુષ્ઠાનમાં મેં જે કાંઇ વીર્ય ગોપવ્યું હોય તે વીર્યાચારના અતિચારને પણ હું મન વચન કાયાએ કરી નીંદું છું. મેં કોઇને માર્યો હોય, દુષ્ટ વચન કહ્યાં હોય, કોઇનું કાંઇ હરી લીધું હોય અથવા કાંઇ અપરાધ કર્યો હોય તો તે સર્વે મારાપર ક્ષમા કરજો. જે કોઈ મારા મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન હોય તે સર્વ મને ક્ષમા કરજો. હું હવે સર્વેમાં સામાન બુદ્ધિવાળો છું. તિર્યંચપણામાં જે તિર્યંચો, નારકીપણામાં જે નારકીઓ, દેવપણામાં જે દેવતાઓ અને મનુષ્યપણામાં જે મનુષ્યોને મેં દુઃખી કર્યા હોય તેઓ સર્વ મને ક્ષમા કરજો, હું તેમને ખમાવું છું અને હવે મારે તે સર્વની સાથે મૈત્રી છે. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિયસમાગમ–એ સર્વે વાયુએ નચાવેલા સમુદ્રના તરંગની જેવા ચપળ છે. વ્યાધિ, જન્મ, જરા, અને મૃત્યુથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને શ્રી જિનોદિત ધર્મ વિના આ સંસારમાં બીજું કોઇ શરણુ નથી. સર્વે જીવો સ્વજન પણ થયેલા છે અને પરજન પણ થયેલા છે. તો તેમાં કોણ કિંચિત્ પણ પ્રતિબંધ કરે ? પ્રાણી એકલોજ જન્મે છે, એકલોજ મૃત્યુ પામે છે, એકલોજ સુખને અનુભવે છે અને એકલોજ દુઃખને અનુભવે છે. પ્રથમ તો આત્માથી આ શરીર અન્ય છે. ધન ધાન્યાદિક પણ અન્ય છે, બંધુઓ પણ અન્ય છે, અને તે દેહ, ધન ધાન્ય તથા બંધુઓથી આ જીવ અન્ય ( જુદો ) છે, છતાં તેમાં મૂર્ખજન વૃથા મોહ રાખે છે. ચરબી, રૂધિર, માંસ, અસ્થિ, ગ્રંથી, વિષ્ઠા અને મૂત્રથી પૂરાયેલા આ અશુચિના સ્થાનરૂપ શરીરમાં કયો બુદ્ધિમાન્ પુરૂષ મોહ રાખે ? આ શરીર ભાડે રાખેલા ઘરને જેમ છેવટ અવશ્ય છોડી દેવાનું છે; અર્થાત્ તેનું

ગમે તેટલું લાલન પાલન કર્યું હોય તોપણ તે નાશવંત છે. ધીર કે કાયર સર્વ પ્રાણીએ અવશ્ય મરવાનું તો છેજ, પરંતુ બુદ્ધિમાન્ પુરૂષે એવી રીતે મરવું કે જેથી પુનઃ મરવું પડે નહીં. મારે અર્હંત પ્રભુનું શરણુ હજો, સિદ્ધ ભગવંતનું શરણુ હજો, સાધુઓનું શરણુ હજો અને કેવળી ભગવંતે કહેલા ધર્મનું શરણુ હજો. મારે માતા શ્રી જિનધર્મ, પિતા ગુરૂ, સહોદર સાધુઓ અને સ્વધર્મી મારા બંધુઓ છે. તે શિવાય આ જગતમાં સર્વ જાળવત્ છે. શ્રી ઋષભદેવ વિગેરે આ ચોવીશીમાં થઇ ગયેલા તીર્થંકરોને અને બીજા ભરત, ઐરવત તથા મહાવિદેહ ક્ષેત્રના અર્હંતોને હું નમું છું. તીર્થંકરોને કરેલો નમસ્કાર પ્રાણીઓને સંસારના છેદને અર્થે અને બોધિના લાભને માટે થાય છે. હું સિદ્ધભગવંતોને નમસ્કાર કરૂં છું કે જેઓએ ધ્યાનરૂપ અગ્નિથી હજારો ભવના કર્મરૂપ કાષ્ઠોને બાળી નાખ્યા છે. પંચવિધ આચારને પાળનારા આચાર્યોને હું નમસ્કાર કરૂં છું જેઓ સદા ભવચ્છેદમાં ઉદ્યત થઇ પ્રવચનને (જૈનશાસન) ધારણ કરે છે, જેઓ સર્વ શ્રુતને ધારણ કરે છે અને શિષ્યોને ભણાવે છે, તે મહાત્મા ઉપાધ્યાયોને હું નમસ્કાર કરૂં છું. જે લાખો ભવમાં બાંધેલા પાપનો ક્ષણવારમાં નાશ કરે છે, એવા શીલવ્રતધારી સાધુઓને હું નમસ્કાર કરૂં છું. સાવદ્ય યોગ તથા બાહ્ય અને અભ્યંતર ઉપાધિને હું યાવજ્જીવ મન વચન કાયાથી વોસિરાવું છું. હું યાવજ્જીવ ચતુર્વિધ આહારનો ત્યાગ કરૂં છું, અને ચરમ ઉચ્છ્વાસ સમયે દેહને પણ વોસિરાવું છું"

# ૪૦

## જીર્ણ શ્રેષ્ઠીનું વૃતાંત

(પર્વ ૧૦મું, સર્ગ ૪થો, પાન ૭૫-૭૬)

વિશાળાપુરીમાં જિનદત્ત નામે એક પરમ શ્રાવક રહેતો હતો. તે દયાળુ હતો અને વૈભવના ક્ષયથી 'જીર્ણશ્રેષ્ઠિ' એવા નામથી પ્રખ્યાત થયો હતો. અન્યદા ઉદ્યાનમાં ગયો હતો, ત્યાં બળદેવના મંદિરમાં તેણે પ્રતિમાએ રહેલા પ્રભુને જોયા. તે વખતે 'આ છદ્મસ્થપણે રહેલા ચરમ તીર્થંકર છે' એવા નિશ્ચયથી તેણે ભક્તિ સાથે પ્રભુને વંદના કરી. પછી પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે-'આ પ્રભુ આજે ઉપવાસ કરી પ્રતિમા ધરી રહ્યા જણાય છે. તે જો આવતી કાલે મારે ઘેર પારણું કરે તો ઘણું સારૂં થાય.' આવી આશા ધરીને તેણે ચાર માસ સુધી હંમેશાં પ્રભુની સેવા કરી, છેલ્લે દિવસે પ્રભુને આમંત્રણ કરીને તે પોતાને ઘેર ગયો, અને પોતાને નિમિત્તે શ્રેષ્ટ મનવાળા તેણે પ્રથમથી મેળવેલાં પ્રાસુક અને એષણીય ભોજન તૈયાર કરી રાખ્યાં, પછી તે જિનદત્ત શ્રેષ્ટિ પ્રભુના માર્ગ તરફ દૃષ્ટિ રાખી આંગણામાં ઉભો રહીને ચિંતવવા લાગ્યો કે-"આ ભોજન હું પ્રભુને વહોરાવીશ. હું કેવો ધન્ય કે જેને ઘેર અર્હંત પ્રભુ પોતાની મેળે આવશે અને સંસારસાગરથી તારનારૂં પારણું કરશે. જ્યારે પ્રભુ આવશે ત્યારે હું તેમની સન્મુખ જઈશ અને ત્રણ પ્રદક્ષિણા કરી તેમના ચરણકમળમાં વંદના કરીશ. અહો! આ મારો જન્મ હવે પુનર્જન્મને માટે નહીં થાય; કેમકે પ્રભુનું દર્શન પણ મોક્ષને માટે થાય છે તો પારણાની તો વાતજ શી કરવી?" આ પ્રમાણે જીર્ણશ્રેષ્ટિ ચિંતવન

કરતા હતા તેવામાં તો પ્રભુ ત્યાંના નવીન શેઠને ઘેર પધાર્યા. તે નવીન શેઠ મિથ્યાદૃષ્ટિ હતો, તેથી લક્ષ્મીના મદથી ઉંચી ગ્રીવા રાખીને તેણે દાસીને આજ્ઞા કરી કે, ભદ્રે ! આ ભિક્ષુકને ભિક્ષા આપીને સત્વર વિદાય કર.' તે હાથમાં કાષ્ટનું ભાજન લઇ તેમાં કુલ્માષ ધાન્યને ( અડદના બાકળા ) લઇને આવી, અને પ્રભુએ પ્રસારેલા કરપાત્રમાં તે વહોરાવ્યા, તત્કાળ દેવતાઓએ આકાશમાં દુંદુભિનો નાદ કર્યો, ચેલોત્ક્ષેપ ( વસ્ત્રની વૃષ્ટિ ) કર્યો, વસુધારા ( દ્રવ્યની વૃષ્ટિ ) કરી તથા પુષ્પની અને સુગંધી જળની વૃષ્ટિ કરી. લોકો ભેગા થઇને તે અભિનવ શ્રેષ્ટિને પૂછવા લાગ્યા, એટલે તેણે કહ્યું કે – 'મેં પોતે પ્રભુને પાયસાન્નવડે પારણું કરાવ્યું.' 'અહો દાન, અહો દાન' એવો દેવતાનો ધ્વનિ સાંભળી લોકો અને રાજા તે નવીન શ્રેષ્ટિની વારંવાર સ્તુતિ કરવા લાગ્યા. અહિં જીર્ણશ્રેષ્ટિ તો પ્રભુના આગમન સંબંધી વિચાર કરતો તેમજ ઉભો હતો, તેવામાં દેવતાઓના દુંદુભિનો ધ્વનિ સાંભળીને તે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે, 'અહો ! મારા જેવા મંદભાગ્યવાળાને ધિક્કાર છે, મારો મનોરથ વૃથા થયો, કેમકે પ્રભુએ મારૂં ઘર મૂકીને બીજાને ઘેર પારણું કર્યું.

ત્યાં પારણું કર્યા પછી પ્રભુએ તો અન્યત્ર વિહાર કર્યો. તે ઉદ્યાનમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતના એક કેવળી શિષ્ય પધાર્યા. એટલે રાજાએ અને લોકોએ તેમની પાસે આવીને પૂછ્યું કે, 'હે ભગવન્ ! આ નગરીમાં મોટા પુણ્યના સમૂહને ઉપાર્જન કરનાર કોણ છે ?' કેવળી બોલ્યા કે, 'જીર્ણશ્રેષ્ટિ સર્વથી અધિક પુન્યવાન્ છે.' લોકો બોલ્યા કે, જીર્ણશ્રેષ્ટિ મોટા પૂણ્યને ઉપાર્જન કરનાર શી રીતે છે ? કારણકે તેણે કાંઇ પ્રભુને પારણું કરાવ્યું નથી, તે કાર્ય કરનાર તો આ નવીન શ્રેષ્ઠી છે. વળી વસુધારા વિગેરે પણ આ નવીન શ્રેષ્ઠીને ઘેર થયેલ છે, તો આ નવીન શ્રેષ્ઠી મહાપુણ્યના



ઉપાર્જન કરનાર કેમ નહીં ? કેવળી બોલ્યા કે, 'ભાવથી તો તે જીર્ણશ્રેષ્ઠી જિનદત્તે અર્હંત પ્રભુને પારણું કરાવ્યું છે. વળી તેણે તેવા ભાવથી અચ્યુત દેવલોકમાં જન્મ ઉપાર્જન કરીને સંસારને તોડી નાંખ્યો છે. જો તેવા ઉજ્વળ ભાવવાળા તેણે તે વખતે દુંદુભિનો ધ્વનિ સાંભળ્યો ન હોત તો ધ્યાનાંતરમાં પ્રાપ્ત થયેલ તે ઉજ્વળ કેવળજ્ઞાનને પામત. આ નવીન શ્રેષ્ટિ શુદ્ધ ભાવથી રહિત છે, તેથી તેણે અર્હંતના પારણાનું માત્ર એ વસુધારા રૂપ આ લોક સંબંધીજ ફળ પ્રાપ્ત કર્યું છે.' આ પ્રમાણે ભકિતપૂર્વક અને ભકિતરહિત અર્હંતના પારણાનું ફળ સાંભળી સર્વ લોકો વિસ્મય પામતા પોતપોતાને સ્થાનકે ગયા.

# ૪૧

## શ્રી મહાવીર સ્વામીની દેશના

[ પર્વ ૧૦મું, સર્ગ ૫મો, પાન ૯૩–૯૪ ]

"અહો ! આ સંસાર સમુદ્રની જેવો દારૂણ છે, અને તેનુ કારણ વૃક્ષના બીજની જેમ કર્મ જ છે. પોતાના જ કરેલા કર્મથી વિવેક રહિત થયેલો પ્રાણી કુવો ખોદનારની જેમ અધોગતિને પામે છે અને શુદ્ધ હૃદયવાળા પુરૂષ પોતાના જ કર્મથી મહેલ બાંધનારની જેમ ઉર્દ્ધગતિને પામે છે. કર્મના બંધનું કારણ એવી પ્રાણીની હિંસા કદિ પણ કરવી નહીં. હમેશાં પોતાના પ્રાણની જેમ બીજાના પ્રાણની રક્ષામાં તત્પર રહેવું. આત્મપીડાની જેમ પરજીવની પીડાને પરિહરવાને ઇચ્છતા પ્રાણીએ અસત્ય નહિ બોલતાં સત્યજ બોલવું. માણસના બહિઃપ્રાણ લેવા જેવું અદત્ત દ્રવ્ય કદિ પણ લેવું નહીં, કારણ કે તેનું દ્રવ્ય હરવાથી તેનો વધ કરેલોજ કહેવાય છે. ઘણા જીવોનું ઉપમર્દન કરનારૂં મૈથુન કદિ પણ સેવવું નહીં. પ્રાજ્ઞ પુરૂષે પરબ્રહ્મ (મોક્ષ) ને આપનારૂં બ્રહ્મચર્યજ ધારણ કરવું. પરિગ્રહ ધારણ કરવો નહીં. ઘણા પરિગ્રહને લીધે અધિક ભારથી બળદની જેમ પ્રાણી વિધુર થઇને અધોગતિમાં પડે છે. આ પ્રાણાતિપાત વિગેરેના બે ભેદ છે. તેમાંથી સૂક્ષ્મને જો છોડી શકાય નહીં તો પછી સૂક્ષ્મના ત્યાગમાં અનુરાગી થઇ બાદરનો ત્યાગ તો જરૂર કરવો."

# ૪૨

## નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી

[ પર્વ ૧૦મું, સર્ગ ૭મો, પાન ૧૨૮–૧૩૦ ]

કુશાગ્ર નગરમાં એક વિદ્યાસિદ્ધ માતંગપતિ રહેતો હતો. તેની પત્નીને એકદા આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો; તેથી તેણીએ પતિને કહ્યુ કે–' હે નાથ ! મને આમ્રફળ લાવી આપીને મારા દોહદને પૂરો.' તે બોલ્યો–' અરે મૂઢ સ્રી ! આજે અકાળે આમ્રફળ ક્યાંથી હોય ?' સ્રીએ કહ્યું. ' નાથ ! આજે ચેલ્લણારાણીના ઉદ્યાનમાં આમ્રવૃક્ષો પ્રફુલ્લિત છે.' તે સાંભળી માતંગપતિ ચેલ્લણાના ઉદ્યાનની સમીપે આવ્યો. ત્યાં આમ્રવૃક્ષો સદા ફળિત પણ ઘણા ઉંચા જોવામાં આવ્યા. પછી રાત્રે આવી નક્ષત્રોને જોષી જુએ તેમ તે ભૂમિપર રહી પાકેલા આમ્રફળો જોવા લાગ્યો. ક્ષણ માત્રમાં તે વિદ્યાસિદ્ધ ચાંડાળે અવનામિની વિદ્યાથી આમ્રશાખાને નમાવી અને સ્વેચ્છાથી આમ્રફળો તોડીને ગ્રહણ કર્યાં. પ્રાતઃકાળે રાણી ચેલ્લણાએ તોડેલાં આમ્રફળવાળી તે વાટિકા ભ્રષ્ટ ચિત્રોવાળી ચિત્રશાળાની જેમ અપ્રીતિ આપતી જોઈ. રાણીએ તે વાર્ત્તા રાજાને કહી. રાજાએ અભયને બોલાવીને આજ્ઞા કરી કે, જેના પગનો સંચાર જોવામાં આવતો નથી એવા આ આમ્રફળના ચોરને શોધી લાવ. હે વત્સ ! જે ચોરની આવી અતિશય અમાનુષી શકિત છે, તે કોઇ વાર અંતઃપુરમાં પણ પ્રવેશ કરી શકે.' અભયકુમાર બોલ્યો–' હે દેવ ! હું થોડા કાળમાં જેમ તેને બતાવવાનો જામીન હોઉં તેમ એ ચોરને પકડી લાવી તમને સોંપીશ.' આવી પ્રતિજ્ઞા કરીને અભયકુમાર તે દિવસથી તે ચોરને શોધવાની ઈચ્છાએ આખા નગરમાં રાત્રી દિવસ ભમવા લાગ્યો.

એક વખતે બુદ્ધિમાન અભયકુમાર નગરમાં ફરતો ફરતો કોઇ ઠેકાણે નગરજનો સંગીત ( નાટક ) કરાવતા હતા ત્યાં ગયો. નગરજનોએ આસન આપ્યું, તે પર બેસી અભયકુમાર બોલ્યો—" હે નગરજનો ! જ્યાંસુધી સંગીત કરનારા નટો આવ્યા નથી, ત્યાં સુધીમાં એક કથા હું કહું તે સાંભળો—વસંતપુર નગરમાં જીર્ણશ્રેષ્ઠી નામે એક અતિ નિર્ધન શેઠ રહેતો હતો. તેને એક કન્યા હતી, તે વરને લાયક મોટી ઉંમરની થઇ હતી. ઉત્તમ વર પામવાને માટે કામદેવની પૂજા કરવા સારૂ એ બાળા કોઈ ઉદ્યાનમાંથી પ્રતિદિન ચોરી કરીને પુષ્પો ચુંટી લાવતી હતી. એક વખતે ' હું આ પુષ્પના ચોરને પકડું ' એવું ધારી તે ઉદ્યાનપાલક શિકારીની જેમ સ્થિરપણે ત્યાં સંતાઇ રહ્યો. તે બાળા પૂર્વની જેમ વિશ્વાસથી છાની રીતે પુષ્પો ચુંટવા લાગી. તેને અતિ રૂપવંતી જોઇ ઉદ્યાનપાલક કામાતુર થઇ ગયો. તેથી તત્કાળ પ્રગટ થઇ તેને ધ્રૂજતા ધ્રૂજતા પકડી લીધી. સદ્ય પુષ્પની ચોરીનો કોપ ભૂલી જઇ તે બોલ્યો કે, " હે ઉત્તમ વર્ણવાળી ! હું તારી સાથે રતિક્રીડાની ઇચ્છા કરૂં છું, માટે મારી સાથે ક્રીડા કર. તે સિવાય હું તને છોડીશ નહીં. મેં તને પુષ્પોથીજ ખરીદ કરેલી છે. " તે બોલી ' અરે માળી ! મને તું કરથી સ્પર્શ કરીશ નહીં, હું કુમારી છું, તેથી અદ્યાપિ પુરૂષના સ્પર્શને યોગ્ય નથી. ' આરામિક બોલ્યો કે, ' તેમ છે તો હે બાળા ! તું કબુલ કર કે, તારે પરણ્યા પછી આ શરીરને પ્રથમ મારા સંભોગનું પાત્ર કરવું. ' તેણીએ તેમ કરવાનું કબુલ કર્યું; એટલે ઉદ્યાનપાળે તેને છોડી મૂકી. તે પણ પોતાનું કૌમાર વય અક્ષત રાખીને પોતાને ઘેર આવી. અન્યદા કોઇ ઉત્તમ પતિની સાથે પરણી. પછી જ્યારે રાત્રે વાસગૃહમાં ગઇ ત્યારે તેણે પતિને કહ્યું કે હે આર્યપુત્ર ! મેં એક માળીની પાસે પ્રતિજ્ઞા કરી છે કે, પરણ્યા પછી મારે પ્રથમ તેની સાથે સંગ કરવો.



તેની સાથે વચનથી બંધાઇ ગઇ છું, માટે મને આજ્ઞા આપો તો હું તેની પાસે જઇ આવું. એકવાર તેની પાસે ગયા પછી તો હું કાયમને માટે તમારે આધીનજ રહીશ. " તેનાં આવાં વચનો સાંભળીને ' અહો ! આ બાળા કેવી શુદ્ધ હૃદયવાળી અને પ્રતિજ્ઞા પાળનારી છે ' એવા વિસ્મયથી તેના પતિએ તેને જવાની આજ્ઞા આપી; એટલે તે સદ્ય વાસગૃહમાંથી બહાર નીકળી.

વિચિત્ર રત્નાભરણોને ધારણ કરતી તે સત્યવચની બાળા માર્ગે ચાલી જતી હતી, તેવામાં કેટલાએક ધનને ઇચ્છનારા પાપી ચોરોએ તેને રોકી. તેઓની પાસે તેણે પેલા માળીની કથા કહી બતાવી અને બોલી કે—' હે ભાઇઓ ! હું જ્યારે પાછી વળું ત્યારે તમે ખુશીથી મારાં આભૂષણો લઇ લેજો. ' તેણીના સ્વભાવ ઉપરથી તેને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણી ' આપણે પાછી વળતાં તેને લુંટીશું ' એમ નિશ્ચય કરી તેઓએ છોડી મૂકી. આગળ જતાં ક્ષુધાથી કૃશ ઉદરવાળા અને મનુષ્ય રૂપ મૃગના વૈરી એવા એક રાક્ષસે તે મૃગાક્ષીને રૂંધી. તેણીએ પાછા વળતી વખત ભક્ષણ કરવા માગણી કરી. તેણીનો સત્ય સ્વભાવ જાણી તે વિસ્મય પામી ગયો, અને ' પાછી વળતાં તેનું ભક્ષણ કરીશ ' એવી આશાથી તેને છોડી મૂકી. પછી તે યુવતિ પેલા ઉદ્યાનમાં આવી અને ઉદ્યાનપાલકને જગાડીને કહ્યું કે, ' હું પેલી પુષ્પને ચોરનારી કન્યા છું કે જે નવોઢા થઇને મારા વચન પ્રમાણે તમારી પાસે આવી છું. ' તે સાંભળી ' અહો ! આ ખરેખરી સત્ય પ્રતિજ્ઞાવાળી મહાસતિ છે ' એવું જાણી તેને માતાની જેમ નમીને માળીએ રજા આપી. ત્યાંથી પાછી ફરતાં જ્યાં રાક્ષસ હતો ત્યાં તે આવી અને માળી સાથે જે બન્યું હતું તે યથાર્થ રીતે રાક્ષસને કહી સંભળાવ્યું. તે સાંભળી ' શું હું માળીથી પણ હીણો છું ? ' એમ વિચારી તેણે સ્વામિનીની જેમ પ્રણામ કરીને તેને છોડી દીધી. પછી પેલા ચોરોની

આગળ આવીને બોલી કે, ‘ હે ભાઇઓ ! તમે મારૂં સર્વસ્વ લુંટી લ્યો, હું હાજર થઇ છું. ’ પછી જેમ માળીએ અને રાક્ષસે તેને છોડી મૂકી તે બધું વૃત્તાંત કહ્યું, એટલે તેઓ બોલ્યા કે, ‘ એ માળી અને રાક્ષસથી અમે કાંઇ હીણા નથી, માટે હે ભદ્રે ! તું ચાલી જા, તું તો અમારે વંદન કરવા યોગ્ય બ્હેન છો. ’ આ પ્રમાણે સૌએ છોડી મુકવાથી તે નિર્વિઘ્ને ઘેર આવી. એ ઉત્તમ બાળાએ ચોર, રાક્ષસ અને માળીની કથા પોતાના પતિ આગળ યથાર્થ રીતે કહી. તે સાંભળી હર્ષ પામેલા પતિએ તેની સાથે બધી રાત્રિ ભોગસુખમાં વ્યતિક્રમાવી અને પ્રાતઃકાળે તેને પોતાના સર્વસ્વની સ્વામિની કરી. ”

અભયકુમાર આ પ્રમાણે કથા કહીને બોલ્યો કે–‘ હે લોકો ! વિચાર કરીને બોલો કે, આ સર્વેમાં દુષ્કર કાર્ય કરનાર કોણ છે ? તેણીનો પતિ, ચોરો, રાક્ષસ કે માળી ? તે જણાવો. ’ પછી તે લોકોમાં જેઓ સ્ત્રીના ઇર્ષ્યાળુ હતા, તેઓ બોલી ઉઠયા કે, “સર્વમાં તેનો પતિ દુષ્કર કરનાર છે, કે જેણે પોતાની અનંગલગ્ન નવોઢાને બીજા પુરૂષને માટે મોકલી દીધી. ” ક્ષુધાતુર લોકો બોલી ઉઠયા કે “ સર્વથી દુષ્કર કાર્ય કરનાર તો રાક્ષસ છે કે જેણે ક્ષુધાતુર છતાં પ્રાપ્ત થયેલી તે બાળાને છોડી દીધી. ” જાર પુરૂષો બોલ્યા કે–“ સર્વમાં માળી દુષ્કર કાર્ય કરનાર છે કે જેણે રાત્રે સ્વયમેવ આવેલી યુવાન રમણીને ભોગવી નહીં. ” છેવટે પેલો ચોર ત્યાં ઉભો હતો તે બોલ્યો કે–“ સર્વથી પેલા ચોર દુષ્કર કાર્ય કરનારા છે કે જેઓએ સુવર્ણથી ભરેલી એવી તે બાળાને લુંટયા વગર છોડી દીધી. ” પછી અભયકુમારે તેને ચોર જાણીને પકડી લીધો અને પૂછ્યું કે, ‘ તેં આમ્રફળની ચોરી શી રીતે કરી ? ’ ચોરે કહ્યું કે ‘ વિદ્યાના બળથી. ’ અભયકુમારે સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યું અને ચોરને લાવીને સોંપ્યો. શ્રેણિકે કહ્યું કે, ‘ કોઇ



બીજો ચોર હોય તોપણ તેની ઉપેક્ષા થતી નથી, તો આ ચોર તો શકિતમાન્ છે, માટે તેનો તો નિઃસંદેહ નિગ્રહ કરવો. ’ અભયકુમારે નિષ્કપટપણે વિજ્ઞપ્તિ કરી કે ‘ હે દેવ ! આની પાસેથી વિદ્યા મેળવીને પછી જે યુક્ત હોય તે કરજો. પછી મગધપતિ શ્રેણિક રાજાએ તે માતંગપતિને પોતાની સામે બેસાડી તેના મુખથી વિદ્યા ભણવી શરૂ કરી; પરંતુ પોતે સિંહાસનપર બેસીને વિદ્યા ભણતા હોવાથી ગુરૂના અબહુમાનને લીધે ઉંચા સ્થળપર જળની જેમ રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઇ શકી નહીં, એટલે રાજગૃહપતિ શ્રેણિકે તે ચોરને તિરસ્કારપૂર્વક કહ્યું કે, ‘ તારામાં કાંઇ પણ કુડ છે કે જેથી તારી કહેલી વિદ્યા મારા હૃદયમાં સંક્રમિત થતી નથી. ’ તે સમયે અભયકુમારે કહ્યું કે “ હે દેવ ! અત્યારે એ તમારો વિદ્યાગુરૂ છે અને જેઓ ગુરૂનો વિનય કરે તેઓનેજ વિદ્યા સ્ફુરે છે, અન્યથા સ્ફુરતી નથી. તેથી આ માતંગપતિને તમારા સિંહાસનપર બેસાડો અને તમે અંજળિ જોડીને તેની સામે પૃથ્વીપર બેસો, એટલે વિદ્યા આવડશે. ’ વિદ્યાના અર્થી રાજાએ તે પ્રમાણે કર્યું. કારણકે ‘ નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી ’ એ પ્રખ્યાત નીતિ છે. પછી રાજાએ તેના મુખથી ઉન્નામિની અને અવનામિની એમ બે વિદ્યા સાંભળી, એટલે દર્પણમાં પ્રતિબિંબની જેમ તે તરતજ રાજાના હૃદયમાં વસી ગઈ. પછી અભયે અંજલિ જોડવા પૂર્વક રાજાને વિનવીને વિદ્યાગુરૂપણાને પામેલા તે ચોરને છોડાવી મૂકયો.

# ૪૩

## યાસાસાસાનું વૃતાંત્ત

[ પર્વ ૧૦મું; સર્ગ ૮મો, પાન ૧૫૨–૧૫૪ ]

કોઇ એક ધનુષ્યધારી પુરૂષ મહાવીર સ્વામી પ્રભુની પાસે આવ્યો અને નજીક ઉભો રહીને પ્રભુને મનવડેજ પોતાનો સંશય પૂછયો. પ્રભુ બોલ્યા–' અરે ભદ્ર ! તારો સંશય વચનદ્વારા કહી બતાવ કે જેથી આ બીજા ભવ્ય પ્રાણીઓ પણ પ્રતિબોધ પામે. ' પ્રભુએ આ પ્રમાણે કહ્યું, તોપણ તે લજ્જાવશ થઇ સ્પષ્ટ બોલવાને અસમર્થ થયો, તેથી તે થોડા અક્ષરમાં બોલ્યો કે, 'હે સ્વામી ! યાસા, સાસા' પ્રભુએ પણ ટુંકાજ અક્ષરમાં તેને 'એવમેવ' એવો ઉત્તર આપ્યો. તે સાંભળી ગૌતમસ્વામીએ પૂછયું કે, 'હે ભગવંત ! 'યાસા, સાસા' એ વચનનો શો અર્થ છે ? ' પ્રભુ બોલ્યા કે:—

આ ભરતક્ષેત્રને વિષે ચંપાનગરીમાં પૂર્વે એક સ્રીલંપટ સુવર્ણકાર હતો. તે પૃથ્વીપર ફરતો હતો અને જે જે રૂપવતી કન્યા જોતો તેને પાંચસો પાંચસો સોનૈયા આપીને પરણતો હતો. એવી રીતે અનુક્રમે તે પાંચસો સ્રીઓને પરણ્યો હતો. અને પ્રત્યેક સ્રીને તેણે સર્વ અંગનાં આભૂષણો કરાવી આપ્યાં હતાં. પછી જ્યારે જે સ્રીનો વારો આવે ત્યારે તે સ્રી સ્નાન અંગરાગ વિગેરે કરી સર્વ આભૂષણો પહેરી તેની સાથે ક્રીડા કરવાને સજ્જ થતી હતી. તેના શિવાય બીજી કોઇ પણ સ્રી જો પોતાના વેશમાં કાંઇપણ ફારફેર કરે તો તે તેનો તિરસ્કાર અને તાડન વિગેરે કરતો હતો. પોતાની સ્રીઓપરના અતિ ઇર્ષ્યાળુપણાથી તેમના રક્ષણમાં તત્પર એવો તે સોની નાજરની જેમ કદાપિ પણ ગૃહદ્વારને છોડતો નહોતો. તે



પોતાના સ્વજનોને પોતાને ઘેર કોઇ દિવસ જમાડતો નહોતો. તેમજ સ્રીઓના આવશ્વાસથી પોતે પણ બીજાને ઘેર જમવા જઇ શકતો નહોતો.

એક વખતે તેનો કોઇ પ્રિયમિત્ર જો કે તે ઇચ્છતો ન હતો તોપણ તેને અત્યાગ્રહથી પોતાને ઘેર જમવા લઇ ગયો, કેમકે એ મૈત્રીનું આદ્ય લક્ષણ છે. સોનીના જવાથી તેની સર્વ સ્રીઓએ ચિંતવ્યું કે, " આપણા ઘરને, આપણા યૌવનને અને આપણા જીવિતને પણ ધિક્કાર છે કે જેથી આપણે અહિં કારાગૃહની જેમ બંદીવાન્ થઇને રહીએ છીએ. આપણો પાપી પતિ યમદૂતની જેમ કદિપણ દ્વારને છોડતો નથી, પરંતુ આજે તે કાંઇક ગયો છે એટલું સારૂં થયું છે, માટે ચાલો, આજે તો આપણે ક્ષણવાર સ્વેચ્છાએ વર્તિએ. " આવો વિચાર કરીને સર્વ સ્રીઓએ સ્નાન કરી, અંગરાગ લગાવી ઉત્તમ પુષ્પમાળાદિ ધારણ કરી, સુશોભિત વેષ ધારણ કર્યો. પછી જેવામાં તે સર્વ હાથમાં દર્પણ લઈ પોતપોતાનું રૂપ તેમાં જોતી હતી, તેવામાં તે સોની આવ્યો અને તે જોઇને અત્યંત ક્રોધ પામ્યો; તેથી તેઓમાંથી એક સ્રીને પકડીને તેણે એવી મારી કે, જેથી હાથીના પગ નીચે ચંપાયેલી કમલિનીની જેમ તે મૃત્યુ પામી ગઈ. તે જોઇ બીજી સ્રીઓએ વિચાર કર્યો કે, ' આવી રીતે આપણને પણ આ દુષ્ટ મારી નાંખશે, માટે આપણે એકઠી થઇને તેનેજ મારી નાંખીએ. આવા પાપી પતિને જીવતો રાખવાથી શું ફાયદો છે? ' આવો વિચાર કરીને તે બધીએ નિઃશંક થઇને ચારસોને નવાણું દર્પણો ચક્રની જેમ તેની ઉપર ફેંક્યા, તેથી તત્કાળ તે સોની મૃત્યુ પામી ગયો. પછી સર્વ સ્રીઓ પશ્ચાત્તાપ કરતી સતી ચિતાવત્ ગૃહને બાળી દઇ તેની અંદર રહી પોતે પણ બળીને મૃત્યુ પામી. પશ્ચાત્તાપના યોગે અકામ નિર્જરા થવાથી તે ચારસો ને નવાણું સ્રીઓ મરણ પામીને પુરૂષપણે ઉત્પન્ન થઇ.

દુર્દૈવયોગે તેઓ બધા એકઠા મળી કોઇ અરણ્યમાં કીલ્લો કરીને રહેતા સતા ચોરી કરવાનો ધંધો કરવા લાગ્યા. પેલો સોની મૃત્યુ પામીને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો. તેની જે એક પત્ની પ્રથમ મરી ગઇ હતી, તે પણ તિર્યંચમાં ઉત્પન્ન થઇ અને પછી બ્રાહ્મણના કુળમાં પુત્રરૂપે થઇ. તેની પાંચ વર્ષની વય થતાં પેલો સોની તેજ બ્રાહ્મણને ઘેર તેની બેનપણે ઉત્પન્ન થયો. માતા-પિતાએ પુત્રીનો પાળક પેલા પુત્રને ઠરાવ્યો. તે પોતાની બેનનું સારી રીતે પાલન કરતો હતો, તથાપિ અતિ દુષ્ટતાથી તે રોયા કરતી હતી. એક વખતે તે દ્વિજપુત્ર તેના ઉદરને પંપાળતાં અચાનક તેના ગુહ્યસ્થાને અડકયો, એટલે તે રોતી બંધ થઇ. તે ઉપરથી તેણે રૂદનને બંધ કરવાનો તે ઉપાય જાણ્યો. પછી જ્યારે તે રૂદન કરે ત્યારે તેના ગુહ્યસ્થાનને સ્પર્શ કરતો હતો, એટલે તે રોતી રહી જતી હતી. એક વખતે તેના માતાપિતાએ તેને તેમ કરતો જોયો એટલે ક્રોધથી તેને મારીને ઘરની બહાર કાઢી મૂકયો. તે કોઈ ગિરિની ગુફામાં ચાલ્યો ગયો. અનુક્રમે જે ભાગમાં પેલા ચારસો ને નવાણું ચોર રહેતા હતા ત્યાં તે જઇ પહોંચ્યો અને તે ચોરોની સાથે તેનો સમાગમ થવાથી તેમની ભેળો ભળી ગયો. અહિં તેની બેન યુવાવસ્થાને પામતાં કુલટા થઇ. તે સ્વેચ્છાથી ફરતી ફરતી એકાદ કોઇ ગામમાં આવી. પેલા ચોરોએ તેજ ગામને લુંટી લીધું અને તે કુલટાને પકડી જઇને એ બધાએ તેને સ્ત્રી તરીકે અંગિકાર કરી. એક વખતે બધા ચોરોએ વિચાર કર્યો કે, ' આ બીચારી એકલી છે, તેથી આપણા બધાની સાથે ભોગવિલાસ કરવાથી જરૂર થોડા સમયમાં તે મૃત્યુ પામી જશે, માટે કોઇ બીજી સ્ત્રીને લાવીએ તો ઠીક.' આવા વિચારથી તેઓ બીજી સ્ત્રીને લાવ્યા, ત્યારે પેલી કુલટા સ્ત્રી ઇર્ષ્યાથી તેનાં છિદ્ર શોધવા લાગી; અને પોતાના વિષયમાં ભાગ પડાવનારી માનવા લાગી. એક વખતે બધા ચોર



કોઇ ઠેકાણે ચોરી કરવાને ગયા, તે વખતે છળ મેળવીને પૂર્વ સ્ત્રી કોઇ બાનું કાઢી તેને કોઇ કુવાની પાસે લઇ ગઇ અને બોલી કે, ' ભદ્રે ! જો આ કુવામાં કાંઇક છે.' તે સરલ સ્ત્રી જોવા ગઈ એટલે તેણીએ ધક્કો મારીને તેને અંદર નાખી દીધી. ચોરોએ આવીને પૂછયું કે; ' પેલી સ્ત્રી કયાં છે ? ' એટલે તે બોલી. ' મને શી માલુમ, તમે તમારી પત્નીને કેમ જાળવતા નથી ? ' ચોરોએ જાણી લીધું કે, ' જરૂર તે બીચારીને આણે ઇર્ષ્યાથી મારી નાખી છે.' પેલા બ્રાહ્મણે વિચાર્યું કે, ' શું આ મારી દુઃશીલા ભગિની હશે ? ' તેવામાં તેણે લોકો પાસેથી સાંભળ્યું કે, ' અહિં સર્વજ્ઞ ભગવાન્ આવેલા છે, ' એટલે તે આંહી આવ્યો, અને પોતાની બેન દુઃશીલા વિષે પૂછવાની લજ્જા થવાથી તેણે પ્રથમ મનથી જ પૂછયું પછી મેં કહ્યું કે ' વાણીથી પૂછ.' એટલે તેણે ' યાસા, સાસા ' એવા અક્ષરોથી ' તે સ્ત્રી શું મારી બહેન છે ? એમ પૂછયું. તેનો અમોએ ' એવં ' એટલો જ ઉત્તર આપીને ' તે તેની બેન છે ' એમ જણાવી દીધું. આ પ્રમાણે રાગદ્વેષાદિકથી મૂઢ થયેલા પ્રાણીઓ આ સંસારમાં ભવોભવ ભમે છે અને વિવિધ દુઃખના પાત્ર થયા કરે છે ”

# ૪૪

## કઠીયારાની દીક્ષા

[ પર્વ ૧૦મું, સર્ગ ૧૧મો, પાન ૨૧૦ ]

એક વખત કોઇ કઠીઆરાએ વિરક્ત થઇને ગણધર શ્રીસુધર્માસ્વામી પાસે રાજગૃહીમાં દીક્ષા લીધી. પછી શહેરમાં ગોચરી વિગેરે કારણસર ફરતાં તેની પૂર્વાવસ્થાને જાણનારા નગરીના લોકો સ્થાને સ્થાને તેનો તિરસ્કાર, મશ્કરી અને નિંદા કરવા લાગ્યા. એવી અવજ્ઞાને સહન નહીં કરી શકવાથી તેણે ત્યાંથી વિહાર કરવા શ્રી સુધર્માસ્વામીને જણાવ્યું. સુધર્માસ્વામીએ વિહાર કરવાનો વિચાર અભયકુમારને જણાવ્યો. અભયકુમારે તેનું કારણ પૂછ્યું. તેના જવાબમાં સુધર્માસ્વામીએ પૂર્વોક્ત કારણ જણાવ્યું. પછી અભયકુમારે એક દિવસ રહેવાની માગણી કરી, એટલે સુધર્માસ્વામી કઠીઆરા મુનિ સાથે ત્યાં રોકાયા.

બીજે દિવસે અભયકુમારે રાજ્યભંડારમાંથી ત્રણ કોટી રત્નો કઢાવી, રસ્તા વચ્ચે તેનો ઢગલો કરાવી પડહ વગડાવીને એવી આઘોષણા કરાવી કે, ' હે લોકો ! અહીં આવો, હું તમને આ ત્રણ કોટી રત્ન આપું. ' તે સાંભળી બેસુમાર લોકો ત્યાં એકઠા થયા. પછી તેણે કહ્યું કે, ' જે પુરૂષ સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે તેનો આ રત્નરાશિ છે. ' ત્યારે તેઓ બોલ્યા કે—સ્વામિન્ ! એવું લોકોત્તર કાર્ય કરવાને કોણ સમર્થ છે ? ' અભયકુમાર બોલ્યો કે—જો તમારામાં કોઈ તેવો ન હોય તો જળ, અગ્નિ અને સ્ત્રીને સર્વથા વર્જનાર આ કાષ્ટહારી ( કઠીઆરા ) મુનિનો આ રત્નરાશિ થાઓ. ' તેઓ બોલ્યા—'અરે ! શું એ સાધુ એવા ત્યાગી અને દાનપાત્ર છે ? અમોએ એમનું વૃથા ઉપહાસ્ય કર્યું. ' પછી અભયકુમારે આજ્ઞા કરી કે—' હવે પછી એ મુનિનો કોઇએ તિરસ્કાર કે હાસ્ય કરવું નહિ. ' લોકો તે વાત સ્વીકારીને પોતપોતાને સ્થાનકે ગયા.

# ૪૫

## કપિલનો લોભ

[ પર્વ ૧૦મું, સર્ગ ૧૧મો, પાન ૨૧૮-૨૨૧ ]

કૌશાંબી નામે નગરી છે, તેમાં સાર્થક નામવાળો જિતશત્રુ નામે રાજા હતો. સર્વ વિદ્યારૂપ સાગરનો પારંગત કાશ્યપ નામે એક બ્રાહ્મણ તેનો પુરોહિત હતો. તેને યશા નામે એક સ્ત્રી હતી. તે વિપ્રદંપતીને કપિલ નામે પુત્ર થયો. કપિલની શિશુવયમાંજ કાશ્યપ મૃત્યુ પામ્યો, તેથી કપિલ અનાથ થઇ ગયો. જિતશત્રુરાજાએ તે બાળક કપિલનો અનાદર કરીને કાશ્યપના પુરોહિતપદે બીજા બ્રાહ્મણને સ્થાપન કર્યો. ' યોગ્યતા વિના આમ્નાય કયાંથી રહે ? છત્રની સંપ્રાપ્તિથી સૂર્યનાં કિરણો જેના શરીરને સ્પર્શ કરતાં નથી એવો તે બ્રાહ્મણ નાચતા તુરંગ ઉપર આરૂઢ થઇને નગરમાં ફરવા લાગ્યો. તેને જોઇને કપિલની માતા પોતાના પતિની સમૃદ્ધિ યાદ કરી રૂદન કરવા લાગી. ' મંદભાગ્યવાળાને દુઃખમાં રૂદન કરવું તે મિત્ર સમાન છે. ' માતાને રૂદન કરતી જોઇ કપિલ પણ ઉંચે સ્વરે રૂદન કરવા લાગ્યો, કારણકે–' દર્પણમાં પ્રતિબિંબની જેમ આપ્તજનમાં શોક સંક્રમિત થાય છે. ' બન્ને નેત્રોથી અશ્રુની બે ધારાવાળું માતાનું મુખ ઉંચું કરીને કપિલ બોલ્યો કે ' હે માતા ! તમે શા માટે રૂઓ છો ? ' માતાએ પેલા પુરોહિતને બતાવીને કહ્યું કે–' વત્સ ! આ બ્રાહ્મણની જેમ તારા પિતા પણ એક વખત તેવીજ સંપત્તિવાળા હતા, તેને સંભારીને હું રૂદન કરૂં છું. જ્યારે તેં તારા ગુણ ઉપાર્જન કર્યા નહીં ત્યારે તારા પિતાની સમૃદ્ધિ આ બ્રાહ્મણને પ્રાપ્ત થઇ. નિર્ગુણી પુત્રો પિતાની સમૃદ્ધિને રાખી શકતા નથી.' તે સાંભળી કપિલ બોલ્યો–

‘ માતા ! હું ગુણનો અર્થી થઇને હવે અભ્યાસ કરૂં ? ’ માતાએ કહ્યું કે, ‘ અહિં તો સર્વે તારા ઈર્ષ્યાળુ લોકો છે; તેથી અહીં તને કોણ ભણાવશે ? તેથી જો તારી એવી વૃત્તિ હોય તો શ્રાવસ્તી નગરીએ જા. ત્યાં ઇંદ્રદત્ત નામે તારા પિતાનો મિત્ર રહે છે. હે વહાલા પુત્ર ! એ સર્વ શાસ્ત્રવેત્તા બ્રાહ્મણ વિદ્યાને અર્થે આવેલા તને પુત્રસમાન જાણી પિતાવત્ પ્રસન્ન થઇને કળાપૂર્ણ કરશે. ’ પછી કપિલ ઇંદ્રદત્તની પાસે ગયો અને વિજ્ઞપ્તિ કરી કે, ‘ મને શાસ્ત્રાધ્યયન કરાવો, તમારા વિના મારે બીજું કોઇ શરણ નથી. ’ ઉપાધ્યાય બોલ્યો-‘ વત્સ ! તું મારા ભાઇનો પુત્ર છું. આવો વિદ્યાનો મનોરથ કરીને તેં તારા પિતાને લજ્જિત નથી કર્યો, પણ હું તને શું કહું ? નિર્ધનપણાને લીધે તારૂં આતિથ્ય કરવા હું અશક્ત છું. તું અભ્યાસ તો કર, પણ નિત્ય ભોજન કયાં કરીશ ? ભોજન વગર ભણવાનો મનોરથ વ્યર્થ થશે; કારણ કે ભોજન વિના તો મૃદંગ પણ વાગતું નથી. ’ કપિલ બોલ્યો- પિતા ! ભિક્ષાવડે મારૂં ભોજન થઇ રહેશે. મુંજની કટિમેખલા અથવા જનોઇને ધારણ કરનારા વિપ્રબટુકોને ‘ ભિક્ષાં દેહિ ’ એટલા શબ્દોથી ભોજન મળવું સિદ્ધજ છે બ્રાહ્મણ કદી હાથી ઉપર ચડયો હોય તોપણ ભિક્ષા માગવાથી શરમાતો નથી. ભિક્ષુક બ્રાહ્મણ રાજાની જેમ કયારે પણ કોઇને આધીન નથી. ’ ઇંદ્રદત્ત બોલ્યો-‘ વત્સ ! તપસ્વીઓને તો ભિક્ષા શ્રેષ્ઠ છે, પણ તને તો કદિ એકવાર ભિક્ષા ન મળી તો અભ્યાસ શી રીતે કરી શકીશ ? ’ આ પ્રમાણે કહી તે બાળકને પોતાની આંગળીએ વળગાડી ઇંદ્રદત્ત કોઇ ધનાઢય શાળિભદ્ર નામના શેઠને ઘેર ગયો અને ઘરની બહાર ઉભો. અહીં ‘ ૐ ભૂર્ભુવઃ સ્વઃ ’ ઇત્યાદિક ગાયત્રીમંત્રને ઉંચે સ્વરે ભણી પોતાના આત્માને બ્રાહ્મણ તરીકે તેણે ઓળખાવ્યો. શ્રેષ્ઠીએ તેને બોલાવીને પૂછયું કે ‘ તું શું માગે છે ? ’ તે બોલ્યો કે, ‘ આ વિપ્રબટુકને



પ્રતિદિન ભોજન આપો. ’ શ્રેષ્ઠીએ તે આપવાનું કબૂલ કર્યું. પછી કપિલ શેઠને ઘેર ભોજન કરી આવી ઇંદ્રદત્તની પાસે પ્રતિદિન અધ્યયન કરવા લાગ્યો. શાળિભદ્ર શેઠને ઘેર ભોજન કરવા જતો ત્યારે દરરોજ એક યુવાન દાસી તેને પીરસતી હતી. આ યુવાન વિદ્યાર્થી ઉપહાસ્ય કરતાં તેણીની ઉપર રાગી થયો. ‘ યુવાન પુરૂષોને સ્ત્રીનું સાનિધ્યપણું કામદેવરૂપ વૃક્ષને દોહદ તુલ્ય છે. ’ તે દાસી પણ તેનાપર રકત થઇ. અનુક્રમે તેઓ પરસ્પર કામક્રીડા કરવા લાગ્યાં.

એક વખતે બીજા પુરૂષને ન ઇચ્છતી એવી તે દાસીએ એકાન્તે આવી કપિલને કહ્યું. ‘ તમેજ મારા પ્રાણનાથ છો, છતાં તમે નિર્ધન છો, તેથી હું માત્ર પ્રાણયાત્રાને માટે બીજા પુરૂષને ભજું છું. ’ કપિલે તે કબુલ કર્યું.

એક વખતે તે નગરમાં દાસીઓને ઉત્સવનો દિવસ આવ્યો. તે સમયે આ દાસી પુષ્પપત્ર વિગેરેની ચિંતાથી ખેદ પામી. તેને ખેદ કરતી જોઇ કપિલ બોલ્યો-‘ હે સુંદરી ! ઝાકળથી કરમાયેલી કમલિનીની જેમ તું કેમ નિસ્તેજ જણાય છે ? ’ તે બોલી-‘ કાલે દાસીઓનો મહોત્સવ છે, તેમાં મારી પાસે પુષ્પપત્રાદિ કાંઇ નથી, તેથી હું દાસીઓની વચ્ચે વગોવાઇશ. હવે મારી શી ગતિ થશે ?’ તેણીએ કહેલા દુઃખરૂપ વ્યંતરના આવેશથી કપિલ વિવશ થઈ ગયો અને અધીરજપણાને લીધે મૌનપણું ધરીને બેઠો; એટલે દાસી બોલી કે-‘ હે પ્રિય ! તમે ખેદ કરો નહીં. આ નગરમાં ધન નામે એક શ્રેષ્ઠી છે. પ્રાતઃકાળ પહેલાં તેને જે જગાડે તેને તે બે માષા સુવર્ણ આપે છે; માટે રાત્રી વ્યતિક્રમ્યા અગાઉ તમે તેને ઘેર જજો અને ત્યાં મૃદુ સ્વરે કલ્યાણ રાગ ગાજો. ’ કપિલે તેમ કરવા કબુલ કર્યું. પછી તેજ રાત્રે ઘણું અંધારૂં હતું તેવે વખતે

તેણીએ ધન શ્રેષ્ઠીને ઘેર કપિલને મોકલ્યો. માણસોની હીલચાલ વિનાના માર્ગે કપિલ ઉતાવળો ચાલ્યો જતો હતો, તેને ચોર જાણીને પુરરક્ષકોએ પકડીને બાંધી લીધો. ‘ ચોરની પ્રવૃત્તિ એવી હોય છે. ’ પ્રાતઃકાળે તેને પ્રસેનજિત રાજાની પાસે લઇ ગયા. રાજાએ તેને પૂછ્યું, એટલે તેણે બે માષા સુવર્ણ માટે વહેલા જવાની કથા જેવી હતી તેવી કહી આપી. રાજાને તે વાત સાંભળીને તેનાપર બહુ દયા આવી; તેથી તે બોલ્યા કે, ‘ અરે દ્વિજ ! તારી જે ઇચ્છા હોય તે માગી લે, હું આપીશ. ’ તે સાંભળી ‘ હું વિચારીને માગીશ. ’ એમ કહી કપિલ અશોક વનમાં જઇ યોગીની પેઠે એકાન્તે એકચિત્તે ચિંતવન કરવા લાગ્યો–‘ જો બે માષા સુવર્ણ માગું તો તેનાથી માત્ર અન્નવસ્ત્રાદિક મળે, માટે રાજા પાસેથી સો સોનૈયાથી માગી લઉં. લોભમાં પડયા પછી થોડી યાચના શા માટે હોય ? ’ વળી વિચાર્યું કે, “ સો સોનૈયાથી કાંઈ વાહન વિગેરેની સમૃદ્ધિ ન થાય, માટે ઇષ્ટ અર્થની સિદ્ધિને માટે એક હજાર સોનૈયા માગી લઉં. ’ વળી વિચાર્યું કે, ‘ એક હજાર સોનૈયાથી મારાં છોકરાંઓના વિવાહાદિક ઉત્સવ શી રીતે થાય, માટે એક લાખ સોનૈયા માગી લઉં; કેમકે હું યાચના કરવામાં ચતુર છું. ’ વળી ચિંતવ્યું કે, ‘ એક લાખ સોનૈયાથી મારા મિત્રો અને સગાંસંબંધીઓનો તેમજ દીન જનોનો ઉદ્ધાર શી રીતે થાય, માટે એક ક્રોડ, સો ક્રોડ અથવા હજાર ક્રોડ સોનયા માગી લઉં. ’ આવું ચિંતવન કરતાં કોઇ શુભ કર્મના ઉદયથી તેને શુભ પરિણામવાળી બુદ્ધિ ઉત્પન્ન થઇ. ‘ કર્મને અનુસારીને બુદ્ધિ થાય છે. ’ તે પાછો વિચારવા લાગ્યો કે–‘ અહો ! બે માષા સુવર્ણથી મને જે સંતોષ હતો, તે સંતોષે અત્યારે કોટી સોનૈયાની પ્રાપ્તિના વિચારમાં પડી જવાથી જાણે ભય પામ્યો હોય તેમ મને છોડી દીધો જણાય છે. હું અહિં વિદ્યા મેળવવાને માટે આવ્યો,



તેમાં મને આવું દુર્વ્યસન થયું, તે સાગર પ્રત્યે જવાની ઇચ્છાવાળો હિમાલય તેની પાસે જાય તેના જેવું થયું છે. મારા જેવા અધમમાં જે ગુરૂનું જ્ઞાનદાન, તે સ્થળમાં કમળ રોપવા જેવું છે, કેમકે મેં અકુલીનને યોગ્ય એવું એક નીચ દાસીનું પણ દાસપણું કર્યું છે. પણ હવે આવા મહા માઠા વિષયોથી સર્યું. આ પ્રમાણે વિચાર કરતાં તે પરમ સંવેગ પામ્યો અને તત્કાળ જાતિસ્મરણ ઉત્પન્ન થતાં તે સ્વયંબુદ્ધ થયો. તરત જ પોતાની મેળે તેણે કેશનો લોચ કર્યો અને દેવતાએ આપેલ રજોહરણ મુખવસ્ત્રિકા વિગેરે તેણે ગ્રહણ કર્યાં. પછી તે રાજાની પાસે આવ્યો, એટલે રાજાએ પૂછ્યું કે, ‘ કહો, શું વિચાર્યું ! ’ પછી તેમણે પોતાના મનોરથનો વિસ્તાર સંભળાવીને કહ્યું કે—

‘ यथा लाभस्तथा लोभो लाभे लोभः प्रवर्धते ।

द्विमाष्या चिंतितं कार्यं, कोट्यापि हि न निष्टितं ॥ ’

“ જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભ વધે છે, અર્થાત્ લાભવડે લોભ વૃદ્ધિ પામે છે, જુઓ બે માસા સુવર્ણથી ચિંતવેલુ કાર્ય કોટી સોનૈયાથી ઘણ પૂરૂં થયું નહીં. ” રાજા વિસ્મય પામીને બોલ્યો કે, “ હું તમને કોટી સોનૈયા આપીશ, માટે વ્રતને છોડી દો અને ભોગ ભોગવો; કેમકે વ્રતના ફળને માટે કોઇ જામીન નથી. ” કપિલ મુનિ બોલ્યા કે, હે રાજન્ ! અનર્થને જ આપનારા એવા દ્રવ્યની મારે હવે કાંઇ પણ જરૂર નથી. હું તો હવે નિર્ગ્રંથ થયો છું, માટે હે ભદ્ર ! તમને ધર્મલાભ થાઓ.

સમાપ્ત.

This book may be kept a fortnight

SHML-BK
BK3138

હેમચંદ્રાચાર્ય.
BL
1350
.H3
ધર્મોપદેશ

| Signature | Issue Date |
| --- | --- |

BL
1350
.H3

BK- 3138